# પીળાં પાંદડાંની લીલાશ !

વાર્તાસંગ્રહ

- ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

## એમ. એમ. સાહિત્ય પ્રકાશન


**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગત જીન, કપડવંજ રોડ, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા


*Book's name in English :*

***Pilan Padadaani Lilash***

*A Navaleeka collection*

*by Chandrakant Rao*


© *Kalaben Rao*



**પ્રથમ આવૃત્તિ - ૨૦૦૯**

**પ્રત - ૫૦૦**

**મૂલ્ય રૂા. ૧૨૫-૦૦**



**લેખક : ચંદ્રકાન્ત રાવ**

સી/૧૩, કસ્તુરી નગર, માંજલપુર નાકા, લાલબાગ રોડ,

વડોદરા - ૩૯૦ ૦૦૪, સંપર્ક : (રહે) ૨૬૫૭૩૫૯


: પુસ્તક વિક્રેતા :


## એમ. એમ. સાહિત્ય પ્રકાશન

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગત જીન, કપડવંજ રોડ, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

## પીળાં પાંદડાંની લીલાશ

(વાર્તા સંગ્રહ)

**અર્પણ....**

જેમના સ્નેહની સરવાણી અમારા તરફ અવિરત વહેતી રહી છે એવાં દંપતી -

સ્વ. પૂ. ધનુબેન અને સ્વ. શ્રી ઈન્દ્રસિંહ ટી. રાવ

તથા

સ્વ. શ્રી જયેન્દ્રભાઈ પી. બ્રહ્મભટ્ટ - સુશ્રી મધુબેન

તથા તેમના અનુજો

શ્રી જગદીશભાઈ બ્રહ્મભટ્ટ - સૌ. નિરંજના

શ્રી યજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ - સૌ. દર્શના

શ્રી મૃગેશભાઈ બ્રહ્મભટ્ટ - સૌ. પારુલ.....ને

સસ્નેહ અર્પણ

- ચંદ્રકાન્ત રાવ
- સૌ. કલાબેન રાવ
વડોદરા

## શ્રી ચંદ્રકાન્ત રાવનાં અન્ય પુસ્તકો

### નવલકથા

૧. પ્રેમદીવાની (૧૯૬૮)
૨. આરાધના (ગ્રંથસ્થ અને ધારાવાહિક) (૧૯૭૬)
૩. જેલમ જંપી ગઈ (૧૯૭૮), બીજી આવૃત્તિ (૨૦૦૫)
૪. સામે કાંઠે શ્યામ (ભાગ ૧,૨) (૧૯૮૩)
૫. રમત રમાડે રામ (૧૯૯૦)
૫. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ) (૧૯૯૩)
૫. "કુમકુમ પગલે" (૨૦૦૯)

### વાર્તાસંગ્રહ

૧. સ્નેહદીપ (૧૯૯૩)
૨. ઘર ભણી (૧૯૯૮)
૩. આંબાની ડાળે (૨૦૦૩)
અને હવે...
૪. પીળાં પાંદડાંની લીલાશ

### બાલ કાવ્યો

૧. છબછબિયાં ૨૦૦૫
૨. ચાંદામામા પોળી ૨૦૦૬

### કાવ્ય સંગ્રહ

૧. ગોરી મારા ગામની ૨૦૦૮

## જાણીતા નવલકથાકાર અને વાર્તાકાર ડો. પ્રદીપભાઈ પંડ્યાનો પ્રતિભાવ

'પીળાં પાંદડાની લીલાશ' સાથે શ્રી ચંદ્રકાન્ત રાવ આપણી સમક્ષ ફરીથી આવે છે. આ તેઓનો ચોથો વાર્તા સંગ્રહ છે. શ્રી ચંદ્રકાન્ત રાવે અત્યાર સુધીમાં પાંચ નવલકથાઓ, બાળકાવ્યો અને કાવ્યસંગ્રહ આપ્યા છે. તેઓની ભાષા સરળ છે, બહુ અલંકારો નથી, પણ તેઓ જે વાત કહે છે તે વાંચકોને ગમી જાય તેવી છ. સમાજના મોટા અને વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રુઢીઓ અને તેના તાણાવાણા અને માનવીની સંવેદનાઓ અને સંબંધોને અને તેની નાજુકાઈને સ્પર્શી જાય તે રીતે મૂકી છે અને તે જ આ સંગ્રહની ખૂબી છે. 'પીળાં પાંદડાં'ની ચોવીસ વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે . સ્ત્રી હૃદય અને તેની ઈચ્છાઓ, માનસિક નબળાઈ અને શક્તિનું પ્રદર્શન યોગ્ય રીતે થયું છે. 'ઝંખના' વાર્તામાં નંદુ શેઠાણીનું વર્તન અને તેઓની સંતાનની ભૂખ અને તેમાંથી આવતું મનોમંથન અને બીજા પુરુષ થકી સંતાન પ્રાપ્તિનું આલેખન સરસ છે. તો 'પીળાં પાંદડાંની લીલાશ'માં ભલાજી અને ગોદાવરીનો પ્રેમ અને પ્રેમ ન મળ્યાં તો પણ કચવાટ વગર જીવન જીવે છે અને પછી જીવનના છેલ્લાં વર્ષોમાં મળવાનું થાય  છે ત્યારે ધન્યતા અનુભવે છે, તો 'વટનો કટકો' વાર્તામાં એક પિતાની ખુમારીનાં દર્શન થાય છે. ભલે પુત્ર પ્રેમ નથી આપતો, પણ વૃધ્ધ પિતા મરતી વખતે પણ પૌત્ર માટે પૈસા મોકલાવીને પુત્રના ગાલ પર જાણે કે તમાચો મારે છે. અને આવી જ સંવેદનાઓ તેઓની ઘણી વાર્તાઓમાં જોવા મળે છે;

શ્રી ચંદ્રકાન્તભાઈ રાવને અભિનંદન અને હજુ ભવિષ્યમાં વધુ આવા સંગ્રહ અને નવલકથા આપે તેવી શુભેચ્છા.

**ડૉ. પ્રદીપ પંડ્યા**
**વડોદરા**



**નામ : ચંદ્રકાન્ત રાવ (ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ)**
વતન : અછાલિયા (જિ. ભરૂચ)
કર્મભૂમિ : વડોદરા
અભ્યાસ : એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાંથી (M.A.,M.Ed.) બી.એ. (ઓનર્સ), બી.એડ્., એમ.એ. અને એમ.એડ્. જેવી ઉચ્ચડિગ્રીઓ મેળવી. બી.એ. માં આર.બી. જી.એચ. કાંટાવાલા અને એ.કે.ત્રિવેદી પ્રાઈઝ સર્વોચ્ચ ગુણ માટે મેળવ્યાં, કોલેજ કાળથી લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન F.S.R. કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫, આચાર્ય, શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લા
- ૧૯૫૬ - ૧૯૮૮, શ્રી નારાયણ હાઈસ્કૂલ, વડોદરામાં અધ્યાપન કાર્ય
- વડોદરા શહેર માધ્યમિક સંધમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચૂંટાયા
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા, જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર સેનેટર તરીકે ચૂંટાયા.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી અને ઉપપ્રમુખ
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી
- 'પ્રેમદીવાની', 'રમત રમાડે રામ' જેવી સામાજિક નવલકથાઓના અને ત્રણ નવલિકા સંગ્રહો ('સ્નેહદીપ', 'ઘરભણી' અને 'આંબાની ડાળે') ના લેખક
- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઈ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, ચિંતનલેખો નાટકો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી. પરથી નાટકો ટેલીકાસ્ટ થયાં છે.
- Reference India, Twentyeth Century Distiguished who is who અને Indo Arab who is who જેવા પાંચેક આંતરરાષ્ટ્રીય ગ્રન્થોમાં શ્રી ચંદ્રકાન્તભાઈનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.
- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વમંત્રી
- વડોદરા બ્રહ્મભટ્ટ સમાજના સ્થાપક પ્રમુખ
- કારેલીબાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા 'શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ'ના પૂર્વમંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટી
- લગભગ ૯૦ વર્ષ જૂના 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના પૂર્વતંત્રી
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂપિયા એક લાખની થેલી શ્રી ચંદ્રકાન્તભાઈને અર્પણ કરી હતી. જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- 'ગુજરાત સમાચાર' (દૈનિક)ની પૂર્વ અઠવાડિક કોલમો 'દીવાદાંડી' અને 'સાંસારિકો'ના લેખક
- તેમનાં ધર્મપત્ની સૌ. કલાબેન જાણીતા લેખક - પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટનાં પુત્રી છે અને વડોદરા બ્રહ્મભટ્ટ ભગિનિ મંડળનાં પૂર્વપ્રમુખ છે.

## મારી આ વાર્તાઓ વિષે......

માણસ કુતૂહલપ્રિય અને કુતૂહલ પ્રેરે એવું પ્રાણી છે. એક જ પ્રસંગના જુદા જુદા માણસો એક સરખા પ્રત્યાઘાત આપતા નથી. દરેકની પ્રતિક્રિયા જુદી જુદી હોય છે. માણસ ક્યારે કેવું વર્તન કરશે એ ચોક્કસપણે કોઈ કહી શકે નહીં. માણસના વર્તનને કારણે ઘણાં આશ્ચર્યો સર્જાયાં છે. માણસને સમજવો સહેલો નથી. માટે જ, માણસ પશુ નથી પણ માણસ છે. માણસનું માણસ હોવું એ બહુ મોટી વાત છે.

આવા ભાતીગળ માણસોને પ્રત્યક્ષ કરવાનો આ સંગ્રહની વાર્તાઓમાં મેં પ્રયત્ન કર્યો છે. ઉત્તમમાં રામજીભાઈ જેવા ભગવાનના માણસથી માંડી કનિષ્ઠમાં કનિષ્ઠ દારાદાદા કે પ્યારદાદા જેવા દોસ્તના દુશ્મનો તમને આ વાર્તાઓમાં મળશે. પ્રેમ, દયા, ધિક્કાર, સમભાવ, સ્વાર્થ, નિઃસ્વાર્થ વગેરે જેવા માણસના વિરોધી મનોભાવો અહીં પ્રત્યક્ષ થશે. ટૂંકમાં, આ વાર્તાઓમાંથી પસાર થનાર વાંચકોને માણસોનો મેળામાં મહાલવાનું મળશે. મને ખાત્રી છે કે દરેક વાર્તા વાંચ્યા પછી વાંચક થોડીવાર માટે કશુંક વિચારતો થઈ જશે. આમ થાય તો લેખકની સફળતા.

બાકી, આ વાર્તાઓ વિષે મારે કશું વધુ કહેવુ નથી. મારી નવલકથાઓ પછી પ્રગટ થતો આ મારો ચોથો વાર્તાસંગ્રહ છે, એટલે એ વિષે ભાવકો જે કહેશે તે જાણવાનું ગમશે. કારણ, મારી બધી જ નવલકથાઓ અને વાર્તાસંગ્રહોને વાચકોએ મન ભરીને માણ્યાં છે એ એમના પત્રો પરથી મેં હંમેશાં અનુભવ્યું છે.

'પીળાં પાંદડાની લીલાશ' વિષે પણ આપના પ્રતિભાવોની પ્રતીક્ષા રહેશે. જાણીતા નવલકથાકાર અને વાર્તાકાર ડૉ. પ્રદીપભાઈ પંડ્યાએ પોતાનાં વ્યાવસાયિક રોકાણો છતાં પોતાનો કિંમતી સમય આપી, આ વાર્તાઓ વાંચી, પોતાનો પ્રતિભાવ લખી આપી મને ઉપકૃત કર્યો છે. એમનો અંતઃકરણપૂર્વક આભાર.

આ વાર્તા સંગ્રહ પ્રકાશિત કરવા બદલ એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદના યાકુબભાઈ મલેકનો પણ ખૂબ ખબ્ આભાર.....

**- ચંદ્રકાન્ત રાવ**

સી-૧૩, કસ્તુરી નગર,
માંજલપુર નાકા, લાલબાગ રોડ,
વડોદરા - ૩૯૦ ૦૦૪
ફોન : ૨૬૫૭૩૫૯

## I am Happy !

Come what may,
I am Happy;
Say yes Nay,
I am Happy.
Life is a war,
and warrior I;
Fight to finish,
I am Happy.
Ocean is wild,
and stormy weather;
Toiling for the shore,
I am Happy.
The sun has set,
and Darkness Around;
Hoping for the rise,
I am Happy.

•

- Chandrakant Rao

## સાક્ષરોની સાનિધ્યમાં



શ્રી ચંદ્રકાન્ત રાવના વાર્તાસંગ્રહ ‘આંબાની ડાળે’ના લોકાર્પણ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતા આકાશવાણીના નિયામકશ્રી ભગીરથ પંડ્યા (ડાબેથી - ઊભેલા) કવિશ્રી ડૉ. વિરંચી ત્રિવેદી, શ્રી અંબુભાઈ પટેલ (પ્રમુખશ્રી ગુજરાત પુસ્તકાલય મંડળ) તત્કાલિન કલેકટર અને કવિશ્રી ભાગ્યેશ જહા (માહિતી નિયામકઃ ગુજરાત રાજ્ય) જાણીતા કવિ - લેખક ડૉ. ગોપાલ શાસ્ત્રી, લોકપ્રિય નવલકથાકાર શ્રી પ્રિયકાન્ત પરીખ અને ‘આંબાના ડાળે’ ના લેખક શ્રી ચંદ્રકાન્ત રાવ.



## “છબછબિયાં”



શ્રી ચંદ્રકાન્ત રાવના બાળ કાવ્યસંગ્રહ ‘છબછબિયાં’ના લોકાર્પણ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતા શ્રી નરેશભાઈ મોદી (રન્નાદે પ્રકાશન) અને કવયિત્રી શ્રી જ્યોત્સનાબેન યાજ્ઞિક, સામે ઊભેલા, કવિશ્રી ચંદ્રકાન્ત રાવ અને પાછળ (ડાબી બાજુથી) ટ્રસ્ટીશ્રી સુરેશ શાહ, જાણીતા નાટ્યકાર ડૉ. લવકુમાર દેસાઈ, કવિશ્રી મહેશ બ્રહ્મભટ્ટ, ખ્યાતનામ શાયર શ્રી ખલીલ ધનતેજવી, ડૉ. રશીદ મીર (તંત્રીશ્રી : ‘ધબક’), જાણીતા કવિ, વિવેચક, નાટ્યકાર ડૉ. ચિનુભાઈ મોદી, આકાશવાણીના નિયામક શ્રી વી. કે. દવે અને એડવોકેટ ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ શાહ.

## વિવેચકો અને ભાવકોના પ્રતિભાવ

(લેખકને અવારનવાર મળતા રહેતા અનેક વિદ્વાનો અને ભાવકોના પ્રતિભાવ-પત્રોમાંથી થોડાકનો સાર પ્રસ્તુત છે).

લુણાવાડા
૮-૮-૦૩

આદરણીય ચંદ્રકાન્તભાઈ,

પુસ્તક ('આંબાની ડાળે'- વાર્તાસંગ્રહ) સાચ્ચે જ આંબાની ડાળ જેવું લીલું લીલું, કોયલ જેવા વાચકોને નિમંત્રણ આપે, આકર્ષે એવું છે... તમે વિવિધરૂપે વાર્તા-તત્ત્વને પ્રગટ કરે છો એ તમારી સર્જક તરીકેની ગતિ સૂચવે છે. સરળ છતાં હૃદયંગમ ભાવનિરૂપણ તમારી વિશેષતા છે.... હાર્દિક અભિનંદન. તમે શબ્દને તપરૂપે આરાધ્યો છે.

**ડૉ. પ્રવિણ દરજી**
જાણીતા, વિવેચક, ચિંતક, કવિ

❖ ❖ ❖ ❖

સુરત
૨૨-૪-૦૩

પ્રિય ભાઈશ્રી ચંદ્રકાન્તભાઈ,

'આંબાની ડાળે' (વાર્તાસંગ્રહ) મળ્યો છે. સદ્‌ભાવ બદલ આભાર... કલાકાર એની રીતે જીવનનું શોધન જ કરી રહ્યો હોય છે. તમારી વાર્તાઓ એ રીતે શ્રેયસાધક છે. શૈલીની સરળતા પણ નોંધપાત્ર છે. અભિનંદન.

**જયંત પાઠકના વંદન**
જાણીતા કવિ, વિવેચક

❖ ❖ ❖ ❖

વડોદરા
૪-૩-૯૫

શ્રી ચંદ્રકાન્ત રાવ,

..... 'સ્નેહદીપ' વાર્તાસંગ્રહમાં સાચે જ સ્ત્રીનાં કલ્યાણકારી અને મંગલમય સ્વરૂપોના પાવક પ્રસંગ છે, તે સર્વ ગમ્યા, માણ્યા અને તે માટે આપના સુકાર્યને બિરદાવવા 'સંસ્કાર પારિતોષિક' એનાયત કરતાં આનંદ અનુભવું છું.... હાર્દિક અભિનંદન.

**વિઠ્ઠલભાઈ પટેલનાં સ્નેહસ્મરણ**
(નિયામક : 'સંસ્કાર પરિવાર')

❖ ❖ ❖ ❖

('લોકસત્તા', 'જનસત્તા' ની સાહિત્યિક સમીક્ષા)

'આંબાની ડાળે' ચંદ્રકાન્ત રાવનો વાર્તાસંગ્રહ છે... શ્રી રાવ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાત હોવાથી અને અનેક સામયિકોમાં એમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન નિપુણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.... સઘળી વાર્તાઓ વાચનક્ષમ છે.... ગુજરાતી નવલિકાએ વિકાસપંથ કાપ્યો છે ત્યારે તેમાં આ વાર્તાઓ સ્વસ્થાન સિધ્ધ કરી શકે તેમ છે. વિષયોની આકર્ષતા અહીં છે અને અંતની સચોટતા પણ સુપેરે સધાય છે.... પ્રવાહી પ્રાસાદિક ગદ્યશૈલી.

(લોકસત્તા) ૧૭-૯-૦૫

**રવિન્દ્ર ઠાકોર (કિતાબઘર)**
સમીક્ષક - વિવેચક

❖ ❖ ❖ ❖

માનનીયશ્રી ચંદ્રકાન્તભાઈ રાવ,

...... આપનું લખાણ મૂલ્યનિષ્ઠ અને સ્પર્શી જાય તેવું છે.

**યશવંત કડીકર (અમદાવાદ)**
જાણીતા લેખક, વાર્તાકાર, કોલમીસ્ટ

પ્રિયશ્રી ચંદ્રકાન્તભાઈ,

આપની કેટલીક સુંદર નવલિકાઓ વાંચી અને માણી..... નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી અને સરસતા જાળવી રાખવી એ અઘરૂં કામ છે.... આ કળા આપે સુપેરે સિધ્ધહસ્ત કરી છે..... આપ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.

મુંબઈ ૨૬-૭-૦૪

**<u>નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ</u>**
B.A., LL.B., I.R.S.(Ex.) F.I.C.A.
Advocate

❖ ❖ ❖ ❖

**<u>અમદાવાદ</u>**
૨૧-૧-૦૩

સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

..... તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક - સાંસ્કૃતિક - શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે સાથે નવલકથા અને નવલિકા કથા સાહિત્યના સર્જનમાં પણ રસ દાખવ્યો છે એ અભિનંદનીય છે.

(અમદાવાદ)

**<u>પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ</u>**
જાણીતા વિવેચક

❖ ❖ ❖ ❖

'છબછબિયાં' ચંદ્રકાન્ત રાવનો કાવ્યસંગ્રહ છે... શ્રી રાવ આમ તો ખ્યાત નવલકથાકાર, વાર્તાકાર છે, પરંતુ આ સંગ્રહના કવિ તરીકે શ્રી રાવ બાળમાનસને સમજવાનો સફળ પ્રયત્ન અને પુરૂષાર્થ કરે છે...

(લોકસત્તા)
૨૩-૧૦-૦૫

**<u>રવીન્દ્ર ઠાકોર (કિતાબઘર)</u>**
જાણીતા વિવેચક, કવિ

'આંબાની ડાળે'આપની જ નહિ, બ્રહ્મભટ્ટ સમાજની યશકલગીમાં એક પીછું વધુ ઉમેરે છે.

વડોદરા
૨૫-૫-૦૩

**<u>જયંત એસ. બારોટ</u>**
(શિક્ષણશાસ્ત્રી)

❖ ❖ ❖ ❖

'આરાધના' નવલકથાની જેટલી તારીફ કરીએ એટલી ઓછી છે... ક્યા શબ્દોમાં અભિનંદન આપું ?

**<u>દીપક કાનાબાર (રાજકોટ)</u>**

❖ ❖ ❖ ❖

'પ્રેમદીવાની'માં ઉષાના પાત્ર દ્વારા આપે સમાજને સાચા પ્રેમનું સ્વરૂપ સમજાવ્યું છે... સમાજ કથાઓની ('ભટ્ટ ભાસ્કર'માંની) આપની કોલમ માટે ખૂબ ખૂબ માન અનુભવું છું.

**<u>અનુરુધ્ધ ઈ. બ્રહ્મભટ્ટ</u>**
(બોરીવલી - વેસ્ટ ) મુંબઈ

❖ ❖ ❖ ❖

નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબીયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે..... એમાં એમનાં અનુભવનો નિચોડ હોય.

**<u>ડૉ. ચિનુ મોદી</u>**
જાણીતા કવિ, નાટ્યકાર, વિવેચક

❖ ❖ ❖ ❖

'પ્રેમાનંદ સાહિત્ય સભા'ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે બહુ ખુબીની વાત છે.... એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે.

('છબછબિયાં'ના લોકાર્પણ પ્રસંગે)

<u>**ડૉ. લવકુમાર દેસાઈ**</u>
જાણીતા નાટ્યકાર, ચિંતક, વિવેચક

❖ ❖ ❖ ❖

કવિશ્રી ચંદ્રકાન્ત રાવના બાળકાવ્યોના સંગ્રહ 'છબછબિયાં'માં હું પ્રવેશ્યો ત્યારે કોઈ પરીઓના દેશાં આવી ચઢ્યો હોઉં એવું બાળસહજ આશ્ચર્ય મારી આંખોમાં આવીને બેસી ગયું....

('છબછબિયાં'ની પ્રસ્તાવનામાંથી)

<u>**હરીશ વટાવવાળા**</u>

જાણીતા કવિ, વિવેચક, નવલકથાકાર

❖ ❖ ❖ ❖

શ્રી ચંદ્રકાન્ત રાવ એટલે 'શિશુ જેવો ભોળો કવિ'

('ચાંદામામા પોળી' ની પ્રસ્તાવનામાંથી)

<u>**ડૉ. રશીદ મીર**</u>
(જાણીતા શાયર, તંત્રીશ્રી : 'ધબક')

❖ ❖ ❖ ❖

પ્રિયશ્રી ચંદ્રકાન્તભાઈ,

તમારા 'સ્નેહદીપ' વાર્તાસંગ્રહની ૩૦ અને 'ઘરભણી' વાર્તાસંગ્રહની ૪૫ વાર્તાઓની જે વિવિધતા જોઈ તે તમારી ઉચ્ચ સિધ્ધિ છે. તમારા સાહિત્યમાં પુનરાવર્તન નથી.... તમારા સાહિત્યમાં આવતી ચિંતનકણિકાઓ તમારી બહુશ્રુતતાની સાથે કેળવાયેલા જ્ઞાનની સુયોગ્ય દીક્ષાઓ દર્શાવે છે..... તમે Quantity કરતાં Quality માં માનો છો અને તે જ શીલ એ જ શૈલી (Style is the man) બતાવી આપે છે. તમે વાર્તાઓમાં ધાડપાડુઓને પણ અંતે કલ્યાણકારી જીવનમાં ફેરવી નાખ્યા છે. કેવી દીવ્ય કલા ! અભિનંદન.

(વડોદરા)

<u>**પ્રો. રમણભાઈ ઠક્કર 'ગીતાપ્રેમી'**</u>
જાણીતા શિક્ષણશાસ્ત્રી અને ચિંતક

❖ ❖ ❖ ❖

- Asia / Pacific who's who (Fifacimento Inter national)

Dear Biographee,

We are glad to inform you that your name has been recommended / selected by our reasearch Editors for inclusion of your biographical - note and photograh in the forthcoming volume of our Asia / Pacific who's who (Vol. IV)

New Delhi
April 16, 2004

<u>**Ravi Bhusan**</u>
Compiling Editor

❖ ❖ ❖ ❖

'Oh No'- સ્વ. જહોન કેનેડીને અર્પેલી કાવ્યાંજલિ અંગે

Dear Shri Rao,

Thank you for your tribute to the late U.S. President John F. Kennedy.... I have pleasure in forwarding it to Mrs. Kennedy, who I am sure willl appreciate it.

<u>**Donald To Shea. Director**</u>
United STates Information Service

૨૯-૫-૮૪

પ્રિય ચંદ્રકાન્તભાઈ,

'સામે કાંઠે શ્યામ' (નવલકથા)માં અલ્પા અને મૌલિકની અમદાવાદની પશ્ચાદભૂમિમાં રચાયેલકથા રસપ્રદ છે.

સ્નેહાધિન -

<u>પ્રિયકાન્ત પરીખ (અમદાવાદ)</u>
લોકપ્રિય નવલકથાકાર

❖ ❖ ❖ ❖

તા. ૨૫-૯-૮૩
કડી

પ્રિય ભાઈ ચંદ્રકાન્ત,

'સામે કાંઠે શ્યામ' (નવલકથા) વાંચીને આ પત્ર લખવા પ્રેરાયો છું.... હરીન્દ્ર દવે પછી આવી નવલકથા વાંચવા મળી...... તમે અલ્પાને વિરહીણી મૂકી છે તે વાર્તાકારની સફળતા છે..... નવલિકા લેખક તરીકે તો તમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યવાદ.

<u>રામજીભાઈ કડીયા</u>
જાણીતા લેખક

❖ ❖ ❖ ❖

## પીળાં પાંદડાંની લીલાશ (વાર્તાસંગ્રહ)

## અનુક્રમણિકા


| ક્રમ | વાર્તાનું નામ | પાનનંબર |
|---|---|---|
| ૧. | કયા જનમનાં વેર ? | |
| ૨. | સુહાગરાતની સવારે.... | |
| ૩. | વાયરા વસંતના | |
| ૪. | ભ્રમજાળ | |
| ૫. | રામનાં રખોપાં | |
| ૬. | ધ્વજવંદન | |
| ૭. | ઘાલમેલિયો | |
| ૮. | સતી ! | |
| ૯. | જીવતદાન | |
| ૧૦. | ગોકુળિયું ગામ | |
| ૧૧. | ઝંખના | |
| ૧૨. | ચી.....સ ! | |
| ૧૩. | ઘાયલકી ગત | |
| ૧૪. | સંસ્કારીઓની સિધ્ધિ ! | |
| ૧૫. | શિવુભાઈની અમીરી | |
| ૧૬. | મોટા ઘરની વહુ | |
| ૧૭. | પારકે પાદરે | |
| ૧૮. | પ્રભુની પ્રસાદી | |
| ૧૯. | વધામણાં ! | |
| ૨૦. | આપની આમન્યા ! | |
| ૨૧. | ભગવાનનું માણસ | |
| ૨૨. | ઉપલબ્ધિ | |
| ૨૩. | વટનો કટકો ! | |
| ૨૪. | પીળાં પાંદડાંની લીલાશ ! | |

## ૧. કયા જનમનાં વેર ?

દારા અને પ્યારાની જોડી અત્યારે તો કુખ્યાત હતી. એ પ્રદેશમાં એમની સારી એવી ધાક હતી. પોલીસ માટે એ જોડી માથાનો દુઃખાવો હતી. હા, કેટલાક પોલીસ અમલદારો માટે એ બેલડી સોનાનું ઈંડુ મૂકતી મરઘી હતી એ વાત જુદી હતી. પણ એ તો આપણા સમાજનો મહારોગ છે. ફરજ-દ્રોહનું દૂષણ આપણી સરકારનાં જાહેર હિતનાં ક્ષેત્રોમાં નહોત તો સમાજ દુઃખી જ ન હોત અને આનાથી અર્ધાય ગુના બનતા ન હોત કે આટલી બધી ખૂનામરકી અથવા ધોળા દિવસની કાળી લૂંટફાટ પણ ન હોત. પણ વો દિન કહાં ?

મૂળ તો એ બંને ગુજરાતી યુવાનો પણ દારાદાદા અને પ્યારાદાદાનાં સાચાં નામ તો ભગવાન જાણે. છતાં જે થોડી ઘણી માહિતી પોલીસ ચોપડે હતી એને આધારે એવું કહેવાય કે બંને જણની જોડી તો એ લોકો જાણીતા દાદા બન્યા પછી જામી. બાકી, શાળાની પરીક્ષાઓમાં ચોરી કરવી, ધમાલ મસ્તી કરી શિક્ષકોને પરેશાન કરવા, હડતાલો પડાવવી ને નાની મોટી તોડફોડ કરવી, એ એમને મન સામાન્ય વાત હતી એવું એ કોઈવાર પોલીસ કસ્ટડીમાં પોલીસ મિત્રો સાથે ચા-બીડી કરતાં કરતાં મોજમાં હોય ત્યારે કહેતા, એવી વાતો ખણખોદીયા પત્રકારો શોધી લાવ્યા હતા. શિક્ષકો એમને 'નવ ગજથી નમસ્કાર' કરતા ને આચાર્ય એમને સમજાવી પટાવી પોતાનો દિવસ ને એ વિદ્યાર્થીઓનું વર્ષ પસાર કરાવી દેવા પ્રયત્ન કરતા. સમાજના એ ઘડવૈયાઓ બિચારા ખાનગીમાં કહેતા : 'નાગાનું નામ કોણ લે?' અને એ લોકો બીજું કરે પણ શું ? શિક્ષકનો વ્યવસાય સત્તા વગરના શાસક જેવો છે. એટલે સીધી રીતે નોકરી કરી, શક્ય તે ફરજ બજાવી પોતાનો સંસાર સંભાળવો એ જ વ્યવહારુ નિયમ બિચારા શિક્ષકો નિભાવતા હતા. બીજું કરે પણ શું એ ઘડવૈયાઓ ? ખભે બંદૂક હોવા છતાં પોલીસ ખાતું ય પોલ ચાલવા દેતું હોય ત્યાં હાથમાં ચૉક રાખનાર શિક્ષક સારી ટૉક સિવાય



બીજું કરી પણ શું શકે ?

આવા ધમાલીયા ભડવીરો ભણે તો શું ? પોતાની હાઈસ્કૂલમાં પાંચ સાત વર્ષ બગાડી કોઈ કારખાનામાં દારા જોડાઈ ગયેલો. પણ એનો ટાંટીઓ એક જગ્યાએ ટકે ? બે ચાર મહિના એક જગ્યાએ, બે ચાર મહિના બીજી જગ્યાએ એમ રખડપટ્ટી કરતાં કરતાં એને સસ્તી કમાણીનો સહેલો રસ્તો હાથ લાગી ગયો. નશીલી ટોળીઓનો એ કેરીયર બની ગયો. એમાં એ સારું કમાવા લાગ્યો. મફતનો મળતો નશો ને સસ્તામાં મળતો પૈસો બે ય દારાને ફાવી ગયાં. એમ કરતાં કરતાં ગામમાં નાની મોટી ચોરી અને પછી તો દાદાગીરી અને દાણચોરીમાં ય એ આગળ વધ્યો ને પોતાની ઝૂંપડપટ્ટી વિસ્તારનો એ 'દાદો' બની ગયો. 'દારાદાદા' ના નામથી ભલભલા ધ્રુજવા લાગ્યા. જોતજોતામાં એણે ઝૂંપડાં વચ્ચે બે માળી બંગલો ઊભો કરી દીધો ! બંગલાનું નામ હતું 'દેવીકૃપા'. એના વાસ્તુમાં આખી ઝૂંપડપટ્ટીને એક જમણ મળી ગયું. એ લોકો તો ખુશ. ખુશ દારાદાદા એમને મન તો 'વ્હાલા દાદા' બની ગયા ! કારણકે પોતાના જરૂરિયાતમંદ પડોશીઓને એ જરૂર પડે સો બસો રૂપિયાની મદદ પણ કરતો. એટલી રકમનો એને શો હિસાબ હતો ? ક્યાં પરસેવો પાડી કમાવું પડતું હતું ? પણ ગરીબોને મન તો એ સો બસો હજાર બે હજારથી પણ અદકા હતા. દારાના વેરેલા એ સો બસો ક્યારેક એને અનેક ગણું વળતર આપી દેતા. વળી, એને પોતાના વિસ્તારમાં 'દયાનો દેવતા'નું બિરૂદ મળ્યું એ નફામાં. એ લોકો તો એનો પડ્યો બોલ ઝીલવા તત્પર રહેતા. પછી એ પોલીસવાળાથી પકડાય ?

પ્યારાની પ્રવૃતિ અને પ્રગતિનો ઈતિહાસ પણ દારાથી ખાસ જુદો નહોતો. હા, બંનેની પ્રવૃત્તિના વિસ્તાર સાવ જુદી દિશાના હતા. પ્યારા પણ શરૂમાં નાની નાની નાગાઈ કરતો સસ્તી કમાણી કરી દામ અને બદનામી કમાતો ગયો. કેટલાક લોકોને 'બદનામી' પણ ફળે છે. પછી સારા કે સીધા માણસો એમની ટક્કર લેતા નથી ને શક્ય હોય ત્યાં સુધી એમની નાગાઈ સહી લે છે, ને નિર્બળ કે ગરીબોને તો એ મદદ કરી હાથ પર લઈ લે છે.

એટલે વગર મહેનતે પૈસો પેદા થાય છે. આમ પ્યારા પણ 'પ્યારાદાદ'ના નામે કુખ્યાત થયો.

દારા અને પ્યારા બંને પોતપોતાના વિસ્તારના 'પરોપકારી દાદા' ગણાતા. પેસે ટકે તો બંને ઘણા સુખી થઈ ગયા હતા. હવે પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખી સમયાંતરે હાથ લાગે તે પૈસા બટોરી લેવાની જ કાળજી રાખવાની હતી. શરૂમાં તો બંનેની ધંધાકીય હરીફાઈ હતી. એટલે બંને એકબીજાના વિરોધી ગણાતા. એક બે પ્રસંગોએ તો એમની એવી જોરદાર ટક્કર પણ થઈ ગયેલી કે એ વિરોધીમાંથી દુશ્મન બની ગયેલા. પણ આ દાદાઓ બહુ વ્યવહારુ હોય છે. એકબીજાની વિરૂધ્ધ રહેવાથી બંનેને નુકશાન છે એ સત્ય એ સમજતા હતા. એના કરતાં હાથ મિલાવી ધંધો કરીએ ને કરવા દઈએ તો ઉભય પક્ષે લાભ થાય એવું એમનું સાચું ગણિત હતું. એ ન્યાયે થોડા સમયમાં જ દારા ને પ્યારા દુશ્મન મટી દોસ્ત બની ગયા ને સમજી વિચારીને એકબીજાના માર્ગમાંથી દૂર રહેતા થયા. જેવાને તેવા જ પહોંચે, એટલે માથાનો મળે ત્યાં બધા જ ડાહ્યા થાય. ગમે એટલો વાંકો ચૂકો ચાલતો સાપ પણ દરમાં તો સીધો થઈને જ પેસે !

પણ મિત્ર બન્યા છતાં દારાના દિલમાંથી પ્યારાની અદેખાઈ ગઈ નહિ, કારણકે ધંધામાં એ પોતાના કરતાં આગળ હતો. વળી પ્યારો એવો ઉદ્ધત હતો અને એને પોતાની તાકાતનું એવું અભિમાન હતું કે ક્યારેક વાત વાતમાં એ દારાનો તેજોવધ કરી નાખતો. દારા ત્યારે સમજીને એ કડવો ઘૂંટડો પી જતો. પણ એથી એના મનમાં છૂપેલી દૂશ્મનીની માત્રામાં વધારો થતો. એટલે હવે તો દારાએ મનની એ છૂપી આગને ઠારવાનો નિશ્ચય કર્યો હતો. એ જાણતો હતો કે જ્યાં સુધી એ પોતાના માર્ગમાંથી 'પ્યારા'નો કાંટો નહિ કાઢે ત્યાં સુધી એ શાંતિથી અને સન્માનપૂર્વક જીવી નહિ શકે. બંને વચ્ચે મૈત્રી હોવાથી એ કામ અઘરું પણ નહોતું. દુશ્મનને મારવા કરતાં મિત્રને મારવો એ વધુ સહેલું કામ છે. દુશ્મન તો ચેતીને રહે,



જ્યારે મિત્રને તો સહેલાઈથી ભરોંસે ભૂલો પાડી શકાય. એવી તક ગમે ત્યારે મળે. માત્ર એ માટેનો નિશ્ચય જોઈએ. દારાએ એવો નિશ્ચય કરી પણ લીધો હતો અને બહુ જલદી એને માટે એવી તક સામે ચાલીને આવી !

એક દિવસ સાંજે દારાને ઘેર આવેલા પ્યારાએ કહ્યું : 'દારા, કાલે સવારે નવ વાગે ધનરાજને એની ઓફિસમાં જ શૂટ કરી દેવો છે. એની સાથે ઘણા દિવસથી હિસાબ પતાવવાનો બાકી છે.'

'ઓહ,' દારાએ આશ્ચર્યથી કહ્યું : તો એ તારા 'હીટલીસ્ટ'માં છે એમ ?

'હા, અને કાલે એ લીસ્ટમાંથી આ એક નામ ઓછું કરવું છે.' પ્યારાએ મૂછો પર હાથ ફેરવતાં કહ્યું.

'બહુ મોટો શિકાર છે,' દારાએ પ્યાલી હાથમાં લેતા પૂછ્યું:' 'કેટલા જણની જરૂર પડશે?'

'આપણે બે જ બસ છીએ,' પ્યારાએ ટટ્ટાર થતાં કહ્યું :' 'ભેદમાં બહુ લોકોને સામેલ નહિ કરવા જોઈએ.'

'બરાબર છે,' દારા બોલ્યો: 'તો બોલ, યોજના કેવી વિચારી છે?'

'કાંઈ લાંબુ નથી,' આત્મવિશ્વાસથી પ્યારો બોલ્યો : 'મારી ગાડીમાં આપણે બે જઈશું. તું ગાડી ચલાવીશ.... અને મને ધનરાજની ઓફિસની બહાર ઉતારીશ... એ સમયે શિકાર એની ઓફિસમાં જ હશે એ હું જાણું છું... હું રીવોલ્વર લઈને એકલો જ જઈશ.... તું... ગાડીનું એન્જીન ચાલુ રાખીને જ ઊભો રહીશ.... કામ પતાવી હું બે-ત્રણ મિનીટમાં દોડતો આવી ગાડીમાં બેસી જઈશ... હું બેસું કે તરત જ ગાડી સ્ટાર્ટ.... પછી ત્યાંથી આપણે સીધા.... બાકીની વાત પ્યારાએ દારાના કાનમાં ધીરેથી કહીને પ્યાલી ગટગટાવી પૂછ્યું : 'કેમ, બરાબર ને ?'

'બિલકુલ બમ્બર યોજના.' દારાએ સંમતિ આપી.થોડીવાર પછી

બંને હસતા હસતા છૂટા પડ્યા.

પછી રાત્રે સૂતાં પહેલાં પ્યારાની યોજના યોજનાના છેલ્લા ભાગમાં થોડો ફેરફાર વિચારી મનમાં એની પાકી ગાંઠ વાળી દારા હાથમાંની પ્યાલી ગટગટાવી ગયો ! ....'હા....શ!'

પોતે જેને પોષીને માખીમાંથી મગર બનાવ્યો હતો એવા પોતાના અતિ વિશ્વાસુ અને ઘણા જુનિયર એવા સાથી પીરુને પોતાના સવારના કાર્યક્રમની વાત કરી એને જરૂરી સૂચનાઓ આપી દારા શાંતિથી સૂઈ ગયો. પીરુ ય પોતાના બોસના સવારના કાર્યક્રમ પર વિચાર કરતો પથારીમાં પડ્યો. સૌને પોતપોતાની ગણતરીઓ હોય છે.

દરેક ધંધાની જેમ દાદાગીરીનો ધંધો ય બિન હરીફ નથી. એમાં ય મોટા-નાના ના વર્ગભેદ હોય છે. દરેક દાદો પોતાનું ક્ષેત્ર, પોતાની ધાક અને હાક વધારવા હંમેશાં પ્રયત્નશીલ હોય છે. એટલે પોતાના દોસ્ત પ્યારાના વર્તનને કારણે દારાના મનમાં જે ગ્રંથિ બંધાઈ ગઈ હતી એણે પ્યારાનો કાંટો કાઢી નાખવા દારાને પ્રેર્યો. પછી પોતાને પડકારે એવો 'ભાઈ' શહેરમાં બીજો નહોતો એમ દારા માનતો હતો. એટલે ધનરાજના ખૂનના પ્યારાના પ્લાનનો લાભ લઈ એણે પ્યારાનું ય કાસળ કાઢી નાખવાનું આયોજન વિચારી લીધું. પણ પોતાની વિશ્વાસઘાતી યોજનાની ખાનગી વાત એણે પોતાના વિશ્વાસુ સેવકને કરી અને યોજનાના ઉત્તરાર્ધમાં એને ય સામેલ કર્યો. એણે પીરુને પોતાની ગુપ્ત યોજના સંપુર્ણ રીતે સમજાવી પોતાનું સ્કૂટર લઈ 'સીલીંગ રોડ' પર 'અવકાશ હોટેલ' પાસે સવારે દસ વાગે પોતાની રાહ જોઈ ઊભા રહેવા આદેશ આપ્યો હતો.

'જી' કહી આજ્ઞાંકિત પીરુએ પોતાના ગુરુની મોડી રાત્રે વિદાય લીધી હતી. પછી ઘેર જઈ સૂતાં સૂતાં સવારનો કાર્યક્રમ વિચારે એ પોતે ઊંઘી ગયો હતો.

પ્યારાની યોજના 'રામબાણ' હતી. નક્કી કર્યા પ્રમાણે દારા સાથે



પોતાની મોટરમાં જઈ ધનરાજને એણે ત્રણ ચાર ગોળીથી એની ઓફિસમાં જ વિંધી નાખ્યો ! સ્વાભાવિક રીતે જ ધનરાજની ઓફિસનો સ્ટાફ તો એ અણધાર્યા ગોળીબારથી બેબાકળો બની ગયો ! એ લોકો કશું સમજે એ પહેલાં તો પ્યારા પોતાની યોજના પ્રમાણે રોડ પર મોટર લઈ ઊભેલા મિત્ર દારા તરફ દોડ્યો. ત્યાં સુધી તો પ્યારાની યોજના એના નક્કી કર્યા પ્રમાપે બરાબર પાર પડી. પણ જેવો એ પોતાની મોટર પાસે પહોંચી અંદર બેસવા નમ્યો તેવો જ એક ક્ષણના ય વિલંબ વિના દારાની રીવોલ્વરમાંથી 'ધાંય...ધાંય' કરતી ગોળીઓ છૂટી ને પ્યારાના મસ્તક અને છાતીને વિંધી ગઈ ! એનો દેહ ચારણી જેવો થઈ ઢગલો બની પડ્યો ! આ ઉત્તરાર્ધ એની યોજના વિરૂધ્ધનો હતો, હા, આ દારાની યોજના પ્રમાણેનું હતું.

પોતાના મિત્રને પતાવી એની જ મોટર લઈ ધડકતા દિલે દારા પીરુને ઊભા રહેવા કહેલા સ્થળ તરફ વિજળીક ગતિએ ધસ્યો. મારતી મોટરે એ 'સિલીંગ રોડ' પર 'અવકાશ હોટેલ' પાસે ગયો જ્યાં એની સૂચના મુજબ સ્કૂટર લઈ પીરુ એની રાહ જોતો ઉભો હતો.

પ્યારાની મોટર બિનવારસી હાલતમાં રોડ પર છોડી દઈ એ પોતાની રાહ જોઈ સ્કૂટર આગળ ઊભેલા પોતાના અનુયાયી પીરુ તરફ લગભગ દોડતો પહોંચવાની તૈયારીમાં જ હતો ત્યાં ધડાધડ ચાર પાંચ ગોળીઓ એના તરફ છૂટી જેણે એની છાતી, મસ્તક અને પેટને વિંધી નાખ્યાં! દારાનો દેહ લોહીમાં લથબથ થઈ માર્ગ વચ્ચે પડ્યો. ત્યાં સુધીમાં તો પીરુ સ્કૂટર પર 'નૌ દો ગ્યારહ થઈ ગયો !'

મોતનો કેવો ઝડપી સીલસીલો ! માત્ર દસેક મિનિટમાં જ ધનરાજ જેવો શહેરનો મોટો વેપારી અને પ્યારા અને દારા જેવા શહેરના બે નામચીન દાદાઓ ખતમ થઈ ગયા ! પીરુને કોણ પૂછે કે 'તેં કયા જનમનું વેર વાળી જેને તું 'મોટાભાઈ' ગણતો હતો એવા મિત્ર દારાને ખતમ કરી નાખ્યો ? એણે તો તને 'માટીમાંથી મર્દ' બનાવ્યો હતો !

જો કે પીરુની ય પોતાની સ્વાર્થી ગણતરીઓ હશે સ્તો !

લાખો રૂપિયાની હેરાફેરી કરતાં આ બે નંબરી માથાં મોતને સદાય મુઠ્ઠીમાં લઈને જ ફરતાં હશે ને ? એમની પાછળ શોક કે વિલાપ કરનારાં કોઈ હશે જ તો ? તો ય લોકો હાથે કરીને પોતાના અમૂલ્ય જીવનનું અવમૂલ્યન કરી નાખે છે ને ? દાદાઓની એ દુનિયામાં દોસ્ત અને દુશ્મન વચ્ચે કશો ભેદ જ નહિ હોય શું ? માણસની કિંમત જયાં મચ્છર જેટલી ય ન હોય એવી એ કહેવાતી 'અન્ડરવર્લ્ડ' ના દાદાઓને એમની પાસેના લાખો રૂપિયા કેટલાં સુખ, શાંતિ આપતા હશે ?

વળી એ પણ કોણ કહી શકે કે ધનરાજ અને પ્યારા વચ્ચે, પ્યારા અને દારા વચ્ચે કે દારા અને પીરુ વચ્ચે ક્યા જનમનાં વેર હશે ?

❑ ❑ ❑



## ૨. સોહાગ રાતની સવારે ?

ચારુ અને કેયૂરનાં લગ્ન કાંઈ પ્રેમલગ્ન નહોતાં. ઉભયનાં માતાપિતાએ ગોઠવેલાં એ લગ્ન ફક્ત દસેક દિવસમાં જ નક્કી થયાં હતાં. ત્રીસની આસપાસ બંનેની ઉંમર હતી, એટલે ગમો અણગમો તરત નક્કી કરી શકે તેમ હતાં. એકબીજાને બંનેએ જોયાં ને પરસ્પરને ગમી ગયાં. ઊંચી, રૂપાળી, પાતળા બાંધાની ચારુનો ચહેરો એના નામને સાર્થક કરે એવો ચિત્તાકર્ષક હતો. એને કોઈ નાપસંદ કરે એવો સવાલ જ નહોતો. પ્રશ્ન તો ચારુની પસંદગીનો હતો. એય આ વખતે - સહજમાં ઊકલી ગયો; કારણ, સુદૃઢ શરીરવાળો, ઊંચો, ઘઉંવર્ણો ને તરવરિયો કેયૂર પ્રથમનજરે જ પ્રેમ થઈ જાય તેવો 'હેન્ડસમ' હતો; એટલે વડીલો ચા પાણી કરીને પરવાર્યાં એ દરમિયાન ચારુને ત્યાં બંને એકાદ કલાક બેઠાં એ વખતે જ બંનેએ એકબીજા પર પસંદગીની મહોર મારી દીધી, પણ કેયૂરે એક વાત બહુ સ્પષ્ટ રીતે ચારુને કહી :

'જુઓ, આપણે માત્ર પરસ્પરના દેખાવને જ મહત્ત્વ ન આપવું જોઈએ. બંનેના સ્વભાવ, ગમા, અણગમા અને વિશેષ તો વ્યવસાયનો પણ વિચાર કરવો જોઈએ.'

'બરાબર છે,' ચારુએ વિનયપૂર્વક કહ્યું : 'હું પણ એમ માનું છું અને સમજું છું. મેં તો તમને જાણી - સમજી લીધા. મને સંતોષ છે. હા, તમારે મારા વિષે કાંઈ જાણવું હોય તો નિઃસંકોચ પૂછો.'

'પૂછવું તો કશું નથી મારે', પણ તમને કાંઈ કહેવું છે.

'કહો.'

'હું મિલીટરીમાં જોડાયેલો એક લશ્કરી અફસર છું એ તો તમે જાણો છો ને ?'

'જાણું છું. મારા પપ્પાએ મને સૌથી પહેલી એ વાત કરી હતી.'

'એ જાણવા છતાં તમે....?'

'મેં એ વાત ગૌરવપૂર્વક સ્વીકારી લીધી.' ચારુએ વચ્ચે જ કહ્યું : 'જરૂર પડે દેશ માટે કામ આવવાની તૈયારી રાખનાર યુવાન તો અભિનંદનીય ગણાય.'

જવાબમાંથી જ ચારુનો દેશપ્રેમ નીતરતો હતો.

'રીયલી ?' આશ્ચર્યથી કેયૂરે પૂછયું.

'સ્યોરલી.' ચારુએ દઢતાપૂર્વક કહ્યું : 'ભારત માતાના રક્ષકની પત્ની થવાનું ગૌરવ મળે એ સદ્‌ભાગ્ય ગણાય.'

'આદર્શ શબ્દોમાં સારા લાગે છે, પણ વ્યવહારમાં એવા જ કઠિન સાબિત થાય છે એ જાણો છો ?' કેયૂરે કસોટી માટે પ્રશ્ન પૂછયો.

'માત્ર શબ્દોની શોભામાં રાચનારી હું કોઈ અવ્યવહારુ યુવતી નથી એ પ્રસંગ આવે સમજી શકશો.' આંખમાં તેજ પ્રગટાવતી માનુની બોલી.

'વાહ, મેં પરણવા માટે આ પહેલાં ઘણી છોકરીઓ જોઈ છે, પણ દેશપ્રેમથી આવાં ભર્યાં ભર્યાં તો તમે પહેલાં જ મળ્યાં. 'સંતોષના શ્વાસ સાથે કેયૂર બોલ્યો :' ઘણાં તો મારા વ્યવસાય વિષે જાણીને જ ભડકી ગયેલાં.'

'છોકરા તો મેં ય ઘણા જોયા.' ચારુએ કહ્યું : 'પણ તમારા જેવું દેશને સમર્પિત પાત્ર પહેલું જ મળ્યું.'

કેયૂર તો આ દેશદાઝભરી છોકરીને જોઈ જ રહ્યો ! આજના વૈભવવિલાસના વાતાવરણમાં કોલેજમાં ભણેલી છોકરી આવા ઉચ્ચ વિચારો ધરાવી શકે એ હકીકત જ એને માટે એક આશ્ચર્ય હતી.

'તમને ખબર છે કે લશ્કરી જવાનનું જીવન અનિશ્ચિતતાથી ભરેલું હોય છે?' કેયૂરે સાવધાન કરવા કહ્યું.



'એક રીતે જોઈએ તો માનવજીવન એટલે જ અનિશ્ચિતતા,' ચારુએ તત્ત્વજ્ઞાનભરી વાત કરતાં કહ્યું : 'કારણ કે ભાવિના ગર્ભમાં શું છે એ કોણ જાણી શક્યું છે ? રાત્રે સૂતેલો માણસ સવારે ન જાગે એવું પણ ક્યારેક બને છે. જો કે લશ્કરી જવાનનું જીવન તો નિશ્ચિત લક્ષવાળું હોય છે.'

'પણ લશ્કરી જવાને તો કાયમ મોતને મુઠ્ઠીમાં લઈને જ ફરવાનું હોય છે.' પોતાના ભાવિ જીવનસાથીને ચકાસી જોવા કેયૂરે કહ્યું.

'મુંબઈમાં ગઈ કાલે બે વ્યક્તિને હૉટેલમાં ઢાળી દેવામાં આવી.... કાશ્મીરમાં બોંબ ધડાકામાં પાંચ વ્યક્તિના મોત થયાં.... છોકરાંઓને લઈ ટુર પર જઈ રહેલી એક સ્કૂલ બસ ગંગા નદીમાં ખાબકતાં વીસ બાળકો ડૂબી ગયાં... સિનેમામાં શોર્ટ સર્કિટથી આગ લાગતા બસો જણ મૃત્યુના મુખમાં હોમાયાં...!' આવી ખબરો રોજ સાંભળીએ કે વાંચીએ છીએ. શું આ બધાં જાણતાં હતાં કે તેઓ મોતને મુઠ્ઠીમાં લઈને ફરે છે ?' ચારુએ સદૃષ્ટાંત જીવનની અનિશ્ચિતતા તરફ આંગળી ચીંધતા કહ્યું : 'આ જમાનામાં મોતને ઘેર મૂકીને કોઈ જ જતું નથી.'

ચારુના જવાબથી કેયૂર સ્તબ્ધ બની ગયો.'શું ગજબની છોકરી છે!' એ વિચારી રહ્યો : 'નાની ઉંમરમાં ય કેટલું આત્મસાત કર્યું છે આણે !'

'છતાં જાણીને કૂવામાં પડવા જેવું તો નથી લાગતું ને તમને ?' હજી કસોટી કરતો હોય તેમ કેયૂર બોલ્યો : 'અમે તો કદાચ કાલે ય યુદ્ધના મોરચે ઝઝૂમતા હોઈએ. અમને એ માટેની કાયમી સૂચના હોય છે. ત્યાંથી પાછા આવીએ ત્યારે સાચા.'

'ભોગવિલાસમાં રાચતા સ્વચ્છંદી યુવાનોને બદલે દેશદાઝભર્યા બહાદુર જવાનો મને વધુ પસંદ છે,' આંખમાં ચમક સાથે ચારુ બોલી : 'રોગગ્રસ્ત થઈ મરતા માયકાંગલાઓ કરતાં દેશ માટે શહીદ થનારા બહાદુર ખરેખર મહાન છે.'

'તમારા વિચારો અસામાન્ય રીતે ઉત્તમ છે.' કહી કેયૂરે પોતાના

વિષે માહિતી આપતા ઉમેર્યું : 'જુઓ, લશ્કરમાં ભરતી થયા પછી મારે હજી સુધી તો ખાસ કોઈ પણ ખતરાનો સામનો નથી કરવો પડ્યો.'

'સરહદ પર બે એક વાર જરૂર જઈ આવ્યો,' કેયૂરે ઉમેર્યું : 'કાશ્મીર મોરચે પણ થોડો સમય ગયો હતો, પણ હજી યુદ્ધ જેવી અસમાન્ય પરિસ્થિતિમાંથી હું પસાર થયો નથી. છતાં અમે સદાય એ માટે માનસિક રીતે પણ તૈયાર રહીએ છીએ.' ચારુના મનોભાવ અવલોકવા સહેજ થોભી કેયૂરે ઉમેર્યું : 'Duty First (ફરજ પહેલી) એ અમારું જીવન-સૂત્ર છે... અમારી ફરજ એટલે કોઈ પણ સંજોગોમાં દેશની રક્ષા કરવી તે... બદલામાં અમને ખૂબ સારો પગાર મળે છે, રહેવા માટે વેલ ફરનીશ્ડ બંગલો.. પ્લેનમાં ફરવાના ફ્રી પાસ..... અને સામાન્ય જનોને દુર્લભ એવી ઘણીબધી સુખસુવિધા મળે છે. .... શાંતિના સમયમાં ખાસ કોઈ કામ પણ નથી હોતું અમારે... આકર્ષક લાગે એવી અમારી જીવન-શૈલી હોય છે.... આ બધા અમારા જીવનના પ્લસ પોઈન્ટ છે જે મેં અત્યાર સુધી માણ્યા છે... અને નજીકના ભવિષ્યમાં એવો કોઈ ખતરોય જણાતો નથી કે જેથી અમારા એશ-આરામમાં ખલેલ પડે... છતાં જોખમની વાત તો મેં તમને પહેલાં જ કરી છે.....'ન જાણ્યું જાનકી નાથે' જેવો ઘાટ છે.... રાજગાદીને બદલે વનવાસ મળે તો ય શ્રી રામ ની જેમ સહર્ષ સ્વીકારવો રહ્યો... હવે નિર્ણય તમારે કરવાનો' કહી કેયૂર નયન ઢાળી નયનાને નીરખી રહ્યો !

'તમારો શો નિર્ણય છે ?' ચારુએ પૂછયું.

'મને તો લાગે છે કે એક લશ્કરી જવાનને તમારા જેવું પાત્ર દીવો લઈને શોધતાં ય ન મળે,' કેયૂરે અહોભાવથી કહ્યું : 'માટે જ કહું છું કે બધો આધાર તમારા નિર્ણય પર છે.'

'લો ત્યારે, મને તો વગર મહેનતે દીવા જેવા જ તમે મળી ગયા.' હસતી ચારુ બોલી : 'ચાલો, વડીલોને વધામણી આપીએ.'

કેયૂર તો આ હળવી ફૂલ, ચપળ અને પુરુષને આંજી નાખે એવી



પ્રતિભા ધરાવતી છોકરીને માન અને હવે તો પ્રેમથી જોતો જ રહ્યો ! મનમાં બોલ્યો : 'આણે ઘણા છોકરાને નપાસ કર્યા હશે એ નક્કી... પણ આપણો નંબર પાસમાં લાગ્યો એ સદ્ભાગ્ય કહેવાય...'

ઉભય પક્ષનાં વડીલો આ સારા સમાચાર જાણી ખુશ થઈ ગયાં. કેટલા બધા સમયથી એક પક્ષ વર અને બીજો પક્ષ કન્યા જોતાં હતાં ! પણ મેળ પડતો નહોતો. છોકરો છોકરીને કે છોકરી છોકરાને પસંદ કરે ત્યારે ને ? ઉભય પક્ષના વડીલો થાક્યાં હતાં. પણ આજે સહેજમાં વાત બની ગઈ. ભગવાનની કૃપા હોય ત્યારે શું નથી બનતું? બધું પોતાનું ધાર્યું થતું હોત તો માણસ ભગવાનને માનત ખરો કે ?

વિવાહ નક્કી થયા ને ઘડિયાં લગ્ન લેવાયાં. કારણ કે કેયૂરને બહુ રજાઓ નહોતી. બંને પક્ષનાં સ્નેહી સ્વજનો અને મિત્રોની હાજરીમાં ખૂબ આનંદભર્યા વાતાવરણમાં લગ્ન થયાં. પરણીને ઘેર જતાં મારૂતિકારમાં પાછલી સીટ પર બેઠેલાં નવદંપતીના કાનમાં હજીય આશીર્વચનો ગુંજતા હતાં : **कुर्यात् सदा मंगलम्** । ત્યારે સામે ઝાડ પર એક કબૂતર યુગ્મ ચાંચમાં ચાંચ ભરાવી 'ગુટુર...ગુ' કરતું હતું. બંનેની નજરે એ પડ્યું. કારણ મોટર ત્યારે ચાર રસ્તે અટકી હતી. કેયૂરે ત્યારે ચારુની સામે જોયું ને ધીમેથી હસીને હાથ લંબાવ્યો. ચારુએ ય મધુર સ્મિતથી એનો પડઘો પાડ્યો ને બંને જણ શરમાઈ ગયાં ! શરમાવું એ નવદંપતીનો વિશેષ અધિકાર છે !

સોહાગરાત ! બંને સંસ્કાર-સમૃદ્ધ જીવ પ્રથમ રાત્રે ભેગા મળ્યા ત્યારે બંનેએ એકબીજાને પોતાના જીવનના રસપ્રદ પ્રસંગો કહ્યા. એકે હોંશથી કહ્યા, બીજાએ હેતથી સાંભળ્યા. પરિણામે હજી આજે જ મળ્યાં હતાં તો ય એકબીજાને એવી રીતે ઓળખી ગયાં કે જાણે જનમ જનમની પ્રીત કાં ન હોય એમની વચ્ચે ! પતિએ પલંગમાં બેઠેલી નવોઢાનો ઘૂંઘટ હટાવ્યો ત્યાંથી જ જે પ્રેમાલાપ શરૂ થયો તે રાતભર ચાલ્યો ! પૂરી રાત વાતમાં જ વહી ગઈ ! શરાબની જેમ પ્રેમભરી વાતોનો ય નશો હોય છે.

છેવટે જ્યારે દૂરના કોઈ ઝૂંપડામાંથી 'કૂક... રે કૂક' નો અવાજ આવ્યો ત્યારે અર્ધ ઢળેલી આંખે પત્નીની સોડમાં પડેલો કેયૂર ધીમેથી બોલ્યો :

'ચા...રુ...'

'રાત પૂરી થઈ ગઈ એમ કહો છો ?' તકિયે માથું નાખી પડેલી નવોઢાએ ઘેનમાં જ પૂછયું.

'હા જોને, હજી હમણાં જ તો શરૂ થઈ હતી ને એટલામાં...' કહેતો પતિ નવોઢાની નજીક સર્યો.

'સારૃં થયું ને ? અંધારું ગયું, હવે પ્રકાશ પથરાશે....'

'પણ આ પ્રકાશ તો જુદાં પાડશે આપણને.'

'જુદા તો દેહ પાડશે,' પ્રેમસભર વાણીમાં ચારુએ કહ્યું : 'હવે કાંઈ હૃદય થોડાં જુદાં પડવાનાં છે ?' પણ આમ કહેતાં તો એણે પતિને પોતાના બાહુપાશમાં બાંધ્યો.

પણ આ પ્રેમોપચાર શરૂ થયો - ત્યાં જ ડૉર-બેલ વાગ્યો ને સહજ વારે નીચેથી પિતાજીએ બૂમ મારી :

'બેટા કે....યૂ....ર....'

'જી પિતાજી', સહસા ઊભા થતાં કેયૂર બોલ્યો ને પલંગમાં સફાળી બેઠી થઈ ગયેલી પત્નીએ કહ્યું : 'જુઓ શું છે ?'

'પિતાજી ખાસ કારણ વિના બૂમ ન મારે,' કહેતો કેયૂર બારણા તરફ ગયો.

'હા, હા, જાવને,' કહેતી ચારુ પણ ઊઠીને વ્યવસ્થિત થઈ.

આમ ઊંચા જીવે અચાનક જ સોહાગરાત પૂરી થઈ ગઈ !

કેયૂરે નીચે જઈ જોયું તો જીપ લઈને મિલીટરીનો સિપાહી આવ્યો હતો. કેયૂરને સલામ મારી એણે એક લિફાફો આપ્યો. કાંઈક શંકાથી કેયૂરે એ ફોડ્યો. અંદરથી સાહેબને ઑર્ડર નીકળ્યો.



'Leave cancelled, Resume duty immediately!' (તમારી રજા રદ થાય છે.... તાત્કાલિક ફરજ પર હાજર થાવ!)

કેયૂરને નવાઈ લાગી. 'ગઈ રાત સુધી તો સરહદો શાંત હતી... કશી કટોકટીના સમાચાર નથી.... દેશમાં ય શાંતિ છે.... તો ઓચિંતું...' ત્યાં જ ફોનની ઘંટડી રણકી. અંદર જઈ કેયૂરે ફોન ઉપાડ્યો.'

'એ...લા...વ...'

'દિલજિતસિંહ ધીલ્લો ફ્રોમ ધી હેડક્વાર્ટર.' સામે છેડેથી લશ્કરી અવાજ આવ્યો.

'ગુડ મોર્નીંગ સર, કેયૂર કાપડિયા સ્પીકીંગ સર,' કેયૂરે વિનયપૂર્વક કહ્યું.

'સૉરી ટુ ડીસ્ટર્બ યુ મી. કાપડિયા, **लेकिन ओर्डर मिला ?**'

'જી, અભી અભી હી આયા.'

'અભી દો ઘંટે બાદ ગાડી લેને કો આયેગી,' તૈયાર રહના, આગે કી ઈન્સ્ટ્રકશન યહાં આને કે બાદ મિલેગી.' મિલીટરી અદાથી ટૂંકો સંદેશ મળ્યો.

'સર...'

દુઃખદ આશ્ચર્ય સાથો કેયૂરે ફોન મૂક્યો : 'કાશ, ગઈ કાલે જ આવો ઓર્ડર મળ્યો હોત... તો ચારુ તો ના ફસાત...!'

'શું થયું બેટા ?' પિતાજીએ સાશંક ભાવે પૂછયું : 'કાંઈ...?'

'કાંઈ નહિ બાપુજી, મારે તાત્કાલિક ફરજ પર હાજર થવાનું છે.' કેયૂરે પિતાજીને જાણી જોઈને હળવાશથી કહ્યું : 'બે કલાકમાં ગાડી લેવા આવશે.'

અંદરથી કેયૂરની બા સહિત બેત્રાણ જણ 'શું ? કેમ...?' પૂછતાં બહાર આવ્યાં. કેયૂરે એમને પણ ટૂંકમાં વાત કરી ને એ ઉપર ગયો.

'શું થયું ?' સચિંત પતિને જોઈ ચારુએ પૂછયું : 'કાંઈ ખાસ...?'

'ગણીએ તો ખાસ,' હસતો કેયૂર બોલ્યો : 'નહીં તો એક જવાન માટે તો સામાન્ય ગણાય એવી વાત, ચારુ.'

'શું થયું?'

'કદાચ તમે ઘણું દુઃખદ લાગશે, ચારુ' સહેજ નિરાશ ભાવે કેયૂર બોલ્યો : 'મારે હમણાં બે બલાકમાં જ ડ્યુટી પર હાજર થવાનું છે !'

'ઓહો ..... !' સ્વાભાવિક આશ્ચર્યથી ચારુ બોલી : 'કોઈક ઈમરજન્સી હશે.'

'ખબર નહિ, પણ.....'

'એમાં આટલા અસ્વસ્થ કેમ છો ?'

'તારા વિચારે ચારુ, માત્ર તારા જ વિચારને કારણે,' કેયૂરે પત્નીનો હાથ પકડી લેતાં કહ્યું : 'હજી કાલે આ સમયે તો આપણા હસ્તમેળાપ પણ નહોતા થયા.'

'પણ આજે આ વખતે તો આપણો હૃદય-મેળાપ પણ થઈ ગયો!' ચારુ સ્વસ્થતાથી બોલી. થોડું દુઃખ તો એને ય જરૂર થયું. પણ પતિને ઠેસ ન પહોંચે અને એ હળવે હૈયે ફરજ પર જઈ શકે માટે સ્વસ્થતા ધારણ કરતાં એણે ઉમેર્યું : 'ભગવાનને શરૂઆતમાં જ આપણી કસોટી કરવી હશે.'

'પણ મારે તો યુદ્ધમાં જવાનું હશે ચારુ...' હજીય ચિંતાતુર સ્વરે કેયૂર બોલ્યો.

'તો શું થયું ? બ્રિગેડિયર છો ને, કાંઈ ક્રિકેટના મેદાનમાં જવા થોડા લશ્કરમાં જોડાયા હશો.' પ્રસંગને હળવો બનાવવા ચારુએ ગમ્મત કરી. પત્નીની ટકોરથી કેયૂર જરા ઝંખવાણો પડ્યો : 'આ નવોઢા તો મારા કરતાં ય વધુ મજબૂત મનની છે' એવા અનુભવેસ્તો !



'ના, ના, એમ નહિ ચારુ, જવાનું મને જરાય દુઃખ નથી., સ્વસ્થતા રાખી કેયૂર બોલ્યો ! 'મને તો માત્ર તારી જ ચિંતા છે.'

'હું ય સમજી વિચારીને એક લશ્કરી જવાનને પરણી છું.' ડોક ઊંચી કરી ગૌરવપૂર્વક ચારુ બોલી : 'મારે ય જીવનમાં કોઈ આદર્શ છે.'

'આઈ એમ પ્રાઉડ ઑ યુ, ચારુ, બહુ ચર્ચા કરવાનો સમય નથી.' ઉતાવળે કેયૂર બોલ્યો : 'પણ બધા આદર્શ વ્યવહારુ હોતા નથી, એટલે મારી એક વાત તારે માનવી પડશે.' જવાની તૈયારી કરતાં કરતાં કેયૂરે આગ્રહપૂર્વક કહ્યું.

'કઈ વાત ?' આશ્ચર્ય ને આતુરતાથી ચારુએ પૂછયું.

'તું પવિત્ર છે ચારુ... હજી અક્ષતા છે... માટે હું બા-બાપુજીને કહું છું...'

'શું ?' વચ્ચે જ ચારુએ પૂછ્યું.

'કે કોઈ સારો છોકરો જોઈને તારાં લગ્ન કરાવી દે.' કેયૂર લાગણીપૂર્વક બોલ્યો : 'તારા જેવી આશાસ્પદ યુવતીનું જીવન અમારાથી બરબાદ ન થાય.'

'શું બોલો છો તમે?!' ઘવાયેલી માનુની બોલી.

'મને માફ કર ચારુ.' સ્નેહથી કેયૂરે કહ્યું : 'તારું અપમાન કરવાનો કોઈ ઈરાદો નથી મારો. પણ...'

દરમિયાન કેયૂરનાં માતા પિતા ય ચિંતાતુર ચહેરે ઉપર આવી ગયાં હતાં. પતિ-પત્નીની વાત એમણે પણ સાંભળી.

'બેટા,' વચ્ચે જ બોલતાં કેયૂરના પિતાએ દુઃખપૂર્વક કહ્યું : 'કેયૂર કહે છે તે આપણા સૌ માટે ઘણું દુઃખદાયક છે, છતાં એની વાત વિચારવા જેવી છે. બેટા, તેં તો હજી દાંપત્ય જીવનમાં પા પા પગલી ય નથી માંડી, ત્યાં જ આ વિરહ... આના કરતાં તો તું...' વૃદ્ધનું હૃદય ભરાઈ આવ્યું.

આગળ બોલીન શક્યા !

'બાપુજી ! માથે ઓઢતાં ચારુ બોલી : 'તમે પણ...!'

'અમારા માટે તો તું દીકરીથી ય અધિક છું બેટા,' વૃદ્ધ અચકાતા અચકાતા બોલ્યા : 'પણ તારા જીવનો વિચાર કરતાં....'

'જીવન એટલે શું બાપુજી ?' આંખમાં ચમક લાવી ચારુ બોલી : 'પોતાના કેસરભીના કંથને યુદ્ધ માટે સહર્ષ વિદાય કરતી ક્ષત્રિયાણીના દેશપ્રેમને મેં જાણ્યો છે ને વખાણ્યો છે.'

'બેટા,' વહુને બરડે હાથ ફેરવતાં પ્રેમાળ સાસુ બોલ્યાં : 'આપણા સૌ માટે વિકટ ઘડી છે. પણ તું સાચું બોલજે. તારો માંહ્યલો શું કહે છે ? તારો તો હજી ચોરીમાં પગ છે બેટા... ને પતિ યુદ્ધમાં જાય ત્યારે...' એક ડૂસકું ભરાઈ ગયું સાસુથી. આગળ બોલી ન શક્યાં !

'બા,' સાસુને આશ્વાસન આપતી ચારુ બોલી : 'કંઈ નવોઢા પતિથી આટલું જલદી જુદા થવાનું ઈચ્છે ? છતાં પતિને એની ફરજ બજાવવામાં મદદરૂપ થવું એ પત્નીનો ધર્મ ગણાય. એમાંય દેશની રક્ષાના ઉત્તમ હેતુ માટે પતિ યુદ્ધમાં જતો હોય ત્યારે તો એની પત્નીને ગૌરવ થવું જોઈએ. બા, મને એ ગૌરવ ઘડી બહુ જલદી મળી. એનો હસતા મુખે સ્વીકાર કરવો એ મારા માટે વિશેષ ગૌરવની વાત છે. બા, બાપુજી, તમે કોઈ મારી ચિંતા ન કરશો,' સહેજ અટકી જરા ધીમા અવાજે ચારુ બોલી : 'આપણે સૌ સાથે રહી આ ગૌરવને દીપાવશું.'

ત્યારે સૌએ આંખના ખૂણા સાફ કર્યાં. ત્યાં જ નીચે મોટરનું હોર્ન વાગ્યું. ત્યારે વાત જાણી પડોશીઓ પણ ભેગાં થઈ ગયાં હતાં. કેયૂર માતા પિતા સાથે નીચે ગયો. દરમિયાન ચારુએ પડોશની એક છોકરી પાસે ફૂલહાર મંગાવી લીધો.

નાહી ધોઈ જવા તૈયાર થયેલા પુત્રને માતાએ કુમકુમ તિલક કર્યું.



કેયૂર માતાપિતાને પગે લાગ્યો. દરમિયાન એનાં સાસરિયાં પણ આવી ગયાં હતાં. એ સૌને એણે વંદન કર્યાં. પડોશીઓને પણ પ્રેમથી મળ્યો. પછી બે મિનિટ માટે ઉપર પત્ની પાસે ગયો.

ચારુના હાથમાં સંગંધિત ફૂલની માળા હતી. પતિને એ પહેરાવતી વખતે ચારુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં ત્યારે કેયૂર જેવો સૈનિક-દિલ જવાન પણ લાગણીવશ બની ગયો. પત્ની પતિની ચરણરજ લેવા નીચી નમી, પણ તેને અધવચ્ચેથી જ ઊભી કરી કેયૂરે ગળે લગાવી.બંને પરસ્પરને એવાં તો ભેટ્યાં કે બે મટી જાણે એક થઈ ગયાં ! દેહનાં મિલન પણ ક્યારેક મનને ઓળઘોળ કરી નાખે છે !

પત્નીનું મુખારવિંદ હાથમાં લઈ ધીરેથી ખૂબ ભાવવાહી અવાજે કેયૂરે પૂછ્યું : 'ચારુ, જાઉં ત્યારે.....?'

ત્યારે 'વહેલા આવજો હોં' કહેતી ચારુ ગળગળી થઈ ગઈ. એ જ સમયે રૂમમાં પ્રવેશતી વહાલભરી સાસુએ એને છાતી સરસી ચાંપી. એ પાવક દૃશ્ય જોતા બાબુલાલ બારણા પાસે જ અટકી ગયા ! સોહાગ રાતની એ સવારે આખો ઓરડો પ્રેમ, વિરહ, ફરજ, દિલાવરી, દેશદાઝ, લાગણી અને ગૌરવના મેઘધનુષી મનોભાવોથી ઉભરાઈ રહ્યો !

❑ ❑ ❑

## ૩. વાયરા વસંતના

પોતાના ઘરની આસપાસની થોડી જગામાં સાંજને પહોર ધીમાં ડગ ભરતો અક્ષર આંટા મારતો હતો. હતાશા એના પ્રત્યેક પગલામાંથી પ્રગટતી હતી. લૂંટાઈ ગયેલી પાનખર જેવો એ નિરાશાની ગર્તામા ધકેલાઈ ગયેલો લાગતો હતો. જાણે આપઘાત કરવાનું વિચારતો એક લાચાર દયાપાત્ર માનવ ! શું નવયુવાન આમ જીવન હારી ગયેલો હોય ? સંજોગ! કુદરત પણ જાણે અક્ષરના મનોભાવનો પડઘો પાડતી હોય એમ લૂંટાઈ ગયેલી નાર જેવી વેરાન અને સુમસામ હતી !

પણ ત્યારે.... ! ત્યારે અચાનક ક્યાંકથી એક મધુર ટહુકો થયો : 'કૂ...ઉ...!' અક્ષરને ત્યારે કશુંક સ્પર્શ્યું લાગ્યું, પણ એણે ખાસ કશું ધ્યાન ન આપ્યું. વળી એનો એક અર્થહીન આંટો અને વિચારોનું વલોણું ! મનમાં ઉથલપાથલ મચી હતી અક્ષરના. પણ વળી ફરી એ જ મધુર ટહુકો : 'કૂ...ઉ...!' અક્ષરના પગ એ અવાજ સાંભળીને જડાઈ ગયા ! કશો સંચાર થયો એના અંતરમાં. ને એ કશાકની પ્રતીક્ષા કરી રહ્યો. પ્રતીક્ષાનો પણ એક આનંદ છે. આજે ઘણા દિવસે એ આનંદની ઝલક અક્ષરે અનુભવી. ને પછી તો એ હૃદયસ્પર્શી ટહુકાઓની હારમાળા શરૂ થઈ : 'કૂ...ઉ...!' ના મધુર ધ્વનિથી આસપાસનું વાતાવરણ ગુંજિત થઈ રહ્યું. ક્રિયા-પ્રતિક્રિયાનો એ ગુંજારવ ચારે દીશાઓને સંગીતમય કરી રહ્યો. એ સાંભળી અક્ષર હર્ષિત થઈ ઊઠ્યો. રણમાં પ્યાસાને જાણે પાણીની પરબ દેખાઈ !

પછી તો પોતાના નાનકડા બાગના ફૂલોની સુગંધ પણ એના ધ્યાનમાં આવી. એથી પણ મન પ્રફુલ્લિત થયું. ફૂલોની આસપાસ મંડરાતા ભ્રમરના ગુંજારવ પણ હવે એને સંભળાયા. અચાનક કોઈએ કશો જાદુ કર્યો. આથી કોઈ અલૌકિક આનંદની અનુભૂતિ અક્ષર કરી રહ્યો ! કોયલના મધુર ટહુકા તો ચાલુ જ હતા. પ્રત્યેક ટહુકાએ જાણે કશું કામણ કર્યું ને આ



બધાની ભેગી અસરથી અક્ષર જાણે સાવ બદલાઈ ગયો !

પછી રાત્રે પલંગમાં પડ્યો, પણ ઉંઘ ન આવી. આજે આરતીની યાદ એને સતાવી રહી. એને સત્યનું દર્શન થયું. એનું અભિમાન ઓગળી ગયુ ને પોતાનો દોષ એને સમજાયો. પોતાને વાંકે જ બિચારી આરતી ન છૂટકે જતી રહી હતી એ હકીકતનું એને ભાન થયું. અરે, પોતે એને લગભગ કાઢી મૂકી હતી એમ જ કહેવાય એવો અક્ષરને અહેસાસ થયો. એના મનમાં વિચારોનું વલોણું ઘૂમી રહ્યું :

'સ્ત્રી કોઈની પત્ની બને એટલે એનામાં શું સ્વમાન જેવી કશી ભાવના જ ન હોય ?' શાણી, સંસ્કારી, ગ્રેજ્યુએટ પત્નીને બાર માસના લગ્ન-જીવનમાં કોણ જાણે શાથી એ હડધૂત કરતો થઈ ગયો હતો !

પતિને સંપોષ આપવા આરતી હંમેશાં પ્રયત્નશીલ રહેતી. પતિને ન ગમતું કાર્ય પોતાનાથી થઈ ન જાય એની એ સતત કાળજી રાખતી. જરૂર પડે 'ભૂલ થઈ' કહી પતિની ક્ષમા યાચતાં ય એ અચકાતી ન હોતી. પતિ અકારણ પોતાને દોષ દે છે એમ સમજવા છતાં પોતાનો વાંક હોય એમ મૌન રહી પતિની ઈચ્છા પ્રમાણે જ વર્તવાનો પ્રયત્ન એ હંમેશાં કરતી હતી. આમ છતાં પતિનું વર્તન દિવસે દિવસે અસહ્ય બનતું ગયું. છેવટે એક સવારે કશું જ બોલ્યા વિના નાની સુટકેશ લઈ આરતી પતિના દેખતાં જ પિયર ચાલી ગઈ. અક્ષરે એને રોકી નહિ એમ જતી પત્નીને એ ભાવવિહોણી નજરે જોઈ રહ્યો ! લગ્નના પહેલાં છ માસ જેની પાછળ ઘેલો ઘેલો ઘૂમતો હતો એ પત્ની એને કોણ જાણે કેમ ધીરે ધીરે અકારી લાગવા માંડી ! ક્ષણે ક્ષણે પત્નીની સોડમાં લપાઈ જતો પ્રેમઘેલો પતિ એકાએક અલિપ્ત બની ગયો ! લગ્નને બારેક માસ થયા ન થયા ને જાણે ખેલ ખલાસ! શો પુરો થઈ ગયો ! છેલ્લા એક માસમાં આરતીને એના તરફથી અવગણના સિવાય શું મળ્યું હતું ? કોણ જાણે કેમ અક્ષરને કોઈ એવો જ પૂર્વગ્રહ બંધાઈ ગયો કે આરતીનું દરેક કાર્ય, એનો દરેક વિચાર, એની દરેક વાત, અણગમો જ પ્રેરતાં. સહનશીલતાને પણ હદ હોય અને મૌનને પણ મર્યાદા

હોય. એ હદ અને એ મર્યાદા ઓળંગાઈ ગઈ ત્યારે થોડી ચડભડને અંતે હતાશ હૈયે આરતી ઘર છોડી ચાલી ગઈ. ત્યારે અક્ષર સાવ પરાયાની જેમ વર્ત્યો ! કોઈ પડોશી ય પૂછે : 'ક્યાં જાવ છો ? .... ક્યારે આવશો ?....' પણ અક્ષર તો સાવ ઉદાસીન જ રહ્યો ! કોણ જાણે કેમ પણ માણસ ક્યારેક માન્યામાં ન આવે એવું અસ્વાભાવિક વર્તન કરતો થઈ જાય છે !

માણસ ક્યારેક દેખીતા કશા જ કારણ વિનાયે અસામાન્ય વર્તન કરે છે ! એ ક્યારેક સ્વજનને ધીક્કારવા લાગે છે કે પરાયાને પ્રિત કરવા લાગે છે ! માણસનું મન કોઈ યંત્ર નથી કે જેથી એની કોઈ ચોક્કસ ગતિવિધિ હોય. મેઘધનુષી માનવ-મન ક્યારે કયો રંગ દેખાડે એની આગાહી શક્ય નથી. એ જ તો માનવ મનની વિશેષતા છે. અક્ષરના વર્તનમાં કાંઈક આવા જ રંગ પ્રતિબિંબિત થતા હતા.

ગયા વર્ષની વસંતમાં તો કોયલના ટહુકા ને ફૂલડાંની ફોરમ કેટલા બધા આનંદ ઉલ્લાસથી આરતી સાથે માણ્યાં હતાં ! અને આજે ? આજે એ જ ટહુકો ને એ જ ફોરમ વિરહની અગ્નિને પ્રજ્વલિત કરે છે !

ઘણીવાર કોયલ મધરાતે ય બોલે છે, પણ ઉંઘતી દુનિયાને એ ક્યાંથી સંભળાય ? પરંતુ અક્ષર તો આજે જાગતો હતો. એટલે રાતની નીરવ શાંતિમાં એણે કોયલના ટહુકા સાંભળ્યા અને સાંજે જે ટહુકા એને આનંદપ્રદ લાગતા હતા એ જ ટહુકા અત્યારે આરતીની યાદ આપી એના વિરહાગ્નિને વિંઝણો દેતા હતા ! દીવાને ઓલવતો પવન જંગલની આગને પ્રજ્વલિત કરે છે !

'કૂ...ઉ' ના ટહુકાથી બેચેન બનેલો અક્ષર પાસું ફર્યો, પણ આજે એને પલંગ સૂનો સૂનો લાગ્યો, પડખે કોઈ નહોતું. અત્યારે આરતી હોત તો ? એનું મન નિઃશ્વાસ નાખી રહ્યું. એને ખાત્રી થઈ ગઈ કે આરતી વિના એનું જીવન વેરાન બની જશે. અને એવી વેરાનતામાં જીવાય જ શી રીતે ? વળી આરતીના કયા વાંકે એને આવી સજા પોતે કરી ? લાંબા મંથનને



અંતે અક્ષરે મનોમન સ્વીકાર્યુ કે અહમ્ ત્યાગી પત્નીની ક્ષમા યાચવી એ જ ન્યાયપૂર્ણ માર્ગ હતો. મંથનમાંથી એને માખણ મળ્યું !

અક્ષરનું મિથ્યાભિમાન એના વિહરાગ્નિમાં ઓગળી ગયું. ને એણે નિશ્ચય કરી લીધો. પછી પોતાની જાતને કહ્યું : 'ઉંઘી જા અક્ષર, સવારે વહેલું ઉઠવાનું છે.' આટલા નિર્ણય પછી એના હૈયાનો ભાર હળવો થઈ ગયો ને એની આંખ ઠરી ગઈ. એ ઊંઘી ગયો. ઉંઘમાં એને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક મંદ મંદ સ્મિતથી શોભતા મુખવાળી, ઘઉંવર્ણી કાયા અને માદક આંખો વાળી, પાતળી, મધ્યમ કદની, ભર્યા ભર્યા વક્ષસ્થલથી શોભતી કાયાની માયાવાળી એક સ્ત્રી એને દેખાઈ ! એણે એને ઓળખી. હા, એ તો એની આરતી હતી. પતિને જ સર્વસ્વ માનતી એ યૌવનાને એણે કેવી અકારણ અવગણી હતી ! એમ કેમ થયું હતું એની અક્ષરને પોતાને ય ખબર નહોતી. પણ મનની આવી ભેદી પ્રવૃત્તિને વાચા આપતી એક પંક્તિ એને ઉંઘમાં ય યાદ આવી.

'ક્યારેક અકારણ અંટસ પડી જાય છે,<br>ત્યારે, વિચિત્ર રીતે માનવથી વર્તાય છે !'

સવારે અક્ષરની આંખ ઉઘડી ત્યારે ઘડિયાળમાં છ વાગ્યા હતા. એ ઉઠ્યો. પ્રાતઃવિધિ પતાવી, તૈયાર થઈ, હાથમાં નાની સુટકેસ લઈ એ નીકળ્યો. સામેની લારીએથી એક કપ ચા પી ઉત્સાહથી એ બસ સ્ટેન્ડ પહોંચ્યો. બસમાં બેસી ત્રણેક કલાકમાં તો એ પહોંચ્યો આરતીના પિયરના ગામમાં - પોતાની સાસરીમાંસ્તો.

જમાઈ આવ્યાનું જાણી મધુભાઈના ઘરમાં તો આનંદ મંગલ થઈ રહ્યો. સ્નેહભર્યું સ્વાગત થયું. સાસુ, સસરા, સાળાને સાળીઓએ દોડધામ મચાવી દીધી. ચા નાસ્તો થયાં ને કંસારનાં આંધણ મૂકાયાં. પણ આ ઉષ્માભર્યા સ્વાગત છતાં અક્ષરના મનમાં અજંપો હતો. એની આંખો જેને ઢૂંઢતી હતી એ વ્યક્તિ તો ઝણકારે ય ન દેખાણી ! 'કેમ આમ ?.... શું આરતી અહીં.....!' અક્ષરની મુંઝવણનો પાર નહિ, છતાં એની વાણીને

જબાન નહિ !

પણ નાની સાળી બહુ ચપળ અને જરા બોલકી ય હતી.જીજાજીની મુંઝવણ એ પામી ગઈ ને એમની વ્યાકુળતા ય વર્તી ગઈ. એટલે જરા એકાંત મળતાં જ એણે ધીરેથી કહી દીધું : 'ચિંતા ના કરતા જીજાજી, દીદી મંદિર ગઈ છે. મંદિર થોડું દૂર છે ને ? એટલે આવતાં હજી અડધોએક કલાક તો થશે જ. ત્યાં સુધી લ્યો આ ટી.વી. ચાલુ કરું. નિરાંતે જુઓ.... ને કામકાજ હોય તો કહો.'

'ના, ના એમ નહિ', શરમાતો અક્ષર ઉભો થતાં બોલ્યો : 'હું ય ક્યારનો મંદિર તરફ જવા જ વિચારું છું. આવું છું જરા બહાર આંટો મારીને '

'પણ જીજાજી તમે એ...ક...લા...!' ગૌરીએ જરા ગમ્મતભર્યો વિવેક કર્યો : 'ઉભા રહો, હું ભાઈને મોકલું તમારી સાથે.'

'ના, ના,કોઈની જરૂર નથી. ફરતો ફરતો જઈને થોડી વારમાં જ આવું છું.' કહેતા ગૌરીના 'ભલે, સાચવીને જઈ આવો,' ના મર્મભર્યા શબ્દો સાંભળતાં સાંભળતાં તો ઘરની બહાર પણ અક્ષર નીકળી ગયો. એને દર્શન કોનાં કરવાં હતાં એ તો એ પોતે જાણે, પણ ભક્તનાં મનમાં દર્શનની તાલાવેલી આવી જ હોય છે એ નક્કી !

ગામથી મંદિર જવાનો રસ્તો સીધો જ હતો. અક્ષર આતુરતાથી એ દિશામાં ડગ ભરતો હતો. ખાસ્સો વીસેક મિનિટ ચાલ્યો ત્યારે દૂરથી મંદિરના શિખર પર ફરકતી ધજા એણે જોઈ ને એના પગની ગતિ વધી. થોડું વધારે ચાલ્યો ત્યારે સામેથી હાથમાં પૂજનના ખાલી થાળ સાથે આવી રહેલી બે યુવતીઓ દેખાઈ. અક્ષર ઘડીભર આતુર આંખે એ તરફ જ જોઈ રહ્યો, અરે, તાકી રહ્યો. પછી વિચારી રહ્યો : 'એક યુવતી તો ખબર નહિ કોણ છે... પણ એની સાથે બીજી બી....જી તો...તો.... હા,.. હા, એ....જ, એ જ છે.....'



એને લગભગ ખાત્રી જ થઈ ગઈ કે એ બીજી યુવતી આરતી જ હતી. એ જ ચિત્તાકર્ષક ચાલ, એ જ મોહક મુખ ને એ જ.... અક્ષરના પગ જરા ઝડપથી ઉપડ્યા. પણ આશ્ચર્ય ! પેલી બીજી યુવતીએ તો પોતાનો થાળ સખીને પકડાવીને લાંબે ડગલે સામે આવવા માંડ્યું !

આ બાજુથી ઝડપી ચાલે મંદિર તરફ જતો એક યુવક, સામી બાજુથી ગામ તરફ લાંબે ડગે આવતી એક યુવતી.... અને એ બે વચ્ચે પથરાયેલી જરા લાંબી પગદંડી - છતાં બંનેની અધીર ડગલાંની ઝડપી ચાલ એ અંતરને જલદી કાપી નાખશે એ તો પાછળ બે ખાલી થાળ લઈને આવતી યુવતી સહેજમાં સમજી ગઈ હતી. એમાં વળી આજુબાજુનાં આમ્રવૃક્ષોની વચ્ચેથી એક મધુર ટહુકો થયો.. 'કૂ...ઉ...!' ને એ સમગ્ર સીમ જાણે સંગીતમય બની ગઈ ! એ મધુર રવે અક્ષરના હૃદયના ધબકારા વધારી દીધા. પછી તો કોયલના મધુર ટહુકાઓના આવર્તન અને આંબાના મોરની માદક સુગંધે સમસ્ત વાતાવરણને એવી દિવ્યતા અર્પી કે ખુદ ભગવાનને પણ ત્યાં પ્રગટવાનું મન થાય !

માટે જ તો સામેથી આતુર નયને ઝડપથી આવતી આરતીને જોઈ અક્ષર લગભગ દોડયો ! ને.... ને....!

ને કશાય સંકોચ કે શરમ વિના બંને જણ એકબીજાને મળતાં જ ભેટી પડ્યાં ! ત્યારે મંદિર અને ગામના એ મારગ વચ્ચે, લગભગ નિર્જન જેવા એ રસ્તા પર વસંત સોળે કળાએ ખીલી ઉઠી હોય તેમ જાણે ચોતરફથી કોયલો ટહુકી રહી : 'કૂ...ઉ...!', 'કૂ...ઉ...!', 'કૂ...ઉ...!' ને કુદરતના એ અજીબ કરિશ્મા વચ્ચે વસંતના વાયરા વિરહી પતિ પત્નીના એ મધુર મિલનને વિંઝણો દઈ રહ્યા !

ત્યારે પાનખર વસંતમાં પલટાઈ ગઈ - પ્રકૃતિ અને પુરુષ બંનેની!

❑ ❑ ❑

## ૪. ભ્રમજાળ

નંદુને એક વિચીત્ર શોખ હતો. જો કે એ શોખ એને એટલા માટે પોષાય કે શહેરમાં રહેવા છતાં એને બીજી કશી આડી અવળી કુટેવ નહોતી. હવે કમાવાની પણ એને કશી ચિંતા નહોતી. ગામડેથી જમીનની થોડી બેઠી આવક હતી અને પોતેય શહેરમાં આવી શરૂમાં સરકારી નોકરીમાં હતો. જો કે સ્વેચ્છાએ વહેલો નિવૃત્ત થયો હતો, પણ દર માસે થોડું પેન્સન તો નિયમીત મળતું જ હતું. વળી, લાંબો સંસાર પણ નહોતો નંદુનો. એક દીકરો વીસેક વર્ષનો હતો, જે કોલૅજના છેલ્લા વર્ષમાં ભણતો હતો અને એક દીકરી હતી, જે હાઈસ્કૂલનો અભ્યાસ પુરો કરી રહેવા આવી હતી. પતિ-પત્ની બંને સંતોષી હતાં, એટલે કશી ઝંઝટ વિના જીવતા નંદુને પોતાની વિશેષ ખાસીયતો કશાય અવરોધ વિના પોષાતી હતી.

નંદુનું આખું નામ તો નંદલાલ હતું. પણ સ્વજનો ભાવથી એને નંદુ કહેતા, લોકો નંદુભાઈ કહેતા. નિર્વ્યસની નંદુ સ્વભાવે પરગજુ હતો. પડોશીઓમાં એ બહુ લોકપ્રિય હતો, કારણકે કોઈનુંય કામ કરતાં એ અચકાય નહિ. અરે, સામેથી પૂછીને બીજાનું ટાંપુ ખાય. ન કોઈનો કશો દ્વેષ, ન કશી કોઈની હરીફાઈ. શાંતિ અને સંતોષથી જીવતા નંદુને લોકો આથી જ પ્રેમ અને માનથી જોતા. લોકોની નજરે નંદુ 'ભગવાનનું માણસ' હતો. એમાંય અડોશ પડોશની સ્ત્રીઓ તો નંદુને ભાઈથી ય અધિક ગણતી. કારણ એમના મોંમાંથી વેણ નીકળ્યું નથી કે નંદુ એમની મદદે દોડયો નથી.

'રહેતાં આવડે તો ખરાબ લાગતા જગતમાં ય સારા જ અનુભવ થાય' એમ નંદુ કહેતો. એને પોતાને માટે તો એ વાત સાચીય હતી. નંદુને કોઈનો કશો કડવો અનુભવ થવાનું કોઈ કારણ નહોતું.

આવા નંદુને થોડો વિચીત્ર શોખ એટલા માટે હતો કે એ પોતે વિચારક હતો. બીજાને મન નાની કે સામાન્ય લાગતી વાતો પર પણ એ ઘણો વિચાર કરતો. બનતા - બનાવોની વિગતો જાણવા નંદુ હંમેશા પ્રયત્ન



કરતો. એમાં એને કશી લેવાદેવા ન હોય તો પણ વિચારવાની નંદુને 'ટેવ' હતી. લોકોને વિચિત્ર લાગતી નંદુની આ ટેવનું કારણ હતું એની જિજ્ઞાસાવૃત્તિ. જેની જિજ્ઞાસાવૃત્તિ જાગૃત હોય એ વ્યક્તિ કોઈપણ હકીકતને Taken for granted (માની લીધી એમ) નહિ ગણે. એ એના વિષે વિચારશે, પૂછશે, તપાસ કરશે ને એ રીતે કોઈ ઘટનાનું નવું જ તારણ શોધી કાઢશે ! ખરી રીતે તો આ વૈજ્ઞાનિક અભિગમ કહેવાય. એ પધ્ધતિ જ પ્રશસ્ય ગણાય. છતાં વ્યવહાર - ડાહ્યા જગતમાં નંદુની આ ટેવ વિચિત્ર ગણાઈ ! ચીલા ચાતરનારા દુનિયાની દૃષ્ટિએ તો વિચિત્ર જ ગણાય છે ને ?

નંદુ સોક્રેટીસ નહોતો, પણ એ મહાન તત્તવચિંતક વિષે કશુંય જાણ્યા વિના નંદુમાં સોક્રેટિસવૃત્તિ જરૂર હતી. દુનિયાએ ભલે સોક્રેટિસ જેવા મહાપુરુષને ઝેર આપ્યું, બાકી, જીવનનો સાચો રસ આ સોક્રેટીસ-વૃત્તિમાં જ સમાયો છે. બધું જ સ્વીકારીને ચાલીએ ને સૌની જેમ યંત્રવત જીવ્યા કરીએ એને જીવન કહેવાય? યંત્રોમાં ક્યાં જીવ હોય છે ? છતાં વર્ષો સુધી એકધારાં ચાલ્યા કરે છે. પછી એ ય ક્યારેક બગડે છે. માણસેય માંદો પડે જ છે ને ? રીપેર કરેલું યંત્ર વળી પાછું ચાલે ને બગડે. છેલ્લે એક દિવસ એવોય આવે કે એ યંત્ર સાવ નકામું થઈ જાય. ફેંકી દેવા જેવું. માણસનો ય એ જ અંત હોય છે ને ? અંતિમ ક્રિયા એની ય થાય છે. એટલે, બધું સ્વીકારીને ચાલતાં માણસો હરતાં ફરતાં યંત્રો જ કહેવાય. પણ આપણો નંદુ આવું યંત્ર નહોતો એ સદ્‌ભાગ્ય હતું.

આપણે રોજ સવારે વર્તમાનપત્રો વાંચીએ છીએ. નંદુય વાંચતો. એમાંય એ અવસાન નોંધ, સ્વર્ગવાસ કે શ્રધ્ધાંજલિના ફોટા કે બેસાણાની જાહેરખબરો આવે તે રસપૂર્વક વાંચતો. ઘણી જાહેરખબરો ફોટા સાથે ય હોય. નંદુ એ ધ્યાનપૂર્વક જોતો. પછી ઓળખીતાંનાં બેસણામાં તો જતો જ, પણ શક્ય હોય તો કશીય લેવાદેવા વિના એ કોઈ અજાણ્યો હોય એના ય બેસણામાં જઈ પહોંચે ! ત્યાં થોડીવાર બેસેને પછી બહાર આવી

વિખરાતા લોકોની ધીમી ટીકા ટીપ્પણી ધ્યાનથી સાંભળે. લોકો કહેતા :

'આટલો મોટો ડૉક્ટર હતો તો ય કેવો રીબાઈ રીબાઈને મર્યો !'

'ભઈ એ તો કેન્સર, જે અડફટે ચઢે એને કેન્સલ જ કરી નાખે....હા !'

'લોકોને ઓછા લૂંટ્યા છે એણે ?'

'માટે જ તો નરકનું દુઃખ ભોગવીને મર્યો !'

'અને હવે એથી ય મોટા નરકમાં ગયો સા....લ્લો !'

આવી તિરસ્કારભરી ટીકા ટીપ્પણી કરનારા લોકો થોડીવાર પહેલાં જ આ સ્વર્ગવાસી (!) ડૉક્ટરના દીકરાઓ આગળ મરનારનાં મોં-ફાટ વખાણ કરી દીકરાઓને આશ્વાસન આપતા હતા એ નંદુએ એની સગી આંખોએ જોયું હતું ! ને સગે કાને સાંભળ્યું હતું. બહાર આવી હવે એ જ લોકો આવો બકવાસ કરતા હતા ! નંદુને આવા મિથ્યાચારથી દુઃખદ આશ્ચર્ય થતું !

એકવાર એકબીજા સ્વર્ગવાસીના બેસણામાંથી બહાર આવ્યો ત્યારે સફેદ સાડી પહેરેલી સ્ત્રીઓની વાતચીત નંદુએ સાંભળી :

'જોયું ને કેવાં કમોતે મર્યાં ચંદાકાકી!'

'હા' અલી બા, અધવચ્ચે જ કૂટાઈ મર્યાં ! ઘરનું કોઈ પાણી પાનારે ય નહોતું !'

'તે બોન, વહુઓને બિચારીઓને ઓછું દુઃખ દીધું છે ચંદાકાકીએ?'

'અરે ચાર છોકરાંની મા થયેલી વહુઓને ય ડોશી એક લાકડીએ હાંકતાં હતાં!'

'પછી કર્યાં કરમ નડે જ ને!'

ચંદાકાકી એક મોટર અકસ્માતમાં ગુજરી ગયાં હતાં. પેપરમાં એમના ફોટા સાથે સ્વર્ગવાસ છપાયો હતો. એમના વિષે આવી ટીકા કરતી



સ્ત્રીઓ એમના બેસણામાં દુઃખ વ્યક્ત કરી બહાર આવી હતી.

એક ત્રીજુ બેસણું તો નંદુના હૃદયને પણ હલાવી ગયું હતું. કેવું ભવ્ય હતું લક્ષ્મીચંદ શેઠનું એ બેસણું ! સેંકડો લોકો મોટરો લઈને એક કતાર હતા ! અને ખરખરો ય કેવો લાગણીભર્યો કરતા હતા ! અરે, કેટલાંકની આંખમાં તો આંસુ આવી જતાં ! આ બધાંનું દુઃખ જોઈને નંદુનું હૃદય પણ લેવા દેવા વિના દ્રવી ગયું. એને થયું :

'આનું નામ સાચો શેઠ.... હવે કેટલા બધા લોકોને એની ખોટ સાલશે ! શહેરના શ્રેષ્ઠીઓય ગળગળા થઈ ગયા હતા....!'

પણ બહાર આવી વિખરાતા લોકોની વાતો સાંભળી નંદુના આશ્ચર્યનો પાર ન રહ્યો. લોકોમાં ચર્ચા થતી :

'શેઠ કમોતે મર્યાં !'

'હા, લુટારુએ લાકડીના એક જ ફટકે અર્ધી રાત્રે માથું ફોડી નાખ્યું!'

'સૂતો જ રહ્યો.... ઉંકારો ય નહિ કરી શક્યો હોય !' એક જણે કટુતાથી કહ્યું.

'એ તો કર્યાં ભોગવવાનાં છે ભાઈ મારા' બીજો તત્ત્વજ્ઞાન ઓચર્યો.

'ખરી વાત, લોકોને લૂંટીને ઓછું ભેગું કર્યું છે એ ઠગે !'

'હા, બાકી આપણા ગામમાં દોરી લોટો લઈને આવ્યો હતો.'

'ગમે તેમ ભાઈ, પણ લક્ષ્મીચંદ શેઠ હતા તો દાનેશ્વરી હોં,' કોઈએ યશ આપ્યો.

'અરે, એ તો તમે ના જાણો મોટા લોકોનાં કરતુક....'

'એ તો એરણની ચોરી ને સોઈનું દાન.' ટીકાકારો બોલ્યે જતા !

'ખરું બોલ્યા તમે, આ તો ઉજળે લૂગડે ફરતા શઠ લોકો! '

નંદુએ જોયું હતું કે આજના દૈનિકમાં આ લક્ષ્મીચંદ શેઠના લગભગ દસ ફોટા છપાયા હતા અને એમને 'સ્વર્ગવાસી' કહી કેટલાય મહાનુભાવોએ અને કંપનીઓએ એમના ફોટા નીચે પ્રશસ્તિભર્યાં વાક્યો લખી એમને ભાવભીની અંજલિ આપી હતી. હવે દિવસો સુધી મોટા વેપારી સંઘો કે વેપારીઓ કે જુદી જુદી સંસ્થાઓ એમને ભાવભરી શ્રધ્ધાંજલિ આપી એમનાં વખાણ કરશે એ નંદુ જાણતો હતો, છતાં એના વિષેય એના બેસણામાં બેસી ખરખરો કરી પાછા આવેલા લોકો આવી બદબોઈ કરે છે ! ખરેખર મૃત્યુ જ માણસનું સાચું ચરિત્ર - ચિત્રણ કરે છે એવું તારણ નંદુએ કાઢ્યું ! કે પછી લોકો નગુણા છે ? એવી શંકાય એને થઈ.

વર્ષ દરમિયાન શહેરમાં કેટલાય સન્માન સમારંભો થતા. નંદુ ક્યારેક એમાંય તાલ જોવા પહોંચી જતો ને લગભગ છેલ્લી હરોળમાં બેસી સન્માનનું નાટક જોયા કરતો :

ભવ્ય સ્ટેજ પર વચ્ચે સન્માનિત વ્યક્તિ બેઠી હોય ને એમની બંને બાજુ મુખ્ય મહેમાનો ને અન્ય પદાધિકારીઓ બેઠા હોય. કેટલીકવાર તો આવા માનવંતા મહેમાન તરીકે રાજ્યના પ્રધાન પણ હોય ! પછી સમારંભ શરૂ થયે માઈક પરથી એક પછી એક વ્યક્તિ ભાષણ કરે, જેમાં સન્માનિત વ્યક્તિની મહાનતા, એના સદ્‌ગુણો, એનું ઉદાર નિષ્કલંકિત ચારિત્ર્ય, એની સાહસિક વૃત્તિ, એની સફળતા, સિધ્ધિઓ, એની દાનવૃત્તિ, એનું પરોપકારી માનસ, એનો દયાભાવ, એની સમાજ સેવા - આવી ભાતભાતની થોડી સાચી ને વધુ ખોટી હકીકતોની ભરમાળવાળાં ખુશામતિયાં ભાષણો એક પછી એક વક્તા શ્રોતાઓના કાન પકવે એ રીતે અચકાતા ડચકાતા ભરડે રાખે. કેટલાક તો કોઈની પાસે લખાવી લાવેલું ભાષણ ગુજરાતી પહેલી ચોપડીના વિદ્યાર્થીની ઢબે હાંફતા હાંફતા વાંચી નાખે. પછી એના અનેક સદ્‌ગુણો(!)ભર્યું સન્માપત્ર પણ એને અર્પણ થાય. કદાચ રૂપિયાની થેલી પણ હોય. યાદગીરી માટે એકાદ સારો મોમેન્ટો



પણ ભેટ અપાય. આ બધું જુદા જુદા મહાનુભાવો જેમની પાસેથી સંસ્થાએ પૈસા પડાવવાના હોય એમને હાથે સન્માનિત વ્યક્તિને અર્પણ થાય અને આમ સન્માન પામવા સ્ટેજ પર જતી વેળા સાવ સામાન્ય લાગતી પેલી વ્યક્તિ કેટલી મહાન(!) છે એનો ભ્રામક ખ્યાલ શ્રોતાઓને આપવામાં આવે. કેટલાક શ્રોતાઓ આથી અભિભૂત થાય પણ ખરા. આથી એક મહાન વિભૂતિની છાયામાં આજસુધી અજાણપણે જીવ્યાનો અહેસાસ લોકોને થાય. પછી સન્માનિત વ્યક્તિ ખૂબ નમ્રપણે સૌનો આભાર માને અને પોતે ખરેખર સૌએ કહી એવી મોટી સેવા કરી નથી, પોતે સાવ સામાન્યજન છે એવું આડંબરભરી (પણ વાસ્તવમાં સાવ સાચી) હકીકતોથી પોતાનો પ્રતિભાવ આપે જે મોટે ભાગે તો કોઈની પાસે લખાવેલો જ હોય ! પેલા મહાનુભાવ તો એમને શ્રીમુખેથી અગડં બગડં વાંચી જાય એટલું જ ! કદાચ આ પ્રસંગે મળેલી થેલીમાં થોડા પૈસા ઉમેરી સંસ્થાને એ રકમ તાળીઓના ગડગડાટ વચ્ચે પાછી પણ આપે. કેમેરાની સ્વીચો તો સમગ્ર કાર્યક્રમ દરમિયાન દબાયા કરતી જ હોય. લાઈટોના એ ઝબકારા વચ્ચે આખો સમારંભ પુરો થાય અને કદાચ અંતે સારો એવો જમણવાર પણ થાય.

પછી લોકો વિખરાય. નંદુ જમવા તો ન જાય. ક્યાંક કોઈ ઓળખીતો આગ્રહથી ખેંચી જાય તો જુદી વાત છે, પણ એનો મુખ્ય રસ જમવામાં નહિ, લોકોના પ્રત્યાઘાત સાંભળવામાં રહેતો, એટલે જમતા લોકોની ગુસપુસ એ સાંભળતો રહેતો. બુફે જમતી નાની નાની લોક ટોળીઓમાં નંદુને જુદા જુદા પ્રત્યાઘાતો સાંભળવા મળતા :

'બહુ સારું માન મળ્યું નાગરદાસને.'

'સ્વાર્થી લોકો સંસ્થાને ભોગે મસ્કા મારે ભાઈ... બાકી તો નાગરદાસે ક્યો મોટો વાઘ માર્યો છે તે આવું સન્માન કરવું પડે એનું.'

'ભીતરકી રામ જાણે ભાઈ, બાકી પાંચ વરસ પહેલાં તો

ભ્રષ્ટાચારના આરોપમાંથી માંડ માંડ છૂટ્યો હતો આ નાગરદાસ !'

'અરે, આ તો હું, બાવો ને મંગળદાસનીટોળી છે. એ બધા એકબીજાને ઊંચા ચઢાવે છે ને પોતાની ખીચડી પકાવી લે છે.'

'અરે, આ નાગરદાસ તો આ સંસ્થાના પ્રમુખ પ્રીતમલાલનો વેવાઈ થાય.... એટલે એણે જ પોતાની લાગવગથી બધું ગોઠવાયું છે. બાકી, આ 'નાગરા' એ વળી કઈ તોપ ફોડી છે તે આટલું માન મળે એને?'

'ત્તારે તમે ખરી વાત તો જાણતા જ નથી ભાઈ.'

'કઈ વાત લ્યા ભઈ, કહે તો ખબર પડે ને ?' લોકો કાન સરવા કરી પેલા ઘડાકાકર ભઈની પાસે સર્યા ! બીજાની ટીકા લોકોને બહુ ગમે છે.

'આ તો જાતે પૈસા આપીને ગોઠવાયેલો પ્રસંગ છે, જેથી લોકમાં નામ થાય ને એ 'વાહ વાહ'ના જુવાળમાં પોતાનાં બીજાં દસ કામ થઈ જાય તે નફામાં...!'

'હા, મારો બેટો પાકો દલાલ છે આ નાગલો તો...!'

'અરે, પાંચ આપીને પાંચસો પડાવી લે એવો હરામી છે.!'

'આ તો 'અહો રૂપમ, અહો ધ્વનિ' જેવો ઘાટ છે' લા ભાઈ.'

'હા, શિયાળ કાગડાનો રંગ વખાણે અને કાગડો શિયાળ નો કંઠ વખાણે !'

'બાકી, બેઉ નકામાં હોય એવું જ ને ?'

'બરાબર હમજ્યા તમે.' સન્માનિત નાગરદાસ વિષે જમતાં જમતાં જ લોકોના આવા પ્રત્યાઘાત સાંભળી બિચારા નંદુનું મન ખાટું થઈ જતું. 'શું સાચું ?' એને થતું : 'થોડીવાર પહેલાં મંડપમાં થતો હતો એ સન્માન સમારંભ સાચો કે બહાર જમણવાર વખતે થતી આ ટીકા-ટિપ્પણી સાચી ? શું સન્માન કરનારા આડંબરી હતા ? કે આ જમનારા જ કૃતઘ્ની



છે?'

નંદુ આવા ઊંડા વિચારમાં પડી જતો. અંતે એ એવા તારતમ્ય પર પહોંચતો કે બહુધા બધું આડંબરી હતું. હા, ક્યારેક સાચાં સન્માનોય થતાં એણે જાણ્યાં કે માણ્યાં હતાં. ત્યાં માત્ર પ્રશંસા, માન અને અહોભાવ જ વર્તાતો. ટીકાનો છાંટોય આગળ પાછળ પડતો ન દેખાય, પણ એવાં સાચાં સન્માન અપવાદરૂપ હતાં. પણ નંદુ વિચારતો : 'દુનિયામાં સારું કે સાચું તો અપવાદરૂપ જ હોય.'

આવું જ એક નાટક નંદુએ જોયું જયારે પારસકુમારને પ્રધાનપદ મળ્યું. લોકોએ ઠેર ઠેર નાનકડો સમારંભ યોજી એનું સન્માન કર્યું. એની પ્રશંસાભર્યા મધ મીઠાં ભાષણો સભા મંચ પરથી થયાં. પારસકુમારનાં સેવા, ત્યાગ અને સમર્પણના મોં-ફાટ વખાણ વક્તાઓએ કર્યાં, પણ હાય રે, દુનિયા ! બહાર આવી નંદુએ આઘાતજનક પ્રત્યાઘાત સાંભળ્યા :

'એક નંબરનો ગુંડો છે આ તો. હવે પ્રધાન થયો એટલે લોકોએ મસકા મારવા માંડ્યા !'

'ખરી વાત છે ભાઈ, પણ, આજકાલ તો રાજકારણમાં આવા લોકોની જ બોલબાલા છે ને ?'

'હા ભાઈ, સીધા માણસનું કામ નહિ આ અફડાતફડીમાં.'

'ગાંધીજીનો જમાનો ગયો 'લા ભઈ... મૂકો બધી સેવાની વાતો.'

'હવે તો સૂંઠને ગાંગડે ગાંધી થનારા ધૂતારાઓનું રાજ આવ્યું છે.'

'અરે હવે તો નાગાઓનું રાજ છે.'

'હા, સારા માણસે તો સીધી રીતે જીવી ખાવામાં જ મજા છે. આ કળીયુગમાં.'

આવી બધી વિરોધાભાષી વાતોથી નંદુ તો ડઘાઈ જ ગયો !

એક વાર એક સાધુના સત્સંગ મંડપની બહાર નંદુ લટાર મારતો

હતો ત્યારે એને કાને જે વાર્તાલાપ પડ્યો એ ય ઓછો રસિક નહોતો. નંદુની બાજુમાં ઉભેલા લોકો ચર્ચા કરતા હતા :

'આ બાવો તો પાકો ગઠિયો છે.'

'હેં !'

'જાણો છો ? એ પોતાના આશ્રમમાં જુવાન છોકરીઓને રાખે છે!'

'શું કહો છો !?'

'અરે, એમની પાસે પગ દબાવે છે ને માલીસ, પણ .... જવા દો ને વાત યાર.'

'એક ખાસ ડૉક્ટર આ બાવાના કેસો હાથ પર લેવા રાખવામાં આવ્યા છે !'

'હા, એણે કંઈ કેટલીય કુંવારીકાઓના ગર્ભપાત એની પાસે કરાવી નાખ્યા !'

'તો ય લોકો એની આગળ દાન-ભેટના ઢગલા કરે છે ને ભાઈ !'

'ગરજવાનને અક્કલ ન હોય, બીજું શું ?'

'હા, ડૂબતો માણસ તણખલું પકડે.'

'ધરમના નામે ચાલતાં આવાં ધતીંગ શું સત્તાવાળાઓની ધ્યાન બહાર હશે ?'

'અરે, આમાં સરકારને ક્યાં વચ્ચે લાવો છો યાર?'

'હા, લોકો જ આંધળા થઈ કૂટાઈ મરે એમાં સત્તાવાળા શું કરે ?'

'આવા ઢાંગીઓએ તો આ દેશનું નખ્ખોદ વાળી નાખ્યું હો.'

'ધરમના નામે આપણા દેશમાં ઓછાં ધતિંગ નથી ચાલતાં.'

આવી અનેક ટીકા ટિપ્પણી સાંભળી નંદુ તાત્કાલિક તો અસંમજસમાં પડી જતો. સાચું શું ને ખોટું શું એ નક્કી કરવું એને મુશ્કેલ



લાગતું. વાણી અને વર્તનના વિરોધાભાસથી એને દુઃખદ આશ્ચર્ય થતું. 'લોકો સમય અને સ્થળ જોઈને જ અભિપ્રાય આપે છે કે શું ?' એ ગુંચવાતો. પણ પછી શાંતિથી એ પોતાના અનુભવો પર વિચાર કરતો ને લોકો સાથે પણ ચર્ચા કરતો. ત્યારે લોકો કહેતા :

'અલા નંદુ, લોકોના વર્તનની આટલી બધી ચિંતા લઈને શીદ ફરે છે તું ?'

'કાજી ક્યું દૂબલે ?' તોકહે : 'સારે ગાંવકી ફીકર, એવો ઘાટ છે આ ભલા માણસનો.' કોઈ નંદુની આ રીતે દયા ખાતું.

'આપણે આપણું સંભાળીને બેસી રહેવાનો જમાનો છે નંદુભાઈ,' કોઈ હિતેચ્છુ સલાહ આપતું.

પણ ત્યારે નંદુ વળી જુદી જ રીતે વિચારતો :

'પેલાં બધાંનો સ્વર્ગવાસ, પેલા સેવકોનાં સન્માન, પેલી બધી પ્રશંસાઓ, પેલાં બધાં સન્માનપત્રો - આ બધું ખોટું જ, નહિ ? ..... લોકોનાં જીવન શું આવાં આડંબરોથી જ ભરેલાં છે ?... તો તો પીળું એટલું બધું સોનું નહિ સમજવાનું, એમ ને ?... શું આ સમાજમાં ભીતર બધું પોલ જ હશે ?..... છતાં લોકોને ખુશામત કરવી અને ખુશામત સાંભળવી તો ગમે જ છે, નહિ ?.... ડાહ્યા લોકો કહે છે કે 'આંખે જોયેલું ને કાને સાંભળેલું પણ એકદમ સાચું નહિ માની લેવું' એ વાતમાં તથ્ય તો છે જ હોં....લોકો તો હોય એનાથી જુદું કહે અને એનાથી જુદી જ રીતે વર્તે એવા છે એ તો નક્કી... વાહ રે મારા પ્રભુ, શી દુનિયા બનાવી છે તેં ?'

આવા બધા વિચાર મંથનને અંતે નંદુ હવે એવા તારણ પર આવ્યો છે કે - ખરેખર ઉજળું એ બધું જ દૂધ નથી હોતું.

માટે જ હવે નંદુ લોકોને કહે છે :

'ભાઈ, મારી દૃષ્ટિએ તો આ સંસાર એક 'ભ્રમજાળ' છે, છતાં

એમાં જ આપણો આનંદ છે. માટે એ ભ્રમજાળને ભેદી નાખવામાં સાર નથી. ભ્રમજાળમાં જ જીવો, નહિ તો સત્ય જાણી જશો તો જીવન ખારું બની જશે. સહદેવ જોષી બનવામાં સાર નથી. નાટકનો સાચો આનંદ માણવો હોવ તો પડદા પાછળ શું ચાલે છે એની ચિંતા ન કરો,પડદાની આગળ સ્ટેજ પર ભજવાય છે એ જ જુઓ અને એને જ સાચું માનો. એમાં જ આનંદ મળશે..... બાકી, ઘણીવાર સત્ય જાણીને ભ્રમ ભાંગી જશે અને એ ભાંગતા દુઃખી દુઃખી થઈ જશો....!'

નંદુની આવી બધી વાતો લોકોને સમજાય કે ન સમજાય, પણ નંદુને બધા જ લોકો પ્રેમથી અને અદબથી સાંભળે છે એ તો નક્કી ! નંદુના આ 'ભ્રમજાળ'ના તત્ત્વજ્ઞાન પર પણ લોકો હવે વિચારતા તો થઈ ગયા છે!

'તમે ?!'

❑ ❑ ❑



## ૫. રામનાં રખોપાં

'ઢોરને રેઢાં મૂકીને પાછો રખડ્યા ના કરતો... અને જંગલમાં હાચવીને ફરવું બેટા' માએ દીકરાને સલાહ આપતાં કહ્યું.

'મા, હું કંઈ રખડું છું તે તું રોજ ને રોજ એકની એક વાત કહ્યા કરે છે ?' વચ્ચે જ સોમો સહેજ અકળાઈને બોલ્યો : 'રોજ હાચવીને તો ઘેર લાવું છું બધાંને.'

'હાચી વાત છે બેટા,' માએ હસતાં હસતાં કહ્યું : 'ઘણું ધ્યાન રાખે છે તું બધાંનું. હાચવીને વ્હેલો પાછો આવજે હોં.'

'અને મા, આ 'બીજીયા'ને તો હું ઘડીય મારી નજરથી આગળ જવા જ નથી દેતો હોંકે, કહેતા સોમાએ 'બીજીયા' ને માથે હાથ ફેરવી એને આગળ ધકેલ્યું.

આધેડ વયની ફૂલીએ બે છોકરીઓ તો ક્યારની પરણાવી દીધી હતી. આદિવાસીઓ ક્યાં ઉંમર જોઈને બાળકોનાં લગ્ન કરે છે? છોકરું સહેજ ગજુ કાઢી પંદરેક વર્ષનું થયું નથી કે પૈસાની સગવડ કરીને પરણાવી દીધું નથી ! એટલે ફૂલીએ બે છોકરીઓ તો ક્યારનીય સાસરે વળાવી હતી. હવે તો એને આ સોમાની જ ચિંતા હતી. જો કે એ તો હજી માંડ દસ વર્ષનો હતો.

પોતાનાં ઢોરને સાચવવાની માને ખાતરી આપી સોમાએ એના કરતાં દોઢી લાંબી ડાંગ ખભે મૂકી 'હો...ઈ...શે'ના ડચકારે ઢોરને ભાગોળ ભણી હાંક્યાં.

ટૂંકી પોતડી, જાડું ખમીસ, માથે પટકું ને કાનમાં કડીઓ પહેરેલો એ છોકરો આબાદ ગોકુળનો ગોવાળિયો જ લાગતો ! એની કેડે બાધેલા જૂના ટુવાલના કટકામાં એનો પ્રિય પાવો ખોસેલો હોય જ. એ વિના એનો દી' કેમ જાય ?

ઢોરમાં બે ત્રણ-ગાયો, આઠ દસ બકરાં બે-ચાર વાછરાડાંને બે-ચાર લવારાં-આ એનો જંગલનો કબીલો. આખો કબીલો સોમાને બહુ વહાલો. એના કુટુંબમાંય એને મા-બાપ સિવાય કોઈ નહોતું. પણ આ બધાં ઢોર એના કુટુંબીજનો જ હતાં. એટલા પ્રેમથી એ એમને પાળતો અને સાચવતો. વૃદ્ધ થવા આવેલા બે બળદ હતા તે સાઠી વટાવી ગયેલા સોમાના પિતાની સાથે પોતાના માલિકની જેમ જ ધીરે ધીરે ડગલાં ભરતાં સાંથરડું લઈ રોજ ખેતર જતા. ક્યારેક ખેતરનું કામ ન હોય તો એ બે બળદ પણ સોમાના કબીલામાં સામેલ થઈ જાતા. બાકી તો રોજ ખેતરને શેઢે નમતે પહોરે એ ચરીને ધરાતા ત્યારે જ સોમાના પિતા અંધારું પડે એમને લઈને ઘેર પહોંચતા.

જંગલમાં જયાં લીલું ઘાસ મળે ત્યાં સોમો પોતાના ઢોરને ચરવા લઈ જતો. એકવાર ઢોરોને ચરવા માટે સારું ગોચર મળી જાય એટલે સોમાનું અરધું કામ પત્યું. પછી એ આખો દિવસ નજીકના ઝાડની સગવડભરી ડાળ શોધી કાઢી બેસી જતો ને પાવો વગાડ્યા કરતો. એ કાંઈ શાસ્ત્રીય ઢબે પાવો વગાડી ન શકે એ સ્વાભાવિક હતું. પણ જેવો આવડે તેવો પાવો વગાડી સોમો પોતાના એ સંગીતમાં મસ્ત રહેતો હતો. અરે, એ અશાસ્ત્રીય સંગીતની મધુર સુરાવલિથી એ સૂનું જંગલ મંગલમય થઈ જતું. સૂનકારમાં તો ક્યાંક માનવની વસ્તી હોવાનો અણસાર મળે તોય આહ્લાદક લાગે !

સૂરજ માથે આવવાની તૈયારી હોય ત્યારે આકાશ સામે જોઈ સોમો સ્વગત કહેતો : ‘ટેમ થ્યો.’ અને ઝાડ પરથી નીચે ઊતરી, બધાં ઢોરને આમ તેમથી હાંકી લાવી ભેગાં કરતો ને પોતે અગાઉથી જોઈ રાખેલી પાસેની નદી, તળાવડી કે ખળખળ વહેતું નાનું ઝરણું - જે હોય ત્યાં એમને પાણી પીવા લઈ જતો. પાણી પીતાં ઢોરને પ્રેમથી પીઠ પર હાથ ફેરવી ‘પોહ...પોહ’ કરતો સોમો ગોકુળના ગો-પ્રેમી ગોવાળિયાની યાદ આપાવે એવો ચિત્તાકર્ષક લાગતો. પાણી પાઈ, બધાં ઢોરને કાળજીપૂર્વક પ્રેમથી



વાળી લાવી ઝાડની છાયામાં બેસાડતો ને માએ બાંધી આપેલી પોટલી છોડી રોટલો ને શાક કે ડુંગળી, કોઈ દા’ડો ઢેબરું, મરચું ને છાસ - જે હોય તે ઝાડની શીળી છાયમાં બેસી આનંદપૂર્વક ખાતો ને સાથે આણેલી બતકમાંથી ચોખ્ખું પાણી પીતો. પછી ‘થ્રી-સ્ટાર’ હૉટલમાં ભારે ભોજન લીધું હોય એટલા ‘ટેસ’થી સોમો ‘ઓ....ઈ...યાં’નો ઓડકાર ખાઈ પેટ પર હાથ ફેરવતો ને પોતાનાં બેઠેલાં ઢોરોની વચ્ચે, અમેની સાથે વાતો કરતો - કરતો થોડું ફરતો. પછી એ પોતોય વાગોળતાં ઢોરની પડખે, ઝાડની છાયામાં હાથનું ઓશીકું કરી થોડી ‘વામકુક્ષી’ કરી લેતો. વળી પાછો બપોર ઢળતાં પહેલાં ઢોરોને ઉઠાડતો ને ઘેર જતાં પહેલાં થોડું ફરી લેવાનો ને ચરી લેવાનો પ્રેમભર્યો આદેશ આપતો. પછી ઢળતી બપોરે ફરી પાણી પાઈ એ બધાં ઢોરને ઘર તરફ હાંકતો ને પાવો વગાડતો વગાડતો પાછળ ચાલતો. છેલ્લા થોડા સમયથી તો એનું પ્રિય લવારું ‘બીજીયું’ પણ એની સાથે જ હોય. જરૂર લાગે તો સોમો એને થોડું ઉંચકી પણ લે ને એના રેશમ જેવા સુંવાળા શરીર પર હેતથી હાથ ફેરવતો ફેરવતો ચાલે. કેટલું વહાલું હતું - એને બકરીનું એ નાનું બચ્ચું ! ‘બીજ’ ને દિવસે જન્મેલું એટલે એનું નામ ‘બીજીયું’ પાડેલું. જંગલમાં ઘણી વાર સોમા સાથે કોઈ બીજા દોસ્તો ય હોય. કોઈ વાર આજુબાજુમાં બીજા ચારનારાય હોય. આમ આ શ્રમજીવીઓ જંગલમાં મંગલ કરતા ને વેરાન ભૂમિને જીવંત રાખતા... હા, વાઘ-વરુનો ભય બિલકુલ ન હોય એવાં સલામત આ જંગલ નહોતાં. ક્યારેક હિંસક પશુઓના હુમલા થયેલા એ ઘણા આધેડ વયના માણસોએ જોયેલા કે જાણેલા ય ખરા. ભૂતકાળની આવી રોમાંચક વાતો રસપૂર્વક અને થોડા ડરપૂર્વક સોમો અને એના બાળ-ગોઠિયાઓ પોતાનાં મા-બાપ કે વડીલો પાસે બેસી કુતૂહલપૂર્વક સાંભળતાં અને પોતાને ભગવાને આજ સુધી આવો કપરો અનુભવ નથી કરાવ્યો એ માટે પ્રભુનો પાડ માનતાં. રાત્રે બાર વાગ્યા સુધી રોજ ચોકમાં ભેગાં થઈ ભગવાનનું ભજન તો એકતારા સાથે આનંદપૂર્વક એમણે કરવાનું જ. માણસના મનને સંતોષ

હોય તો થોડા સાધન સાથે સાવ સામાન્યતામાં જીવતાં જીવતાં ય જીવન કેવું આનંદમય બની શકે છે એનું આ શ્રમજીવીઓ અનુકરણીય ઉદાહરણ પૂરું પાડતાં હતાં. બાકી તો બંગલે વસી, મોટરે ઘૂમનારા જીવોને ય ખાવા શાંતિનો રોટલો ને ઊંઘવા આનંદનો ઓટલો ક્યાં મળે છે !

એક દિવસ ઢળતી સાંજે નિત્યક્રમ પ્રમાણે સોમો પોતાનાં ઢોરને ઘરને માર્ગે વાળી, પાછળ 'બીજીયું' જોડે વાતો કરતો કરતો જંગલમાંથી ઘર તરફ શાંતિથી જતો હતો ત્યારે પાછળથી 'બચાવો બચાવો'ની હૃદયદ્રાવક ચીસો સંભળાઈ ! સોમાએ ચમકીને પાછળ જોયું તો દૂર એક દસ બાર વરસની છોકરી મદદ માટે ચીસો પાડતી, પોતાની તરફ દોડતી આવતી હતી ને એનાથી ખા…સ્સો દૂર એક વાઘ ફાળો ભરતો ધસતો આવતો હતો ! ભયાનક દશ્ય હતું. વાઘની આવી પડનારી પકડમાંથી છોકરીને બચાવવાનું પોતાનું કોઈ રીતે ગજું નહોતું એ તો સોમો વગર વિચારેય સમજતો હતો; પણ તો આ છોકરીને બચાવવા કશુંય કર્યા વગર પોતે જીવ લઈને નાસી જવાનુંય એની ગ્રામ્ય સંસ્કૃતિથી ઘડાયેલા માનસમાં વસે એમ નહોતું. શું થાય ? કશુંય વિચારવાનો સમય કે શક્તિ સોમા પાસે નહોતાં !

ત્યારે એ કટોકટીમાં એક અસામાન્ય વિચાર સોમાના મનમાં વીજળીની જેમ ઝબકી ગયો ! એ માટેય લાંબી શોચને અવકાશ નહોતો. જે કરવું હોય તે સેકન્ડોમાં જ કરવું પડે તેમ હતું.

ત્યારે એ ગામડિયો કિશોર પોતાના હૃદય પર પથ્થર મૂકીને, ઝેરને અમૃત માનીને પી ગયો ! એણે પોતાના પ્રાણપ્રિય 'બીજીયું'ને વાઘના માર્ગમાં મૂકી, પેલી છોકરીનો હાથ ખેંચી, પૂરી તાકાતથી વસ્તી ભણી ભાગવા માંડ્યું ! 'બચાવો, બચાવો' ની બૂમો મારનાર હવે એકને બદલે બે હતાં. છતાં બચવાની કોઈ ખાતરી તો નહોતી જ.

પણ હાશ ! અંતે આગળ દોડતાં ઢોર ને પાછળ અક છોકરીનો



હાથ પકડીને રડતો કકળતો સોમો ઘેર તો પહોંચ્યો. પણ મા પાસે પહોંચતાં જ એ ડૂસકે ચઢી ગયો !

'સોમા, બેટા, કેમ રડે છે તું ?'

પણ સોમો તો ઊલટો માતાની સોડમાં લપાઈ જઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. માએ બહુ પૂછયું ત્યારે પેલી અજાણી ગભરુ છોકરી તરફ આંગળી કરી એ એટલું જ બોલી શક્યો :

'મા, બીજીયું…'

'બીજીયું' ? ક્યાં ગયું, બીજીયું ? અને આ છોકરી કોણ છે બેટા ?' માએ આશ્ચર્ય અને અધીરાઈથી પૂછયું.

'બેટા,થયું છે હું એ તો કહે.'

છેવટે મહામહેનતે ફૂલીને અને ભેગાં થયેલાં ગામલોકોને સોમાના ડૂસકાંભર્યાં તૂટક તૂટક જવાબથી એટલી ખબર પડી કે 'આ કોઈ અજાણી છોકરી છે… એની પાછળ વાઘ-પડ્યો હતો…. એટલે એને બચાવવા સોમાએ પોતાના વ્હાલા 'બીજીયા' ને વાઘના માર્ગમાં મૂકી દઈ વાઘને રોકવાનો પ્રયાસ કર્યો ને છોકરીનો હાથ પકડી પોતે ગામ ભણી જીવ લઈને નાઠો તે માંડ માંડ અહીં આવીને અટક્યો ! સોમો રડતો રડતો એવું કહેતો હતો કે 'બીજીયા'ને બદલે…. વાઘના રસ્તામાં…. મારે સૂઈ જવું….. જોઈતું હતું…. પણ મેં લુચ્ચાએ…. મારો જીવ બચાવ્યો ને 'બીજીયા'ને વાઘના મોં આગળ મૂકી દીધું…. ! ભગવાન મારો આ ગનો માફ નહિ કરે.'

માએ અને બીજાં બધાંએ સોમાને સમજાવવાના, એ આશ્વાસન આપવાના શક્ય તે બધા જ પ્રયત્ન કર્યા, પણ એનું મન માને ? પોતાના રાક્ષસી-કૃત્ય બદલ એ શરમાતો હતો, પસ્તાતો હતો, માટે સતત રડતો પણ હતો ને રડતો રડતો 'બીજીયા'ને બોલાવતો હતો ! છોકરીનો જીવ બચાવ્યાનો એને જરાય આનંદ નહોતો. 'બીજીયા'નો ભોગ ધરી દેવાનો

પેટભર પસ્તાવો જ હતો એને !

રાત્રે વાળુ કરવાનો તો સવાલ જ નહોતો. ન માએ કે ન બાપે ખાધું, ન દીકરાને એ ખાવાનું કહી શક્યાં. ‘બીજીયું’ સૌને વ્હાલું હતું. એના જતાં ઘરમાંથી જાણે અકે વ્હાલસોયું મનેખ જતું રહ્યું ! વિવેક ખાતર પેલી છોકરીને સવારનો રોટલો ને દાળ ધર્યાં, પણ એણેય કશું ન ખાધું. એય છોભીલી પડી સોમાની સાથે રડતી હતી !

અંતે રડતો રડતો થાકેલો હારેલો સોમો આંગણામાં બળતી ધૂણીની બાજુમાં માએ નાખી આપેલી એક કંથા પર ટૂંટિયું વાળીને પડ્યો ને રડતાં રડતાં એની આંખ સહેજ ઠરી ગઈ. ઊંઘમાય એ ડૂસકાં ભરતો હતો ને નિઃસાસા નાખતો હતો !

ત્યારે.... રાત્રે એકાદ વાગ્યો હશે ત્યારે... આકાશના તારલા ઊંઘમાં ય રડતા સોમાની દયા ખાતા અંદરો-અંદર વાતો કરતા હતા ત્યારે.... ચોકમાં ધૂણીની બીજી બાજુ સોમાનાં મા-બાપ અને પેલી અજાણી છોકરી બીજી ગોદડી પર સૂતાં હતાં ત્યારે -

ત્યારે ટૂંટિયું વાળીને પડેલા - સોમાના પગનું તળિયું કોઈ ચાટતું હોય એમ એને લાગ્યું ને ઊંઘમાં જ એણે પગ સહેજ પાછો ખેંચ્યો. ફરી બીજા પગે કોઈ સુંવાળી ચીજ ઘસાતી હોય એમ ઊંઘતા સોમાએ અનુભવ્યું ને ‘બેં....એ....એ...બેં...એં...એં...’ નો ધીમો પણ પ્રેમભર્યો મીઠો અવાજ ઊંઘતા સોમાને કાને પડ્યો ને એ ઝબકીને જાગી ગયો.... કોઈ સ્વપ્ન હતું કે શું ?... પણ પોતે કશું ય સમજે એ પહેલાં એક લવારું બેં... એ... બેં... એ... કરતું સોમાના ખોળામાં આવીને લપાઈ ગયું ! ધૂણીમાં ધૂમાતા લાકડાના ટમટમતા અજવાળામાં ય સોમાએ એને ઓળખ્યું જે રડતાં રડતાં એ લવારાને બાઝી પડીને એ બોલ્યો : ‘મારા બીજીયા તું આયું? હા... ચું તું આયું ? મા, બાપા, જુઓ તો ખરાં આપણું ‘બીજીયું’ આવ્યું...!’

બધાંએ જાગીને જોયું ને સૌએ આશ્ચર્ય સાથે પરમ આનંદનો અનુભવ કર્યો, કારણકે એમનું - વિશેષ તો સોમાનું - પ્રાણ પ્યારું ‘બીજીયું’



સકુશલ પાછું આવ્યું હતું ! ગુનાહિત ભાવથી પીડાતા સોમાના આનંદનું તો ત્યારે પૂછવું જ શું ? દુઃખના અશ્રુથી છલકાતી એની આંખે હવે બીજીયાને બચીઓ કરતાં કરતાં હર્ષનાં સરવરિયાં વહાવતી હતી !

જેમ જેમ જાણતાં ગયાં તેમ તેમ ફળિયાના લોકોય આ આનંદ અને આશ્ચર્યમાં સહભાગી થવા અડધી રાતે દોડી આવ્યાં. સૌ ભગવાનની અદ્ભુત લીલાને પ્રશંસી રહ્યાં, તો વળી કેટલાંક સોમાના સાચા પ્રેમ અને પશ્ચાતાપનો એ પ્રતાપ હતો એમ કહેવા લાગ્યાં. પણ ત્યારેય સોમો તો ! ‘બીજીયા મારા, ..... હું નાલાયક તને છોડીને આવતો રહ્યો હતો... તું કેવી રીતે આવ્યું, બે...ટા ?’ એમ કહેતો એને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડતો હતો. એને માથે હાથ ફેરવતાં મા-બાપ હર્ષાશ્રુથી બીજીયાનો અભિષેક કરતાં હતાં ત્યારે “બીજીયું” બેં....બેં... કરી એમના પ્રેમને ઝીલતું આમ તેમ કૂદતું હતું !

‘બીજીયા’ ને વળગીને રડતા સોમાને માએ કહ્યું : ‘બેટા, વગડે તો વનદેવીનો વાહ... પશુઓને એ માની ભારે ઓથ.... આ ‘બીજીયું’ મોતના મોંમાંથી પાછું આયું એ મા વનદેવીની જ દયા, અબોલા જીવોને તો રામનાં રખોપાં બેટા !’

પણ સારું થયું કે આ ભોળાં ગામડીયાંઓએ એ વાત કદી ન જાણી કે શિકારે નીકળેલા બાજુના ગામના દરબારે વાઘ ‘બીજીયા’ પર તરાપ મારે એની ક્ષણાર્ધ પહેલાં જ એની પર ગોળીઓનો વરસાદ વરસાવી એ વીંધી નાખ્યો હતો ! એટલે જ એ બચ્યું હતું. પણ ગામ લોકોને મન તો ‘બીજીયા’ને બચવાનું કારણ. ભગવાનની ભારે દયા અને મા વનદેવીનો જાદુ જ હતાં. એ દયા અને જાદુનું એમને ભારે આશ્ચર્ય હતું. ભગવાનમાં અને વનદેવીમાં એમની વારસાગત શ્રદ્ધા આથી વધુ મજબૂત બની.

(‘આકાશવાણી’ પરથી પ્રકાશિત)

❑ ❑ ❑

## ૬. ધ્વજવંદન

મનમોહનદાસ અત્યારે તો લગભગ ત્યાસી વર્ષની જૈફ વયે પહોંચ્યા હતા. આ ઉંમરે માણસ જીવતો હોય તોય એક હાથની છાજલી કરી બીજા હાથમાં દંડો રાખી ગણી ગણીને વાંકા ચૂંકાં ડગ દેતો 'ડોસો' બની ઉપહાસ ભર્યું આયુષ્ય કાપતો હોય કે ખાટલામાં પડ્યો પડ્યો અવજ્ઞાભર્યા દહાડા કાઢતો હોય !

પણ ના, મનમોહનદાસ એવા નિર્બળ મનના કે અશક્ત તનના માલિક નહોતા. લોખંડી મનોબળના એ સશક્ત હરતા ફરતા વડીલનું ઘરમાં, ગામમાં ને સમાજમાં હજીય માનભર્યું સ્થાન હતું ને મગરૂરીભર્યો મોભો હતો. માટે જ તો આગામી પંદરમી ઓગસ્ટના સ્વાંત્રય દિને પોતાના મહોલ્લાના યુવાનો એમની 'ના' છતાં આગ્રહપૂર્વક એમની પાસે જ ધ્વજવંદન કરાવવાની 'હા' પડાવી ગયા હતા. 'સ્વાતંત્ર્ય સેનાની નું વર્ષાસન નહિ લેતા એ ખુમારીભર્યો 'સ્વાતંત્ર્ય સેનાની' હતા ને ?

ભાષણ કરવા ઊભા થાય તો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે એવી મનમોહનદાસની વાક્છટા હતી અને અનુભવસિદ્ધ આશ્ચર્યભરી વાતોનો તો એમની પાસે ખજાનો હતો.

૧૯૪૨ના 'હિન્દ છોડો' આંદોલન વેળા એમની ઉંમર પચીસ વર્ષની હતી. શક્તિ, ઉત્સાહ અને દેશદાઝથી થનગનતા યુવાન મનમોહનદાસે ત્યારે ૮ મી ઓગસ્ટે રાત્રે દેશ-નેતાઓની ધરપકડ પછી અંગ્રેજો વિરૂદ્ધ દેશમાં જે વિસ્ફોટ ફાટી નીકળ્યો તેમાં જાનના જોખમે અવનવી ઉથલપાથલો મચાવી પોલીસની લાઠીઓ ખાધી હતી અને કઠોર જેલવાસ વેઠ્યો હતો. એમના જેવા તો ત્યારે સેંકડો યુવાનોએ 'કરેંગે યા મરેંગે' નો સંકલ્પ લઈ 'યા હોમ' કર્યું હતું. ત્યારે નાના મોટા, ગરીબ તવંગર,સ્ત્રી પુરુષ - સૌના દિલમાં આઝાદીનો એવો તો આતશ પ્રગટ્યો હતો કે અંગ્રેજોની તોપોય એને ટાઢો પાડી શકે તેમ નહોતી !



એટલે આવા સ્વાનુભવ વૃદ્ધ મનમોહનદાસને ધ્વજવંદન પછી ભાષણ કરવામાં શું મુશ્કેલી હોય ? છતાં આગામી ચોપનમા સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન કરાવ્યા પછી ભાષણમાં શું કહેવું એ બાબતમાં મનમોહનદાસ જરૂર ગુંચવાતા જ નહિ, મુંઝાતા ય હતા. કારણ, અપેક્ષા વિરૂદ્ધ આઝાદી પછીના અનેક દુઃખદ આશ્ચર્યોભર્યા બનાવોની સ્મરણયાત્રા કરતાં કરતાં એમની આંખ આગળથી એક પછી એક કેવાં આઘનતજનક દશ્યો પસાર થતાં હતાં અને કાનમાં શરમજનક સમાચાર પડઘાતા હતા... ! એક ચિત્રપટની જેમ એક પછી એક દશ્યો આવે જતાં હતાં :

....૧૯૪૨ માં એમની સાથે જેલમાં હતા એ રતિલાલનો દીકરો કાંતિલાલ કાળા બજાર કરી લાખો કમાઈને પ્રતિષ્ઠિત 'દાતાર શેઠ' બની ગયો હતો !

...... મીસા હેઠળ પકડાયેલા ગૂનેગારોમાં એક પ્રધાનપુત્ર હતો જેણે અનેક સમાજદ્રોહી પ્રવૃત્તિઓ દ્વારા કરોડોની કમાણી કરી હતી....!

..... હવાઈ સફર દરમિયાન એક કેન્દ્રીય મંત્રીએ શરાબના નશામાં એર-હોસ્ટેસની છેડછાડ કરી એની પાસે બેહુદી માગણી કરી હતી!

.... લોકસભામાં માનવંતા સભ્યોએ છૂટા હાથની મારામારી કરી ફરનીચરની ભાંગફોડ કરી હતી .....!

..... થોડા દિવસ પહેલાં થયેલા બોમ્બ-બ્લાસ્ટમાં પકડાયેલી એક કોલેજ કન્યા એક સ્વાતંત્ર્ય સેનાની પૌત્રી છે....!

.... લાખોના લાડીલા એક ક્રિકેટર ક્રિકેટ કૌભાંડમાં કરોડો એકઠા કર્યા છે....!

એક ચિત્રપટની જેમ પસાર થઈ રહેલી આ આઘાતજનક ઘટનાઓનો અનંત લગતો દોર તો કોણ જાણે ક્યારે ય અટકત ! પણ એ અટકયો હતો, કારણકે મનમોહનદાસની પ્રિય પૌત્રી પ્રગતિ દાદાજી માટે

ભોજનની થાળી લઈને એમની રૂમમાં ગઈ ત્યારે એણે બેભાન દાદાજીને ખુરશીમાં ઢળી પડેલા જોયા !

‘દા...દા...જી’ની એક હૃદય દ્રાવક ચીસ સાથે પ્રગતિના હાથમાંથી ભોજનની થાળી પડી ગઈ... ઠ...ન...ન...ન...ન !

એ ચીસ સાંભળી ઘરનાં બધાં સભ્યો હાંફળાં ફાંફળાં દાદાજીની રૂમ તરફ ધસી આવ્યાં !

પણ....!

❑ ❑ ❑



## ૭. ઘાલમેલિયો

ઘેલાભાઈ પોતે ય જાણે છે કે લોકો એમને પોતાના મૂળ નામ કરતાં ‘ઘાલમેલિયો’ નામથી વધુ ઓળખે છે. પણ એનું તો ઊલટાનું એ ગૌરવ લે છે. એ ઘણીવાર કહે છે : ‘ઘાલમેલ કરવી એ કાંઈ નાનાં બચ્ચાંના ખેલ નથી.... એ માટે અક્કલ જોઈએ.... લોકોની ભાતભાતની વાતો જાણી એને આઘી પાછી કરવી એ સહેલું થોડું છે ? જાતજાતના લોકો સાથે પનારો પાડવો પડે છે, ત્યારે અમેની સેવા થાય છે અને એય પાછી સ્વાર્થ વિનાની સેવા. - ગાંધીજી સિવાય આવી સેવા બીજા કોઈએ કરી હોય તો બતાવો.... હા, ગાંધીજીની ઘાલમેલ મોટા પાયા પરની એ વાત ખરી.... પણ આપણે તો નાના માણસ.... આપણા ગજા પ્રમાણે ઘાલમેલ... અરે, સેવા કરીએ વળી....’

ઘેલાભાઈ એમની ઘાલમેલને નિઃસ્વાર્થ સેવાનું રૂડું નામ આપતા અને પોતે ગાંધીજીને ચીલે ચાલે છે એમ પણ કહેતા.

મૂળ તો ઘેલાભાઈનો ધંધો બળદની દલાલીનો. પણ એ તો દર શુક્રવારે, શુક્રવારી ભરાય ત્યારે કરવાનું કામ - અઠવાડિયે એકવાર આખો દિવસ શુક્રવારી બજારમાં જાય, ત્યારે બળદ, ભેંસ, ગાય - જે ઢોર વેચાતાં હોય એની લે-વેચમાં ઘેલાભાઈ માથું મારે ને લાકડે માંકડું વળગાડી સોદો પાર પાડી આપે ને બંને બાજુથી - લેનાર અને વેચનાર પાસેથી - કમિશન પેટે શક્ય તે પડાવે. એમાં હઠીલાં વેચનાર - લેનાર સાથે ખા...સ્સી લમણાંઝીંક કરવી જ પડે ને ? વેચનાર દોઢો ભાવ કહે ને લેનાર અડધી કિંમતે માગે. એ બેમાં સોદો પાર પડાવવો એ કાંઈ સરળ કામ તો નહિ જ. પણ ઘેલાભાઈની પારખું નજર લેનાર-વેચનારને માપી લે તે સોદો પાર પાડીને જ જંપે ! ચાનું ‘અડધીયું’ પીતાં પીતાં ઘડીમાં વેચનાર સાથે તો બીડીનો દમ મારતાં મારતાં બીજી ઘડીએ લેનાર સાથે માથાકૂટ કરી, બને ત્યાં સુધી તો સોદો પતાવી બંને બાજુથી એક એક ‘વાઘ છાપ’ પોતાના

ગજવામાં સરકાવી જ દે. દિવસમાં આવા ચાર-પાંચ સોદા પાર પડી જાય તે દા'ડે ઘેલાભાઈને ઘી કેળાં - દા'ડો સફળ. ઘેલાભાઈ મનમાં બોલે ય ખરા : 'કોઈ હક્કરમી (સત્કરમી)નું મોં જોયું હશે તે દા'ડો સુધરી ગયો આજનો!'

પણ અઠવાડિયાના બાકીના દિવસોનું શું ? ઘેલાભાઈ કાંઈ બેકાર થોડા જ બેસી રહે? દલાલી એમને કોઠે જ પડી ગયેલી. એટલે ગમે ત્યાંથી કમિશન મળે એવું કામ એ શોધી જ કાઢે. બધે જ બાજ નજર રાખી એ શિકારની શોધમાં ફરતા હોય !

અને ભાંજગડ કરવાના કામોય સંસારમાં ક્યાં ઓછાં હોય છે ? કોઈને ઘર વેચવું હોય કે લેવું હોય તો ઘેલાભાઈ પતાવી આપે. લે-વેચનો વ્યવહાર તો દુનિયામાં સતત ચાલ્યા જ કરે છે.જોકે તગડા મરઘા બહુ ઓછા હાથ લાગે. પણ કોઈ હડીએ ચઢી જાય તો ઘેલાભાઈ ખા…સ્સી મલાઈ કાઢી લે ! આવા કામમાં ધક્કા ય ઘણા ખાવા પડે, લેનાર-વેચનારને આડું-અવળું સમજાવી એમના મગજમાં વાત ઉતારવી પડે. એમને લેવા કે વેચવા સંમત કરવા પડે. પણ આવો સોદો પાર ન પડે ત્યાં સુધી ધક્કા ખાતાં કે લમણાંઝીક કરતાં ઘેલાભાઈ થાકે જ નહિ. મધ પાછળ માખીની જેમ એ સંબંધિત પક્ષો પાછળ ફર્યા જ કરે. છતાં ક્યારેક આવા કામમાં સફળ ન યે થવાય, મહેનત માથે ય પડે, ત્યારે ઘેલાભાઈ મન વાળી મનમાં જ કહે : 'આપણા બાપનું હું ગયું, ચાર વાર ચા-નાસ્તો એમનાં કર્યાં, ને ઓળખ થઈ એ નફામાં. ઓળખતા હોય તો કોઈ દા'ડો બીજા કશામાં ઝડપાઈ જાય. 'આળસ રાખે એ આડતિયો નહિ' એવું સૂત્ર ઘેલાભાઈએ એમની જૂની-મેલી ડાયરીના પ્રથમ પાને લખી રાખ્યું હતું !

કોઈને રેડિયો વેચવો હતો, જૂનો વેચી નવો લેવો હતો. ઘેલાભાઈએ જાણ્યું. કહે : 'વેચાવી દઉં, ઘરાક તૈયાર છે !

અને સાચે જ બે-ત્રણ દિવસમાં એક ઝૂંપડપટ્ટીવાળા એ લેવા આવી



પહોંચ્યા. પણ બંને વચ્ચે ભાવમાં બહુ ફેર. ત્યારે ઘેલાભાઈ માલિકને એક બાજુ લઈ જઈને ધીરેથી કહે : 'હવે જે મળે એ નફો માનીને લઈ લો ને છાનામાના… અંદર કેટલી બધી ચીસો પડે છે ને ગરબડ થાય છે તે નથી જોતા ? આવા બરાડિયા - રેડિયાને કોઈ મફતમાં ય શું કરવા લે ?' તો વળી લેનારને બીજી બાજુ લઈ જઈને કાનમાં કહે : 'હવે વત્તે ઓછે લઈ લેવા જેવો છે… સારી કંપનીનું મૉડલ છે. રોજ બે-ચાર ગાયન કે ભજન સાંભળશો તો ય પૈસા વસૂલ…!'

સોદો પતી ગયો. ઘેલાભાઈને ઉભયપક્ષ તરફથી યશ મળ્યો અને માનશો ? ઘેલાભાઈએ એ સોદામાં પાંચસો પડાવ્યા હતા !

દામોદરના ડોસા મરી ગયા. બાપનું બારમું કરવા પૈસા નહિ. શું થાય ? કેટલાક હિતેચ્છુઓએ સાદાઈથી ઉત્તરક્રિયા પતાવી નાખવાની સલાહ આપી. પણ ઘેલાભાઈ કહે : 'અરે, એમ તે થતું હશે ? બાપનું બારમું કંઈ દર વરહે થોડું કરવું પડે છે ? ડોહાને એમ કાંઈ સસ્તામાં કાઢી નખાતા હશે ? એમનો જીવ અવગતે નાજાય ને ?'

અને બે-ત્રણ દિવસની મહેનત, માથાકૂટ અને ધક્કાને અંતે ઘેલાભાઈને દામોદરનું 'મહેતાવાળું' ખેતર ધનપાલ શેઠને ત્યાં વેચાવ્યું. પણ પાડાની ખાંધ જેવી જમીન વેચતાં દામોદરની આંખો ભીની થઈ હતી; પણ ઘેલાભાઈ કહે : 'અવસરે મરદ બનીએ… ખેતર કાલે પાછું લેવાશે… બાપનું બારમું કંઈ કાલે થોડું જ આવવાનું છે ?'

આવો સારો સોદો પાર પાડી આપવા બદલ ધનપાલ શેઠે નક્કી કર્યા મુજબ પાંચસોની નોટો ઘેલાભાઈના હાથમાં પકડાવતાં ધીરેથી કહ્યું : 'મારો બેટ્ટો સાચ્ચો ઘાલમેલિયો છે ! મારી કનેથી ય પૂરા પાંચસો પડાવ્યા… પણ વાંધો નહિ, સોનાની લગડી જેવી જમીન અપાવી છે એણે.'

એક દિવસ દૂરની સોસાયટીને નાકે દયાલદાસ મળી ગયા. ઘેલાભાઈ તો ખુશ ખુશ થઈ ગયા. કહે : 'અરે દયાલભાઈ, તમે અહીં

ક્યાંથી ?'

'આ સોસાયટીમાં રહેવા આવ્યા છીએ બે માસથી', દયાલદાસે વિવેકપૂર્વક કહ્યું : 'પણ તમે અહીં ક્યાંથી ઘેલાભાઈ ?'

'અરે દયાલભાઈ, અમારે તો 'સારે ગાંવકી ફિકર,' એટલે બધે જ ફરતા.' પછી કહે : 'મલ્યા છીએ તો ચાલો તમારું ઘર જોઈ લઉં. કોઈ વાર કામ લાગે.'

પછી ચા પીતાં પીતાં ચોફેર નજર ફેરવી સહેતુ પૂછ્યું : 'તમારો ફોન નંબર…?'

'ફોન હજી આવ્યો નથી ઘેલાભાઈ.' - દયાલદાસ બોલ્યા : 'પણ નોંધાવ્યો છે. આવે ત્યારે ખરો.'

'અરે, તમારે ફોન વગર ચાલે દયાલભાઈ ?' પોતાપણાના ભાવથી ઘેલાભાઈએ કહ્યું : 'નોંધાયેલો ફોન તો ક્યારે ય મળશે. ત્યાં સુધી શું કરશો ?' પછી થોડો વિચાર કરી બોલ્યા : 'ચાલો, કાલે જ મુકાવી દઉં તમારે ત્યાં ફોન.'

'ના ભાઈ, એવી કશી ઉતાવળ નથી આપણે,' દયાલદાસ દઢતાથી બોલ્યા : 'એવા તે શા વેપાર કરવાના છે આપણે તે ફોન વિના ન ચાલે ?'

દયાલદાસ એક નિવૃત્ત સરકારી - કર્મચારી હતા. એ મન ફાવે તેમ પૈસા કેવી રીતે ખર્ચી શકે ?

'પણ તમારે ક્યાં 'ઓન'ના પૈસા આપવાના છે ?' ઘેલાભાઈએ આગ્રહ કરતાં કહ્યું : 'હું છું ને ? દૂર સોસાયટીમાં ફોન વગર તો ના જ ચાલે ને ?'

'બધું ય ચાલે,' દયાલદાસે વિવેકથી કહ્યું : 'જુઓ ઘેલાભાઈ, હું મારી મર્યાદા સમજું છું, એટલે કૃપા કરી મને કશો આગ્રહ ન કરશો.'

મહામુસીબતે ટેલિફોન નહિ મુકાવવા ઘેલાભાઈને સમજાવી



દયાલદાસે એમને વિદાય કરી છુટકારાનો શ્વાસ લીધો! અનુભવી દયાલદાસ થોડી વારમાં જ સમજી ગયા હતા કે ઘેલાભાઈની બધી માથાકૂટ મલાઈ માટે હતી !

લવજીભાઈની દુકાનેથી એક દિવસ પન્નાલાલ લાકડાના પલંગ ખરીદતા હતા. ત્યાં ઘેલાભાઈ પ્રગટ થયા !

'શું લો છો પન્નાલાલ?'

'અલા ભાઈ, આ પલંગ જોઉં છું' પન્નાલાલે સોદાની નિષ્ફળતાના ભાવથી કહ્યું.

'તે લઈ જાવને એકના બે. દુકાન આપણી જ જાણો.' ઘેલાભાઈની જબાનનો જાદુ ચાલુ થયો.

'પણ ભાવમાં ક્યાં મેળ પડે છે ?' પન્નાલાલે તકલીફ જણાવી.

'કેમ લવજીભાઈ ? વાજબી લેવાનું હોં, પન્નાભાઈ તો આપણા જ માણસ છે.' બંને બાજુ પોતાપણું દર્શાવતાં ઘેલાભાઈએ કહ્યું : 'એટલે તમારે વાજબી તો કરવું જ પડશે.'

'તે મેં ક્યાં વધારે કહ્યા છે?' લવજીભાઈએ કાઠિયાવાડી લહેકામાં કહ્યું : 'આ બે પલંગના ફક્ત બાર હો જ કીધા છે હોં ઘેલાભાઈ.'

'અરે યાર, કહ્યું ને આ તો આપણા માણસ છે ?' ઘેલાભાઈએ આપો બતાવતાં કહ્યું : 'વાજબી કરીને આપવાના જ છે.'

'પણ ભાયા..'

'અરે ભાયાને બાયા લવજીભાઈ,' ઘેલાભાઈ સ્વજનની જેમ બોલ્યા : 'મારી હાજરીની તો લાજ રાખો.'

છેવટે બંનેએ કાનાફૂસી કરી પન્નાલાલ અને લવજીભાઈ બંનેની હા… ના વચ્ચે - ઘેલાભાઈએ રૂપિયા આઠસો ને પચાસમાં સોદો પાકો કરી નાખ્યો ને પલંગ અપાવી પન્નાલાલને વિદાય પણ કર્યા. પછી સો

રૂપિયાની નોટ ગજવામાં મૂકતાં ને લવજીભાઈની ચા પીતાં પીતાં ઘેલાભાઈ બોલ્યા : 'કંજૂસ છે આ તો, હું ના હોત તો લીધા વગર જ પાછો જાત.'

ત્યારે મરક મરક હસતા લવજીભાઈ બોલ્યા : 'પણઅણીને વખતે તમે હાજર ન હો એવું બને જ નહિ ને ઘેલાભાઈ?'

પ્રત્યુત્તરમાં ઘેલાભાઈએ ખંધાઈભર્યું 'હેં...હેં...હેં...હેં' નું બનાવટી હાસ્ય કર્યું.

એક દિવસ ઘેલાભાઈ એક જણને લઈને ધનપાલ શેઠને ત્યાં એનું ઘર ગીરો મૂકાવવા લઈ ગયા. સોદો પતી ગયો ને લખાણ તથા પૈસાની આપ-લે થઈ ગઈ ત્યારે ચોપડાને દોરી વીંટતાં વીંટતાં ખંધા ધનપાલ શેઠે ચાનો સિસકારો ભરતા ઘેલાભાઈને પૂછ્યું :

'ઘેલાભાઈ, જનક તમારો દીકરો ને ?'

'હા, કેમ?' ઘેલાભાઈએ ચાનો ઘૂંટડો ગળે ઉતારતાં સાશ્ચર્ય પૂછ્યું.

'એને કહેજો કે ચાર મહિનાથી ઘર ગીરો મૂકી પૈસા લઈ ગયો છે તે હજી એક ય વાર વ્યાજ પણ નથી આપી ગયો.'

ઘેલાભાઈના હાથમાંની રકાબી ધ્રુજી ઊઠી ! અને અગ્નિ વરસાવતી આંખે બોલ્યા :

'શું કહો છો શેઠ?'

'હા, રૂપિયા પચીસ હજાર લઈ ગયો છે ઘર ગીરે મૂકીને એ.' શેઠે ઠંડા કલેજે કહ્યું. :

'જનકાએ ઘર ગીરો મૂક્યું છે?' પૂછતાં ઘેલાભાઈનો અવાજ ફાટી ગયો : 'શું કહો છો શેઠ?'

'હા,ઘેલાભાઈ,' શેઠે શાતા આપતાં કહ્યું : 'પણ જરા ઠંડા પડો, આમ આકરા શું થઈ જાવ છો ?' શેઠ શબ્દે શબ્દે જાણે ડામ દેતા હતા.

'પણ કેમ ? ક્યો પ્રસંગ કાઢવા રૂપિયા લીધા એણે?' ઘેલાભાઈ



બરાડ્યા.

'એ તો હું શું જાણું ઘેલાભાઈ?' ફાંદ પર શાંતિથી હાથ ફેરવતાં શેઠ બોલ્યા : 'મારાથી કાંઈ ઘરાકને આવું બધું થોડું જ પુછાય ? પણ લોકોનાં રસોડા સુધીની વાતો જાણનાર તમને તમારા ઘરની જ આટલી મોટી વાત ખબર નથી ઘેલાભાઈ ?' શેઠ એમની મીઠી જબાનથી ડામ દીધે જ રાખતા હતા !

ઘેલાભાઈના મનમાં આશ્ચર્ય, ક્રોધ, હતાશા અને શંકાના મિશ્ર ભાવો એકી સાથે ઊમટ્યા.

'પણ એને પૈસા આપતા પહેલાં મને જરા પૂછવું તો હતું શેઠ.' જરા આવેશમાં ઘેલાભાઈએ કહ્યું.

'તે હું તમારે ઘેર પૂછવા આવું?' શેઠે પણ જરા કડકાઈથી કહ્યું : 'અને મને શી ખબર કે ગામ આખાની દાળના વઘારની ગંધ પારખનારા ઘેલાભાઈને એમના દીકરાના આ કામની ખબર નહિ હોય?'

'ના, ના, એમ નહિ' શેઠની કડકાઈથી જરા ઢીલા પડી ગયેલા ઘેલાભાઈ ગલવાવા લાગ્યા : 'આ તો જરા મારે કાને વાત નાખી હોત તો...'

'તો મારો સોદો રખડી જાત ઘેલાભાઈ,' કટાક્ષ કરતાં શેઠ બોલ્યા : 'ખરું કે નહિ ? મારે તો સોદો પતવા સાથે કામ.'

શેઠે જીવનભરની રીસ આજે ઉતારી નાખી !

'આખી જિંદગી મથી મથીને મેં નાલાયકને રહેવા જુદું ઘર લઈ આપ્યું હતું તે 'આ' કરવા ?'

'આ' શબ્દ પર ભાર મૂકતાં ઘેલાભાઈ બબડ્યા. એમણે ઊભા થઈને કાછડી ખોસી. જે સોદો કરાવવા એ આવ્યા હતા એ તો જાણે પત્યો, પણ એનું કમિશન લેવા પણ ઊભા ન રહ્યા. હવે એમને એમાં રસ રહ્યો

નહોતો.

'પછી મળીશ શેઠ' કહી ઢીલા ઘેંસ જેવા ઘેલાભાઈ શેઠના ઘરનો જૂનો, વાંકોચૂકો, ઘસાઈને લીસાં થઈ ગયેલાં પગથિયાંવાળો દાદર ઊતરતી વેળા માંડ માંડ પડતા બચ્યા. આવા હતપ્રભ ઘેલાભાઈને કોઈએ કદી જોયા નહોતા !

'જેને કોઈ ના પહોંચે એને પોતાનું પેટ પહોંચે' એમ કહેતા ધનપાલ શેઠ દોરી વીંટેલા ચોપડાને ગલ્લાં પર ગોઠવતાં મંદ મંદ હસી રહ્યા. ઘેલાભાઈને આવા રઘવાયા જોઈ કોણ જાણે કેમ એમને આનંદ થયો હતો. માટે જ તો ખડિયો કલમ ઠેકાણે મૂકતાં એ બબડ્યા : 'મારો બેટ્ટો ઘેલો, આખી જિંદગી ઘાલમેલ કરી બંને બાજુથી ઓછું નથી પડાવી ગયો ! હેં...હેં...હેં...હેં.... !'

❑ ❑ ❑



## ૮. સતી !

'કેમ બેટા, આજે આટલું જ ખાધું?'

'કાંઈ નહિ બા, ખાસ ભૂખ નથી.'

'અરે હોય ? રાત્રે ય ખાધું નથી તેં તો. તબિયત ઠીક નથી ?'

'ના બા, કાંઈ નથી થયું મને. તું નકામી આમ કરે છે.'

'ના શૈલેષ, તું હમણાંનો ઉદાસ પણ રહે છે. મને નહિ કહે દીકરા શું કારણ છે એનું?'

'બા, ખાસ કાંઈ નથી. તું....'

'મારા સમ શૈલેષ ના કહે તો, તારા પિતાને ગયે આજ પંદર વર્ષ થયાં દીકરા, પણ તને તેમની ખોટ ન સાલે તે માટે મેં...'

પણ વાક્ય પુરું કરે તે પહેલાં તો લક્ષ્મીની આંખો છલકાઈ ગઈ !

'બા, આ શું કરે છે તું ?' કહેતા શૈલેષ પણ ગળગળો થઈ ગયો !

અને કેમ ન થાય ? મા - દીકરા વચ્ચે પ્રેમ સ્વાભાવિક રીતે જ હોય છે. તેમાંય લક્ષ્મીએ તો પંદર-પંદર વર્ષથી માતા અને પિતા બંનેનો સ્નેહ દીકરામાં સિંચ્યો હતો. શૈલેષ ને માત્ર છ વર્ષનો મૂકીને તેના પિતા સ્વધામ સિધાવ્યા, ત્યારથી લક્ષ્મીએ જાણે પોતાનું કલેવર જ બદલી નાખ્યું હતું ! યુવાન વયે ઓચિંતુ આવી પડેલ વૈધવ્ય જીરવવું એ આભ ઉપાડવા જેવું મુશ્કેલ કાર્ય હતું. પતિ-પત્નીનો પ્રેમ જોતાં લોકોને લાગેલું કે લક્ષ્મી કદાચ આ આઘાત સહી જ નહિ શકે, એને માટે જીવવું હવે કદાચ અશક્ય બની જશે. અને સાચે જ લક્ષ્મીએ પતિના શબ પાસે દરિયો ભરીને આંસુ સાર્યા હતાં. ના, એને રૂદન ન કહેવાય. લક્ષ્મીએ ત્યારે કરુણ આક્રંદ કર્યું હતું - પથ્થર હૃદયના માનવીએ ય એ જોઈ આંસુ સર્યા હશે !

પણ લક્ષ્મીએ ત્યારે છેલ્લીવાર જ જાહેરમાં રડી લીધું. ફરી કોઈએ એને રડતાં જોઈ નહિ. બીજે દિવસથી જ શૈલેષને એણે પોતાનું સર્વસ્વ

બનાવી દીધો. પોતાના પતિની એ એક માત્ર અમાનત, પતિ-પત્નીનો પ્રેમનો એ એક માત્ર અવશેષ ત્યારથી લક્ષ્મીનું જીવન ધન બની ગયો. એણે નિશ્ચય કર્યો પુત્રને પિતાની ખોટ ન સાલવા દેવાનો. એ માતા તો હતી જ, શૈલેષનો પિતા પણ એ બની ગઈ. જીવન સંગ્રામ માટે પુત્રને તૈયાર કરવાનું એણે બીડું ઝડપ્યું અને અજબ હિંમતથી, ગજબ જતનપૂર્વક અનુભવની એરણ પર એને ઘડવા માંડ્યો. છતાં એમ તો નહિ જ કે પતિને એ ભૂલી ગઈ હતી. હૃદયનો એક ટૂકડો ખરી ગયો હતો. ઘડીવારે ય એ વિસારે શે પડે ? તેને શ્વાસે શ્વાસે પતિનું સ્મરણ થતું. એ સ્મરણ આંખમાં આંસુની પાર રચી દેતું. તો હૃદયને વધુને વધુ શૈલેષમય કરતું. છતાં એ આંસુ જગતે ન જોયાં કદી, શૈલેષ ન જાણ્યાં કદી ! આર્ય વિરાંગના જીવનના ઝંઝાવત સામે કેવી અડગ રહી શકે છે તે લક્ષ્મીએ બતાવી આપ્યું. પણ છતાં એનો માર્ગ કાંઈ સાવ નિષ્કંટક ન હોતો. કઈ યુવાન, સૌદર્યમયી વિધવાનો માર્ગ સરળ હોય છે તે એનો હોય ? માળી હોવા છતાં પુષ્પનો રસ ભમરા ચૂસી જાય છે, તો પછી નધણીયાતા ઉદ્યાનમાં તો આખલા ય ચરી શકે ને ?

એટલે અનેક રૂપપિપાસુ, યૌવન ભૂખ્યા, મોહાંધોએ લક્ષ્મીને લલચાવવા, ફસાવવા જાલ બિછાવી હતી. પરંતુ એ બધી અગ્નિ-પરીક્ષાઓમાં તે સો ટચનું સોનું સાબિત થઈ હતી !

ચાંદને જોઈ હેલે ચડતા સાગર શો શૈલેષ માતાની સ્નેહભરી સંભાળ નીચે ઉછર્યો હતો. તેની સર્વાંગી કેળવણી માટેની માતાની ચીવટ ઘણાખરા પિતાઓને પણ શરમાવે એવી હતી. લક્ષ્મીએ તેના શારીરિક અને માનસિક ઘડતરમાં એક સરખું ધ્યાન આપ્યું હતું. સંસ્કારી પુત્ર પર માતાના મમત્વનો એવો તો ઓપ ચડ્યો હતો કે તેની ઈચ્છા વિરૂધ્ધ કાંઈ પણ કરવાનું શૈલેષને ગમતું જ નહિ. અરે, તેવું એ વિચારી શકતો ય નહિ ! બંને જીવો જાણે એકબીજાને સહારે, એકબીજાને માટે એક થઈ જીવતા હતા. મા ને મન દીકરો એ કૈંક વાત હતી તો દીકરાને મન માતા દેવલોકની દેવીથી ય અદકી



હતી. ઝેરના કટોરામાં એકાદ અમૃતનું બિંદુ પડે તો ? સાચું અમૃત તો તે જ જે ઝેરનું ઝેરપણું હણી લે, તેને અમૃતમય બનાવી દે. પતિના મૃત્યુથી લક્ષ્મીનું જીવતર ઝેર થઈ ગયું હતું. પણ શૈલેષ જેવા સુશીલ, સ્નેહાળ પુત્રે એને ફરી અમૃતમય કરી દીધું ! માતાની ઈચ્છાને જ તેની આજ્ઞા માનનાર શૈલેષ પ્રત્યેક પગલે સાવધાની રાખતો - રખે માતાની ઈચ્છા વિરૂધ્ધનું કાંઈ થઈ જાય એ ડરે. ટૂંકમાં, લક્ષ્મી માતા હતી, શૈલેષ પુત્ર હતો - શબ્દના સાચા અર્થમાં. ઈતિહાસમાંથી કોઈપણ આદર્શ માતા ઉપાડી લો, પુરાણમાંથી ગમે તે આદર્શ પુત્રને રજુ કરો, લક્ષ્મી અને શૈલેષ તેમાંના ગમે તેની હરીફાઈમાં ઉતરી શકે તેવાં હતાં ! એકને ગમગીન જોઈ બીજાનો જીવ કપાય, એક ને ખુશ જોઈ બીજું જાણે લાખ ખજાના પામે !

એટલે પુત્રને આજે ઉદાસ જોઈ, તેણે બરાબર ખાધું નહિ તે જાણી લક્ષ્મીને શું ન થાય ? અને માતાની આંખમાં આંસુ ભાળી શૈલેષથી ય સ્વસ્થ કેમ રહેવાય ?

માતાના આગ્રહ આગળ એનું શું ચાલે ? શૈલેષને પોતાની ઉદાસીનતાનું કારણ માતાને કહેવું પડ્યું. એ સાંભળી લક્ષ્મી જરા ચમકી તો ખરી.

‘કોની, કમળાશંકરની દીકરીની વાત કરે છે ?’ તેણે પૂછયું.

‘હા બા,’ નત મસ્તકે શૈલેષ બોલ્યો.

‘દીપ્તી ને ?’

‘હા.’

‘હં,’ એક દીર્ઘ શ્વાસ લઈ, સહેજ અટકી લક્ષ્મી બોલી : ‘તે તારી સાથે પરણવા તૈયાર છે ?’

‘અમે તો મનથી એક બીજા સાથે પરણી નાખ્યું છે બા,’ કાંઈક શરમાતાં, નિઃશ્વાસ નાખતાં શૈલેષ બોલ્યો : ‘પણ…’

'પણ કમળાશંકર ના પાડે છે ને ?' વચ્ચે જ લક્ષ્મીએ પૂછયું.

'હા, એ કહે છે.....'

'કે મારી દીકરી હું ગરીબને ત્યાં કેવી રીતે આપું - એમ ને?' તેજસ્વી લક્ષ્મી બધું વગર કહ્યે ય સમજી ગઈ !

'હા બા, એમ જ. ગરીબી એ કેવો મહાન ગુનો છે એની મને કાલે જ ખબર પડી.'

'બેટા....આમ....'

'મારા મનડાના મહેલ તૂટી પડ્યા બા, હવે તો જીવનભર ભંગાર જ ઉથામવો રહ્યો', કહેતા શૈલેષની આંખો ભીની થઈ ગઈ !

લક્ષ્મીની આંખોમાંથી ય આંસું ખર્યાં, પણ તરસી ધરતીએ તે નામશેષ કર્યાં !

'પણ બા', શૈલેષે સ્વસ્થ થઈ કહ્યું : 'જવા દે એ વાત. મેં તને નકામી દુઃખી કરી.'

'ના બેટા,' આંસુ લૂંછતા લક્ષ્મી બોલી : 'હવે તો સૌથી પહેલી જ એ વાત.'

'પણ બા, અશક્ય વાત માટે નકામાં ફાંફાં શીદ મારવાં?'

'બેટા', આંખમાં ચમક સાથે લક્ષ્મીએ કહ્યું : 'જગતમાં માનવીને માટે કશું જ અશક્ય નથી.'

'એટલે?'

'એટલે એ જ કે દીપ્તિ આ ઘરની વહુ બનીને આવશે.' દઢતાપૂર્વક લક્ષ્મીએ કહ્યું.

'બા,' ફીક્કુ હસીને શૈલેષ બોલ્યો : 'જૂઠી આશાના મિનારા બાંધે શો ફાયદો ? કમળાશંકર સાથે કાલે મારે ઘણી વાતો થઈ. એ એકના બે



થાય એવા નથી.'

'એ એકના બે થાય કે ન થાય,' લક્ષ્મીએ સ્મિત કરતાં કહ્યું : 'પણ તમે બેનાં એક થશો એ તો નક્કી!'

'એ કેવી રીતે શક્ય બને બા ? આપણે....'

'બેટા, તને તારી બામાં શ્રદ્ધા નથી?'

'શ્રદ્ધા ? તારામાં?!' પાંપણ ઢાળી દઈ શ્વાસ લેતાં શૈલેષે કહ્યું : 'તું તો મારી શ્રદ્ધાના સ્તોતનું મૂળ છે બા.'

'તો બસ, વિશ્વાસ રાખ તારી બામાં બેટા,' લાડ કરતી હોય તેમ લક્ષ્મી બોલી : 'હું કાલે જ કમળાશંકરને મળી વાત પાકી કરી નાખીશ.'

'પણ બા,' સાશંક ભાવે શૈલેષે પૂછયું : 'એ માનશે ?'

'એમને માનવું જ પડશે બેટા.'

દઢતાપૂર્વક લક્ષ્મી બોલી.

'કેવી રીતે?'

'માતાના પ્રેમ આગળ જગતે હંમેશાં હાર કબૂલી છે શૈલેષ,' માતૃત્વની ખુમારીથી લક્ષ્મીએ કહ્યું : 'કમળાશંકરના શા ભાર છે કે નનિ માને ?'

શૈલેષ માતા તરફ જોઈ રહ્યો. વીરત્વ ભરી, દઢનિશ્ચયી, સ્નેહાળ મૂર્તિને એ થોડીવાર બસ જોઈ જ રહ્યો ! પછી ઓચિંતો ઉઠી, માને ગળે વળગી પડ્યો :

'બા!'

'દીકરા મારા!'

- અને બંને હૈયા હેતસાગરની સફરે ઉપડ્યાં !

● ●●●

કમળાશંકર સારી સ્થિતિના પ્રતિષ્ઠિત વ્યાપારી હતા. લક્ષ્મી અને તેમને તે એક સરખા કુળનાં હોવાથી પોતાની કન્યા શૈલેષ સાથે પરણાવવામાં તમને બીજો તો કોઈ વાંધો ન હતો. જોકે શૈલેષને એમણે લગ્ન માટે ના પાડી હતી, પરંતુ પછી એ પોતે પણ વિચારતા હતા કે આવા ભણેલા, સંસ્કારી છોકરા સાથે પોતાની  દીકરી પરણાવવામાં શો વાંધો ?  એટલે 'જોઈશું' એમ એમણે વિચારેલું ય ખરું.

સામાન્ય રીતે બપોરના સમયે તેઓ પોતાના બીજા એક મકાનમાં આરામ કરતા. એટલે લક્ષ્મી તેમને મળવા ગઈ ત્યારે તેઓ ત્યાં હિંચકે ઝૂલતા હતા. પરિચય હોવાથી એમની પાસે જતાં, લક્ષ્મીને કાંઈ સંકોચ થયો નહિ. વળી, આવી વાત કરવા માટે તેઓ એકલા હોય તે તો વધુ અનુકૂળ પડે કે જેથી કદાચ તેઓ વિવાહનો ઈન્કાર કરે તોયે બધાનાં દેખતાં પોતાને છોભીલાં ન પડવું પડે એમ લક્ષ્મીએ સાચી રીતે વિચાર્યું.

'આવો, આવો', લક્ષ્મીને આવકારતાં કમળાશંકરે કહ્યું : 'આજ કાંઈ બહુ દિવસે તમે ભૂલાં પડ્યાં!'

'શું થાય ? તમારા મોટા લોકો પાસે આવ્યા વિના કાંઈ છૂટકો છે?' લક્ષ્મીએ આવતાં જ કટાક્ષ કર્યો.

'અરે એમ તે હોય ?' કમળાશંકરે વિવેક કરતાં કહ્યું : 'અહીં મોટું કોણ અને નાનું કોણ ? આવો બેસો.'

'હું એક જરૂરી કામે આવી છું.' સામે પાથરણા પર બેસતાં લક્ષ્મીએ કહ્યું.

'એ તો હું જાણું છું. એ સિવાય તમે ક્યાં આવો એવાં છો ?'

'ના..ના..એમ તો નહિ...પણ...'

'બોલો કેમ ભૂલાં પડ્યાં ? મારા સરખું કાંઈ કામકાજ?'

'હું ઉલટી ગંગા વહેવડાવવા આવી છું.'



'એટલે?'

'દીકરાનું માગું આવે છે આપણી ન્યાતમાં તો કમળાશંકર.'

'હા,' વાત સમજ્યા હોય તેમ કમળાશંકરે કહ્યું.

'હું તમારી દીકરીનું માગું કરવા આવી છું.'

'દીપ્તિનું?'

'હા,'

'શૈલેષ માટે?'

'હા, એણે તમને વાત કરી હતી.'

'હા, પણ...'

'કમળાશંકર, તમે માત્ર પૈસાને જ મહત્ત્વ આપો છો? સંસ્કાર, ભણતર વગેરેની તમને કિંમત જ નથી?'

'છે,' સ્વસ્થતાથી કમળાશંકરે કહ્યું.

'તો મારા શૈલેષમાં શું નથી?' ડબલ ગ્રેજ્યુએટ છે, કમાય છે, સંસ્કારી અને સુશીલ છે, અને વળી દીપ્તિ એની સાથે પરણવા ઈચ્છે છે. પછી...'

'જગતમાં બધાંની ઈચ્છાઓ થોડી જ પૂર્ણ થાય છે લક્ષ્મી,' નિઃશ્વાસ સાથે કમળાશંકર બોલ્યા.

'થાય ન થાય એ ઈશ્વરના હાથની વાત છે. પણ માણસે તો એ માટે પ્રયત્ન કરવો જ રહ્યો.'

'દિપ્તિ તમારે ત્યાં આવે એવી તમારી પણ ઈચ્છા છે ?' વેધક દૃષ્ટિથી કમળાશંકરે પૂછયું.

'હા, અવશ્ય'.

'અને હું ના પાડું તો?'

'તો મારું જીવન ઝેર થઈ જશે કમળાશંકર, શૈલેષને હું ઓળખું છું, એનું દિલ તૂટી જશે તો... તો એ સદાને માટે ખોવાયેલા જેવો રહેશે. અને ત્યારે અમારું શું થશે એની કલ્પના નથી કરી શકતી.'

'ઠીક.' બાજી ગોઠવતા હોય તેમ કમળાશંકર બોલ્યા, 'એક શરતે તમારી ઈચ્છા હું પૂરી કરી શકું.'

'કઈ શરત ? પલ્લાની વાત કરો છો?' લક્ષ્મીએ વ્યવહારની વાત પૂછી.

'હં હા હા,' હસતાં હસતાં કમળાશંકર બોલ્યા, 'ઈશ્વરે મને ઘણું આપ્યું છે.'

તો?''

'વર્ષો પહેલાંની મારી ઈચ્છા યાદ છે લક્ષ્મી?'

ભૂતકાળ સંભાળતાં કમળાશંકરે પૂછ્યું : 'ત્યારે આપણે યુવાન હતાં, કુંવારાં ય હતાં.'

'ઓહ,' વાતને હસી કાઢતાં લક્ષ્મી બોલી : 'હજી તમે એ ભૂલ્યા નથી ?'

'જીવનભર નહિ ભૂલું લક્ષ્મી, ત્યારે આપણાં લગ્ન થઈ શક્યાં હોત તો મારા જેવો સુખી કોઈ ન હોત.'

યુવાનીનું લક્ષ્મીનું સૌદર્ય હવે જરા પ્રૌઢ થયું હતું, સિવાય હજી એ એવું જ આકર્ષક હતું તે કમળાશંકર સ્પષ્ટ જોઈ શકતા હતા. યુવાનીમાં લક્ષ્મી સાથે પરણવા - એને પોતાની કરવા એમણે ઘણો પ્રયાસ કરેલો, પણ તે શક્ય બન્યું ન હોતું. ત્યારથી એમના મનની ઈચ્છા મનમાં જ રહી હતી. એટલે લક્ષ્મી માટે તેમને આજે ય એવો જ મોહ હતો જેટલો યુવાનીમાં એ બંનેના લગ્ન પહેલાં હતો. એટલે તેમની લોલુપતાએ આજે તકનો લાભ લેવા ધાર્યો !''



'જવા દો એ વાત,' લક્ષ્મીએ કહ્યું : 'એને અત્યારે શી લેવાદેવા?'

'આપણે પરસ્પરની ઈચ્છા પુરી કરીએ લક્ષ્મી,' યાચના કરતા હોય તેમ કમળાશંકર બોલ્યા.

'એટલે?' ક્ષણમાં જ લક્ષ્મીની આંખમાં ક્રોધનો જ્વાળામુખી ભભૂક્યો!

'એકવાર, બસ એકવાર તમે મારાં બનો લક્ષ્મી.' દયા યાચતા હોય તેમ કમળાશંકર બોલ્યા.

'કમળાશંકર!?' લક્ષ્મીએ ક્રોધભર્યા સ્વરે કહ્યું.

'લક્ષ્મી.' પરવશતાભર્યો શબ્દ કમળાશંકરના મુખેથી સર્યો.

'હું જીવનભર મારા સ્વામીની હતી અને રહીશ કમળાશંકર.' ક્રોધથી લક્ષ્મી બોલી.

'લક્ષ્મી, મારી વાત માનો, તમે તમારા દીકરાનુંય હીત નથી ચાહતાં?'

'દીકરાના હિત માટે તમારી આવી બેહુદી માગણી હું સ્વીકારું કમળાશંકર?' લક્ષ્મી ગર્જી : 'કદી નહિ.'

'તો તમે જઈ શકો છો,' કાંઈક કડકાઈથી કમળાશંકરે કહ્યું.

'તો દીપ્તિ માટે તમે ના પાડો છો?'

'ચોક્કસ, તમારી ના તો મારી પણ ના જ.'

'એક વિધવાની લાચારીનો ગેરલાભ લેવા માગો છો તમે?' ઘવાયેલી સિંહણ જેમ લક્ષ્મી ગર્જી.

'ના, વર્ષોથી સેવેલી આશા પૂર્ણ કરવા માગું છુ.' કમળાશંકરે સમભાવપૂર્વક કહ્યું.

'કમળાશંકર, તમે પિતા છો. માતાના હૃદયને નથી સમજી

શકતા?' લક્ષ્મીએ કમળાશંકરના મર્મસ્થાનને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો.

'લક્ષ્મી, તમે સ્ત્રી છો, પુરુષના હૃદયને નથી સમજી શકતાં ?' કમળાશંકરે સામો પ્રશ્ન કર્યો.

એક તિરસ્કારભરી નજર કમળાશંકર પર નાખી લક્ષ્મી દાદર ઉતરી પડી. તે ઘેર ગઈ. શૈલેષ ન જાણે તેમ તેણે ઘેર પતિની છબી પાસે આંસુનો સાગર છલકાવ્યો... પણ પુત્રને તો કહ્યું: 'કમળાશંકરે કહ્યું છે કે હું વિચાર કરીને જવાબ આપીશ.'

પણ ચાર-પાંચ દિવસ પછી કમળાશંકરને મળી આવીને લક્ષ્મીએ પુત્રને તેના વિવાહની વધામણી આપી ત્યારે તેના પોતાના મુખ પર નહોતો ઉત્સાહ કે નહોતી આનંદની એકેય રેખા ! એકનો એક પુત્ર પરણાવનાર માતાના અને વળી એક વિધવાના આનંદની અવધિ હોય ? પણ અહીં તો લક્ષ્મીની એક આંખ હસતી હતી, એક આંખ રડતી હતી ! નિર્ણય કરતાં પહેલાં તેણે દિનરાત ઘણું મંથન અનુભવ્યું હતું. એકબાજુ જિંદગીભર જાળવેલ શીલના રક્ષણનો સવાલ હતો, મૃત પતિ તરફની ભક્તિની કસોટી હતી, તો બીજી બાજુ એકના એક દીકરાની જિંદગી સુધારવાનો, તેના પિતાની ખોટ પુરવાનો, તેના અરમાનો પુરા કરવાનો પ્રશ્ન હતો. આજ તેના સતીત્વની કસોટી હતી. ગમે તેવી કસોટીમાંથી બહાર આવી લક્ષ્મી પોતાનું સતીત્વ સાબિત કરી શકે તેવી વીર હતી. પણ હાય ! આજે સતીત્વ સામે માતૃત્વ મેદાનમાં પડ્યું હતું. કોને વફાદાર રહે લક્ષ્મી ? પતિને કે પુત્રને ?

એક વિધવા સામે આ મહાપ્રશ્ન હતો. અનેક જાતના માનસિક સંઘર્ષ, મથામણ, ગુંગળામણ પછી એને એનો જવાબ મળ્યો. યુદ્ધ પુરું થયું. પરિણામમાં માતૃત્વ જીત્યું હતું. પણ તો સતીત્વ હાર્યું હતું ? ના, લક્ષ્મીને મન એકેય હાર્યું ન હતું ! લડાઈમાં બંને પક્ષ જીત્યા જાણ્યા નથી, પણ લક્ષ્મીએ બંને જીતે એવો ઉકેલ કાઢ્યો હતો !...

શૈલેષના લગ્નનાં ઢોલ ઢબૂક્યાં અને શરણાઈઓ ગૂંજી ઉઠી ત્યારે



ફરી લક્ષ્મીના અંતરની પડઘમ વાગવી પણ શરૂ થઈ. કમળાશંકર સાથેનો છેલ્લો સંવાદ તેના હૃદયમાં વારંવાર પડઘાતો હતો :

'ક્યારે આવશો?' કમળાશંકરે પૂછયું હતું.

'મારો દીકરો પરણીને ઘેર આવશે તે રાત્રે,' પોતે કહ્યું હતું.

'હ હા હા હા,' ખંધુ હસતા કમળાશંકર બોલ્યા હતા : 'હું કાંઈ સાવ મૂર્ખ નથી લક્ષ્મી, લગ્ન થઈ ગયા પછી તમને મારી શી પરવા રહે કે જેથી તમે આવો.'

'કમળાશંકર,' ગર્વપૂર્વક પોતે ત્યારે કહ્યું હતું : 'તમે કદી કોઈનામાં વિશ્વાસ મૂક્યો છે ? મૂક્યો હોય તો એક વધુ વ્યક્તિમાં મૂકો અને ન મૂક્યો હોય તો જીવનમાં પ્રથવાર મારામાં - એક વટવાળી વિધવા સ્ત્રીમાં વિશ્વાસ મૂકો. પસ્તાવાનો વખત નહિ આવે એની ખાત્રી રાખજો.'

'પણ તે પહેલાં...'

'તે પહેલાં અપવિત્ર બની હું મારા પુત્રના લગ્નને નહિ અભડાવું. કમળાશંકર, બોલો શું જવાબ છે તમારો ?'

'કબૂલ છે મને,' કહેતાં કમળાશંકરે કરાર મંજુર રાખ્યો હતો !

અને ઘેર જઈ લક્ષ્મીએ પુત્રને વિવાહની વધામણી આપી ત્યારે શૈલેષ માતાને વ્હાલથી વળગી પડ્યો હતો.

'બા, તું કેટલી હોંશીયાર છે, ભલી છે ! કમળાશંકરને મનાવી લીધા તેં', કહેતા શૈલેષે માતાની શક્તિને પ્રશંસી હતી.

પણ કમળાશંકરને મનાવવામાં પોતાને શું ગુમાવવાનું છે એ તો લક્ષ્મી એકલી જ જાણતી હતી. પણ જેનું 'હૈયું હેમંત કેરી હેલ' હતું એ લક્ષ્મી જેવી માતા પુત્ર માટે બધું જ કરી શકે.

લગ્નના દિવસોની માતાની નિરાશા પિતાની ગેરહાજરીને કારણે જ હશે એમ શૈલેષે માન્યું અને એને પણ એ કારણે ઓછું આવ્યું, ત્યારે

રડતે રડતે લક્ષ્મીએ પુત્રને ધીરજ અને સાંત્વના આપ્યાં હતાં !

• • •

'રાત્રિના અગિયાર થવા આવ્યા હતા. આજે શૈલેષની મધુરજની હતી. તે પોતાના શયનખંડમાં હતો, દસેક વાગે ઉપર જતા પુત્રને લક્ષ્મી તરસી નજરે જોઈ રહી હતી, ત્યારે તેની આંખોમાં ઓચિંતી આંસુની ઝડી વરસી હતી. ત્યાર પછી એકાદ કલાક તેના હૃદયમાં ઘોર સંગ્રામ ચાલ્યો. ઘડીવાર માટે તેને પોતાનું વચન તોડવાનું પણ મન થયું. પરંતુ વિશ્વાસઘાત કરવો, થૂંકીને ચાટી જવું તે તેના લોહીમાં નહોતું. છેવટે કાંપતે હૈયે છતાં દૃઢ નિર્ણય સાથે તે ઊભી થઈ. નીચે ઓસરીમાં તે એકલી જ સૂતી હતી. દીવો સહેજ સતેજ કરી, તેના પતિની છબી પાસે જઈ તેને પ્રણામ કરી ધીરેથી, આંસુ ભરી આંખે તે બોલી : 'નાથ, મને માફ કરજો. તમને જીવનભર વફાદાર રહી છું અને હજીય હું તમારી છું. પણ તમારી ફરજ પુરી કરવા હું મથી રહી છું. તમે જતી વખતે કહ્યું હતું ને 'શૈલેષની કાળજી રાખજે, તેને મારી ખોટ ન સાલે, કશું ઓછું ન આવે તે જોજે?' મેં આપની એ ઈચ્છા પુરી કરવા પ્રયાસ કર્યો છે. એમ કરતાં મારે માથે ધર્મસંકટ આવ્યું. ઘણા મંથન પછી એનો ઉકેલ મેં મારી બુદ્ધિ પ્રમાણે આણ્યો. એમ કરવામાં મેં ભૂલ કરી લાગે તો પણ મને માફ કરજો. છેવટે તો હું એક સ્ત્રી છું, એક માતા છું. હું બીજું શું કરી શકું?...'

આંસુ લૂછી, દીવો ધીમો કરી તે ધીરેથી ઘરની બહાર નીકળી. અંધારી રાત્રે બહાર ડગ દેતાં પહેલાં તેણે ઊંચી નજર કરી મેડી તરફ ભાવભરી નજરે જોયું. આછો પ્રકાશ ત્યાં પથરાયેલો હતો. ફરી આંસુ લૂછી, ખડકી ખોલી, બંધ કરી તે દબાતે પગલે આગળ વધી ગઈ. એક કૂતરું સામે ભસ્યું, પણ તેણે એને ગણકાર્યું નહીં.

કમળાશંકર ત્યારે પોતાના એકાંતવાસમાં કોઈની રાહ જોતા હોય તેમ આંટા મારતા હતા. સમય વીતતો ગયો તેમ તેમને અનેક તર્ક વિતર્ક



થયા. છેવટે ખાત્રી થઈ ગઈ કે લક્ષ્મીએ તેમને છેતર્યા. તે બબડ્યા ય ખરા : 'સાલી સ્ત્રી જાતિનો શો ભરોશો? મેં જ ભૂલ કરી.'

પણ ત્યાં જ તેમણે એક કાળો ઓળો પોતાની મેડી તરફ આવતો જોયો. તે વ્યક્તિને ઓળખતાં તેમની ચકોર નજરે વાર ન કરી. તેમને આનંદ, આતુરતા, અધીરાઈ એવું ઘણું બુધં એકી સાથે થઈ ગયું ! પુરુષ કેવો હઠીલો ને કામાતુર હોય છે એનું જીવતું જાગતું દૃષ્ટાંત એટલે કમળાશંકર !

દાદરનું બારણું ઊઘડી બંધ થવાનો ધીમો અવાજ આવ્યો.

'કોણ ?' ધીરેથી તેમણે પૂછવા ખાતર પૂછયું.

ઓળો વગર બોલ્યે ઉપર આવ્યો.

'કમળાશંકર, હજીય તમે મક્કમ છો તમારા વિચારોમાં ?' ધીમા દુ:ખપૂર્ણ અવાજે આવનારે પૂછયું.

'એમાં ખોટું શું છે લક્ષ્મી? આજે તો મારા જીવનની ધન્ય ઘડી છે. વર્ષોની મારી ઈચ્છા આજે પુરી થશે !'

'હું તો મારું વચન પાળીશ. પણ તમને મારી દયા નથી આવતી?' દયામણું મોં કરી લક્ષ્મી બોલી.

'આવું શું બોલે છે લક્ષ્મી. આજથી તો તું...' કહેતા કમળાશંકર પરવશ બની લક્ષ્મી પાસે પહોંચી ગયા. અને તરત જ એ ઓરડીએ કાળો અંચળો ઓઢી લીધો !

પંદરેક મિનીટ પછી ગુનેગાર શી લક્ષ્મી સડસડાટ કરતી દાદરનાં પગથીયાં ઉતરી ગઈ !

પણ સવારે તો સમાચાર જાણી આખું ગામ અવાક્ બની ગયું ! લક્ષ્મીએ કૂવો પૂર્યો - અને તેય તેનો એકનો એક લાડકો દીકરો પરણીને ઘેર આવ્યો તે રાત્રે જ... તેનું કારણ કોઈ ન કળી શક્યું ! પણ મરેલી લક્ષ્મીના

મુખ પર માતૃત્વ અને સતીત્વના ભાવ અંકાયેલા હતા એ કમળાશંકર જોઈ શક્યા. કરુણ વિલાપ કરતો શૈલેષ માતાના શબ પાસે બેસી પથ્થર હૃદયનેય રડાવતો હતો. તેની બાજુમાં જ નવોઢા દીપ્તિ આંસુ સારતી હતી. અને વિધિની વક્રતા તો એ હતી કે બિચારા કમળાશંકર દીકરી જમાઈને આશ્વાસન આપતા આપતા પોતે ય રડતા હતા !

અનેક કલ્પનાઓ અને અટકળો કરવા છતાં લક્ષ્મીના આપઘાતનું કારણ એક વ્યક્તિ સિવાય કોઈ જાણી શક્યું નહિ. પણ બિચારા કમળાશંકરને આવો તો સ્વપ્નેય ખ્યાલ ક્યાં હતો ? લક્ષ્મીએ આવો સહજે ઈશારો પણ કર્યો હોત તો એ એટલા બધા દુષ્ટ નહોતા કે મોટું મન ન કરત, પણ વટના કટકા સમી લક્ષ્મીએ એવી કોઈ ધમકી કે ચેતવણી આપ્યાં નહોતાં. એટલે કમળાશંકર ભીંત ભૂલ્યા !

અંતે, ઝૂરતા શૈલેષે પોતાની વ્હાલસોયી માતાનો અગ્નિ સંસ્કાર કર્યો ત્યારે આખું સ્મશાન રડી ઉઠ્યું ! એ પોતે તો લગભગ બેભાન જેવો થઈ ગયો. ત્યારે પોતાનાં આંસુ લૂંછતા કમળાશંકર જમાઈને સ્વસ્થ કરવા પ્રયાસ કરતા હતા ! વિધિની આ કેવી વક્રતા !

એક બાજુ લક્ષ્મીની ચિતા જલતી હતી તો બીજી બાજુ કમળાશંકરના હૃદયમાં પશ્ચાતાપની ચિતા બળતી હતી. લક્ષ્મીની ચિતા તો થોડા કલાકોમાં શાંત થશે, પણ કમળાશંકરના હૈયામાં જલતી ચિતાનું શું ? એ ક્યારેય શાંત થશે ખરી ?''

ક્યારેક માનવીથી જાણે - અજાણે કેવા અનર્થ થઈ જાય છે ?!

❑ ❑ ❑



## ૯. જીવતદાન

મધરાતે એનું બારણું કોઈ ગભરાયેલી વ્યક્તિએ ખખડાવ્યું : ખટ...ખટ...ખટ...ખટ.

'કોણ?' કાંઈક ચિંતાભર્યા સ્વરે અંદરથી કોઈએ પૂછ્યું.

'તમે જે હો તે પણ જલદી ખોલો', બહારથી અવાજ આવ્યો : 'મને ઘરમાં આવવા દો... નહિ તો એ લોક મને નક્કી મારી નાખશે... પ્લીઝ, દયા કરો... ખોલો..' કોઈ ગભરાયેલા પુરુષનો મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યો હોય એવો આર્જવતાભર્યો અવાજ જ એના કટોકટીભર્યા સંજોગની ચાડી ખાતો હતો!

અંદર યુવતીએ સહેજ વિચાર કર્યો : 'શું કરવું?' છેલ્લા ચાર-પાંચ દિવસથી શહેરમાં ભારે કોમી તનાવ હતો. અર્ધું શહેર કરફ્યુના બાનમાં હતું. કોઈ કોઈનો ભરોંસો રાખી શકે એમ નહોતું. અજંપો, અવિશ્વાસ અને નિર્દયતાના માહોલ વચ્ચે માનવતા જાણે મરી પરવારી હતી. પોતાની સલામતી સિવાય કોઈ બીજી કશી જ વાત વિચારી શકે એવું વાતાવરણ જ નહોતું. ત્યારે ઘરમાં રહેલી એકલી યુવતી મધરાતે બારણું ખોલવા કરતાં ન ખોલવામાં જ ડહાપણ માને એમાં નવાઈ નહોતી.

આવનાર વિધર્મી જ હશે. તો જ એને મારવા આ વિસ્તારના વરુઓ એની પાછળ પડે એ વાત તો યુવતી બરાબર સમજતી હતી. છતાં વધારે વિચાર કરવાનો સમય જ નહોતો. બહાર રહેલી વ્યક્તિ તો મૃત્યુના દ્વાર પર ઊભી હતી ! શું કરવું ? જોકે રોજ રોજ બુઝાતા માણસાઈના દીવા વચ્ચે હજીય ક્યાંક ક્યાંક કોડિયાં ઝાંખી જ્યોતે ય ઝળહળતાં હતાં. આ યુવતીના દિલની જ્યોત પણ બુઝાઈ નહોતી.એટલે એણે ગણતરીપૂર્વક સાહસ કર્યું. ભલે પોતે એકલી હતી, યુવાન હતી, છતાં પરવરદિગારમાં વિશ્વાસ રાખી એ યુવતીએ બારણાની સ્ટોપર ખોલી. અધખુલ્લે દરવાજે બહાર ઊભેલા આગંતુક પર એણે નજર નાખી. થરથર કાંપતો હતો એ

યુવાન પુરુષ ! બે હાથ જોડી કરગર્યો : 'બેન, તમે જે હો તે, પણ મને બચાવો.... પ્લીઝ, મને અંદર આવવા દો.. પેલા લોકો હથિયારો લઈને મારી પાછળ પડ્યા છે. પ્લીઝ... મારો દીકરો...'

યુવતીએ ઈશારાથી પેલાને ચૂપ રહેવા સૂચવ્યું. 'કશો દગો તો નહિ હોય?' એવા સાવચેતીના વિચારને એણે ક્ષણમાં ખંખેરી નાખ્યો ને નિર્ણય લીધો. નિર્ણય લેવો પડ્યો નહિ તો બહાર પેલો રહેંસાઈ જાય.

યુવતીએ બારણું ખોલી પેલાને અંદર લીધો ને તરત જ બંધ કરી દરવાજે સાંકળ મારી દીધી. અંદર આવેલા પુરુષમાં તો બોલવાના ય હોશ નહોતા ! એ તો હજીય પારેવડાની જેમ ફફડતો હતો !

યુવતીએ સામી ખુરશી તરફ આંગળી ચીંધી પેલાને બેસવા સૂચવ્યું. એ અધ્ધર શ્વાસે બેઠો. પેલી યુવતીએ ધીરેથી એને પાણી આપ્યું. પણ એક ઘૂંટડો એણે પીધો ન પીધો ત્યાં જ કોઈએ બારણું ખખડાવ્યું. પેલો અજાણ્યો યુવાન તો કૂદીને ટેબલ પાછળ કોકડું વળી ભરાઈ ગયો. પોતાના નાક પર આંગળી મૂકી યુવતીએ એને ચૂપ રહેવા સૂચવ્યું. ને થડકાટભર્યા સ્વરે પૂછ્યું : 'કોણ?'

'એક કાફર અભી યહાં સે ભાગા હૈ,' બહારથી ગુસ્સાભર્યો અવાજ આવ્યો : 'કહીં આપકે ઘર મેં તો નહીં ઘૂસા હૈ વો?'

'નહી ભૈયા, ખુદા ખેર કરે,' યુવતી વિશ્વાસ પડે તેમ બોલી : 'યહાં તો કોઈ નહીં આયા.'

'સચ કહતી હો ન?' એક જણે સાશંક ભાવે પૂછ્યું.

'દેખો બહન...' બીજાએ જરા ધમકીની ભાષામાં કહેવા કર્યું. પણ એને અધવચ્ચે જ ટોકતાં યુવતી બોલી : 'મૈં જૂઠ ક્યોં બોલુંગી ભૈયા?' 'ભૈયા' શબ્દમાં રહેલા પોતાપણાના ભાવથી જ બહાર ઊભેલા લોકોને વિશ્વાસ પડ્યો. એમાંય વળી એકે તો કહ્યું :



'અરે, યહ તો અપની દાક્તર સાહીબા હૈ, વહ જૂઠ નહીં કહ સકતી.'

'હાં તો ચલો' ત્રીજાએ કહ્યું ને ખુન્નસભર્યા એ બધા આગળ દોડયા.

યુવતીની વાત પેલા ખૂનીઓને ગળે ઊતરી ગઈ ને એ લોકો વિદાય થઈ ગયા એ જાણી પેલા યુવાનનો શ્વાસ હેઠો બેઠો.

'ઠીક હૈ, ઉધર ભાગા હોગા,' કહી આગળ દોડતા એમના પગલાંનો ધબ... ધબ... ધબ... અવાજ સાંભળી યુવકે ધીરેથી ભગવાનનો પાડ માન્યો : 'હે પ્રભુ !'

'બહાર આવો ભાઈ,' હજીય ટેબલ પાછળ લપાયેલા પેલા આગંતુકને યુવતીએ ધીરેથી કહ્યું. ને બીજી વાર જીવતદાન પામેલો યુવાન ધડકતા દિલે ટેબલ પાછળથી બહાર આવ્યો. યુવતીએ એને ફરી પાણી આપ્યું. પછી સહેજ ઠપકાના ભાવથી કહ્યું :

'આવા તોફાનમાં અત્યારે રાત્રે કેમ બહાર નીકળ્યા છો?'

'બહેન, ટૂંકમાં કહું :' કહેતા પેલા યુવાને કહ્યું : 'મારા પાંચ વર્ષના દીકરાને સખત તાવ છે. લગભગ ૧૦૩ હતો. એ બેભાન જેવો છે. દવા આપી, પણ અસર નથી. એટલે મૂર્ખાઈ ગણો તો મૂર્ખાઈ, પણ આટલામાં નજીકમાં કોઈ ડૉક્ટર છે એવો આછો ખ્યાલ હતો, એટલે ગભરામણ છતાં ભગવાનમાં વિશ્વાસ રાખી એક પિતા પોતાના દીકરાનું જીવન બચાવવા 'જે થાય તે ખરી'ના ભાવ સાથે બહાર નીકળ્યો હતો. પણ મારી પત્નીનો ડર સાચો પડ્યો. હું મવાલીઓની નજરે પડી ગયો ને ફસાઈ ગયો. નાઠો ... અત્યારે જીવતો છું એ આપના જ પ્રતાપે બહેન.

'ક્યાં રહો છો ?' યુવતીએ પૂછ્યું. એણે સરનામું લખી લીધું. પોતાના ઘરથી એ બહુ દૂર તો નહોતું.

'જુઓ, ભાઈ,' માનવતાભર્યા ભાવથી પેલી નિરાભિમાની યુવતી

બોલી : 'બધો પ્રતાપ ભગવાનનો છે.'

'પણ બહેન...'

'હવે હું કહું તે સાંભળો !' વચ્ચે જ યુવતીએ કહ્યું : 'હું ડૉક્ટર છું એ જાણો છો?'

'હેં ! સાચે જ !?' આશ્ચર્યભાવે યુવાને કહ્યું : 'તો તો બહેન, હું દેવને દ્વારે આવ્યો છું.'

'દેવની વાત તો દૂર ભાઈ,' યુવતી બોલી : 'આપણે માણસ બનીએ તોય ઘણું.'

'પણ બહેન...'

'હવે મુદ્દાની વાત સાંભળો,' કહી યુવતીએ સમજાવ્યું : 'તમારા દીકરાનું જીવન અગત્યનું છે... એ માટે જ હવે કશું કરવાનું વિચારવું જોઈએ.'

'તમારી વાત સાચી છે બહેન, અત્યાર સુધીમાં તો એ બિચારાનું શું ય થયું હશે,' રડમશ અવાજે યુવાને કહ્યું : 'પણ આવા વાતાવરણમાં હું અત્યારે કરું પણ શું?'

થોડીવાર સ્તબ્ધતા છવાઈ. ઉચાટ અને ગ્લાનિભર્યા વાતાવરણમાં બંને જણ પોતપોતાની રીતે વિચારતાં હતાં. એક માંદા પુત્રનો લાચાર પિતા હતો, બીજી માનવતા ભરી, ફરજના ભાન વાળી ડૉક્ટર સ્ત્રી હતી. માહોલ જ એવો હતો કે બહાર નીકળવાની કોઈ હિંમત જ ન કરે ! છતાં થોડીવારે પેલા યુવકે વિચારપૂર્વક કહ્યું :

'બહેન, તમો તો ડૉક્ટર છો.' એના કથનમાં ઊંડે ઊંડે ય આશાનો અંકુર હતો.

'હા.' યુવતી ગૂંચવાતી બોલી. લાગતું હતું કે એ ઊંડા વિચારમાં હતી. સ્વાર્થી લોકોની વાત જુદી છે. બાકી, ફરજનિષ્ઠોને તો જીવનમાં



ધર્મસંકટ ઘણી વાર આવે. અત્યારે આ ડૉક્ટર યુવતી પણ એવા ધર્મસંકટમાં હતી. ત્યાં જ પેલો યુવક આંખમાં ઝળહળિયાં સાથે બોલ્યો :

'તો બહેન, એક માતા પર દયા કરો, એના પુત્રને બચાવી લો... મારી પત્ની તો સતત ચોધાર આંસુએ રડે છે... મારા પર નહીં તો એના પર રહેમ કરો બહેન... ભગવાન તમને એનો ઘણો મોટો બદલો આપશે...' એક પિતા પોતાના વહાલસોયા પુત્રના જીવન માટે કરગરતો હતો.

દરમિયાન પેલી યુવતીએ પણ નિર્ધાર કરી લીધો : 'જે થાય તે... આખરે તો હું એક ડૉક્ટર છું... જોખમ ઉઠાવીને ય મારે મારી ફરજ બજાવવી જોઈએ.'

આમ વિચારતી ડૉક્ટરને પેલા યુવાને કહ્યું : 'બહેન, તમે મને તો જીવતદાન આપ્યું જ છે.. અત્યારે બહુ ઓછા લોક આવું કરે... પણ હવે મારા દીકરાને બચાવવાની દયા કરો.'

'એમ ન બોલો ભાઈ,' સમાભાવપૂર્વક યુવતીએ કહ્યું : 'થોડી ધીરજ રાખો. જુઓ, હું અત્યારે તમારા દીકરાની દવા માટે જાઉં છું... મારા સ્કૂટર પર તમને પાછળ બેસાડી લઈ જવામાં અત્યારે જોખમ છે. પણ તમારા દીકરાને હું દવા આપી આવું છું... અત્યારે સવારના સાડા-ચાર થવા આવ્યા છે... હું આવીશ ત્યાં સુધીમાં સવાર થવા આવશે ત્યાં સુધીમાં બહાર કદાચ વાતાવરણ પણ સુધરશે. એટલે હું તમને નજીકના પોલીસ પોઈન્ટ પર મૂકી આવીશ, જે તમને સલામત રીતે ઘેર પહોંચાડશે.'

'ભલે બહેન, તમારી બહુ મોટી કૃપા થશે,' આભારવશ યુવક બોલ્યો.

'તમે આવું બોલી મને શરમાવો નહિ', સહજભાવે યુવતીએ કહ્યું : 'હું તો ફક્ત મારી ફરજ બજાવવાનો જ પ્રયત્ન કરું છું.'

'ધન્ય છો બહેન તમે.'

'પણ જુઓ, હું બહાર તાળું મારીને જઈશ. જેથી કોઈને કશો વહેમ ન પડે અને તમને કોઈ હેરાન ન કરે.' ડૉક્ટરે કહ્યું ને ઝટ એમણે જવાની તૈયારી કરી લીધી.

'ભલે બહેન' કહેતો પેલો યુવક તો આ માણસાઈથી ભરી ભરી ડૉક્ટર બહેનને આશ્ચર્યથી જોઈ જ રહ્યો ! 'ક્યાં શહેરમાં એકબીજાનાં અકારણ ગળાં કાપતા ઘાતકી. લોકોને ક્યાં દયાની દેવી જેવી આ યુવતી ? મને તો એણે જીવતદાન આપ્યું જ છે, પણ મારા દીકરાની દવા માટે આવા માહોલમાં જોખમ ખેડીને જાય છે... ભગવાન હજીય ખરેખર આપણી વચ્ચે જ વસે છે...' આમ વિચારતા એ યુવકની આંખો કૃતજ્ઞતાનાં આંસુ સારી રહી.

'હિંમત રાખો ભાઈ, ખુદા રહેમ કરશે.' કહેતી એ ડૉક્ટર યુવતીએ પોતાની બેગ હાથમાં લીધી ત્યારે પેલા યુવકથી કહી દેવાયું :

'પણ બહેન, આવા વાતાવરણમાં બહાર જવામાં તમારા માટે પણ જોખમ તો ખરું ને?'

'ખુદા કરશે તો મને કાંઈ નહિ થાય, ચિંતા ન કરો.' ડૉક્ટરે વિશ્વાસપૂર્વક કહ્યું.

વાતાવરણમાં અને વાતચીત પરથી યુવાન સમજી તો ગયો જ હતો કે ડૉક્ટર વિધર્મી છે. તો પછી પોતેય એમને ભ્રમમાં ન રાખવા જોઈએ એમ વિચારી એ બોલ્યો :

'બહેન, હું તો હિંદુ...'

પણ નાક પર આંગળી મૂકી યુવતીએ એને શાંત રહેવા સૂચવ્યું. 'રખે કોઈ સાંભળી જાય' એવા ડરથીસ્તો.

પછી ધીરેથી એ બોલી : 'આપણે બંને માણસ છીએ, અને હું તો



વળી ડૉક્ટર છું.આપણામાં જો માનવતા ન હોય તો આપણે બધાં પશુથીય બદતર ગણાઈએ.'

'તમે ધન્ય છો બહેન', કહેતો યુવાન બારણું ધીરેથી ખોલી બહાર જતી એ ડૉક્ટર યુવતીને અહોભાવથી જોઈ રહ્યો, ત્યારે બારણું બંધ કરતાં ડૉક્ટરે એને ધીરેથી કહ્યું : 'Take Care (કાળજી રાખજો)'. એ યુવકને ત્યારે એ ડૉક્ટર યુવતીમાં પોતાની આરાધ્યદેવી મહાલક્ષ્મીજીના દર્શન થયાં ! ત્યારે ત્યાં કોઈ હિંદુ નહોતું. કોઈ મુસલમાન નહોતું. હતું તો માત્ર માણસાઈથી ભર્યુંભર્યું વાતાવરણ !

જો કે યુવતીના ગયા પછી તો બંધ ઘરમાં એકલા રહેલા યુવાનના મનમાં ખા..સ્સી ગડમથલ ચાલી : 'મુસ્લિમ મહોલ્લો... એમાં એક અજાણ્યા ઘરમાં પોતે એકલો... બહાર શાંત છતાં ભયાનક ભાસતું વાતાવરણ... ઘેર દીકરાની માંદગી.. દયાળુ ડૉક્ટરનું એની સારવાર માટે જવું...!' કંઈ કેટલાય ઊલટસૂલટી વિચારોથી એનું મગજ ભમી ગયું. ત્યાં જ બારણું ખખડ્યું ને એ ચમકીને ઊભો થઈ ગયો ! 'કોણ હશે?' એવા એના માનમાં ઊઠેલા પ્રશ્નના જવાબમાં પેલી ડૉક્ટર યુવતીએ બારણું ખોલી અંદર આવીને ઝટ એ વાસી પણ દીધું. આશ્ચર્ય અને ચિંતાના મિશ્ર ભાવથી યુવક એના તરફ જોઈ રહ્યો. ડૉક્ટર કશું કહેશે એવો પ્રતીક્ષા-ભાવ એની નજરમાં હતો. લગભગ પચાસેક મિનિટમાં પાછાં આવી ગયેલાં ડૉક્ટર બહેને હળવાશથી કહ્યું :

'કશી ચિંતા ન કરશો ભાઈ, તમારા શ્રેયસ્‌નો તાવ હવે થોડીવારમાં જ ઊતરી જશે... મેં દવા ઈન્જેક્શન વગેરે આપ્યાં છે અને આ પ્રિસ્ક્રિપ્શન છે. સવારે બીજી દવાઓ લાવી શ્રેયસ્‌ને નિયમિત આપજો. બે-ત્રણ દિવસમાં તો એ રમતો-દોડતો જઈ જશે.'

'તમારો આભાર ક્યા શબ્દોમાં માનું બહેન? તમે તો...'

'કશી ઔપચારિકતાની જરૂર નથી ભાઈ,' ડૉક્ટરને શોભે એવી

મીઠી વાણીમાં યુવતીએ કહ્યું : 'આભાર તો આપણે ઉપરવાળાનો માનવો જોઈએ. માણસાઈના દીવા પ્રગટાવવાની તક એ જ આપણને આપી શકે.'

'વાહ બહેન વાહ,' અર્ધા અર્ધા થઈ જતા યુવાને સંકોચાતાં કહ્યું : 'તમારી સેવા ને ઉપકારનો બદલો તો હું જીવનમાં ક્યારેય નહિ ચૂકવી શકું… ખરેખર તમારામાં આજે મને એક દેવીનાં દર્શન થયાં, બહેન…'

'જુઓ ભાઈ, આમ બોલીને તમે મને શરમાવો છો,' કહી ડૉક્ટરે વાતને સ્વાભાવિક કરવા ઉમેર્યું : 'શ્રેયસ્ સારો થાય પછી એને એક દિવસ અહીં લઈ આવજો.'

'જરૂર બહેન, જરૂર' કહેતાં યુવકે ઉમેર્યું : 'તમારું ઘર તો અમારા માટે પવિત્ર યાત્રાધામ બની રહેશે.'

આ સાંભળી યુવતી પ્રસન્નાપૂર્વક હસી ત્યારે સંકોચાતા યુવકે કહ્યું: 'બહેન તમારી ફી…'

'જુઓ ભાઈ,' વચ્ચે જ ડૉક્ટર યુવતીએ કહ્યું : 'પૈસા કામવા માટે તો આખી જિંદગી પડી છે, પણ માણસને માણસ થવાની તક ક્યારેક જ મળે છે. આજે મને એ તક મળી એથી હું પરવરદિગારની અહેસાનમંદ છું.'

'બહેન, તમારા જેવાં માણસો બધાં તો ન હોય,' પેલા યુવકે ધન્યતા અનુવતાં કહ્યું : 'પણ દસ ટકા માણસોમાં ય તમારા જેવા સંસ્કાર ને માણસાઈ હોય તો આ જગત સ્વર્ગ બની જાય.'

'એ સ્વર્ગનો અનુભવ થાય ત્યાં સુધી તો આપણે આપણી આ દુનિયામાં જ જીવવું પડશે ને ભાઈ ?' કહેતાં ડૉક્ટરે વાસ્તવિક દુનિયાની વાત કરતાં ઉમેર્યું : 'જુઓ, હવે સવાર થવા આવી છે… બહાર જવામાં હવે ખાસ વાંધો લાગતો નથી. એટલે ચાલો, બને તો હું તમને તમારા ઘેર જ પહોંચાડી દઉં. '



પેલો યુવક તો આ બહાદુર, પરોપકારી, માનવતાવાદી યુવતીને આભો બની જોઈ જ રહ્યો. પછી ડૉક્ટરે બારણું ખોલીને કહ્યું :

'ચાલો.'

'જી.' કહેતો યુવક ડૉક્ટરને અનુસર્યો.

યુવતીએ સ્કૂટર સ્ટાર્ટ કરી એને પાછળ બેસી જવા સૂચવ્યું ને જોતજોતામાં ચાર-પાંચ મિનિટમાં તો સ્કૂટર યુવકના ઘર પાસે જઈને ઊભું રહ્યું. યુવક તો નીચે ઊતરી ડૉક્ટર બહેનના પગમાં પડી ગયો ને બોલ્યો : 'બહેન ઘરમાં તો આવો!'

'અરે ભાઈ, આ શું કરો છો?' કહેતી યુવતીએ યુવાનનો હાથ ઝાલી ઊભો કર્યો ને ઉમેર્યું : 'ઘેર ફરી કદી શાંતિથી આવીશ.'

'તમે તો સાક્ષાત્ દેવીનો અવતાર છો બહેન', કહેતો યુવક કૃતજ્ઞભાવે ડૉક્ટર યુવતીને વંદી રહ્યો હતો !

'ભાઈ, મેં તો મારી ફરજ બજાવી છે.' નમ્રતાથી ડૉક્ટરે કહ્યું : 'એક વાત યાદ રાખો : દુનિયામાં તો ઈષ્ટ ને અનિષ્ટ વચ્ચે ગજગ્રાહ ચાલ્યા જ કરવાનો, પણ આપણે સૌ માણસ મટી પશુ બની જઈશું તો આ જગત જીવવા જેવું નહિ રહે. આપણે તો આ જગતને યુગો સુધી ટકાવવાનું છે. પછી માણસ મટી ગયે કેમ ચાલશે?'

'વાહ બહેન વાહ.' કહેતાં યુવકે ઉમેર્યું : 'ચાતો પીને જાવ બહેન.'

'ફરી ક્યારેક શાંતિથી મળીશું' યુવતી બોલી : 'અત્યારે તો મારે પણ ઘેર પહોંચી જવું જોઈએ.'

ને સ્કૂટર સ્ટાર્ટ થતાં 'આવજો બહેન, ખૂબ ખૂબ આભાર' કહેતા યુવાન તરફ હાથ કરી 'આવજો' કહી ડૉક્ટરે વિદાય લીધી ત્યાં જ હર્ષઘેલી શ્રેયસ્‌ની માતા બહાર આવી ને બોલી : 'આવી ગયા તમે ? આપણા શ્રેયસ્‌ને હવે ઘણું સારું છે હોં, પેલાં બહેન…'

'પ્રેમા, એ બહેન નહિ, દેવી હતાં,' પતિએ પત્નીને ડૉક્ટર બહેનનો પરિચય આપતાં કહ્યું.

'દેવી?' આશ્ચર્યથી પત્નીએ પૂછયું : 'એ તો ડૉક્ટર હતાં ને?'

'ડૉક્ટરો તો શહેરમાં ઘણા છે પ્રેમા,' પત્નીને એ ડૉક્ટર યુવતીની મોટાઈના ખ્યાલ આપવા પતિએ કહ્યું : 'પણ આવા વાતાવરણમાં જીવના જોખમે મને અને આપણા શ્રેયસ્‌ને બચાવનાર એ ડૉક્ટર દેવી નહિ તો બીજું શું કહેવાય ?'

ડૉક્ટરની પ્રેમાળ માનવતાનો અનુભવ તો પ્રેમાને પણ થયો જ હતો, પણ પતિએ પછી માંડીને બધી વાત કરી ત્યારે તો એને પણ ડૉક્ટર બહેન સાક્ષાત્ દયાની દેવી જ લાગ્યાં ! પતિ-પત્ની ડૉક્ટર વિષે આવી વાતો કરતાં હતાં તે સાંભળી પથારીમાં સૂતેલો શ્રેયસ્ મરક મરક હસતો બોલ્યો : 'પપ્પા, એ ડૉક્ટરે તો મને ઈન્જેકશન આપીને ચીસ પડાવી હતી. હા, પણ એથી મને સારું થઈ ગયું. કેમ મમ્મી?'

'હા બેટા,' કહી પુત્રને માથે સંતોષથી હાથ ફેરવતાં માતા-પિતા ડૉક્ટરની મોટાઈને મનોમન વંદી રહ્યાં !

ત્યારે સૂર્યોદય થવાની તૈયારી હતી ને પૂર્વમાં ઉષાનો સિંદૂરિયો રંગ રેલાઈને વાતાવરણને દિવ્યતા અર્પતો હતો ! એ રંગ કદાચ ડૉક્ટરની મૂઠેરી ઊંચાઈના પ્રતીક હતા કે માનવીના સુખદ ભાવિનો એ સંકેત હતો ? કદાચ એ બંને હશે. સત્કર્મની સુવાસ હંમેશા દિવ્યતા રેલાવી નવી આશાનો સંચાર કરે છે. જીવન એથી જ જીવવા જેવું લાગે છે.

❑ ❑ ❑



## ૧૦. ગોકુળિયું ગામ

કનુએ ભણવાનું શરૂ કર્યું ત્યારે તો એના નાનકડા ગામમાં ગામઠી શાળાય નહોતી. પણ પિતાની કાળજીને કારણે સગાં-વહાલાંને ત્યાં શહેરમાં રહી એ મેટ્રીક પાસ થયો ત્યારે એના ગામમાં તો આશ્ચર્યનું મોજું ફરી વળ્યું હતું. એ પછી એ કોલેજમાં ય દાખલ થયો. જોત જોતામાં બીજા ચાર વર્ષ વીતી ગયાં અને એ ગ્રેજયુએટ થઈ ગયો. પરંતુ પછી પિતાની વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયતને કારણે એણે શહેરમાં નોકરી કરવાને બદલે પોતાના ઘેર વતનમાં રહેવા આવી જવુંપડ્યું. પરંતુ શહેરમાં ભણતા કનુને ગામમાં રહેવાનું જરાય મુશ્કેલ ન લાગ્યું. ઉલટું, એનું તો એથી આનંદ થયો, કારણકે રજાઓ પુરી થતાં ઘર છોડી જ્યારે એને શહેરમાં જવુ પડતું ત્યારે એનું હૃદય વલોવાઈ જતું. શહેરમાં રહ્યા છતાં એને મન પોતાના માતા-પિતા અને નાનકડાં ગામમાં ગૂમ થયેલું રહેતું હતું. અલબત્ત, માતા પિતાનો જીવ બળે તેથી પોતાનું દુઃખ એ કળાવા દેતો નહિ. એને પોતાના કરતાં એ ગામમાં રહેતું કૂતરું ય વધુ સુખી લાગતું હતું ! કનુનો આવો વતન પ્રેમ આટલા વર્ષેય અકબંધ હતો. એટલે ડીગ્રી મેળવી માતા પિતાની વૃધ્ધાવસ્થામાં એને ઘેર પાછા ફરવું પડ્યું ત્યારે એને ખૂબ આનંદ થયો. વૃધ્ધ માતા-પિતાની સેવા થશે અને એને પોતાના ગોકુળિયા ગામમાં રહેવાનું મળશે. શહેરની જૂઠી ઝાકઝમાળથી ત્રાસેલા કનુ માટે તો જાણે આદર્શ જીવનના બંધ દરવાજા ઓચિંતા ખૂલી ગયા !

પણ એને ખ્યાલ હતો અને થોડાક અનુભવે ખાત્રી થઈ ગઈ કે નિબંધો કે કવિતાઓમાં વાંચેલા આદર્શ ગોકુળિયા ગામનો ભાગ્યે કોઈ અંશ આજના વિજ્ઞાન યુગના ગામડામાં રહ્યો હતો. હા, ભાવનાઓ મરી ગઈ નહોતી. પાણી વગર છોડ કરમાય તેમ એ કુંઠિત થઈ ગઈ હતી. છતાં કોઈ સારો માળી મળી જાય તો ગામડાં ફરી નંદનવન બની જાય એવો કનુને વિશ્વાસ હતો. કોઈ તપસ્વી મળી જાય અને અંજલિ છાંટે તો ઈર્ષા,

કુસંપ, કુરિવાજો, અજ્ઞાનતા, ગરીબી અને દુર્વ્યસનો જેવા ગામડાના અનેક રોગ દૂર થઈ જાય એવી એને શ્રદ્ધા હતી. એટલે માત્ર માતા-પિતાની જ નહિ, પોતાના વ્હાલા વતનની સેવા કરવાના અરમાન સાથે શહેર છોડી એ ગામડામાં આવ્યો - દૃષ્ટિ, આશા, ઉત્સાહ અને યોજનાઓ લઈને આવ્યો ! એના પિતાની પાસે માંડ દસ એકર જમીન હતી. પણ કનુએ ઉત્તમ બિયારણ, છાણિયા અને રાસાયણિક ખાતરના પ્રમાણસર ઉપયોગ, જંતુનાશક દવાના વિચારપૂર્વક છંટકાવ, સિંચાઈ અને જમીનની પ્રત પ્રમાણે વાવેતર જેવા પ્રયોગ દ્વારા ખંતપૂર્વક ખેતી કરી પ્રથમ વર્ષે જ લોકોને આશ્ચર્ય થાય એવો ઉત્તમ પાક મેળવ્યો. એના વૃદ્ધ પિતાએય કહ્યું : 'બેટા, મારી હાંભરમાં આવી ખેતી આપણે ક્યારેય નથી પાકી ! તેં આશ્ચર્ય થાય એવો ઉત્તમ પાક મેળવ્યો !' પણ પાકે જ ને ? પરોઢિએ ચાર વાગે તો કનુ ઊઠી જતો. બે બળદ, બે ભેંસ અને એક ગાય તથા ચાર નાના પાડાં-વાછરડાં એ એનું જાણે બીજું કુટુંબ હતું. વહેલો ઊઠી ઢોરને ઘાસ નીરી એ પોતાની દિનચર્યા શરૂ કરતો. પોતાના પશુઓ પર એ બાળકો જેવો પ્યાર રાખતો. એ કદી ભૂખ્યાં ન રહે એની પુરી કાળજી રાખતો. પોતાના ચાકર અને મજૂરને પુરો પગાર અન રોજી આપતો. એમની સાથે ખેતરમાં રહી, કામમાં ય થોડી મદદ કરી, રસિક વાતો દ્વારા એમને આનંદ કરાવતો. એથી કામ બોજારૂપ ન બનતું, ને મજૂરો ઉત્સાહથી સારું ને વધારે કામ કરતાં. એમનાં અંગત જીવનમાં રસ લઈ કનુ એમની કૌટુંબિક મુશ્કેલીમાં ય મદદરૂપ થતો. આથી મજૂરો બીજે જવા કરતાં એને ત્યાં મજૂરી જવાનું પસંદ કરતાં. ગામના બીજા જમીનદારો અને મજૂરો વચ્ચે જ્યારે અનેક પ્રકારના નાના-નાના ઝઘડા થતા ત્યારે કનુને ચાકર-મજૂરો સાથે એક પ્રકારનો કૌટુંબિક નાતો બંધાયો હોઈ કદી મનદુઃખ પણ ન થતું.

ગામના મોટા ખેડૂત ઝવેરકાકાએ તો એક દિવસ ગમ્મતમાં કહ્યું પણ ખરું : 'અલા કનુ, મારાં બેટાં આ મજૂરોને અમારે ઘેર મજૂરીએ આવતાં



ટાઢ વાય છે ને તારે ઘેર તો હોંશે હોંશે આવે છે, એનું હું કારણ? કાંઈ મંતર બંતર જાણે છે કે હું તું?'

'હા કાકા,' હસતાં હસતાં કનુએ કહ્યું : 'મંતર વગર કોઈ થોડું જ વશ થાય છે?'

'તો એવો મંતર અમને ય શીખવને ભઈલા,' વૃદ્ધ મથુર પટેલ બોલ્યા : 'આ રોજના હૈયા શેકણાં મટે.'

'માણસ સાથે માણસની રીતે સમભાવથી વર્તવાનો એ પ્રેમમંત્ર છે કાકા. હું અને તમે બધા જ એમ કરી શકીએ છીએ.' કનુએ હકીકત કહી.

ગામના લોકોને સ્ત્રીઓ, પુરુષો, યુવાનો, વૃદ્ધો સૌને કનુ માટે માનની લાગણી હતી. ઘણાંને માટે તો હવે એ કનુભાઈ કે કનૈયો બન્યો હતો. એના આદર્શ, મહેનતું જીવનનો માતા-પિતા પોતાના સંતાનોને દાખલો આપતાં. એના વિનય-વિવેકને કારણે વૃદ્ધો એના પર વારી જતા. રોજ વર્તમાનપત્ર વાંચી એ દુનિયાભરની નવાજૂની લોકોને કહેતો. એનો સૌષ્ઠવભર્યો દેહ અને સોહામણો ચહેરો યુવાનો-યૌવનાઓને મોહક લાગતો. એની સાથે વાત કરતાં સૌ ધન્યતા અનુભવતાં. આવા સંસ્કારી પુત્રનાં કોઈ વખાણ કરતું ત્યારે વૃદ્ધ માતા-પિતા ઉપર હાથ કરી 'એની દયાનો પ્રતાપ' કહેતાં.

લગ્ન માટે આવતાં અનેક માગામાંથી મા-બાપની ઈચ્છા અનુસાર પોતાને ગમતી એક સંસ્કારી કન્યા સાથે કનુએ લગ્ન તો કર્યાં. પણ દહેજ લેવાનો તેણે ઈન્કાર કરી સૌને આશ્ચર્યમાં નાખી દીધાં. સમજુ લોકોએ આનાં વખાણ કર્યાં તો કોઈ અભિમાનીએ ટીકાય કરી : 'કોઈ આપે તો લે ને!' પણ કનુએ પોતે તો એક સારું કામ કર્યાનો સંતોષ લીધો. કોઈની ટીકાની એણે દરકાર ન કરી.

પરંતુ કનુ માત્ર પોતાનાં સુખશાંતિમાં રાચનાર યુવાન ન હતો. ગાંધીજી અને તિલક, સુભાષ અને ભગતસિંહ, સરદાર અને જવાહર જેવા દેશપ્રેમી નેતાઓ વિષે એણે વાંચ્યું હતું. 'સેવા કરવી હોય તો ગામડામાં જાવ'ના ગાંધીજીના આદેશનો મર્મ એ સમજ્યો હતો, એટલે એને પણ પોતાના ગામના લોકો સુખ, શાંતિ ને આબાદી મેળવે એવી ઈચ્છા હતી, અને એ માટે કાંઈક કરી છૂટવાની એને તમન્ના હતી. બાર માસના ગ્રામ્ય જીવનના અનુભવથી એણે જોયું કે ગામમાં ઈર્ષા, કુસંપ છે. ગરીબી, વ્યસનો, આળસ અને રોગ પણ છે. લોકો અભણ અને અજ્ઞાન છે. આ બદીઓ ક્રમશઃ ઓછી કરવાના યોજનાબદ્ધ પ્રયત્નો કરવા જોઈએ એમ કનુને સહેજે સમજાયું. એણે વિચારપૂર્વક પ્રથમ પાંચ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા નક્કી કર્યું. નશાબંધી, કુટુંબ નિયોજન, નિશાળ,નળ અને કુરિવાજોની નાબુદી. આ માટે એણે ગામના થોડા સમજુ યુવાનોનો સાથ લીધો. મહાદેવના પૂજારી લક્ષ્મણગીરી અને ગામના તલાટીએ પણ એના વિચારોને આવકારી સાથ આપ્યો.

પણ ઘણાં પ્રસંગોએ કનુની કસોટી પણ થઈ. એના વૃદ્ધ પિતા થોડા દિવસની માંદગી ભોગવી સ્વર્ગવાસી થયા. રિવાજ પ્રમાણે બારમું કરી નાત જમાડવાનો પ્રશ્ન આવ્યો. કનુએ ગામ લોકો ભેગા કરી બારમું કરી ધનધાન્ય વેડફી નાખવાની પોતાની ઈચ્છા નથી તેમ જણાવ્યું.

'તે ભાઈ, બાપુનું બારમું કંઈ રોજ રોજ આવ છે?' મંગુ પટેલે કહ્યું.

'વખત આવે પાછી પાની કરે એ મરદ ન કહેવાય હોં કનૈયા,' શાંતિભાઈ પાણી ચઢાવતાં બોલ્યા.

'કાકા, પાછી પાની કરવાનો સવાલ નથી,' કનુ બોલ્યો : 'હું પૈસા બચાવવા નથી માગતો. તમે સૌ નક્કી કરો એ રકમ હું ગામમાં નિશાળ કાઢવા માટે આપીશ.'



'પણ... પણ મૃતાત્માના મોક્સનું હું બેટા?' વિકૃત સંસ્કૃતમાં ગોર મહારાજે પ્રશ્ન કર્યો.'મોક્સ નહિ, મોક્ષ કહેવાય' એમ એમને કોણ કહે ?

' મહારાજ, જેની પાછળ સારાં કામ કરીએ એનો મોક્ષ થાય જ. કાંઈ લાડુ ખવડાવવાથી થોડો મોક્ષ થાય છે !' કનુએ સત્ય સમજાવ્યું.

થોડીક ગરબડ, વાંધો, વિરોધ, સમજૂતી અને અંતે સૌએ વાત સ્વીકારી. રૂા. ૧૦,૦૦૧/- ગામની નિશાળ માટે કનુએ દાન જાહેર કરી પિતૃ તર્પણ કર્યું.

ગામથી એક માઈલ દૂર નદીએ પાણી જતી સ્ત્રીઓની પીડા પણ કનુને કઠતી હતી. એણે લોકોને સમજાવી સારા, માઠા પ્રસંગોએ જમણવારના ખર્ચને બદલે વારિગૃહની યોજનામાં દાન લઈ, સરકારી મદદ મેળવી, ગામ લોકોના સહકારથી ગામને પાદરે કૂવો તૈયાર કરી, તે પર મોટર મૂકી, દરેક ફળિયામાં જાહેર નળ મૂકાવ્યા. સ્ત્રીઓ તો કનૈયાને 'સો વરસનો થજે' ના આશીર્વાદ દઈ રહી. ચંદાકાકી જેવાં આખાંબોલાંએ તો ગામ વચ્ચે કહી નાખ્યું : 'આખી જિંદગી ચોરે બેહી ચોવટ કૂટી ખાધા વના આ ડોહલાંએ કાંઈ ન કર્યું, તે આજકાલના આ છોરાએ કરી બતાયું. ધન છે કાશીબાની કૂખને!'

ચોમાસામાં રાત્રે ગામ લોકોને રામાયણ વાંચી સંભળાવનાર કનુએ એક દિવસ સ્ત્રીઓ આગળ કુટુંબ નિયોજનની વાત મૂકી દીધી. ઓછા બાળકોના ફાયદા, ભવિષ્યની પેઢીના સુખની વાત, બાળકોના ઉત્તમ ઉછેર અને યોગ્ય કેળવણી તથા સ્ત્રીઓના આરોગ્યના લાભ તેણે વાતવાતમાં વિગતે સમજાવ્યા. એ ઓપેરશનથી જાનના જોખનનો ડર જે સ્ત્રીઓના મનમાં વસી ગયો હતો તે એણે દૂર કર્યો. એથી એના ગામમાં કુટુંબનિયોજનનો કેમ્પ યોજાયો, ત્યારે સો ઉપરાંત ઓપરેશન સહેલાઈથી થઈ ગયાં ! કોઈ માંદું પડતું તો દવા માટે ચાર-પાંચ માઈલ દૂર દવા લેવા

જવું પડતું. અને જયાં માણસ માટે જ દવાખાનું ન હોતું ત્યાં ઢોરના દવાખાનાની તો કલ્પનાય કોને આવે ? પણ ખેડૂત માટે માણસ જેટલું મહત્ત્વ એના ઢોરનું છે એ કનુ જાણતો હતો. સરકાર સાથે લખાપટ્ટી કરી, અધિકારીને રૂબરૂ મળી, ધક્કા ખાઈ એણે માણસો અને ઢોર માટે સરકારી દવાખાનાં શરૂ કરાવવાની ખંતપૂર્વક તજવીજ કરી. એની મહેનત ફળી. થોડા વખતમાં જ બંને પ્રકારનાં દવાખાનાં ઉપરાંત ત્યાં પ્રસુતિગૃહ પણ શરૂ કરવાનાં સરકારના નિર્ણયના કાગળ આવી ગયા !

લોકશાહીમાં લોકો જાગૃત હોય તો ક્યા લાભ નથી મેળવી શકાતા?

પોતાના એક જૂના ઘરમાં એણે બાળકો માટે સ્કૂલ તો ક્યારની શરૂ કરી દીધી હતી. પછી થોડા પૈસાના દાન લઈ આવી, સરકારી મદદ અને ગામ લોકોના શ્રમ વડે કનુએ ગામની ભાગોળે બે ઓરડાનું મકાન શાળા માટે બંધાવી દીધું ! ફળિયામાં રખડતાં,ઝઘડતાં બાળકો હવે નિયમીતપણે હર્ષભેર શાળામાં જતાં થયાં. તે જોઈ માતાઓ તો હરખભેર કહેતી : 'આપણી જેમ આપણાં છોકરાં હવે અભણ નહિ રહે.' કનુની ના છતાં લોકોએ એના પિતાના નામ પરથી શાળાનું નામ 'પરથમભાઈ પટેલ પ્રાથમિક શાળા' રાખ્યું ! 'પાકે ઘડે કાંઠલા ન ચડે' કહેતા શંકર પટેલ પણ હવે રાત્રે પ્રૌઢ શાળામાં અમસ્થા જવા લાગ્યા તેથી દસ દિવસમાં કક્કો લખતા થઈ ગયા ! કનૈયાનો જાદુ સૌને સ્પર્શી ગયો !

દારૂ પી શરીર અને ધન બરબાદ કરી બદલામાં કલહ, અશાંતિ, રોગ અને કુટુંબનો સર્વનાશ નોતરતા લોકોને સમજાવવા કનુએ ખૂબ પ્રયત્ન કર્યા. કેટલાકે એની સલાહથી શરાબ ત્યાગ્યો ય ખરો. છતાં કોઈકને માટે જરૂર પડે કનુએ પોલીસના સહકાર દ્વારા કાયદેસરની કાર્યવાહી પણ કરાવી. આમાં કેટલીકવાર એને ગાળો અને અપજશ પણ મળતાં. પણ કનુએ આવા વખતે ખૂબ મક્કમતા બતાવી. દારૂડિયા પતિથી ત્રાસેલી સ્ત્રીઓને તો કનુ દેવદૂત જેવો લાગ્યો. ગામમાંથી દારૂના દૈત્યે વિદાય લીધી !



એક દિવસ મથુર મોટાએ પોતાના દીકરાનાં લગ્ન લીધાના સમાચાર સૌને આપ્યા.

'ઘણા આનંદની વાત છે મોટા ભાઈ કેટલી ઉંમરનો છે?' કનુએ સ્વાભાવિક રીતે જ કહ્યું.

'અરે, હજી તો એ માંડ પંદર વરહનો થયો છે બેટા,' કહેતાં ગર્વભર્યું હસતા મથુર મોટા બોલ્યા : 'અમારા દીકરા તો ઘોડિયામાંથી જ ઝડપાયા ! નાતમાં મથુર મોટાનું નામ કાંઈ નાનું છે?'

આ સાંભળી કનુને આશ્ચર્ય અને દુઃખ બંને થયાં. 'આ તો બાળ-લગ્ન કહેવાય.' એણે વિચાર્યું.

એ બોલ્યો : 'મોટા, બાળલગ્ન કરવા તૈયાર થયા છો તમે ? અને પાછા એનું અભિમાન કરો છો ?'

એ પછી બાળલગ્નને કારણે અકાળે થતાં વૈધવ્ય, અકાળે આવતા વૃદ્ધત્વ, રોગ, વસ્તીવધારો, કુંઠિત થતી પ્રગતિ વગેરે જેવા અનેક અનિષ્ટો અંગે સમજ પાડી એણે મથુર મોટાને આ લગ્ન હમણાં નહિ કરવા સમજાવી લીધા. શરૂમાં મોટાએ હઠ કરી. પણ કનુએ તો એમને પણ કહ્યું કે, ''મોટા, દીકરીનાં લગ્ન અઢાર વર્ષ અને દીકરાનાં લગ્ન એકવીસ વર્ષ પહેલાં કરવાં એ કાયદાની રીતે પણ ગુન્હો બને છે.'બાળલગ્ન પ્રતિબંધક ધારો' હજી આપણે અહીં કોઈ સમજ્યા નથી કે શું ?''

બધી સમજાવટ અને કાયદાનો ડર વગેરે કારણોસર મથુર મોટા એકના બે થઈ ગયા - માની ગયા એ કનુની વાત ! ગામલોકોને આથી સુખદ આશ્ચર્ય થયું.

કનુએ પછી આ રીતે જ વૃદ્ધ લગ્ન, કજોડાનાં લગ્ન કે એક પત્ની હયાત છતાં બીજાં લગ્ન કરવા સામે પણ લોકમત કેળવી લોકોને એવા અનિષ્ટો ત્યાગવા સમજાવ્યા. કનુની આ બધી વાતો લોકોને ગળે ઉતરી

ગઈ, જેથી આવાં સામાજિક દૂષણો ગામમાં ધીરે ધીરે ઓછાં થવા લાગ્યાં !

આમ ખેડૂતોને ઉત્તમ ખેતી કરવાની રીત, મજૂરોને મહેનત કરી એનો યોગ્ય બદલો મેળવવાનો માર્ગ, માલીકો અને મજૂરો વચ્ચે સહકારની ભાવનાનો ફેલાવો, બાળકોને નિશાળની લગાડેલી લગની, કુરિવાજો અને વ્યસનોનો ત્યાગ, કુટુંબનિયોજનના મહત્ત્વની સમજૂતી વગેરે અનેક કાર્યો દ્વારા કનુએ પોતાના ગામની કાયાપલટ કરવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. છતાં આ દીશામાં હજી ઘણું કરવાનું બાકી છે એની એને જાણ હતી. પણ એને શ્રદ્ધા હતી : એના ગામને એ રાધા ને કૃષ્ણના 'ઘેલા ગોકુળિયા ગામ' ની યાદ અપાવે એવું આદર્શ ગામ બનાવી શકશે. એ કહેતો : 'લોકશક્તિને જાગૃત કરી યોગ્ય માર્ગે વાળવામાં આવે તો શું ન થાય? નદીના પાણી નહેરમાં વાળી દો, પુરના વિનાશને બદલે હરિયાળો પાક મળશે.'

❑ ❑ ❑



## ૧૧. ઝંખના

વાત સાવ સાચી હતી : કમળા શેઠાણીએ જાતે જ આગ્રહ કરી પોતાના પતિ વીરચંદ શેઠને ફરી પરણાવ્યા હતા ! શોક્યનું સાલ કઈ સ્ત્રીને ગમે ? છતાં કમળા શેઠાણી સ્વાર્થી નહોતાં, એટલે એમણે વિચારેલું : 'મને બાળક ન થાય એમાં શેઠ શા માટે સજા ભોગવે? આટઆટલી મિલ્કત છે એમની પાસે, છતાં ભગવાને એનો વારસ ન દીધો. અમે ઘણાંય દાન-ધરમ, દવા-બાધા ને ભુવા જાગરીયા કર્યા, છતાં કરમમાં નહિ તે ક્યાંથી થાય ? શેઠ બિચારા ભલા છે, એટલે કહે ના, પણ એમના મનમાં તો થાય ને ? મારાં કરમમા ન હોય, પણ એ ફરી પરણે તો એમના નસીબે કે કદાચ આવનારીના નસીબે ય સંતાન થાય.'

પણ મનના આવા વિચારો સામે શેઠાણીની બુદ્ધિ એનાથી વિરુધ્ધ દલીલો કરતાં કહેતી : 'શેઠ બીજાં લગ્ન કરશે, તો તારું શું થશે શેઠાણી ? નવી શેઠાણી તને ગણેય નહિ... અને પછી શેઠ કાંઈ અત્યારે છે એવા તારા નહિ રહે હાંકે !'

પણ ગુણિયલ શેઠાણી આ બધી દલીલોનો ઉત્તર એક જ વાક્ય દ્વારા આપી દીધો હતો : મારું જે થાય તે ખરું, પણ શેઠનું નામ રાખનારો આવશે એટલે બસ... અમારા કુળનો વેલો તો ચાલુ રહેશે ને ?.... '

શેઠે શરૂમાં તો કમળા શેઠાણીની વાતને હસી કાઢેલી ને કહેલું : 'મૂકને હવે આટલે વરસે ઘોડે ચઢવાની વાત... કરમમાં નહિ હોય તો બીજાં લગ્ન કરે ય દા'ડો નહિ વળે.' પણ 'આપણું નહિ તો આવનારીનું ભાગ્ય જોર કરતું હોય તો ય વાત બની જાય,' કહી શેઠાણી પારકે તુંબડે તરી જોવાનો પ્રયત્ન કરવા આગ્રહ કરેલો !'

શેઠાણીના આવા આગ્રહને અંતે વીરચંદ શેઠ પંચાવન વર્ષની ઉંમરે બીજી વાર ઘોડે ચઢ્યા !

સદ્ભાગ્યે નવાં યુવાન નંદુ શેઠાણી સ્વભાવના ખરાબ નહોતાં. સગપણમાં શોક્ય છતાં ઉંમરે સાસુપદને યોગ્ય એવાં કમળા શેઠાણીનું મન અને માન બંને તેઓ સાચવતાં. તો શોક્યને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપી કમળા શેઠાણીએ પણ લગભગ નિવૃત્ત જીવન શરૂ કર્યું હતું. પૂછે એનો ઉત્તર આપતાં અને જરૂરી હોય એટલાં જ સલાહ સૂચન આપતાં કમળા શેઠાણી સાથે નવાં શેઠાણીને મનદુઃખ થવાનો પ્રસંગ પણ ન આવતો.

વળી પતિના લગ્ન માટે સ્વેચ્છાએ માર્ગ કરી આપનાર, અરે, આગ્રહ કરી પોતાને પરણાવનાર ગુણિયલ કમળા શેઠાણીને કશું ઓછું ન આવે એની વીરચંદ શેઠ ધાર્મિક ચોકસાઈથી કાળજી રાખતા. જૂનાં શેઠાણીનો માન મરતબો પોતે તો સાચવતા જ પણ નવાં શેઠાણી કે ઘરનાં નોકર ચાકર પણ ક્યારેય એમની અવગણના ન કરે એની શેઠ કાળજી રાખતા. અગત્યના બધાં જ કામોમાં કમળા શેઠાણીની સંમતિ વિના પાંદડું ન હાલે એવો નિયમ વગર કહ્યે ય એ ઘરમાં પળાતો ! કમળા શેઠાણી તો ઠરેલ બુદ્ધિનાં પરિપક્વ ગૃહિણી હતાં અને વળી ત્યાગમૂર્તિ હતાં, પછી ઘરમાં એમની અવગણના કોણ કરે ? અને શા માટે કરે ?

આમ કમળા શેઠાણીને તો કશું જ દુઃખ નહોતું. જો કે હવે એમણે તો પોતાની ધાર્મિક વૃત્તિ વધુ સતેજ બનાવી હતી અને પોતાનો અધિકાંશ સમય દેવસેવા, ભજનકિર્તન કે દાન દક્ષિણા જેવાં પવિત્ર ધાર્મિક કાર્યોમાં ગાળતાં. ધાર્મિક વાચન કે કથાશ્રવણ પણ એમનો પ્રિય શોખ હતો. આવા કમળા શેઠાણીનું માત્ર ઘરમાં જ નહિ, ગામામં પણ મોભાભર્યું સ્થાન હતું.

છતાં કોણ જાણે કેમ નંદુ શેઠાણીનું શરીર ધીરે ધીરે ઘસાતું ગયું. મનમાં ઊંડે ઊંડે ય શોક્યની હાજરી એમને કઠતી હશે ? કે નિઃસંતાનપણાની પીડા એમના જીવને કોરી રહી હશે. જે હોય તે, પણ કમળા શેઠાણી ધીરે ધીરે પથારીવશ થઈ ગયાં અને વીરચંદ શેઠ તથા નંદુ શેઠાણીની પ્રેમભરી સેવા અને અને ડૉક્ટરનાં દવા ઈન્જેક્શન છતાં જૂનું દેવલ ત્યાગી હંસલો



ઊડી જ ગયો ! વીરચંદ શેઠ અને નંદુ શેઠાણી પોશ પોશ આંસુએ રડ્યાં. નંદુ શેઠાણીને તો માથેથી જાણે છત્ર ખસી ગયું ! 'મોટી બહેન જેવી શોક્ય જતાં હવે સલાહ, સૂચન કેમ માર્ગદર્શન કોનાં લઈશું ? આ સંસાર તો સાગર જેવો અગાધ છે !'

પણ દુઃખનું ઓસડ દહાડા. સમય સમયના વહેણ સાથે કમળા શેઠાણી ધીરે ધીરે વિસારે પડ્યાં. એ વાતને ય હવે તો દસ વર્ષ થવા આવ્યાં. ધંધાની ધમાલમાં અને નવાં શેઠાણીના સહવાસમાં વીરચંદ શેઠ ધીરે ધીરે કમળા શેઠાણીને ભૂલતા ગયા. અને નંદુ શેઠાણીએ ય હવે માથે પડેલી જવાબદારી નિભાવવી શરૂ કરી અને સ્વતંત્રપણે ઘરમાં કે સંસારમાં ઉભા થતા પ્રશ્નો કે ગુંચવણો અંગે નિર્ણય લેવા માંડ્યાં.

પણ વીરચંદ શેઠના અરમાન તો અધૂરા જ રહ્યા. જે માટે કમળા શેઠાણી જેવી શાણી પત્ની પર શોક્ય લાવ્યા હતા એ હેતુ તો હજી સફળ થયો જ નહોતો. હવે એકસઠને ઉંબરે પગ મૂક્યા પછી તો એમની આશા ય હવે તો નષ્ટ થઈ હતી, તેથી જ તો હવે એમણે દાન ધર્મ તરફ મન અને હાથ બંને વાળ્યાં હતાં ને ! હવે એમને બારણેથી કોઈ ભીખારી ખાલી હાથે પાછું ન ફરતું. રોજ દૂકાને જતાં પહેલાં એકાદ કલાક તો શેઠનો પૂજા પાઠમાં જતો. વળી, તેઓ નવી શેઠાણી સાથે થોડા સમય પહેલાં જ કાશી, મથુરાં અને વૃંદાવનની યાત્રાએ જઈ આવ્યા હતા !

માણસ દુઃખથી ય ટેવાઈ જાય છે. પછી એ દુઃખની પીડાય ઓછી પીડાકારક લાગે છે. સંતાન હીનતાના દુઃખથી વર્ષોથી પીડતા વીરચંદ શેઠને પણ હવે એ દુઃખ કોઠે પડી ગયું હતું, એટલે મને હવે એમને એ ગૌણ બાબત બની ગઈ હતી. 'જેવી પ્રભુની મરજી' કહી એ મન વાળતા અને ઉમેરતા : 'ભાગ્યમાં નહિ હોય, બાકી આપણે ક્યાં ઉપાય કરવામાં કસર રાખી છે ? વળી જગતમાં સંપૂર્ણ સુખી કોણ છે ? બીજા કરતાં તો આપણે ઘણી રીતે સુખી છીએ...' વળી ક્યારેક નરસિંહ મહેતાની પંક્તિને સહેજ

સુધારી નંદુ શેઠાણીને આશ્વાસન આપવા હસતા હસતા કહેતા : ‘શેઠાણી, ભલું થયું નથી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ!’

પણ નવી પત્નીનું આમ મન મનાવતા શેઠને શી ખબર કે નંદુ શેઠાણીના મનમાં કેવી સંતાન-ભૂખ જાગી છે. એ તો બિચારા માનતા કે શેઠાણી ઘણાં સુખી છે, કારણ આટલી મોટી હવેલીમાં રહેતાં અને પાણી માગો તો દૂધ હાજર રાખતા વીરચંદ શેઠ શેઠાણી માટે માગ્યા પહેલાં જ નવી જાતની સાડીઓ ને આધુનિક ડીઝાઈનનાં ઘરેણાં હોંશથી ખરીદી લાવતા. રેડિયોના ગુંજારવ વચ્ચે ઉંઘતા શેઠાણીને ઈલેક્ટ્રીક પંખો વિંઝણો દેતો અને આખો દિવસ ગાદીવાળા સુંદર સોફા-સેટમાં શેઠાણી આરામ ફરમાવતાં ! ગામના લોકો નંદુ શેઠાણીની અદેખાઈ કરતાં. ઘરકામ માટે નોકર તો હતો જ, હવે છેલ્લા બારેક માસથી શેઠે રસોયો પણ રાખ્યો હતો - શેઠાણી સુખની સેજ પર સદાય પોઢ્યાં રહી ખુશ રહે માટે ! એક દૈનિક, એક બે અઠવાડિક અને બે ત્રણ વાર્તા માસિક પણ શેઠને ત્યાં શેઠાણીની વાચનભૂખ સંતોષવા નિયમીત આવતાં. પછી શેઠાણીને દુઃખ શું છે એમ શેઠ સાચી રીતે જ વિચારતા.

પણ દુઃખ એ છે કે સદાય સાથે રહેતો પુરુષ સ્ત્રીના હૃદયને સમજી શકતો નથી. બાકી, પત્નીને વાચન-ભૂખ નહિ, પણ સંતાન-ભૂખ છે એનો ખ્યાલ વીરચંદ શેઠને આટલા સમયમાં ન આવ્યો હોત?

બિચારી નંદુ શેઠાણી ! હજી માંડ પહેલી ત્રીસી એણે પુરી કરી હતી. પોતાનાથી ઘણાં મોટા વીરચંદ શેઠ સાથે એમનાં લગ્ન થયાં ત્યારે એમાં કોઈને કશું ય અજુગતુ નહોતું લાગ્યું. એ તો એ સમયનો સ્વાભાવિક રિવાજ હતો. એટલે શરૂમાં તો ગરીબ ઘરની દીકરી નંદુને ‘નાનાં શેઠાણી’નું પદ મળ્યું એ ય કાંઈ ઓછા આનંદની વાત એને માટે નહોતી. વળી આવા વૈભવ વચ્ચે માનપાન અને સુખ સગવડ સાથે જીવવાનું તો કોઈ ભાગ્યશાળી છોકરીના નસીબમાં જ હોય એમ બીજાની જેમ ખુદ નંદુ શેઠાણી ય માનતાં,



એટલે દુઃખની તો ત્યારે એના જીવનમાં ય છાયા ય નહોતી, એમ લાગતું.

યૌવન અને સૌન્દર્યનો સુમેળ જેનામાં સધાયો હતો એવાં નંદુ શેઠાણી ઠસ્સાદાર વસ્ત્રો અને સોને મઢ્યો દેહ લઈ કમળા શેઠાણી સાથે માર્ગ પરથી પસાર થતાં ત્યારે કંઈક રસિયા યુવાનો નિઃસાસો નાખી : ‘કાગડો દહીંથરું લઈ ગયો’ કહી વીરચંદ શેઠને અકારણ ગાળો દેતા ! નંદુ શેઠાણીની એક રહેમભરી નજર પામવા યુવાનો તડપતા. ખીલતા પુષ્પની આસપાસ ભ્રમરો ગુંજારવ કર્યા જ કરે છે. પણ મોટા ઘરનું માણસ એવાં નંદુ શેઠાણીનાં દર્શન પણ સામાન્યજનોને દુર્લભ હતાં, પછી એની સાથે વાતચીતનું તો કોઈને સ્વપ્ન આવે એટલું જ. એટલે ક્યારેક કમળા શેઠાણી સાથે બજારમાં ખરીદ કરવા કે મંદિર જવા નીકળતાં નંદુ શેઠાણીનાં દૂરથી દર્શન કરીને જ સંતોષ માનતા જુવાનીયાઓ પછી એની સારી ખોટી ચર્ચા કરીને જ મન મનાવતા.

નંદુ શેઠાણી આમેય સંસ્કારી હતાં. એટલે ઘણાં ઘરડા વરોને પરણેલી જુવાન સ્ત્રીઓની જેમ એ સહેલાઈથી લપસી પડે એ શક્ય નહોતું, એટલું જ નહિ, ખુદ નંદુ શેઠાણીએ ક્યારેય ‘પતિ પરમેશ્વર’ સિવાય બીજો કશો વિચારેય નહોતો કર્યો. પણ લાલચુ લોકો પ્રમાણિક અને નીતિવાનને લલચાવી સમાજમાં ભ્રષ્ટાચાર અને અનાચર ફેલાવવાનું પાપ કર્મ કરે છે. સારા માણસો માટે પોતાનું સારાપણું સાચવવું સહેલું નથી.

કમળા શેઠાણીના મૃત્યુ પછી ઘરમાં નંદુ શેઠાણીને એકલવાયું લાગવા માંડ્યું. વળી આજુબાજુ બીજી સ્ત્રીઓ પોતાનાં બાળકોને રમાડતી, ખવરાવતી, ધમકાવતી કે લાડ કરતી જોતી ત્યારે નંદુ શેઠાણીને પણ હવે લગ્નના દસેક વર્ષ બાદ પોતાના જીવનમાં કશાકનો અભાવ છે એવું લાગવા માંડ્યું. હવે નાનાં બાળકોને જોઈ નંદુ શેઠાણીના હૃદયમાં તેમના માટે અકારણ હેત ઉભરાવા લાગ્યું. ક્યારેક ધાવણા છોકરાંની માતાઓને જોતાં  શેઠાણીને અકારણ તેમની અદેખાઈ આવવા લાગી - પછી ભલે એ

માતાઓ રસ્તાઓ પર ફરતાં ફરતાં છોકરાંને ધવરાવતી ભીખ માગતી કંગાળ સ્ત્રીઓ હોય ! હવે પડોશીનાં નાનાં છોકરાંને એ પોતાને ઘેર રમાડવા લઈ આવતાં અને એમને ચોકલેટ, બિસ્કીટ કે રકમડાં આપી કલાકો સુધી પોતાને ઘેર રાખી રમાડતાં. પણ પારકે ભાણે પેટ થોડું જ ભરાય ? એટલે આ બધું કરતા નંદુ શેઠાણીથી ક્યારેક નિઃશ્વાસ નંખાઈ જતો !

ટૂંકમાં, હવે નંદુ શેઠાણીના મનમાં સંતાન ભૂખ જાગી હતી, સંતાન માટેની ઝંખના હવે એમના મનનો કબજો લઈ રહી હતી ! હવે એમને ખોળાનો ખૂંદનાર જોઈતો હતો. એ માટે ઉપવાસ, વ્રત, દાન, દવા, બાધા અને છેવટે દોરા-ધાગા તથા ભુવા-જાગરીયાના બધા પ્રયોગ તો એમણે પતિની સંમતિ અને એમના સહકારથી કરી જોયા હતા. પણ ક્ષિતિજ પર પ્રકાશનું કોઈ કિરણ દેખાયું નહીં. પણ જેમ જેમ પ્રયત્નો વ્યર્થ ગયા તેમ તેમ તેમની ઝંખના વધુ તિવ્ર બનતી ગઈ ! એ ઝંખના પરિપૂર્ણ કરવાના તેમના ઉપાયો વધુ જલદ બનતા ગયા !

શેઠ અત્યારસુધી તો પોતાને એક દુઃખ સિવાય બધી રીતે સુખ શાંતિ છે એમ માનતા હતા. એક દુઃખ એટલે નિઃસંતાનપણાનું દુઃખ. પણ હવે એ માટે તો એમણે મન મનાવી લીધું હતું. નંદુ શેઠાણીને પણ એ વાતનો કશો અસંતોષ કે દુઃખ નહોતાં એમ પણ શેઠ માનતા હતા. પણ ધીરે ધીરે શેઠાણીની વાતો અને વર્તનથી એમને હવે ખાત્રી થઈ કે પોતે પ્રૌઢાવસ્થામાં ‘હરિ ઈચ્છા બળવાન’ માની કશીય વળગણ વિના શાંતિથી જીવતા હતા તે પોતાની યૌવનાવસ્થામાં શેઠાણી માટે શક્ય નહોતું. પુત્ર માટેની શેઠાણીની ઝંખનાને એ ધીરે ધીરે પામી ગયા. એમાં એમને શેઠાણીનો કશો વાંક પણ નહોતો દેખાતો. યુવાન સ્ત્રી માતૃત્વને ઝંખે જ એમ એ જાણતા - સમજતા હતા એટલે જ તો સંતાન પ્રાપ્તિ માટેના શેઠાણીના બધા પ્રયત્નોમાં ને ક્રિયાકાંડોમાં એ સાથ આપતા. એ માટે પૈસા ખર્ચવાની ય તેમણે કદી ના પાડી નહોતી. હવે તો પોતે આ યુવતીને સજા કરી હોય એવો અપરાધ-ભાવ પણ તેઓ



ક્યારેક અનુભવવા લાગ્યા. ત્યારે એમને પત્નીની દયા પણ આવતી. પત્નીને આશ્વાસન આપવા એ કોઈવાર એને ‘કર્મનકી ગતિ ન્યારી’નું તત્ત્વજ્ઞાન પણ સમજાવતા. ‘ભગવાન જે કરતો હશે તે સારા માટે જ કરતો હશે’ એમ કહી તેઓ ઉમેરતા : ‘બધા દીકરા કાંઈ સારા થોડા જ પાકે છે ? કોઈ નામ બોળે એવો પાકે એને બદલે ન હોય તો સારું’ એવું કહેવાનો ય દહાડો ઘણાંને આવે છે. એટલે કદાચ ભગવાને આપણને આવા સંજોગોમાંથી બચાવવાય સંતાન નહિ આપ્યાં હોય એમ પણ કેમ ન હોય ? વગેરે વાતોથી વીરચંદ શેઠ નંદુ શેઠાણીને પ્રસન્ન રાખવા પ્રયાસ કરતા. જોકે આમ કહીને પોતે પત્નીનું મન મનાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે એમ વીરચંદ શેઠ પોતેય જાણતા હતા. દ્રાક્ષ ખાવી હોય, પણ ન મળે ત્યારે ‘એ ખાટી છે’ કહીને મન મનાવે જ છૂટકો ને ? બીજો ઉપાય પણ શું?

પણ એમ માંડીવાળીને બેસી રહે એવો નંદુ શેઠાણીની જીવ નહોતો. એમના સંતાન પ્રાપ્તિના પ્રયાસ ચાલુ જ હતા.

શેઠાણીને મૂળથી જ વાંચવાનો ભારે શોખ. અનેક નવલિકાઓ, નવલકથાઓ તેમણે વાંચી નાખી હતી. લગ્ન પછી વીરચંદ શેઠના સુખી ઘરમાં આવ્યા બાદ તો તેમને ખાસ કોઈ ઘરકામ પણ નહોતું. એટલે એમને વાચવાનો ઘણો અવકાશ રહેતો. કમળા શેઠાણી ધાર્મિક પુસ્તકો જરુર વાંચતાં, પણ ત્યારે આ નવાં ‘નાનાં શેઠાણી’ નવલકથાઓ કે વાર્તાસંગ્રહો વાંચતાં. બંનેની ઉંમરના તફાવતનો એ પ્રત્યક્ષ પુરાવો હતો, એટલે એમાં કોઈને કશું અસ્વાભાવિક લાગે એવું નહોતું. મુનશી ને ધૂમકેતુ તો નંદુ શેઠાણીના પ્રિય લેખકો હતા. તેમનું દિલ કોઈવાર મુનશીની ‘મંજરી’ કે ‘ધૂમકેતુ’ની ‘ચૌલા’ બનવા ઝંખતું, પણ કલ્પનાને હૃદયમાં સમાવી તે વાસ્તવિક જીવન સાથે સમાધાન કરી લેતાં.

પણ કમળા શેઠાણીના સ્વર્ગવાસ પછી અને લાંબા સમયથી

માતૃત્વ પ્રાપ્ત કરવાની ઝંખના પછી તેમણે પોતાનો વાચન શોખ પોતાની મહેચ્છાપૂર્ણ કરવાનો માર્ગ શોધવા તરફ વાળ્યો. લગ્નજીવન અને જાતીય સંબંધોની ચર્ચા કરતાં પુસ્તકોમાંથી કદાચ સંતાન પ્રાપ્તિનો માર્ગ મળી આવે એવી આશાથી તેમણે એ પ્રકારનાં પુસ્તકો ખરીદીને વાંચવા માંડ્યાં. એ સાહિત્યમાં તેમને રસ પણ પડ્યો. એક દિવસ એવા એક પુસ્તકમાં તેમણે વાંચ્યું :

'વંધત્વ માટે હંમેશાં સ્ત્રી જ જવાબદાર હોય છે એ માન્યતા ખોટી છે. પ્રજોત્પતિ માટે જેમ સ્ત્રી ને પુરુષ બંને જવાબદાર છે તેમ નિઃસંતાનપણા માટે પણ બેમાંથી ગમે તે એકમાં - સ્ત્રી અથવા પુરુષમાં દોષ હોઈ શકે. બીજા લગ્નથી જેમ પુરુષ પિતા બની શકે છે તેમ વંધ્ય ગણાતી સ્ત્રી પણ બીજા પુરુષના સંસર્ગથી માતા બની શકે..... કમનસીબે આપણે નિઃસંતાનપણા માટે હંમેશાં સ્ત્રીને જ દોષપાત્ર માનીએ છીએ....!'

આ કોઈ પ્રમાણભૂત પુસ્તક હતું એમ તો ન કહી શકાય. પણ આવા લેખ વાંચકને બીજી દીશામાં વિચારવા જરૂર પ્રેરે. અરે, નંદુ શેઠાણી જેવી પ્રમાણમાં શાણી ને બુદ્ધિશાળી સ્ત્રીના મનમાં ય આ વાંચી એક વિચાર ઝબકી ગયો ! અને એ ઝબકારે એમની આખી રાતની ઊંઘ હરામ કરી દીધી !

બીજે દિવસે ય એમનું મંથન ચાલુ રહ્યું. ના, પુરા એક સપ્તાહ સુધી એ મંથને શેઠાણીના મનની શાંતિ હરી લીધી !

'શું મારો વિચાર સારો છે ? સારો હતો?' તે વિચારતાં : 'ના, ના, મારાથી એમ થાય?' અને શેઠાણી એકલાં એકલાં ય પોતાના વિચાર માટે શરમાયાં ! એમના હૃદયમાં આર્યનારીનો આદર્શ હતો. એ આદર્શ એમની પાસે પોતાના સતીત્વનો ભંગ કેમ થવા દે ?

પણ શેઠાણીનું સતીત્વ અને બુદ્ધિ ત્યારે સામસામે ટકરાયાં. બુદ્ધિ બોલી :



'પતિના મૃત્યુ પછી વિભીષણ સાથે લગ્ન કરનાર મંદોદરી સતી ન કહેવાઈ ?'

તો સતીત્વ બોલ્યું: 'બિચારા વીરચંદ શેઠે તારામાં કેટલો બધો વિશ્વાસ મૂક્યો છે ? અને તારા સુખ માટે અમેણે કશીય કસર રાખી છે?'

'તે તને ય એમની આ બહોળી મિલ્કતનો વારસ આપવા જ એ લાવ્યા છે ને ? બાકી, કમળા શેઠાણીમાં શાની કમી હતી તે તને લાવત?' બુધ્ધિએ કહ્યું.

'વારસ આપવાને બહાને તું તારી કામવાસનાનો બચાવ કરે છે ને ?' બુદ્ધિએ શેઠાણીની વૃત્તિને પડકારી.

'કામવાસના મારામાં હોત તો હું આટલાં વર્ષ પવિત્ર ન રહી શકી હોત. ગામના અનેક યુવાનો મારી પાછળ નિઃસાસા નાખતા હતા એ જાણ્યા છતાં મેં કોઈની સામે નજર ઉઠાવી જોયું ય નથી.' નંદુ શેઠાણીનું પતિવ્રતાપણું બોલ્યુ !

'તો હવે એવું શું થયું જે તારા સતીત્વને ખંડિત કરવા તું તૈયાર થઈ છું?'

'મારું માતૃત્વ. મારામાં જાગેલું માતૃત્વ મને જંપવા દેતું નથી.' લાચાર બની નંદુ શેઠાણી બુદ્ધિના સહારે સત્ય કહી રહ્યાં : 'માતૃત્વની એક માત્ર ઝંખનાએ જ મને હલબલાવી નાખી છે.... મારું હૃદય વલોવાઈ જાય છે જ્યારે હું કોઈ માના ખોળામાં રમતું બાળક જોઉં છું.... મારું હૃદય એક ધબકારો ચૂકી જાય છે જ્યારે કોઈ મેલું ઘેલું બાળક માને જોઈને એની પાસે જવા દોટ મૂકે છે... હું....હું....' કહેતાં નંદુ શેઠાણીથી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં !

'શું થયું ? શેઠાણી, શું થયું ?' કહેતા વીરચંદ શેઠ બેઠા થઈ ગયા.

ત્યારે આંસુ લૂછતાં નંદુ શેઠાણી બોલ્યાં : 'કાંઈ નહિ, એ તો એક

દુઃસ્વપ્ન હતું... સૂઈ જાવ શાંતિથી શેઠ.'

'ભગવાનનું નામ લો શેઠાણી,' કહી શેઠે પત્નીને બાજુના ઘડામાંથી ઠંડુ પાણી આપ્યું ને 'શાંતિથી સૂઈ જાવ,' કહી 'હરી ૐ' કરી પડખું ફેરવી સૂઈ ગયા !

વિશ્વાસના ભંડાર સમા ભોળા શેઠને જોઈ નંદુ શેઠાણીએ એક નિઃશ્વાસ નાખ્યો ને વિચારોની ઉથલપાથલ વચ્ચે એમની આંખ ઠરી ગઈ !

શેઠાણીનો રસોયો ત્રીસની આસપાસની ઉંમરનો હશે. શેઠાણીના કુવિચારે એમને આ યુવાન રસોયામાં રસ જગાડ્યો. એના કદાવર દેહ અને માંસલ શરીરે શેઠાણીને રહી રહીને આકર્ષયા ! વિચારો માણસની દૃષ્ટિને બદલી નાખે છે. આજ સુધી જેનામાં કશુંય નહોતું લાગતું એવા રસોયાના શ્યામ દેહનું રુપાળી શેઠાણીને આકર્ષણ થયું !

રસોયાને ય હવે શેઠાણીના પોતાની તરફના વર્તનથી નવાઈ લાગી. હમણાંનાં જાણે એ રોજનાં શેઠાણી જ નહોતાં રહ્યાં ! પોતે રસોઈ કરતો હોય ત્યારે પોતાના બેઠકખંડમાં બેઠાં બેઠાં શેઠાણી કોઈ પુસ્તક વાંચતા હોઈ કે રેડિયો યા ટેપનાં ભજનો સાંભળતાં હોય. ચા પણ શેઠાણીને એમના એ ખંડમાં જ આપી આવતો. રસોડા તરફ તો શેઠાણી ભાગ્યે જ નજર નાખતાં. પણ આજ તો શેઠના ગયા પછી પણ તેઓ રસોડામાં જ બેસી તેનું કામ જોઈ રહ્યાં હતાં. આજે તો તેઓ ખૂબ પ્રેમથી તેની સાથે વાતો કરતાં હતાં !

'ચંદુ,' તેમણે પૂછયું : 'તેં હજી લગન નથી કર્યાં?' એકવાર વાતવાતમાં ચંદુએ આ મતલબનું કહ્યાનો એમને ખ્યાલ હતો.

'ના શેઠાણી,' શરમાતાં શરમાતાં ચંદુ બોલ્યો.

'કેમ? પરણવાનું મન નથી થતું?'

જવાબમાં દાળનો વઘાર કરતો ચંદુ માત્ર હસતો હસતો શરમાઈ ગયો.



પણ પછી શેઠાણીના આગ્રહથી એણે ન પરણવાનું સાચું કારણ જણાવતાં કહ્યું : 'શેઠાણી, અમારી નાતમાં પરણવા માટે ઓછામાં ઓછા ત્રણ ચાર હજારનો ખર્ચ તો કરવો પડે. કઈ જીંદગીમાં એટલા પૈસા મારી પાસે ભેગા થવાના ને હું પરણવાનો ? દાળનો ઉભરો ઠારવા ચંદુએ એને કડછી વડે હલાવતાં પોતાના મનનો ઉભરો ઠાલવ્યો : 'બાકી મારી મા તો બિચારી મરતાં પહેલાં વહુનું મોઢું જોઈ લેવા 'પથ્થર એટલા દેવ' કરે છે ?'

'દર મહિને તારી માને તું કેટલા રૂપિયા મોકલે છે?'

'સો રૂપિયાના પગારમાંથી બચાવી માંડ તીહ ચાલી રૂપિયા મોકલી શકું છું ડોહીમાને, શેઠાણી.' એ બિચારી કસર કરી દા'ડા કાઢે છે. ઠીક છે શેઠાણી તમારાં જેવાંની દયા, બાકી અમારું તે કંઈ જીવન છે?'

'શેઠને કહી આ મહિનાથી તારો પગાર વધારી અપાવીશ ચંદુ, શેઠાણી સમભાવપૂર્વક બોલ્યાં : 'અને કશું કામ હોય તો શરમાવું નહિ, મને કહેવું, સંકોચ ન રાખવો, હોં.'

ચંદુને લાગ્યું કે 'આજે સોનાનો સૂરજ ઊગ્યો છે ? શેઠાણીએ સામે ચાલીને પગાર વધારાની આશ આપી, અને એય કેટલા બધા ભાવથી...!'

આવા વિચારોમાં ખોવાયેલા રસોયાને શેઠાણીએ કહ્યું : 'આટલાં બધાં વરસથી અહીં નોકરી કરે છે તે તુંય હવે અમારે મન ઘરનો જ થયો ને?'

હકીકતમાં ચંદુને અહી નોકરી રહ્યે ભાગ્યે જ બે વર્ષ પણ પુરાં થયાં હશે ! આજે એને નંદુ શેઠાણી દેવી જેવાં લાગ્યાં. એમનો ડર એના મનમાંથી ધીરે ધીરે ઓછો થયો.

પછી તો ઘણું ય ના કહ્યા છતાં શેઠાણીએ તેને દાળમાં નાખવા

આગ્રહપૂર્વક લીલો મસાલો ય ખાંડી આપ્યો !

અને પછી તો એકાદ અઠવાડિયામાં શેઠાણી ચંદુ સાથે એવાં તો ભળી ગયાં કે અત્યારસુધી બંધનરૂપ લાગતી નોકરીમાં એને નવો રસ પડ્યો. શેઠાણીએ એનો પગાર વધારી અપાવ્યો એ તો ઠીક, પણ હવે તો એથી ઓછા પયારે ય અહીં જ નોકરી કરવા ચંદુ તૈયાર હતો ! પહેલાં જે શેઠાણીના મોં સામે જોવાની પણ એ હિંમત નહોતો કરી શકતો તેમનો હવે કારણ-અકારણ થતો આકસ્મિક દેહ-સ્પર્શ ચંદુના મનમાં રોમાંચ જગાડતો ! અને નંદુ શેઠાણી તો એવો સ્પર્શ ઈરાદાપૂર્વક કરતાં ને એને રોમાંચિત થઈને માણતાં !

વાત થોડા જ દિવસમાં વધી ગઈ. નંદુ શેઠાણીએ ઈરાદાપૂર્વક વાત વધારી અને શરૂનો સંકોચ છોડી ચંદુ રસોયાએ એ આનંદપૂર્વક માણી ! હવે શેઠની ગેરહાજરીમાં એમનો શયનખંડ ચંદુ માટે રંગભવન બની રહ્યો.

પણ રંગમાં બહુ વહેલો ભંગ પડ્યો ! એક દિવસ કોઈ અણધાર્યા કામ માટે શેઠ દુકાનેથી ઘણા વહેલા ઘેર આવ્યા. ઘરની જાળીને બદલે બારણું બંધ હતું, એથી એમને થોડું આશ્ચર્ય થયું, પણ એ ખાલી બંધ હતું જે ખોલી એ ઝડપથી અંદર ગયા અને ઘરમાં શાંતિ જોઈ દીવાનખાનામાં બૂટ કાઢી એ સાશંક ભાવે ઝડપથી શયનખંડ તરફ ગયા, પણ એમના પગ બારણા પાસે જ જડાઈ ગયા. એમણે અંદર જે દૃશ્ય જોયું તે માનવા એમનું અંતર તૈયાર નહોતું. એમની આંખે અંધારાં આવી ગયાં અને 'હરિ ૐ' કરતા એ પાછાં ફરી દીવાનખાનાના સોફામાં ફસડાઈ પડ્યા ! એમના માથેથી ટોપી પણ નીચે પડી ગઈ !

'શું મે સાચું જોયું ?' પડ્યા પડ્યા અનાયાસે ય એ વિચારી રહ્યા : 'જેને મેં મારું સર્વસ્વ વિશ્વાસપૂર્વક સોંપ્યું છે એ નંદુ શેઠાણી આવી છે ? દસ વર્ષમાં આવું કશું તો માલમે ય નથી પડ્યું ! દુનિયામાં કોને કોનું માનવું ? .... હે ભગવાન, વનપ્રવેશ વેળા બીજાં લગ્ન કરીને મેં જ ભૂલ કરી....



શેઠાણી કરતાં હું જ વધારે દોષિત છું....!'

વીરચંદ શેઠ સમજુ હતા, સાત્ત્વિકવૃત્તિના વિચારશીલ સજ્જન હતા. ક્રોધાવેશમાં સારાસારનો વિવેક ભૂલે એવા એ અણસમજુ કે અધકચરા નહોતા. એટલે કડવો ઘૂંટડો એ પી ગયા. શેઠાણીને કશું જ ન કહેવાનો એમણે નિર્ણય કર્યો. છતાં રસોયા પર તો એમને ક્રોધ ચઢ્યો જ... 'નમકહરામી ! '

થોડીવારે શાંત થઈ એમણે બૂમ મારી : 'મ..હા..રા..જ...!'

'જી, શેઠ,' કહેતો ધ્રુજનો રસોયો બે હાથ જોડી આવીને ઊભો.

'તારા કેટલા દિવસનોપગાર બાકી છે?' ગુસ્સામાં શેઠે પૂછયું.

'શેઠ....આપની...ભૂલ...થાય છે,' ગલ્લાં તલ્લાં કરતો ચંદુ બોલવા મથ્યો.

'મેં એમ પૂછયું કે કેટલા દિવસનો તારો પગાર બાકી છે ?' શેઠ કડકાઈથી બોલ્યા.

'દ..સ....દિવસનો....'

'લે આ એક મહિનાનો પગાર' શેઠે સો સોની બે કડકડતી નોટો એની પર ફેંકતાં કહ્યું : 'ને નીકળ ઘરની બહાર.'

રસોયો એક પણ શબ્દ બોલવાની હિંમત કરી શક્યો નહિ. બે નોટ લઈ એ રસ્તે પડ્યો.

શેઠના મનમાં વિચારોનું તાંડવ મચ્યું હતું. એ આંખો મિંચી સોફામાં જ પડ્યા રહ્યા. એમ ધાર્યું કે શેઠાણી થોડીવારમાં માફી માગતાં કે પોતાના સતીત્વની દુહાઈ દેતાં આવશે. પણ કલાક...દોઢ કલાક... બે કલાક થવા આવ્યા છતાં શેઠાણી ન દેખાયાં. ત્યારે હવે કાંઈક સ્વસ્થ થયેલા શેઠના મનમાં ફાળ પડી !

'શું થયું ? ક્યાં ગયાં શેઠાણી? કે શું કાંઈ.....!

શેઠ સફાળા ઊભા થયા ને રસોડા તરફ ગયા. ત્યાં કોઈ નહોતું.... પરત શેઠ પોતાના શયનખંડ તરફ ધસી ગયા. ઉતાવળને કારણે પગમાં ભરાયેલા પોતાના ધોતિયાની લબડતી કાછડીને કારણે તેઓ માંડ માંડ પડતા બચ્યા.કાછડી ખોસતા ખોસતા શેઠ પોતાના શયનખંડમાં પહોંચ્યા ત્યાં જ એમનાથી ચીસ પડાઈ ગઈ !

'શે...ઠા...ણી...!' તેમણે લગભગ આર્તનાદ જેવી ચીસ પાડી ! બહારથી નોકર દોડી આવ્યો.

'શેઠ, શેઠ... શું થયું ?!'

પણ ઓરડાનું દૃશ્ય જોઈ એ ય આભો બની ગયો !

નંદુ શેઠાણીનું શબ દોરડે લટકતું હતું ! એમની આંખો ફાટી ગઈ હતી ને જીભ બહાર લબડતી હતી !

સામે ટેબલ પર એક કાગળ હતો. નંદુ શેઠાણીનો આખરી ખત શેઠ ગભરાટમાં વાંચવા માંડ્યા !

'મારા દેવ સમા પૂજ્ય શેઠ,'

'મેં તમને દગો દીધો લાગે તો માફ કરજો. પણ મારી સંતાન ભૂખે મને છેલ્લા થોડા દિવસમાં કુમાર્ગે વાળી દીધી. છેલ્લા થોડા સમયથી મારી અંદર જાગેલી માતૃત્વની ઝંખના મને જંપીને બેસવા દેતી નહોતી. કામવાસનાને કારણે નહિ, પણ મારા માતૃત્વની ઝંખનાને સંતોષવા અને તમને એક વારસ આપવાના વિચારે હું આડે રસ્તે વળી. હૃદય પર પથ્થર મૂકીને જ મેં આ નિર્ણય કર્યો હતો. મારી ઝંખના સંતોષાતાં જ હું પાછી વળત. પણ આ મારો બચાવ નથી. મેં જે પાપ કર્યું છે તે તમે જાણ્યું. એ એક રીતે સારું જ થયું. પણ હવે હું દેવ જેવા મારા પતિ આગળ શું મોઢું લઈને જાઉં ? માટે હું તમને છોડીને જાઉં છું. એક વિનંતી કરું ? મારામાં જાગેલી



માતૃત્વની ઝંખનાને સમજવાનો પ્રયત્ન કરશો તો કદાચ મારો ગૂન્હો ક્ષમ્ય ગણશો. મારી ભૂલ માટે ફરીથી તમારી ક્ષમા માગીને જાઉં છું.

તમને સદાય સુખી જોવા ચાહતી<br>
નંદુ

પત્ર વાંચી શેઠે લગભગ પોક મૂકી : 'શેઠાણી આ શું કર્યું તમે...? અરે રે, મેં અભાગિયે બબ્બે બૈરાનાં જીવ લીધા...!'

શોરબકોર સાંભળી આખું ગામ ભેગું થઈ ગયું, ત્યારે વૃધ્ધ નોકર, માધો રોતા શેઠને હિંમત આપવા પ્રયત્ન કરતો હતો !

❑ ❑ ❑

## ૧૨. ચી.....સ !

શું અહીં પણ લાગવગ અને લક્ષ્મીજી આ રહસ્યને રહસ્ય જ રાખશે ? સાંભળ્યુ છે કે રહી રહીને હવે આ બાબતમાં રાજકારણીઓ સક્રિય થયા છે - ભેદ ઉકેલવા કે દબાવી દેવા એ તો રામ જાણે ! દબાવી દેવા માટે જ હશે. એ લોકો વળી ક્યારે કશું સારું કામ કરે છે ? સી.સી.આઈ. (સેન્ટ્રલ કમીશન ઓફ ઈન્વેસ્ટીગેશન) આ કેસમાં બિચારી સાબિત થશે કે બહાદુરી ? તટસ્થ તપાસ થશે ખરી આ કેસની ?

આવા બધા પ્રશ્નો ઊભા થાય છે, કારણકે ઠાકોર ઈન્દ્રજીતસિંહ મોટો માણસ ગણાય છે. ચૂંટણી ટાણે એ સારા એવા વોટ અપાવી શકે એમ છે.જરૂર હોય એનાં ખીસાં પણ એ ભરી શકે એવો છે. અને પૈસાથી તો હવે ન્યાય પણ ખરીદી શકાય છે ને ?

નહિ નહિ તો ય અઢીસો એકર ખેતીની જમીનનો માલિક ઠાકોર ઈન્દ્રજીતસિંહ નોટ આપી શકે અને વોટ અપાવી શકે એવો હતો. માટે હવે એ પાંચમાં પૂછાતો થયો હતો. અભિમાની તો એ પહેલેથી હતો. હવે વધારે અકડુ થયો હતો. પોતાના નાના ગામનો એ રણી ધણી હતો. લોકો એને ખૂબ માન આપતા, પણ એ લોકો તરફ એને કશી મમતા નહોતી. એ સામો મળે તો રસ્તાની બાજુ પર ઊભા રહી લોકો સલામ કરે, પણ એ સલામ ઝીલવાની પણ ઠાકોર ભાગ્યે જ દરકાર કરતો. પોતાનાં સ્વજનો સાથે ય સ્વાર્થભર્યો જ વ્યવહાર એ રાખતો. માણસને માણસ મટાડી દેવો હોય ત્યારે ભગવાન એને સત્તા આપે છે, કાં સંપત્તિ !

ઠાકોર ઈન્દ્રજીતસિંહના લગ્ન થયાં એ જ વર્ષમાં બબ્બે માસના અંતરે માતા અને પિતા બંનેએ વિદાય લીધી. થોડો ઘણો અંકૂશ હતો એ ય ગયો. નાનો ભાઈ સુરજીતસિંહ તો ભલો ભોળો સીધો ઈન્સાન હતો. કોણ પૂછે છે એને ? સ્વતંત્ર ઠાકોર હવે સ્વચ્છંદી પણ બની રહ્યો.



મોટા શહેરની નજીક ઠાકોરનું ગામ આવેલું હતું. જમીન જાગીર પણ ત્યાં જ હતી. શહેરની આસપાસ ધીરે ધીરે મોટા ઉદ્યોગો વિકસી રહ્યા. કેટલાક તો સરકાર સંચાલિત મહાકાય ઉદ્યોગો હતા. એટલે જોતજોતામાં આજુબાજુનાં ગામડાં શહેરની નજીક આવી ગયાં, કારણકે શહેરની વસ્તી વધતી ગઈ તેમ તેમ એની સરહદો વિસ્તરતી ગઈ. એથી ખેતીની જમીન વસાહતી બનતી ગઈ અને એના ભાવ આસમાને પહોંચવા લાગ્યા. ઠોકોરની જમીન જે પહેલાં લાખોની પણ નહોતી ગણાતી તે હવે કરોડોની ગણાવા લાગી ! ઔદ્યોગિક ક્રાંતિનો એ મહિમા હતો !

ગામમાં ઠાકોરની મોટી હવેલી હતી, જેની ચારે બાજુ ફરતો કોટ હતો. હવેલી હતી તો જૂની શૈલીની. માટે જ એ બધાથી જુદી પડતી ને ધ્યાનાકર્ષક હતી. કોઈ રઈસના નિવાસની દૂરથી જ ખાત્રી થઈ જાય એવી એની ભવ્યતા હતી. બે છેડે આવેલા બે ઘુમ્મટ અને વચ્ચે કઠેડાવાળી મોટી રવેશ રહેનારના રજવાડી ઠાઠની જાણે છડી પોકારતાં હતાં. ઠાકોર સુંદર જાતવાન ઘોડો રાખતો. હવે તો જમાનાની તાસીર જેવી મોટરસાયકલ પણ એમના કંપાઉન્ડમાં પડેલી દેખાતી. ઘોડા પર કે હવે તો ક્યારેક મોટા-સાયકલ પર જતા ઠાકોર ઈન્દ્રજીતસિંહને સામે મળતા લોકો સલામ કરતા એ સલામ ઠાકોર ઝીલે તો તો સલામ કરનારા ધન્ય થઈ જતા. અરે, બદલામાં ઠાકોર પોતાની તરફ એક નજર પણ નાખે તો ય એ કૃતકૃત્ય થઈ જતા. એમના ગણોતિયા કે ખેતમજૂરો જરૂર પડે સો બસો રૂપિયા ગભરાતા ગભરાતા માગતા ત્યારે મુનીમ પાસે ખાતે લખાવી રહેમદિલીથી ઠાકોર ટૂકડો ફેંકાવતા ને બે ચાર કડક કડવી વાતો કહેતા જે ઉઘાડાપગા ગરીબો બિચારા બની સાંભળી રહેતા. એથી વિશેષ નિકટતા ઠાકોર સાથે કોઈને નહોતી. હા, ગામના બીજા મોટા જમીનદારોને ત્યાં પ્રસંગે થોડીવાર હાજરી આપી ઠાકોર શોભામાં અભિવૃધ્ધિ કરી આવતા. બાકી, ઘણા તો ઠાકોરના જ ખેડૂતો હતા જે એમનાં ખેતરોમાં કાળી મજૂરી કરતા અને તો ય એમની

દયા પર જીવતા. એ ખેડૂતોનું દેવું ઠાકોરના ચોપડેથી ક્યારેય ભૂંસાતું નહી ! ગરીબી હંમેશાં અમીરીનું દાસત્વ સ્વીકારે છે !

સ્વર્ગસ્થ મોટા ઠાકોરની વાત તો જુદી હતી. એ તો દરેકને નામથી ઓળખતા ને બધાં સાથે પ્રેમથી વર્તતા. ઠકરાણી ય મોટા દિલનાં ને દયાળુ હતાં. એ બંને તો ગયાં. વારસામાં ઠાકોર ઈન્દ્રજીતસિંહને એમણે જાણે જમીન જાયદાદ આપી હતી ને મનની મોટાઈ, ઉદારતા ને નમ્રતા નાના પુત્ર સુરજીતને દીધી હતી ! ગામલોકો સાથે હળતો ભળતો ને પોતાના ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો સુરજીત 'નાના ઠાકોર'નું સ્નેહભર્યું બિરુદ પામ્યો હતો. એમ તો મોઢે લોકો ઈન્દ્રજીતસિંહને 'ઠાકોર સાહેબ' કહેતા, પણ એ તો....ઠીક છે કહેવું પડે એટલે ! બાકી, સાચાં માન અને પ્રેમ લોકોને નાના 'ઠાકોર' માટે જ હતાં.

ઘણી મોટી જમીનદારી હતી ઠાકોરની. બે ભાઈઓ જ તો હતા. એમાંય નાનોભાઈ સુરજીતસિંહ તો એટલો બધો પ્રેમાળ, વિશ્વાસુ ને ભલો હતો કે મોટાભાઈ ઈન્દ્રજીતસિંહ એને મૂરખ માનીને જ વર્તતો. એના સદ્‌ગુણોનો એણે પુરો ગેરલાભ લીધો.

શરાબ અને સુંદરીના શોખીન ઠાકોર ઈન્દ્રજીતસિંહનું લગ્નજીવન એની પોતાની દૃષ્ટિએ સુખી નહોતું. પત્ની ચંચળબા પ્રતિષ્ઠિત રાજપૂત કુટુંબની સીધી સાદી સ્નેહાળ સ્ત્રી હતી. રંગે થોડી શ્યામ હતી ને ભરાવદાર શરીર હતું. કદરૂપી જરાય ય નહોતી. એ તો પતિ વફાદાર નહોતો એટલે, બાકી, કુંવારી ચંચળબાના યૌવને ભલભલાનાં ચિત ચકડોળે ચડાવ્યાં હતાં ! પણ ઠાકોર ઈન્દ્રજીતસિંહને પત્નીનાં દેખાવ કે સ્વભાવ કશામાં નજાકત નહોતી લાગતી. સ્વભાવની શાંત ચંચળબા ખૂબ કરિયાવર લઈને આવેલી સુખી બાપની દીકરી હતી. એ નિરાભિમાની ને માનવતાવાદી હતી. ભ્રમરવૃત્તિના ઈન્દ્રજીતસિંહનું મન સીધી સાદી પત્નીથી સંતોષાતું નહિ, એટલે અન્યત્ર ભટકતું રહેતું. ઘણી ખેડૂત સ્ત્રીઓ સાથે એમને મીઠા સંબંધ



હતા એ ચંચળબા જાણતાં હતાં, પણ કઠોર સ્વભાવના ઠાકોર પાસે કશું બોલાય એવું ક્યાં હતું ? ભોળા ભાઈ અને સરળ પત્નીને કારણે ઘરમાં ઠાકોર ઈન્દ્રજીતસિંહનું એકચક્રી શાસન હતું ! સૌને એ કહે એને જ પૂર્વ દીશા ગણવી પડતી !

ખંધાઈને કારણે એણે ભાઈ સુરજીત સાથે મિલકત વહેંચી નહોતી. નાનો ભાઈ તો મોટાભાઈની ઈજ્જત કરતો ને આમાન્યા રાખતો હતો; એટલે એ તો ભાગ પાડવાની વાત કરે એમ નહોતો. આથી જમીનનો વહીવટ અને આવકનો ઉપભોગ મોટેભાગે ઈન્દ્રજીતસિંહ જ કરતો. ઈરાદાપૂર્વક નાનાભાઈને એ વહીવટથી દૂર રાખતો હતો.

'તું તારે મઝા કર હમણાં, હું છું પછી શી ચીંતા છે તારે ?.... તું તો હજી નાનો છે, યુવાન છે.... પછી કામ અને ચિંતા કરવાના ઘણા દિવસ આવશે... હમણાં હરી ફરી લો', કહી ભાઈ પ્રત્યે સ્વાર્થભર્યો સ્નેહ એ બતાવતો હતો. આવા પ્રેમાળ મોટાભાઈની મોટાઈ જોઈ ભલો ભોળો નાનો ભાઈ સુરજીત ધન્ય થઈ જતો. ફૂલ નીચેના સાપ જોવાની એને સૂઝ ક્યાંથી હોય ? ભલા અને વિશ્વાસુઓને સહેલાઈથી મૂર્ખ બનાવી શકાય છે !

એક વર્ષ બાદ ઠાકોર સુરજીતસિંહનાં પણ લગ્ન થયાં. સદ્‌નસીબે કે કમનસીબે પણ સુરજીતસિંહની પત્ની વિલાસ ખૂબ સુંદર હતી. ગોરુ મુખ અને અણિયાળી આંખો, ભરાવદાર વક્ષઃસ્થળ અને ચંચળ સ્વભાવની આ યૌવનાને જોઈ ઠાકોર ઈન્દ્રજીતસિંહનું મન ડોલી ઊઠ્યું. એ પોતાના નાના ભાઈની વહુ છે, એટલે પોતાની બહેન કે પુત્રી સમાન છે તે વાત એ ભૂલી ગયો. ઉલટું, આ ઘરેણું ગમાર સુરજીત માટે નથી એવી પોતાને મનભાવતી વાતની એણે મનમાં ગાંઠ વાળી. વડીલે પોતાનું વડપણ ગુમાવી દીધું ! દુષ્ટો દુષ્કૃત્ય કરવાનું નક્કી કરવામાં જરાય વિલંબ નથી કરતા. ભાઈની પત્ની તરફ આકર્ષાયેલા ઈન્દ્રજીતસિંહનો પોતાની પત્ની તરફનો

અણગમો હવે તિરસ્કારમાં પરિણમ્યો.એના મનમા હવે એક જ રઢ હતી - વિલાસને પોતાના બાહુપાશમાં જકડી લેવાની ! પવિત્ર સંબંધની લક્ષ્મણરેખા એને નડે એમ નહોતી.

ઠાકોર ઈન્દ્રજીત માટે પોતાના પાપી વિચારને અમલમાં મૂકવાનું વધારે સરળ બન્યું, કારણકે વિલાસ પણ આધુનિક રંગે રંગાયેલી વિલાસી યૌવના હતી. પોતાના ઠીંગણા પતિનો ઠંડો સ્વભાવ અને નીરસ જીવન દૃષ્ટિ એને ખટકતાં હતાં.પતિના વિવેકપૂર્ણ વર્તન અને રંગહીન રીતભાતથી એનું ઉભરાતું યૌવન અજંપો અનુભવતું હતું. એથી વિરૂધ્ધ ઈન્દ્રજીતસિંહની વિલાસી જીવનશૈલી, કદાવર કાયા અને સત્તાવાહી રીતભાત એને આકર્ષી ગયાં. એકના પાપી મને બીજાની કુદૃષ્ટિને ઓળખી. અને બંનેના મન-માંકડાંને જાણે નિસરણી મળી ગઈ ! એકવાર પાળની મર્યાદા તૂટે પછી પાણીને વહેતું કોણ રોકી શકે ?

બિચારી ચંચળબા ! પોતાના પતિ અને દેરાણીના ચેનચાળા સારા નથી એ જાણ્યા પછી ખૂબ નમ્રતાથી વિનયપૂર્વક એ વાતનો ઈશારો પતિ આગળ કર્યો તો ભેટમાં મળ્યાં ઈન્દ્રજીતની કટુવાણી અને પછી ગાલ પર એક જોરદાર તમાચો !

મદાંધોને કશી મર્યાદા નડતી નથી. પેટ્રોલમાં આગ લાગવા માટે એક તણખોય બસ થઈ પડે છે. અહીં તો પેટ્રોલ અને આગ બંને ભરપુર માત્રામાં હતાં, એટલે જે નહોતું થવું જોઈતું તે થયું. એક પુરુષે પત્નીને છેતરી, તો એક સ્ત્રીએ પતીને છેહ દીધો. પતિથી અપમાનિત ચંચળબાને આંખ આંડા કાન કર્યા વિના છૂટકો નહોતો. અને સરળ સ્વભાવનો સુરજીત તો સ્વપ્નમાંય આવું કશું જોઈ વિચારી શકે એમ નહોતો, એટલે હવેલીમાં હવસલીલા ચાલતી રહી ! ભોળા સુરજીતસિંહને એકવાર કશો વહેમ પડ્યો ખરો. પણ ત્યારે એના નિર્મળ મને એને પોતાની નજરની વિકૃતિ માની પોતાની જાતને ઠપકો આપ્યો ને દેવસ્વરૂપ ભાઈની મનોમન માફી માગી.



પણ એક દિવસ આકસ્મિક રીતે જ સુરજીતસિંહથી બંને પાપીઓ રંગે હાથ પકડાઈ ગયાં, ત્યારે ક્ષોભ ઉલટો સુરજીતને થયો ને ક્રોધ ચઢ્યો ઈન્દ્રજીતને ! દુષ્ટો હંમેશા સજ્જનોને એમના સદગુણો માટે સજા કરતા હોય છે !

ઈન્દ્રજીત સમજી ગયો કે હવે જો શાન સાચવવી હોય અને અમન ચમન ચાલુ રાખવાં હોય તો સુરજીતને માર્ગમાંથી દૂર કરવો જ રહ્યો. દુષ્કૃત્ય આચરવામાં દુષ્ટો હંમેશાં ઉતાવળા થાય છે.એટલે વાત બહુ ચર્ચાય અને વિરોધ નિંદા કે કુથલી વધે એ પહેલાં જ શેતાનોએ સાજીસ ઘડી કાઢી. વિલાસ હવે એટલી વિલાસી હતી કે પોતાના સીધા સાદા પતિની મર્યાદાભરી અને સંયમી રીતભાત એને ઠંડી અને ધિક્કારપાત્ર લાગતી. એથી ઉલટું, શરાબ પીને ઝૂમતા, કામુક આંખોવાળા જેઠ ઈન્દ્રજીતની શેતાની છેડછાડ અને મસ્તી એને મદહોશ કરતાં ! એટલે એક પત્ની માટે અકલ્પનીય એવી પોતાના પતિ વિરૂધ્ધની ઈન્દ્રજીતની અમાનવીય એવી સાજીશમાં એ સામેલ થઈ. વાસના માણસને વિવેકશૂન્ય બનાવે છે ! માટે જ પોતાના ભલા ભોળા વિશ્વાસુ પતિનો કાંટો કાઢી નાખવામાં એણે દુષ્ટ જેઠને સાથ આપ્યો ! લંપટ સ્ત્રી દુષ્ટતાની કોઈપણ હદે જઈ શકે છે !

એક રાતની વાત. પોતાના ઘરના ત્રીજા માળની અગાશીમાં બેસી શરાબના ઘૂંટ ગળે ઉતારતા ઈન્દ્રજીતે ભાઈ સુરજીતને સૂતેલો ઉઠાડાવી ટેબલ પર આવવા આમંત્રણ આપ્યું. 'આવ ભાઈ આવ,' આંખો ચોળતા સુરજીતને પ્રેમથી આવકારતાં એણે કહ્યું : 'બહુ દિવસથી આપણે સાથે બેઠા નથી... કારોબાર અંગે કશાં વાત-વિતાર કર્યાં નથી.... હવે વહીવટમાં તું પણ જરા રસ લે તો સારું... તને જવાબદારીનો ખ્યાલ આવે અને મારો બોજો પણ હલકો થાય....' કહેતા શઠ ભાઈએ સુરજીતની અનિચ્છા છતાં આગ્રહ કરી એને એક બે પેગ પ્રેમથી પાઈ દીધા ! ભાગ્યે જ શરાબને અડકતા સુરજીતને આજે ભાઈના પ્રેમનો ને શરાબનો એમ

બંને નશા સાથે ચઢ્યા. આ જોઈ ચંચળબા પોતાના શયનખંડમાંથી બહાર આવ્યાં ને સુરજીતને લાગણીભર્યા સ્વરે ઠપકો આપતાં આ છંદ છોડી સૂઈ જવાની સલાહ આપી. સામાન્યપણે ભાભીનું ખૂબ માન સાચવતો સુરીજત ત્યારે હોંશમાં નહોતો, એટલે એણે ભાભીની વાત કાને ન ધરી. જ્યારે નાટકની સૂત્રધાર જેવી સુરજીતની પત્ની વિલાસ 'હા, મોટાંબા સાચું કહે છે.... ચાલો સુવા, કહી લથડતા પતિનો હાથ ઝાલી એને એની રૂમમાં સૂવા લઈ જવાનો ડોળ કરવા લાગી.

..અંધારી રાત હતી અને ફાનસના આછા પ્રકાશમાં બહું ઝાંખુ દેખાતું હતું ત્યારે પ્રપંચી ઈન્દ્રજીતે નશામાં ચૂર એવા નાના ભાઈને કઠેળા પર નમાવી, બે પગે અધ્ધર કરી ત્રીજે મજલેથી નીચે પટક્યો ! મદાંધે ક્રુરતાપૂર્વક કાળું કૃત્ય કર્યું ત્યારે ઘડિળાયમાં●બારના ટકોરા થયા ને એ સાથે જ પડતા સુરજીતના મોમાંથી એક ભયંકર ચીસ નીકળી ને એમાં ચંચળબાની 'નહિ...નહિ...'ની દયાર્દ્ર વિનવણી ડૂબી ગઈ ! ત્યારે 'અરેરે આ શું કર્યું... શું કર્યું તમે ?' એમ વિલપતી પત્નીના ગાલ પર જોરથી એક તમાચો ચોઢી દઈ ઈન્દ્રજીતે એને એના ઓરડામાં ધકેલી દીધી ! હેબતાઈ ગઈ બિચારી ચંચળબા ! બ્હાવરી બની થઈ એ. 'પોતાની નજર સામે થયેલ એ અઘોર કૃત્ય એને ધ્રુજાવી ગયું. એ દશ્યને એ ક્યારેય ભૂલી શકી નહિં. ભોળા દિયર સુરજીતની કારમી ચીસ એને કંપાવી ગઈ. એ આખું ભયાનક ચિત્ર એના મન પર અંકિત થઈ ગયું. એને યાદ કરીને એ કાંઈક ગણગણતી રહી. અચાનક એ બૂમ પાડી ઉઠતી : 'બચાવો...બચાવો...! કોઈ સુરજીતને બચાવો!' પાછળથી ઈન્દ્રજીતે એને પાગલ ઠેરવી દીધી ને એક કાંકરે ઘણાં પંખી માર્યાં ! એક પાપને ઢાંકવા પાપીએ અનેક પાપોનો આશરો લેવો પડે છે !

નાટકનો છેલ્લો અંક પુરો કરવા ઈન્દ્રજીત અને વિલાસ નીચે દોડયાં. 'સુરજીત, ભાઈ શું થયું'....'અરે, શું થયું એમને ?' જેવો નાટકીય



શોરબકોર કરતાં નીચે જઈ એમણે જોયું તો લોહીલુહાણ સુરજીતનો દેહ હંમેશ માટે અચેતન થઈ ધરતી પર પડ્યો હતો ! 'અરેરે, ભાઈ મારા, આ શું થયું.?' ને 'ઓ મારા ઠાકોર રે....' ની બનાવટી રોક્કળ થોડી વાર ચાલી ! આસપાસથી થોડા લોકોય કુતુહલવશ અને સહાનુભૂતિ માટે ભેગા થયા. 'નાના ઠાકોર જરા નશામાં હતા.... કોણ જાણે કેવા લથડ્યા તે કઠેળેથી નીચે ગબડ્યા...' જેવા વગર પૂછે ખુલાસાઓ કહેવાયા. દેખાડો કરવા થોડીવાર આક્રંદ થયાં !

પછી આવાં કૃકૃત્યોમાંથી છટકવાના અનુભવી ઈન્દ્રજીતે જાતે પોલીસને ખબર આપી. પોલીસ આવી, પંચક્યાસ થયો. પત્રમ્ પુષ્પમ્ તો પોલીસ પામે જ. પરિણામે, 'શરાબના નશામાં અકસ્માત... અગાશીમાંથી પડી જતાં મૃત્યુ થયાના ઠાકોરને અનુકુળ આવે એવા કાગળો થયા ને સવારે શબની અંતિમ વિધિ પતી ગઈ ! બિચારો સુરજીત - જોતજોતામાં હતો નહોતો થઈ ગયો ! દુષ્ટે મગરનાં આંસુ સાર્યાં ને દુષ્ટાએ બનાવટી કરુણતાભર્યું રુદન કર્યું !

'સ્ત્રી પ્રેમની મૂર્તિ છે, કોમળતાની પ્રતીક છે કે દયાની દેવી છે,' એવી વાતો વિલાસ નામની આ સ્ત્રીએ ખોટી ઠરાવી. ઉલટું, સ્ત્રી વંઠે તો કેવી સ્વચ્છંદી, ઘાતકી ને ક્રુર બની શકે એનું એ ઉદાહરણ બની !

પણ ક્યારેક કાંટો કાઢવા જતાં વાડ ઊભી થઈ જાય છે ! સુરજીતનો નિકાલ થઈ જતાં હવેલીમાં પોતાને માટે લીલાલહેર થઈ જશે અને શાંતિપૂર્વક સ્વેચ્છાચાર થઈ શકશે એવા ઈન્દ્રજીત અને વિલાસનો ખયાલ ખોટા પડ્યો. ઉલટી એક નવી ઉપાધિ આવી એમના માર્ગમાં. પાપ તો સાત પાતાળ તોડીને ય ફૂટી નીકળે. ચંચળબાએ જે નજરોનજર જોયું હતું એથી એ બિચારી બ્હાવરી બની ગઈ હતી. બિચારા નિર્દોષ સુરજીતને બે પાપીઓએ અકારણ કરુણ રીતે મોતને ઘાટ ઉતાર્યો હતો એ દશ્ય ચંચળબાની નજર સામેથી ખસતું નહોતું. ત્રીજે માળથી પડતા દિયરની

કારમી ચીસ રોજ રાત્રે બાર વાગે વિસ્ફોટક બની પડઘાતી હતી અને રાતના અંધકારની ભયાનકતાને રહસ્યમય બનાવતી હતી ! રાત પડતાં જ ચંચળબા બ્હાવરી બની જતી. રાત્રિનો અંધકાર એને ખાવા ધાતો. પલંગમાં પડખાં ઘસતી એ અબળા રાત્રે બાર સુધી તો આંખેય મિંચાતી નહોતી. પણ રાતના બારના ટકોરા ઘડિયાળમાં પડે ત્યારે તો એક તીણી ભયાનક ચીસ વાતાવરણને ભેદી નાખતી ને 'નહિ....નહિ....'ની દયાર્દ્ર વિનવણી કરતી ચંચળબા પોતાના પલંગમાં બેઠી થઈ જતી ને કાને હાથ દઈ દેતી ! એ ચીસ સાંભળનારા લોકોય ધ્રુજી ઉઠતા. એ કારમી ચીસ હવે તો ગામ લોકો નિશ્ચિત સમયે સાંભળતા ને સ્તબ્ધ બની જતા. તેઓ અંદર અંદર ગણગણાટ કરતા, કાનાફૂસી કરતા ને ઠાકોર વિષે જાતજાતની વાતો કરતા. પણ મોટા માણસના ઘરની વાત દિલ ખોલીને કોણ કરી શકે ?

છતાં સુરજીતના મૃત્યુ અંગે ગામમાં ગુસપુસ તો શરૂ થઈ જ હતી. એમાં ય રાત્રે બાર વાગ્યે નિયમીત પડઘાતી આ ભયંકર ચીસે તો ભલભલાનાં કાળજાં કંપાવી દીધાં હતાં. અરે, એથી ઈન્દ્રજીત ને વિલાસની ઉંઘ પણ હરામ થઈ ગઈ ! શું સુરજીત ભૂત થયો છે ? - આ વિચાર પણ વિલાસને ધ્રુજાવી મૂકતો.

રોજ રાત્રે બાર વાગે વીજળીની જેમ ત્રાટકતી એ ભયંકર ચીસ લોકો માટે એક રહસ્ય હતું. પણ ઠાકોર જેવા મોટા માણસને કોણ પૂછે ? મોટાનાં રહસ્યો ય મોટાં હોય અને એમનાં કૌભાંડો ય નાનાં ન હોય ! રાત્રે લોકો ચોકમાં કે ચોરા પર ભેગા થઈ બેસતાં ને આ વાત પેલી વાત કરતાં કરતાં ઠાકોરની હવેલીની ચીસની ચર્ચા પર આવી જતાં. ધીરે ધીરે રાત જામતી ને વાતો પણ ડરામણી બનતી જતી. ભયાનક અને ડરામણી વાતોમાં ય લોકોને રસ તો પડે જ છે. હૈયું કઠણ કરીને ય એવી વાતો એ સાંભળતા હોય છે. હવેલીની ચીસની ચર્ચા ચાલતી હોય ત્યારે બારના ટકોરે હવામાંથી અચાનક વંટોળ પ્રગટે તેમ ચીસ ઉઠતી તે વાતાવરણમાં સન્નાટો છવાઈ



જતો ! પછી ધીરે ધીરે હિંમત આવતાં વળી પાછા આ રહસ્યોદ્‌ઘાટન કરવા સૌ ચર્ચા કરતાં ને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે એ ચીસનું અર્થઘટન કરતાં ને પછી નિઃસાસો નાખતાં ધીરે ધીરે છૂટાં પડતાં. એમાં સ્ત્રી, પુરુષો, યુવાનો, આધેડો ને વૃધ્ધો ય હોય.

પણ થોડા દિવસ પછી હવેલીની સામેના ખાલી મકાનમાં એક પત્રકાર ભાડે રહેવા આવ્યો. બાજુના શહેરના એક દૈનિકપત્રમાં એ નોકરી કરતો હતો. પણ શહેરોમાં મકાનોની તંગી અને મોંઘવારીને કારણે નજીકના ગામમાં એ મકાન ભાડે રાખી રહેવા આવ્યો હતો. લોકોને થયું : 'બિચારો અજાણ્યો છે માટે હવેલી સામે રહેવા આવ્યો છે, પણ બે ત્રણ વાર રાતની ચીસ સાંભળશે એટલે ગભરાઈને ભાગી જશે.' આમ થવું સ્વાભાવિક પણ હતું.

રોજ રાત્રે બારના અરસામાં પત્રકાર ઘેર આવતો. જુવાન હતો. હજી પરણ્યો નહોતો, એટલે એકલો જ હતો. પ્રથમ દિવસે રાત્રે બારના ટકોરે એણે પેલી ભયાનક ચીસ અને સાથે 'નહિ....નહિ'ની આર્જવવાણી સાંભળી. પહેલાં તો એ સહજે ડરી ગયો. પણ થોડીવારમાં સ્વસ્થ થયો અને સામે કશું અજુગતું બન્યું હશે. એમ લાગતાં બહાર ચોકમાં નીકળી ઊભો રહ્યો. દૂર બેઠેલા લોકોનું ટોળું કાંઈ ગુસપુસ કરતું એણે જોયું ! એમની પાસે જઈને પૂછવાનું મન થયું, પણ હજી પહેલો જ દિવસ હતો, એટલે તદ્દન અપરિચિત હોઈ વિચાર માંડી વાળ્યો. થોડી વારે ટોળું ધીરે ધીરે વિખરાયું ને એ પોતે ય કાંઈ, 'કાલે તપાસ કરીશ' એમ વિચારી ઘરમાં ગયો.

પણ પછી બીજો દિવસ.... ત્રીજો દિવસ..... ચોથો દિવસ.... રાતે બારનો એ ઘટનાક્રમ નિયમીત બનતો. 'શું હશે આ ભયાનક ચીસનું રહસ્ય?' એ પત્રકાર હતો, નીડર હતો. આ ભેદ ઉકેલ્યા વિના એને ચેન પડે ? એ ખણખોદિયો ધીરેધીરે લોકોમાં ભળ્યો. ચીસના રહસ્ય વિષે એણે

જુદા જુદા લોકોને ખાનગીમાં પૂછવા માંડ્યું. પણ લોકો જાણે એ વિશે કશી વાત કરતાંય ડરતા હતા, એટલે આ વાત ટાળતા હોવા છતાં એક વાત તો છતી થઈ જ ગઈ કે ઠાકોરની હવેલીમાં કશુંક અઘટિત બની ગયું છે. પછી અકાળે થયેલા સુરજીતના આકસ્મિક મૃત્યુની વાત જાણીને તો એને રહસ્યનું મૂળ મળી ગયું. ઠાકોરની હવેલીમાં હવે આવતા ભુવા જાગરીયાનો ય એણે સંપર્ક કર્યો ને એ રહસ્ય પામતો ગયો. બનાવની કડીઓ એક જોડી એણે એક રહસ્યકથા રચી કાઢી ને એક દિવસ પોતાના દૈનિકમાં એણે સનસનાટીભર્યા સમાચાર પ્રગટ કરી દીધા : 'ઠાકોરની હવેલીની એ ભેદભરી ચીસનું રહસ્ય શું?' એ શીર્ષક નીચે એણે જે અહેવાલ પ્રગટ કર્યો એણે સમાજમાં હલચલ મચાવી દીધી ! બીજા દિવસના લેખમાં એણે પોલીસ ખાતાનો ય ઉઘડો લીધો ને સુરજીતસિંહના મરણનું કારણ અને મધરાતની ચીસનું રહસ્યોદ્ઘાટન કરાવવા સરકારને અનુરોધ કર્યો. હવે સામાજિક સંસ્થાઓ પણ જાગૃત થઈ. બધાંને સુરજીતસિંહના કહેવાતા આકસ્મિક મૃત્યુમાં કાંઈ ભેદ લાગ્યો અને એ ભેદ ઉકેલવા જુદી જુદી સંસ્થાઓએ સરકારને અનુરોધ કર્યો. આ ઝુંબેશથી 'લોકવિજય' દૈનિકની લોકપ્રિયતા પણ ઘણી વધી ગઈ. ઠાકોરની હવેલીના સમાચાર લોકો રોજ આતુરતાથી વાંચવા ને ચર્ચવા લાગ્યા. 'લોકવિજય'ની નકલો ચપોચપ ખપી જવા લાગી ને એની ગ્રાહક સંખ્યા ય વધી ગઈ ! લોકોને સત્ય કરતાં ય સનસનાટીમાં વધુ રસ પડે છે. ઉપરા છાપરી પ્રગટ થતા આ ભેદી મૃત્યુના રોમાંચક લેખોથી ઉહાપોહ તો એવો મચ્યો કે સરકારને આ કેસની તપાસ સી.સી.આઈ(સેન્ટ્રલ કમીશન ઓફ ઈન્વેસ્ટીગેશન)ને સોંપવી પડી. 'લોકવિજય' દૈનિકે તો ઠાકોર ઈન્દ્રજીતની તાત્કાલિક ધરપકડની જોરશોરથી માગણી કરી, પણ સી.સી.આઈ. એ હજી ઠાકોરની પૂછપરછ જ શરૂ કરી છે. કપટો અને કૌભાંડો વિરૂધ્ધનો ઉહાપોહ કેવી રીતે ઠંડો કરવો એ સરકાર બરાબર જાણે છે. કદાચ એટલે જ એણે સી.સી.આઈ.ને કેસ સોંપ્યો હશે !



શું સી.સી.આઈ. મધરાતની એ ચીસનું રહસ્યોદઘાટન કરશે ? કે મોટા ઘરની કેટલીય ચીસોનાં રહસ્યો વણઉકલ્યાં રહે છે તેમાં આ પ્રસંગ એક વધારો કરશે ? અત્યારે તો આ પ્રશ્નનો ઉત્તર પણ એક રહસ્ય જ છે.

રહસ્યોને અકબંધ રાખીને જીવવા જ આપણે ટેવાયેલા છીએ. આથી જ મોટાં માથાંના પાપાચાર ઢંકાયેલા રહે છે એટલું જ નહિ, એ હાઈબ્રીડ થઈને બીજા દ્વારા બમણા વેગે પ્રગટે છે, વિકસે છે ને પ્રસરે છે !

તો ઠાકોરની હવેલીની એ ભેદી ચીસનું રહસ્ય જાણવા સી.સી.આઈ.ના અહેવાલની રાહ જોઈએ. એ સિવાય આપણે કરીશું પણ શું ? ખરું ને ?

❑ ❑ ❑

## ૧૩. ઘાયલકી ગત

મનોજનું ગાંડપણ દરેક માટે એક આશ્ચર્ય હતું. એને ડાહ્યો કહેનાર ગાંડુ ગણાય અને ગાંડો કહેનારને પોતાના જ ડહાપણમાં શંકા જાગે ! છેલ્લાં પાંચ વર્ષથી એ ગાંડાના દવાખાનામાં છે, પણ એણે કદી ભારે તોફાન નથી કર્યું કે કદી કોઈને હેરાન પરેશાન નથી કર્યાં. દવાખાનામાં કેવાં વિચિત્ર પાગલો હતાં ! કોઈ ભારે અટ્ટહાસ્ય કરતું હોય, કોઈ મોટેથી પોક મૂકીને રડતું હોય, કોઈ મોટા બરાડા પાડી કાન ફોડી નાખતું હોય, કોઈ બોલી બોલીને હાંફી જતું હોય તો કોઈ અકારણ ગાળોનો વરસાદ વરસાવતું હોય ! ઘણીવાર તો આ બધાં વિરોધાભાસી દશ્યો એકીસાથે જોવા મળે ! રડવું ને હસવું, ગાળો ને ગાયન, દુઃખ અને આનંદ, ઘૃણા ને સ્નેહ, તુચ્છકાર ને પ્રેમ - આ બધાં વિરોધી દશ્યો એકી સાથે એક જ સ્થળે, એક જ સમયે જોવા મળે ત્યારે પાગલખાનામાં કામ કરતાં ડાહ્યા માણસોનું ય મગજ ભમી જાય, તો પછી ગાંડાનું તો પૂછવું જ શું ? પણ ગાંડાનું મગજ આવી વિચિત્ર પરિસ્થિતિને કેવી રીતે ગ્રહણ કરે છે. એની ડાહ્યા લોકોને શી ખબર પડે ? વળી, પરિસ્થિતિના પડઘા તો ડાહ્યા જનોના મન પર પણ એક સરખા નથી પડતા, ત્યાં ગાંડાની શી વાત ? માનવીનું મન ! એક અગમ્ય વસ્તુ ઘડી છે ઈશ્વરે ! એ ક્યારે શું કરે, કાંઈ કહેવાય જ નહિં ને !

પણ મનોજનું ગાંડપણ તો ડાહ્યાને ય શરમાવે એવું ડહાપણભર્યું હતું. દવાખાનામાં પગાર મેળવી કામ કરતા નોકરો કરતાં એ વિશેષ કામ કરતો, ફરજ તરીકે દર્દીઓની સંભાળ રાખતી નર્સો કરતાં એ દર્દીઓની વિશેષ કાળજી રાખતો અને માનસશાસ્ત્રના અભ્યાસી ડૉક્ટરો કરતાંય વિશેષ સ્નેહ અને સમભાવ દરેક પાગલ માટે મનોજના દિલમાં હતો ! પછી એને પાગલ કેમ કહેવાય ? છતાં એને એક પાગલ તરીકે આ દવાખાનામાં દાખલ કરાયો હતો !

ડાહ્યા લોકોની ય ન હોય એવી વ્યવસ્થિત દિનચર્યા પાગલખાનમાં



આ પાગલ મનોજની હતી. રોજ સવારે પાંચ વાગે એ નિયમિત ઉઠી જતો. દાતણ-પાણી કરી સ્નાન કરી પ્રાતઃવિધિ પતાવતો અને કપડાં પહેરતાં જ એના પ્રિય પદની ચાર પંક્તિઓ - જેમાં એણે પોતે જરૂરી ફેરફાર કરી લીધા હતા તે - મોટેથી ગાવા લાગી જતો. કેવી મઝાની પંક્તિઓ આ પાગલે પસંદ કરી છે :

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને;
સુત વિત દારા, શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સંધ્યાના સ્વામીની લીલા, તે રજની દિન નરખે જો ને !

સંધ્યાના સ્વામી - મનોજનું આ ભજન તો હવે સૌને મોઢે થઈ ગયું હતું. આ તો એનો જીવનમંત્ર હતો. એમાં મનોજના જીવનનો સાર અને સરવાળો હતો. આ સિવાય કોઈએ કશું ગાતો એને સાંભળ્યો નહોતો. આ ભજન ગાતાં ગતાં જ એ દવાખાનામાં પોતાનું રાઉન્ડ શરૂ કરી દેતો. કોઈ પાગલને એ દાતણ કરાવતો, તો કોઈને મોં ધોવા સમજાવતો, કોઈ રડતાને એ શાંત પાડતો તો કોઈ બરાડા પાડનારને સમજાવટથી ચૂપ કરતો, કોઈન સુંદર ફૂલ આપી ખુશ કરતો તો કોઈ બેચેનીવાળાને સાંત્વન આપી સુવાડી દેતો. આમ કરતાં કરતાં છેવટે એ પહોંચતો સંધ્યાની ઓરડી પાસે. એ એનું છેલ્લું અટકસ્થાન હતું.

કોઈ ઓછા ઉપદ્રવી પાગલોને દવાખાનામાં છૂટા રાખવામાં આવતા એટલું જ નહિ, એમની પાસે સાફસૂફી, બાગ કામ કે કપડાંની ધુલાઈ જેવાં નાનાં કામ કરાવી એમની શક્તિ અને એમના મનને યોગ્ય માર્ગે વાળવાની પ્રવૃત્તિ પણ થતી. મનોજ આવા ડાહ્યા - પાગલોનો નેતા હતો. સામાન્ય રીતે પાગલ સ્ત્રીઓના વિભાગમાં તો કોઈ પુરુષને જવાની છૂટ જ ન હતી, પરંતુ મનોજનેઆ નિયમ લાગુ નહોતો પડતો. દવાખાનામાં ગમે ત્યાં ફરવાની એને છૂટ હતી. કારણ એ જયાં જાય ત્યાં કોઈ ઉપકારક

કામ જ કરતો હોય એની પાંચ વર્ષના અનુભવથી સૌને ખાત્રી હતી. રાત્રે લગભગ બાર વાગે એ સૂતો અને સવારે પાંચ વાગે ઉઠતો. એ સિવાય સવારથી સાંજ સુધી દવાખાનામાં જુદા જુદા સ્થળે ફરી એ દર્દીઓ, ડૉક્ટરો, નર્સો અને નોકરો એ સૌને મદદ જ કરતો હોય.પાગલની મદદ માટે કોઈપણ કામ કરવામાં એને ચીડ કે સંકોચ ન થતાં. હા, પ્રમાણમાં વધુ સમય એ પોતાની પત્ની સંધ્યા, પાસે જરૂર પસાર કરતો હશે. છતાં જ્યાં જરૂર પડતી ત્યાં એ અવશ્ય પહોંચી જતો. પાગલખાનામાં તો કદી એક ખૂણે તો કદી બીજી ખૂણે વારંવાર બૂમ પડતી. કદી કોઈના કરૂણ રુદનથી વાતાવરણ ગમગીનભર્યું બની જતું, કદી કોઈના બૂમ બરાડાથી ભયાનકતા ખડી થઈ જતી. અરે, રાત્રે ય ક્યાં શાંતિ રહેતી ? પણ હરપળે આવા પાગલોને સમજાવવા મનોજ દોડી જતો. એની વાણીમાંથી એવો સ્નેહ નિતરતો, એની સમજુતીમાં શ્રધ્ધાનો એવો રણકો સંભળાતો, એની આંખોમાં એવી આત્મીયતા વરતાતી કે ગાંડાના મનની ઉગ્રતા શમી જતી અને મોટે ભાગે તો એ શાંત થઈ જતું. આમ ડૉક્ટરો કે નર્સોને મનોજ બહુ મદદરૂપ થઈ પડતો. એ કોઈ બીજી જગાએ હોય અને દર્દી શાંત ન પડે તો ડૉક્ટર કે નર્સ ઘણીવાર એને બોલાવવા પણ મોકલતાં. બધાં પાગલો મનોજને એવો તો ઓળખી ગયાં હતાં, સૌને એ એવો તો પ્રિય થઈ પડ્યો હતો કે એની વાત ટાળવાનું કોઈને જાણે ગમતું નહોતું ! છતાં ડાહ્યા જનો ય જ્યાં સાચી કે સારી વાત નથી માનતાં ત્યાં પાગલોનું શું પૂછવું ? એટલે મનોજને કોઈવાર કોઈની ગાળો કે કોઈનાં ધોલધાપટ પણ ખાવાં પડતાં. છતાં એ કોઈની ઉપર ક્યારેય ગુસ્સે થતો નહિ. ગાંડાનું ગાંડપણ જેટલું ઉગ્ર તેટલી મનોજને તેના પ્રત્યે વધુ મમતા રહેતી. દયા એના દિલમાં હતી, અને સ્નેહ એનાં નયનોમાં વરતાતો હતો.

તો પછી મનોજમાં ગાંડપણ ક્યાં હતું ? એ ગાંડાના દવાખાનામાં કેમ હતો ? એ જ તો આશ્ચર્ય હતું. અન્યને મદદ કરતો. શાંત પાડતો, સ્વસ્થ કરતો મનોજ પોતે જ ક્યારેક કરુણતાપૂર્વક રડી ઉઠતો, ક્યારેક



અટ્ટહાસ્ય વચ્ચે જગતના મિથ્યાત્ત્વની ઝાંખી કરાવતી અનેક વાતો કરતો તો ક્યારેક શૂન્યમનસ્ક બની કલાકો સુધી પડ્યો રહેતો. ડૉક્ટરો, નર્સો અને નોકરો - સૌને એને માટે સ્નેહ અને સહાનુભૂતિ હતાં. એના જેવા યુવાન, બુધ્ધિમાન અને વિદ્વાનનું જીવન વેડફાતું જોઈ સૌને ઘણું દુઃખ થતું, સૌને એની દયા આવતી. એકવાર ડૉક્ટરે એને કહ્યું : 'મનોજભાઈ, તમારા જેવા શાણા યુવકને આ પાગલખાનામાં રહેવાની શી જરૂર ? તમે તો અમારા કરતાં ય વધારે શાણા અને બુધ્ધિવાળા છો. ઘેર જાવ અને.....'

'અને ? અને શું ડૉક્ટર ?' વચ્ચે જ આંખ બદલી ક્રોધાવેશમાં મનોજે પૂછયું. એનામાં ઓચિંતું જ પાગલપન પ્રવેશ્યું લાગ્યું ! એનું એ સ્વરૂપ જોઈને ડૉક્ટરને જરા ડર તો લાગ્યો. છતાં હિંમત રાખી એમણે કહ્યું :

'અને ફરી લગ્ન કરી જીવન બાગને સુવાસિત કરો.'

મનોજ આ સાંભળી એકદમ કૂદયો અને બે હાથે ડૉક્ટરનું ગળું પકડી બરાડ્યો : 'લગ્ન?! ડૉક્ટર, શું કહ્યું તમે ? મારાં લગ્ન સંધ્યા સાથે થયાં છે તેની ખબર નથી તમને ? એના સહવાસમાં સ્વર્ગીય સુખ અનુભવ્યા પછી હવે હું ફરી બીજાં લગ્ન કરું ?...ડૉક્ટર, પહેલાં હું ગાંડો થઈ ગયો હોત તો મારી સંધ્યા શું ફરી લગ્ન કરત ? બોલો ડૉક્ટર સાહેબ, સંધ્યા શું ફરી લગ્ન કરત ? કેમ બોલતા નથી ડૉક્ટર ?'

મનોજની આવી પ્રતિક્રિયા છતાં ડૉક્ટર જાણતા હતા કે એ પોતાને કશું જ નહિ કરે, બાકી એના આ રૌદ્ર રૂપને જોઈને ડૉક્ટરે ક્યારની ય ચીસ પાડી હોત.

અને ડૉક્ટરની ધારણા સાચી પડી. તરત જ ડૉક્ટરની ગરદનછોડી દેતાં મનોજે કહ્યું : 'માફ કરજો ડૉક્ટર સાહેબ, મારાથી અવિનય થઈ ગયો.' એમ કહેતાં તો એ છુટ્ટા મોઢે રડી પડ્યો. જીવનની કરૂણતા મનોજનું દિલ વલોવી નાખતી હતી. એ વલોવાટે તો એને પાગલ કરી દીધો હતો !

દયાળુ ડૉક્ટરે એને સાંત્વન આપી શાંત પાડ્યો. પણ એમ કરતાં ડૉક્ટરનું પોતાનું હૃદય પણ ભરાઈ આવ્યું. નિઃશ્વાસ નાખી એ બોલ્યા : 'ભાઈ, તમારો આદર્શ એજ તમારા જીવનની કરૂણતા છે !'

દવાખાનામાં મનોજ સાથે સૌ સ્નેહ અને સમભાવથી જ વર્તતાં. એકવાર વસંતના વાયરા આમ્રવૃક્ષને વિંઝણો દેતા હતા ત્યારે ખરે બપોરે એની મીઠી સોડમ લેતો મનોજ ઝાડ નીચે આડો પડી એની પ્રિય પંક્તિઓ 'પ્રેમ પંથ પાવકની જ્વાળા… ' ગણગણતો હતો. એ વખતે ડૉક્ટર ફરતા ફરતા ત્યાં પહોંચી ગયા.

'મનોજભાઈ, શું કરો છો ?'સ્નેહથી એમણે પૂછ્યું.

'આવો ડૉક્ટર સાહેબ.' બેઠા થતાં મનોજે કહ્યું : 'આ જરા આંબાની હવા ખાઉં છું. કોયલના ટહુકા સાંભળું છું.'

ડૉક્ટર એની પાસે બેઠા. ઘણા વખતથી મનોજને એક વાત કહેવાની એમને ઈચ્છા હતી. આજે યોગ્ય તક લાગી. તેથી એ બોલ્યા :

'ભાઈ, તમારા જેવા ડાહ્યા ને લાયક માણસે આ પાગલખાનાની હવા શા માટે ખાવી જોઈએ?'

'પણ ડૉક્ટર, હું ય ક્યાં ડાહ્યો છું, પાગલ તો છું,' મનોજે સસ્મિત કહ્યું.

'ભાઈ, તમને પાગલ કહીએ તો પછી ડાહ્યા કોને કહીશું ? માટે અમે નિર્ણય કર્યો છે મનોજભાઈ….' ઝીણી આંખ કરતાં ડૉક્ટર સાવધાનીપૂર્વક બોલ્યા. પણ વચ્ચે જ મનોજે અધિરાઈથી પૂછ્યું.

'શો નિર્ણય કર્યો છે ડૉક્ટર?'

'કે તમને હવે ઘેર મોકલી દેવા.'

'ડૉક્ટર,' ચહેરા ઉપર ગમગીની અને કાંઈક ગુસ્સાના ભાવ સાથે મનોજે કહ્યું : 'જે ઘડીએ મને આ દરવાજાની બહાર કાઢશો એ જ ઘડીએ હું



રોડ પર કોઈ દોડતી મોટર નીચે સૂઈ જઈશ.'

ડૉક્ટર આ સાંભળી હીબકી ગયા ! 'મનોજભાઈ, શું કહો છો તમે?'

'હા સાહેબ, ખરું કહું છું. મારી સંધ્યાના સહારે તો હું અહીં જીવી રહ્યો છું. એનાથી મને વિખૂટો પાડશો તો હું ઘડીય જીવી નહિ શકું.' કહેતાં સહેજ અટકી દયામણા સ્વરે એણે ઉમેર્યું : 'સાહેબ, હું તમને અહીં શું ભારે પડુ છું ? ખાઉં છું એટલું કામ તો કરું છું ને ?'

'ભાઈ, તમે અમને જરાય ભારે નથી પડતા,' ડૉક્ટરે સમભાવથી કહ્યું : 'અને કામ તો તમે અનેક ગણું કરો છો. પણ તમારૂ જીવન આમ વેડફાય છે એ અમારાથી જોવાતું નથી.'

'સાહેબ, મારું જીવન મારી સંધ્યાના સહવાસમાં જ સમાયું છે,' મનોજે કહ્યું : 'એનાથી અળગો થતાં જ મારા જીવનનો અંત આવશે. હું ધારું છું કે તમે એટલા બધા ક્રુર તો નહિ જ બનો સાહેબ.'

ડૉક્ટરે મનોજનો દયામણો ચહેરો જોઈને અને એના જીવનની કરૂણતા જાણીને નિઃશ્વાસ નાખ્યો. ખૂબ સહાનુભૂતિ અને સમભાવ હતાં મનોજ માટે દવાખાનાનાં સૌ કર્મચારીઓને. માટે જ તો એની દુઃખદ કહાની સૌને સ્પર્શી જતી હતી !

ત્યાર પછી ડૉક્ટરે કદી મનોજને દવાખાનામાંથી છૂટા કરવાનો વિચાર પણ નહોતો કર્યો. એનો આદર્શ પત્ની-પ્રેમ સૌને માટે પૂજ્ય બની ગયો.

કેટલો સ્નેહ હતો મનોજને સંધ્યા પર ! અને કેમ ન હોય ? માતા પિતા તો એને નાનો મૂકીને જ વિદાય થયેલાં. એક વૃધ્ધ ફોઈને સહારે એ ઉછર્યો અને ભણી ગણીને ઠેકાણે પડ્યો. ત્યાં જ જીવનના ઉષાકાળમાં સંધ્યા સાથે એનાં લગ્ન થયાં.

સંધ્યા ! સંગેમરમરમથી કંડારેલી સૌન્દર્યમયી પ્રતિમા ! એના ચાંદ શા મુખ પર બાલસહજ નિર્દોષ સ્મિત ફરક્યા કરતું. સ્નેહ નિતરતાં એનાં નયનોમાં બાણની વેધકતા હતી. કુદરતે હળવી પિંછી ફેરવી એના હોઠને એવી લાલી બક્ષી હતી કે જે કદી ન સૂકાતી, ન ભૂસાતી ! એની ઉડતી અલકો ટહુકો સાથે ગેલ કરતાં પવન પણ શરમાઈને સરી જતો ! સ્ત્રી સહજ નાજુકતાથી એ ચાલે ત્યારે જાણે ધરતી ધન્ય બની જતી ! અને જેવી સુંદર હતી એવી જ શાણી અને સ્નેહભરી હતી સંધ્યા.

પતિના નિરસ એકાકી જીવનમાં આવી પ્રેમાળ પત્નીએ પ્રવેશ કર્યો અને વસંતની ફૂંક વાગતાં વેરાન વનમાં નવજીવન જાગી ઊઠે તેમ મનોજનો જીવન-બાગ સ્નેહ, શાંતિ,સંતોષ અને સુખની સુવાસથી મઘમઘી રહ્યો.બે જુવાન હૈયાં એકાકી મટી અવિભક્ત આત્મા શાં બની ગયાં. ત્યારે એ બંને યુવાન હૈયાં પૃથ્વી પર જ સ્વર્ગનું સુખ માણી રહ્યાં !

પણ સુખનાં વર્ષો પાણીની જેમ વહી ગયાં. જાણે ગઈકાલની જ તો વાત હતી. બે વર્ષ.... ચાર વર્ષ... છ વર્ષ... લગ્નને કેટલો બધો સમય થઈ ગયો ! પરસ્પરના સ્નેહભર્યા સહવાસમાં જ પતિ પત્ની પરમ સુખ અનુભવતાં હતાં. જીવનમાં કશી ઉણપ નહોતી. પણ સમય જતાં સંધ્યાના હૃદયમાં એક ઝંખના જાગી. ખોળાનો ખૂંદનાર તેને જોઈતો હતો. હવે 'પગલીના પાડનાર'ની તેને ખોટ વર્તાવા લાગી. એ માટે ઘણા નિષ્ણાત ડૉક્ટરોની સલાહ લીધી અને તેમણે કહ્યા તે ઉપચાર કર્યાં. એમાં બીજાં બે ચાર વર્ષ સહેજે નીકળી ગયાં. પણ પરિણામ શૂન્ય હતું. મનોજ તો કહેતો : 'સંધ્યા, સંતાન ઈશ્વરની દેન જરૂર છે. પણ એ ન હોય તેથી શું થઈ ગયું? પરસ્પરના સ્નેહનો સથવારો હોય તો પતિ પત્ની આનંદભેર આયખું પુરું કરી શકે. આપણે પણ એમ જ પ્રેમભર્યું જીવન જીવીશું અને સારી સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરતાં કરતાં લોકોના સ્નેહ અને સદ્‌ભાવ વચ્ચે આનંદપૂર્વક સમય વિતાવીશું.... કદાચ શાંતિપૂર્વક જીવવા માટે જ પ્રભુનો



આ સંકેત કેમ નહિ હોય ? ... માટે સંધ્યા, ઈશ્વરે આપણને ઓછું નથી આપ્યું... એની એ દેનને માણીએ ને જીવન સારી રીતે જીવી જાણીએ. વળી તું છે પછી મારે શું જોઈએ? અને તું છે પછી મને શાની ખોટ છે?' આવી સમયે સમયે ઘણી રીતની સમજુતીથી મનોજ પત્નીનો અસંતોષ દૂર કરવાનો પ્રયત્ન કરતો. પણ સંધ્યાના દિલને શાંતિ નહોતી. તે ઉનાં આંસુ સારતી.... ઊંડા નિઃશ્વાસ નાખતી. કોઈ નાના બાળકને જોતાં જ એના હૃદયમાં જાગતા અગમ્ય ભાવ એ મનોજને કેવી રીતે સમજાવે ? માતૃત્વની તિવ્ર ઝંખનાનો ખ્યાલ એ પતિને કેવી રીતે આપી શકે ? ડૉક્ટરોના ઉપચાર વ્યર્થ ગયા ત્યારે વ્રત, તપ, જોષી, જાગરિયા ને દોરા ધાગાના પ્રયોગ પણ સંધ્યાએ કરી જોયા. પણ ભગવાન આપે તેને જ આપે છે, આપવું હોય એ જ આપે છે. બધાંને બધું મળતું હોય તો ભગવાનને માને પણ કોણ ? સંધ્યાની ઝંખના ન ફળી; એ માતા ન બની.

અને આ ઝંખનાએ સંધ્યાના શાંત સુખમય જીવનમાં ઝંઝા જગાવી. અસંતોષ જેવું કોઈ દુઃખ નથી. સદાની હસતી હસાવતી સંધ્યાનો ગમગીન ચહેરો મનોજનું હૃદય હચમચાવી નાખતો. પત્નીને એ ઘણું સમજાવતો. દુઃખી લોકોનાં કે આવાં જોગોમાં ય સુખે રહેતા લોકોના દૃષ્ટાંતો આપતો, બોધ આપતો; ત્યારે એના ખોળામાં માથું મૂકી સંધ્યા ધ્રુસકે ધ્રુસકે રડી પડતી. ત્યારે પત્ની બરડે સ્નેહભર્યો હાથ ફેરવી મનોજ એને શાંત પાડતો.

પણ સમયની સાથે સંધ્યાની પુત્રૈષણા તિવ્ર બનતી જતી હતી. એના મનને બીજે માર્ગે વાળવા એને લઈ કાશ્મિર તરફ ફરવા જવા મનોજ વિચારતો હતો. અરે, મે માસમાં જવાનું એણે નક્કી પણ કરી નાખ્યું. પણ વિધિ નિર્માણ કાંઈ જુદુ જ હતું. એક મધરાતે સંધ્યાની તીણી ચીસથી મનોજ ઝબકીને જાગી ગયો ! 'શું થયું? સંધ્યા શું થયું તને ? ગભરાટથી એણે વારંવાર પૂછયું. ત્યારે 'જુઓ, જુઓ, આપણા બાબાને કોઈ લઈ ચાલ્યું... મારી પાસેથી કોઈ એને ઝૂંટવીને ચાલી ગયું.... દોડો તમે.... પકડો

એને....' કહેતી સંધ્યાએ મોટેથી બૂમ મારી : 'બા... બા, દી..ક...રા...!'

મનોજ સમજી ગયો. એનો ડર સાચો પડ્યો. સંધ્યાની ઝંખના એનાં પાગલ બનાવીને જ જંપી !''

પત્નીને સારી કરવા માટે મનોજે કોઈ ઉપાય બાકી ન રાખ્યા. સંધ્યાથી એને કશું અધિક ન હોતું, એનાથી એને બીજું કશું વધુ વહાલું નહોતું, એટલે જેણે જે કહ્યો તે ઉપાય મનોજે કર્યો. એક માસની રજા લઈ એણે શક્ય તે બધી રીતે એની સારવાર કરી. નિષ્ણાત માનસશાસ્ત્રીઓને એણે બતાવ્યું. પણ વ્યર્થ. અંતે, પોતાની ઘણી અનિચ્છા છતાં ડૉક્ટરની સલાહથી એણે પત્નીને પાગલખાનામાં દાખલ કરી કદાચ માનસિક સારવાર અને સતત નિરીક્ષણભર્યા ઉપચારોથી એને સારું થાય એ આશાએ સ્તો.

પણ ઘેર મનોજ એકલો પડ્યો. સંધ્યા વિનાનું ઘર એને ખાવા ધાવા લાગ્યું. એના સહવાસનાં અનેક સુમધુર સ્મરણો મનોજની આંખ આગળ સાકાર થઈ એને સતાવી રહ્યાં. વળી 'સંધ્યાને એકલી દવાખાને કેમ મૂકાય ? ત્યાં એની શી દશા થાય તે કોણ જાણે?' આવા વિચારોથી એનું અંતર વલોવાઈ જતું. વિરહની આગમાં સ્મરણનાં ઈંધણ સળગતાં અને એ દાવાનળનું રૂપ લઈ એના હૈયાને જલાવતાં. હિતેચ્છુઓએ મનોજને ફરી લગ્ન કરવાની સલાહ આપી, પણ એ ધુત્કારી કાઢતાં એણે કહ્યું : 'હું એવો સ્વાર્થી પતિ નથી.'

સંધ્યાનો સ્નેહ મનોજને સાંભરતો. એના વિનાનું એકાકીપણું એને અકળાવતું, સતાવતું. જેના ગોરા મુખ પર સ્મિતની રેખાઓ સદાય અંકાયેલી રહેતી એવી વ્હાલસોયી પત્નીને દવાખાનાને હવાલે કરી એ પણ મનોજને તો એનો દ્રોહ કર્યા જેવું લાગતું. પત્ની વિના મનોજ ખોવાયો ખોવાયો ફરતો હતો. એની દુનિયા લૂંટાઈ ગઈ હતી. એની સંધ્યાને જાણે કાંઈ ઝૂંટવી ગયું હતુ. એક પ્રેમાળ વિરહી પતિની આ વેદના સમજવી સહેલી નહોતી.



'પાગલખાનામાં સંધ્યાને એકલી રહેવા દેવાય નહિ, અને ડાહ્યાને પાગલખાનામાં કોઈ રાખે નહિ. તો શું થાય ? સંધ્યાને પોતાની નજર નીચે કેવી રીતે રાખી શકાય ?' આવા બધા વિચારો રાત દિવસ કરતા મનોજનું હૃદય વલોવાઈ જતું હતું. પણ થાય શું ? છેવટે જે થવું જોઈતું હતું એ જ થયું. મનોજના મંથનમાંથી અમૃત નીકળ્યું કે ઝેર એ તો સૌ સૌની સમજ પર આધાર રાખે છે, પણ વ્યવહાર - ડાહ્યા વિશ્વે એક દિવસ મનોજને પણ પાગલ થયેલો જાણ્યો ! વિચિત્ર વર્તન કરતા પત્નીની પાછળ પાગલ થયેલા એ પતિને ય લોકોએ પાગલખાનાને હવાલે કર્યો - 'મૂર્ખો', 'બિચારો', 'વહુઘેલો' જેવાં પોતાની સમજ પ્રમાણેનાં વિશેષણો સાથે સ્તો !

પણ લોકો જેને 'મૂર્ખો' કે 'બિચારો' કહેતા એ 'વહુઘેલા'ને પાગલખાનામાં સ્વર્ગ મળી ગયું. કારણ એ દવાખાનામાં જ તો એની પ્રિય પત્ની સંધ્યા હતી.

દવાખાનામાં મનોજે સેવાયજ્ઞ શરૂ કર્યો. સંધ્યાની સાથે દવાખાનામાં અન્ય પાગલોની પણ એણે સેવા કરવા માંડી. એની સેવા એવી ડહાપણભરીને દયાપૂર્ણ હતી કે એ વિશ્વાસુ પાગલ બની રહ્યો; ડૉક્ટરો અને નર્સો સહિત સૌને એ મદદરૂપ બની રહ્યો. સૌનો એવો તો વિશ્વાસ એણે સંપાદન કર્યો કે એને માટે ત્યાં કોઈ બંધન ન રહ્યું. પાગલોની સેવા એ જ એક પાગલ પતિનો ધર્મ બની રહ્યો !

રોજ સવારે વહેલો ઊઠી એ સંધ્યા પાસે જતો. એને દાતણ કરાવતો, ચા પાતો, સાંજે એને એ તોતીંગ દિવાલોની વચ્ચે ખીલેલા બાગમાં ફરવા લઈ જતો, એના વાળમાં એક સુંદર નાનું ફૂલ નાખી એને શણગારી દેતો. ક્યારેક મનોજ એને વર્તમાનપત્ર કે વાર્તા માસિક વાંચી સંભળાવતો અને મીઠી મીઠી વાતો કરી એનું દિલ બહેલાવતો. ક્યારેક એ રડી ઉઠે ત્યારે એને સ્નેહથી શાંત પાડતો. એ હસતી ત્યારે પતિ ખુશ થતો. એને આશા હતી : 'એક દિવસ એની સંધ્યા જરૂર ડાહી બની જશે, અને એમનો

સ્નેહભર્યો સંસાર ફરી ખીલી ઉઠશે.'

પાગલ મનોજે એક દિવસ ડૉક્ટરને કહ્યું : 'કેવી વિચિત્ર છે આ ડાહ્યા લોકોની દુનિયા ડૉક્ટર, રામે સતી સીતાનો ત્યાગ કર્યો હતો છતાં એમને 'આદર્શ પતિ' કહે છે અને હું પત્નીને અનહદ પ્રેમ કરું છું તો મને 'પાગલ પતિ' કે 'વહુઘેલો' કહે છે !

'ભાઈ,' ડૉક્ટરે સમભાવથી કહ્યું : 'અમે તમને ય એવા આદર્શ પતિ ગણીએ છીએ.'

'જુઠ્ઠા છો ડૉક્ટર સાહેબ તમે,' મનોજ કાંઈક આવેશમાં આવી બોલ્યો : 'પાગલ પત્ની પાછળ અહીં આવનાર મને તમારી દુનિયા 'પાગલ પતિ' કહે છે એ હું જાણું છું.' અને અટ્ટહાસ્ય સાથે તેણે ઉમેર્યું : 'હા હું પાગલ પતિ છું, ને એમાં જ મને આનંદ છે ડૉક્ટર સાહેબ, પણ....' સહેજ અટકી મનોજે કટાક્ષમાં ઉમેર્યું : 'આ તો એવું છે ને ડૉક્ટર સાહેબ, કે ઘાયલ કી ગત ઘાયલ જાને.'

ત્યારે ડૉક્ટર સમભાવપૂર્વક માથું હલાવી આ પ્રેમાળ પતિને આદરપૂર્વક જોઈ રહ્યા !

❑ ❑ ❑



## ૧૪. સંસ્કારીઓની સિદ્ધિ !

સંધીના સફેદ વાવટા ફરફર્યા તે પહેલાં ત્યાં એટમ બૉંબ ઝીંકાઈ ગયો હતો. અનેક ગામોએ એથી અગ્નિસ્નાન કરી લીધું હતું. માનવ ખુવારીના આંકડાનો અંદાઝ હજી અંકાતો હતો. માલ-મિલકતના નાશનો મેળ હજી મેળવાયો ન હતો.

જ્યાં બૉંબ ફૂટ્યો હતો તે પ્રદેશમાં તો હજી પ્રવેશ કરવો એ જ અશક્ય હતુ. ધૂળ, ધુમાડાના એ ગોટાઓમાં માનવ તો શું, હજી દાનવ પણ ડગ દઈ શકે તેમ ન હતું. એટલે અમારી પત્રકારોની મંડળી બૉંબની ઓછી અસરવાળા વિસ્તારોનો પ્રવાસ ખેડી રહી હતી. છેલ્લા પાંચ દિવસથી અમારા પ્રવાસનો નિયમિત હેવાલ અમે અમારા દૈનિક પર મોકલતા હતા. તસ્વીરો સાથે અમારા પત્રમાં તે છપાતો હતો અને લોકોમાં રસપૂર્વક વંચાતો હતો. આથી અમારા પત્રની લોકપ્રિયતામાં અને એની પ્રત સંખ્યામાં પણ ઠીક ઠીક વધારો થયો છે એવા હેવાલે અમને વધુ ઉત્સાહિત કર્યા અને અમે કાંઈક જોખમી વિસ્તારોની મુલાકાતો પણ લેવા માંડી.

આજે એક એવા જ વિસ્તારમાં અમારી મંડળીએ પ્રવેશ કર્યો. ત્યાં કંઈક ઘરો જમીન દોસ્ત થયાં હતાં. કેટલાંક પડવાને વાંકે ઊભાં હતાં તો ઘણાંય અર્ધભગ્ન હાલતમાં પડવાની હા-ના કરતાં હતાં. આ વિસ્તારમાં હજી રાહતકાર્ય શરૂ થયું ન હતું, એટલે કાટમાળ વચ્ચે માનવ મૃતદેહો પણ કદી દેખા દેતા. વૃક્ષો જમીન દોસ્ત થયાં હતા. ખેતરોમાં ઊભા પાકનો સર્વનાશ નિહળીને જ અમે આવ્યા હતા. એક સ્થળે એક સ્ત્રીનો દેહ ઢળી પડેલો જોયો. તેનાથી થોડે જ દૂર તેનું પાણીનું બેડું પડ્યું હતું. પ્રસંગ અમે પામી ગયા. હેવાલ અને તસ્વીર લઈ આગળ વધ્યા. છેલ્લા થોડા દિવસોથી આવા દશ્યો જોઈ આંખો ટેવાઈ ગઈ હતી. તે પણ હવે કંજુસ થઈ ગઈ હતી. આંસુનું ટીપુંય હવે એ ન ટપકાવતી ! હૃદય કઠણ થઈ ગયું હતું, પણ તોય એ બિચારાથી તો નિઃશ્વાસ નંખાઈ જતો.

અનેક દૃશ્યો તસ્વીરમાં લીધાં. સારો મસાલો ભેગો થયો હતો. એક પણ જીવંત માનવીનો આજે અમને ભેટો ન થયો. જે જીવતાં રહ્યાં તે પણ અહીંથી પ્રયાણ કરી ગયાનાં સ્પષ્ટ ચિહ્નો દેખાતાં હતાં. શારીરિક થાક કરતાં માનસિક ત્રાસથી અમે કંટાળ્યા અને મુકામ પર પાછા ફરવાની તૈયારી કરતા હતા. છેલ્લું દૃશ્ય જોઈ લેવાના ઈરાદે મેં દૂરબીન પર દૃષ્ટિ ફેરવી. દૂર કોઈ માનવીનું હલનચલન માલુમ પડ્યું. કેમેરામેનને દૂરબીન આપી મેં ખાત્રી કરવા કહ્યું. એમ અમે ચારેય જણે દૂરબીનથી જોયું અને એ માણસ જ છે એમ સર્વાનુમતે નક્કી થયું. આ વિસ્તારમાં જીવતા મનુષ્યનું આજે આ પ્રથમ દર્શન હતું. આનંદ, આશ્ચર્ય અને આતુરતાથી અમે તેની પાસે પહોંચ્યા.

આવા સખત તાપમાંય તે એક જમીનદોસ્ત થયેલા ઘરનો કાટમાલ આમતેમ ખસેડતો હતો. થોડીવારે માટીના ઢગલાને ખોદતો તો વળી અસ્પષ્ટ, બેઠેલા સ્વરે કદીક કોઈને બુમ પાડતો. એના માથાના વાળનું ઠેકાણું ન હતું. શરીરે પરસેવાના રેલા ચાલતા હતા. કપડાં મેલાં થઈ ગયાં હતાં અને શરીરનો રંગ ઘઉંવર્ણો હોવા છતાં ધૂળ અને પરસેવે ભેગાં થઈ તેનો ચહેરો બિહામણો બનાવ્યો હતો. મૂછો હતી પણ બહુ મોટી નહિ. છ-સાત દિવસની વધેલી દાઢી હશે. થોડીવાર અમે અને જોઈ જ રહ્યા ! હું વિચારમાં પડ્યોઃ

“કોણ હશે આ ? કોઈ પાગલ હશે ? શું શોધતો હશે ? એનું ધન દટાઈ ગયું હશે ? તાપનો ય એને સંતાપ નથી ?” બે-ત્રણ મિનિટના મૌન બાદ આ સ્મશાન શાંતિનો ભંગ કરવાની મારા એક સાથીદારે હિંમત કરીઃ

‘ભાઈ,’ તેણે ન સાંભળ્યું.

‘શું કરો છો ભાઈ?’ જરા મોટા અવાજે ફરી અમે પૂછયું. તેણે અમારી સામે જોયું. દુઃખની મૂર્તિ સમો તેનો ચહેરો કેમેરામેને ઝડપી લીધો, પરંતુ અમારા હૃદયમાં પણ સાથે સાથે તે જડાઈ ગયો. મુખ શુષ્ક હતું.



ગાલ પરનાં આંસુ સુકાઈ ગયાં હતાં. એના ચહેરા પરની એક એક રેખામાંથી દુઃખની છાપ ઉપસી આવતી. નજર અમારી સામે નાખી ન નાખી અને તે પાછો એના કામે લાગ્યો. પણ એ નજર ઘણું કહી ગઈ !

‘આમ છાંયડે આવો ભાઈ,’ છત્રીમાં આવવા ઈશારો કરી મેં કહ્યું. પણ ત્યારે એણે જે ભયંકર નજરથી અમારી સામે જોયું તેનાથી ઘડીભર અમે બધા જ ડરી ગયા. ત્રાસ, ભૂખ અને તરસના ત્રિવિધ તાપથી તે પીડાતો હતો એ અમે જોઈ શક્યા. હાથમાં કોદાળી રાખી અગ્નિ વરસાવતી આંખો વડે તે અમને તાકી રહ્યો. માનવશાસ્ત્રનો મારો અભ્યાસ મેં કામે લગાડ્યો. ‘વૉટર બેગ’માંથી પાણી કાઢી મેં તેના તરફ પ્યાલું ધર્યું . થોડા ફળ પણ બહાર કાઢવા મારા સાથીદારને કહ્યું. કોદાળી નીચે નાખી તેણે મારા તરફ ડગ માંડ્યા. તેની આંખો તો વધુને વધુ અગ્નિ વરસાવતી હતી. પાસે આવી મારા હાથમાંનું પવાલું લઈ તેણે જોરથી એ જમીન પર ફેંકી દીધું ! અમે સ્તબ્ધ બની ગયા. તરસ કરતાં ભૂખ વધુ લાગી હશે એમ તેના ફીક્કા ચહેરા પરથી અનુમાન કરી મેં ફળ ધરવાની હિંમત કરી. દાંત કચકચાવી તેણે ફળ લીધાં અને બને તેટલી તાકાતથી એ દૂર ફેંકી દીધાં ! જ્યાં પાણીનું ટીપું કે અન્નનો કણ પણ ન મળે તેવા રણ જેવા પ્રદેશમાં ફળ અને પાણીનો આટલો વ્યય કરનારને શું કહેવું? પરંતુ મારા આ વિચારે તરત વળાંક લીધો. ‘ન ભૂખ, ન તરસ, આનું દુઃખ ત્રાસ છે. પત્રકાર, જરા સહનશીલતા રાખશો તો આ જંગલી જેવો લાગતો માણસ તમારા સંસ્કાર સ્વામીઓના સ્વાંગ ચીરી તમને એના સાચાં સ્વરૂપનાં દર્શન કરાવશે !’ આ વિચારથી મેં ધીરજ ધારણ કરી. પેલા માણસને અનેક રીતે શાંત પાડવા અમે પ્રયત્ન કર્યા. મારી તો ઈચ્છા હતી કે ગમે તવું પણ એ કાંઈક બોલે તો સારું. એકવાર પણ જો એની વાચા ઉઘાડે તો તે તેના દિલનું બધુ જ દુઃખ ઠાવલી કાઢશે, અને ત્યારે તેનું હૃદય હળવું બની જશે. પછી શાંત ચિત્તે તે બધું જ કહેશે. આમ વિચારી અમે અમારા પ્રયાસ ચાલુ રાખ્યા. અનેક પ્રયત્નો

બાદ તેણે ઓચિંતી ત્રાડ નાખીઃ

'તમે રાક્ષસ છો, ખૂની છો.'

'તમારી વાત સાચી છે, પણ તમે શાંત તો થાઓ.' અમારે આરોપ કબૂલ કરે જ છૂટકો હતો!

'મનેય મારી નાખવો હોય તો જલદી મારી નાખો.' મોતથી ન બીનાર એ માનવીએ કહ્યું. તેના આ વાક્યથી તેનું કોઈ સ્વજન મરી ગયું છે એનો ખ્યાલ અમને આવી ગયો. તેનો ક્રોધ સકારણ હતો. સુધરેલા કહેવાતા રાજ્યકર્તાઓએ તેનું સર્વસ્વ લૂંટી લીધું હોય તો નવાઈ નહિ ! એટલે અમારા જેવા પાટલુનધારીઓ - સંસ્કારીઓ - તરફ તે ગુસ્સે થાય તેમાં શી નવાઈ ? કોઈ પણ વાતે લૂંટાઈને બરબાદ થઈ ગયેલો માણસ મારવા - મરવા માટે જ જીવતો હોય છે.

'ભાઈ, અમે મારનારા નથી. મદદ કરનારા છીએ.' મેં સહાનુભૂતિપૂર્વક કહ્યું. તે કાંઈક શાંત પડવા લાગ્યો.

'તમે કેમ આવ્યા છો?' તેના પ્રશ્નમાં હજીય કાંઈક તિરસ્કાર હતો.

'તમને બનતી મદદ કરવા.' મેં જણાવ્યું.

'તમારા સાહેબોની આટલી મદદ ઓછી છે?' સામેના ઘરના ભંગાર તરફ આંગળી ચિંધી તેણે કહ્યું. અભણ ગણાતા ગ્રામજનોની આહમાંથી પ્રગટ થતાં બાણ હૃદય વિંધીને જ રહે છે. તેના આ વાક્યે અમને અમારી જાત માટે સાચે જ શરમ ઉપજાવી.

'આ કરનાર-કરાવનાર જુદા છે ભાઈ.' મારા સાથીએ જણાવ્યું.

'તમે અહીં શું કરો છો એ તો કહો. તમારી હકીકત અમને બહુ ઉપયોગી થઈ પડશે.' મેં પૂછ્યું. 'વળી આ ગામમાંતમે જ પ્રથમ મળ્યા છો. આ બનાવ વિષે કંઈક કહો તો ખરા.' 'તમે અહીં શું શોધો છો ?' અમે એક પછી એક પ્રશ્નો પૂછયા.



'જાણીને શું કરશો?' નિરાશ વદને તે બોલ્યો.

'સંસ્કારીઓના આ સુકૃત્યો જગતને જણાવીશું.' મેં પણ ભંગાર તરફ હાથ લંબાવી કહ્યું. મારો કટાક્ષ તે કળી ગયો. અમે તેના દુઃખના સમભાગી છીએ એમ તે સમજી શક્યો. અને નિઃશ્વાસ સાથે તેણે વાત શરૂ કરીઃ

'એ વાતને વધુ દિવસ નથી થયા. હું અને મારી પત્ની સુખેથી અહીં રહેતાં. અમારું નાનું, સુંદર ઘર હતું. સુખેથી જીવન જીવી શકીએ એટલી જમીન હતી. બે તંદુરસ્ત બળદ અમારા આંગણે શોભતા. એક ધોળી દૂધ જેવી ગાય સાકર જેવું મીઠું દૂધ દેતી. મારી પુત્રી રાધાને તો એના પર અપાર પ્રેમ હતો. અને રાધા ઉપર પણ અમારો - માત - પિતાનો ક્યાં ઓછો સ્નેહ હતો ? અમારું એ એક માત્ર સંતાન હતું. અમારી આશા, અમારા જીવનનો આનંદ એનામાં સમાયો હતો. પતિ-પત્નીના સ્નેહાળ જીવનની પ્રેમધારા છેલ્લાં દશ વર્ષથી વહેતી હતી. તમારી માફક હું બહુ ભણેલોય નથી. માત્ર સાત ચોપડી ભણેલા મારા જેવા પતિ પર મારી પત્ની અપાર સ્નેહ રાખતી. હું ખેતી કરતો. બપોરે મારી પત્ની ભાત લઈ ખેતરે આવતી. તેની સાથે રાધા ય આવતી. અમે ત્રણે જણ ખેતરમાં ઝાડના છાંયડે ખાઈ એકાદ કલાક આનંદ કરતાં. પછી રાધા અને તેની મા ઘેર જતાં અને હું મારા કામે વળતો. દૂર જતાં સુધી રાધા તેના નાના હાથ ઉંચા કરી મને 'આવજો' કહેતી. હું પરોણો, રાસ ઉંચા કરી વળતો જવાબ આપતો. મને બરાબર યાદ છે' કહેતાં તેની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યાં. ક્ષિતિજમાં ઊંડે ઊંડે નજર નાખી કાંઈક જોતો હોય તેમ તે બોલવા લાગ્યો : 'ખેતરને ખોળે બેસી તે દિવસે અમે ત્રણે જણ ખાતાં ખાતાં આનંદથી વાતો કરતાં હતાં.:'

'આજે રાતે શું ખાઈશું, રાધા.' મેં પૂછ્યું હતું.

'બાપા, આજે તો હું મારી બા પાસે ઢેબરાંમાં કરાવવાની છું. આજે

વલોવ્યું છે, એટલે ઢેબરાંને તાજી છાશ ખાવાની મજા પડશે, નહિ બાપા?' રાધા બોલી હતી.

'હા, બહુ મઝા પડશે.' રાધાને વધુ ખુશ કરવા મેં કહ્યું હતું : 'મિષ્ટાન્ન જેવું ખાવાનું લાગશે.'

'બાપા, આજે તમે બહુ મોડું ના કરશો. બળદ માટે ઘાસ અમે જ કાપતાં જઈશું.' સંમતિ મેળવવા પોતાની માતા તરફ જોઈ રાધાએ મને કહ્યું હતું.

'ના બેટા, આજે તો વહેલું જ અવાશે. જોને ખેતર પણ થોડુંક જ બાકી છે.' મેં ખેતર તરફહાથ કરી કહ્યું હતું.

'તો તો બાપા, મારા માટે થોડાં બોર જરૂર લાવજો. કેટલાય દિવસથી તમે બોર નથી લાવ્યા.' રાધાની વાત સાચી હતી. એટલે એને માટે હું તે દિવસે બોર જરૂર લઈ જવાનો હતો.

'જરૂર, આજે તો ખાત્રી પાળીશ.' મેં ખાત્રી આપતાં કહ્યું હતું અને દૂર દૂર ગઈ ત્યાં સુધી પાછા ફરી રાધાએ બૂમો પાડી મને કહ્યા જ કર્યું હતુંઃ

'બાપા, બોર લાવવાનાં ના ભૂલો હોં.' અને હળ હાંકતાં હાથ ઊંચો કરી હું લાંબે સાદે કહેતો હતો :

'એ હા, નહિ ભૂલું બેટા!'

'ધાર્યા પ્રમાણે ખેતર વહેલું પુરું થયું. બળદને શેઢે ચરવા છોડી હું બોર વીણવા ગયો. બહુ પાકાં બોર રાધાને ન ભાવતાં. સારાં સારાં ખટમધુરાં બોર વીણી મેં ફાળિયાને છેડે બાંધી લીધાં અને હળ જોડવા બળદ વાળવા જવા લાગ્યો. ત્યાં દૂર ઓચિંતો મોટો ધડાકો સંભળાયો ! આકાશમાં ધૂળ અન ધુમાડાનાં વાદળ છવાઈ ગયાં ! અમારા ગામ તરફથી ભયંકર ચીસો સંભળાવા લાગી. બળદ ચમકીને ભાગ્યા. મને ફાળ પડી.હું ગામ તરફ દોડ્યો. પણ રસ્તામાં જ રડતાં-કકળતાં ગામ લોકો સામે મળ્યાં ! મેં પૂછ્યુંઃ



'આ શું થયું ?' કેમ બધાં દોડે છો ને રડો છો?'

'ખબર નથી બાપલા. ધરતી માતા રૂઠી લાગે છે. ઓચિંતી ધરા ધ્રુજી ઊઠી છે. બધાં ઘરોનો ઘાણ કાઢી નાખ્યો.' એક વૃધ્ધે રડતાં રડતાં કહ્યું.

પહેરે લૂગડે, આંસુભરી આંખો સાથે સહુ ગભરાટમાં નાસતાં હતાં. કોઈ પોતાના મા-બાપને તો કોઈ પતિને, કોઈ પત્નીને કોઈ બાળકોને, કોઈ બેનને તો કોઈ ભાઈને સંભાળી રડતાં હતાં અને છતાં પાછળ નજર નાખી દૂર નાસતાં હતાં. હું ય ગભરાયો. રાધાને અને તેની માને શોધતો હું ગામ તરફ આગળ વધ્યો. થોડેક દૂર ગયો ત્યાં મારો પાડોશી મળ્યો. તે થોડું અંગ્રેજી પણ ભેણલો હતો. શહેરમાં જાય ત્યારે તમારાં છાપાં પણ તે વાંચતો.

'મગનભાઈ, આ શું થયું?'મેં ગભરાતા સ્વરે પૂછયું!

'સરકારે બોંબ ફેંક્યો છે. આપણા ઘર પડી ગયાં છે. હું બહાર હતો તે બચ્યો.' ઉતાવળથી મગને કહી નાખ્યું.

'રાધા અને તેની મા....'

''ભગવાન જાણે ભાઈ'', મને વચમાં જ અટકાવી તે બોલ્યો, 'માણસને તેની જાતનું ય ભાન ન રહે એવા ભયંકર અવાજથી ગામ ગાજે છે. ઈશ્વર કરે તે ખરું. તમે પાછા વળો.' તેને પુરો સાંભળતાં પહેલા જ હું આગળ વધ્યો. થોડે સુધી ગયો પણ હવે આગળ વધવું અશક્ય હતું. ધૂળથી આંખો પુરાઈ જતી, ધુમાડાથી શ્વાસ રૂંધાતો. હું ત્યાં જ બેસી પડ્યો.

દુઃખી ખેડૂતનો શબ્દે શબ્દ હું ટપકાવતો હતો. આશ્ચર્યથી મારી મંડળી તેની તરફ તાકી રહી હતી.

'પછી અહીં ક્યારે આવ્યા?' તેની અટકેલી વાણીને વેગ આપવા મેં થોડીવારે પ્રશ્ન કર્યો.

'આખી રાત હું ત્યાં જ પડી રહ્યો. સવારમાં આંધિ કાંઈક શાંત પડી અને હું અહીં આવ્યો. આવીને આ જોયું.' ભંગાર તરફ હાથ કતાં તે

બોલ્યો. તેની આંખમાંથી અશ્રુ સરી પડ્યાં. છતાં તે અટક્યો નહિ :

‘મેં રાધાને બૂમ મારી. બેટા, તારા માટે બોર લાવ્યો છું. તું ક્યાં છે? ઢેબરાં કર્યા છે બેટા ? તારી મા ક્યાં રાધા ?’ અને છેવટે તેણે એક ભયંકર બૂમ પાડી,

‘રા…ધા…’

વર્ણન કરવું ભૂલી જઈ તે સાચે જ રાધાને બોલાવી રહ્યો ! તેની આંખો આંસુથી છલકાઈ ગઈ. પોતાના ભંગાર ઘરતરફ તે દોડ્યો અને રાધાને બોલાવતો, આંખમાંથી અશ્રુ છલકાવતો, કોદાળી લઈ કાંઈક શોધવા કામે વળ્યો. અમારા અનેક પ્રયત્નો છતાં તે સમજ્યો નહિ, અમારી સાથે આવ્યો નહિ. તેણે ન ખાધું, ન પીધું. તેનું મગજ હવે બીજું કાંઈ સમજવા જ અસમર્થ હતું. ન છૂટકે, ભારે હૈયે, ધીમે પગલે અમે પાછા વળ્યા. દિવસ ડૂબવાની અડધો એક કલાકની વાર હશે, એટલે ઉતાવળ કરવી જરૂરી હતી, છતાં અમે તેમ ન કરી શક્યા. થોડે દૂર ગયા. ત્યાં એક ભયંકર ચીસ સંભળાઈ. ચમકીને અમે પાછળ જોયું. તે માણસ નીચે પડેલો લાગ્યો. દોડતા અમે પાછા આવ્યા અને જે દૃશ્ય જોયું તેનાથી અત્યાર સુધી રોકીરાખેલાં આંસુ અમારી આંખમાંથી સરી પડ્યાં ! માટી ખોદી દીકરી અને પત્નીને ઢૂંઢતા એ ગ્રામીણની કોદાળી રાધાના પેટમાં ખૂંપી ગઈ હતી અને ચીસ પાડી તે ધરતી પર પડ્યો હતો.

છોકરીના હાથ પર ‘રાધા’નું છુંદણું હતું. પિતાના હાથે વ્હાલસોઈ મૃત પુત્રીના પેટમાં અજાણતાં કોદાળી ખૂંપી ગઈ અને પુત્રી સાથે પિતા પણ ચિર શાંતિમાં પોઢી ગયો ! ફાળિયામાંથી વેરાયેલાં સૂકાં બોર રાધાની બાજુમાં પડ્યાં હતાં ! એ અમાનત રાધા માટે હતી. આંસુ લૂંછી છબીકારે છેલ્લી છબી ખેંચી અને ડૂબતા સૂર્યે અમને પાછા વળવાની ફરજ પાડી !

બીજા દિવસની સવારે મારા ટેબલ પર બે વર્તમાનપત્રો પડ્યાં હતાં. સરકાર પક્ષના પત્રના પહેલા પાન પર વડાપ્રધાનના ફોટાનો બ્લોક



હતો. અને મોટા અક્ષરે મથાળું બાંધેલું હતું :

‘એટમ બોંબની મહાન સિદ્ધિ ! યુદ્ધનો તાત્કાલિક અંત…. પાર્લામેન્ટમાં વડાપ્રધાનનું નિવેદન.’

મારા વર્તમાનપત્રના પ્રથમ પાન પર ઘણી છબીઓ વચ્ચે ખેડૂત પિતા-પુત્રીનાં મૃત્યુ મિલન સમયની મોટી છબી ગોઠવાયેલી હતી. તે છબીને મથાળે મોટા અક્ષરે લખ્યું હતું

**‘સંસ્કારીઓની સિદ્ધિ’ ***

અને ત્યારે પોતાને જગતના સુધરેલા, પ્રગતિશીલ અને સંસ્કાર-સ્વામીઓ ગણનારાઓની સિદ્ધિઓએ સર્જેલી નિર્દોષ માનવોની કરૂણ હાલતની છબીઓ જોતો હું શોક સાગરમાં સરી પડ્યો !!

*લેખનના પ્રારંભના દિવસોમાં લખેલી, ‘લોકસત્તા’માં પ્રગટ થયેલી વાર્તા.

❑ ❑ ❑

## ૧૫. શિલુભાઈની અમીરી

થોડા વિચારમાં હતો, એટલે મારી 'ઝેન' ગાડી હું મધ્યમ ગતિથી ચલાવતો હતો. આગળ કોઈ વયોવૃધ્ધ વ્યક્તિ ધીમી પણ દઢ ચાલે ચાલતી હતી. મને અચાનક કશો અણસાર આવ્યો એટલે નજીક જતાં મેં ગાડી એકદમ ધીમી કરીને એ વ્યક્તિને ધારીને જોવાનો પ્રયત્ન કર્યો. પેલા ભાઈને પણ મારા તાકીને જોવાથી નવાઈ લાગી એ હું જોઈ શક્યો. પણ મારી ધારણા વધુ દઢ થઈ ને મેં સહેજ આગળ જઈ, ગાડીને રસ્તાની ડાબી તરફ દબાવી ઊભી રાખી. ઈશારાથી પેલી વ્યક્તિને નજીક બોલાવી પૂછયું :

'ક્યાં જાવ છો વડીલ?'

'ઘેર,' પેલા ભાઈએ પણ આશ્ચર્ય અનુભવ્યુંઃ 'પણ આપ....?'

'શામળાજીની પોળમાં જ ને?'મેં સ્મૃતિ ઢંઢોળી પૂછયું.

'જી હા, ત્યાં જ,' ગુંચવાતા પેલાભાઈ બોલ્યાઃ 'પણ...'

'આવો, બેસો' ગાડીનો દરવાજો ખોલતાં મેં કહ્યુંઃ 'તમને ઘેર છોડી દઉં.'

'પણ હું તો આપને.....'

'બેસો તો ખરા,' મેં આગ્રહપૂર્વકના આપાથી કહ્યું ને એ થોડા સંકોચ સાથે મારી બાજુમાં બેઠા. મેં સહેજ મરકતાં ગાડી સ્ટાર્ટ કરી. પેલા ભાઈ પ્રશ્નસૂચક નજરે મને જોઈ રહ્યા હતા. એમની સ્વાભાવિક મુંઝવણ હું સમજી ગયો. મેં પૂછયું.

'તમે શિવલાલભાઈ?' અને એમની મુંઝવણ આશ્ચર્યમાં પલટાઈ ગઈ !

'હા,' સહેજ અકળાતા એ બોલ્યા : 'પણ તમે તમારા વિષે તો કશું કહો.'



મેં ગાડી ઊભી રાખી ને આંખેથી ગોગલ્સ ઉતારી નાખતાં પૂછયું : 'હવે ઓળખાણ પડે છે શીવુ?'

મારા 'શીવુ' સંબોધનથી એ ભાઈની મુંઝવણ ઓર વધી. ધારીને મારી સામું જોઈ જ રહ્યા. પછી સહેજ વારે સાશંક ભાવે પૂછયું : 'તમે મ..નુ...ભા...ઈ!?'

'હા બરાબર ઓળખ્યો, હું તમારો મનીયો' કહેતાં મેં સ્નેહથી શિવુભાઈનો હાથ પકડી લીધો ! એમનો આનંદ પણ અવ્યક્ત નહોતો રહ્યો.

પછી મારા પ્રશ્નોના જવાબમાં શિવુભાઈએ કહેલી વાતોનો સાર એ હતો કે - શાળામાં એક સાચા અને પ્રમાણિક વિદ્યાર્થીની એમની જે છાપ હતી તે જીવનભર અકબંધ રહી હતી. પ્રાથમિક શિક્ષકની નિષ્ઠાભરી નોકરીમાં એમણે એકના એક દીકરાને માંડ ગ્રેજયુએટ કર્યો હતો, જે શહેરમાં જેમ તેમ ગુજરાન ચલાવતો હતો, અને એક દીકરીનાં લગ્ન કરી સાસરે વળાવી હતી, તે ઠીક ઠીક સુખી હતી. પોતે અને પત્ની બે જ હવે ઉત્તરાવસ્થામાં પરસ્પરની હૂંફ હતાં. થોડી બચત હતી તે દીકરાને ભણાવવામાં અને દીકરી દીકરાનાં લગ્નોમાં વપરાઈ ગઈ હતી. હવે થોડું પેન્સન મળતું હતું, જેમાં બે જીવનું પુરું કરવામાં ય અગવડ પડતી હતી. એટલે શીવુભાઈ બે ત્રણ ટયુશન કરી ગાડી ગબડાવતા હતા. તો ય એમના કહેવા પ્રમાણે : 'દયા છે ભગવાનની, પ્રતિષ્ઠાભેર જીવી શકીએ છીએ.'

આ જૂના મિત્રને અને એની સાત્વિકતાને મનોમન નમન કરી મેં ગાડી સ્ટાર્ટ કરી. કહ્યું : 'ભાઈ, પહેલાં મારી ફેકટરી પર જઈએ... પછી તમને ઘેર મૂકી જઈશ.'

પણ 'ના ના મનુભાઈ, મારે જરા...' કહેતા શિવુભાઈને મેં કહ્યું : 'થોડીજ વાર. તમને સમયસર ઘેર પહોંચાડી દઈશ. ભાભીને ચિંતા થાય એવું મોડું નહિ કરું.' શિવુભાઈએ સસ્મિત સંમતિ આપી.

રસ્તે મેં કહ્યું : 'શિવુભાઈ, છોડો ટ્યુશનની માથાકૂટ, બહુ ભણાવ્યું, હવે શાંતિથી જીવો. મારી ફેકટરીમાં કાલથી જ આવો. તમને મહિને છ સાત હજાર રૂપિયા અને રીક્ષા ખર્ચ તો હું સહેલાઈથી આપી શકીશ.'

એટલામાં ફેકટરી આવી. મેં ગાડી ઊભી રાખી. બારણું ખોલી નીચે ઉતર્યો ત્યાં જ નોકરે આવી મારા હાથમાંથી ફાઈલ લઈ લીધી. અમે ફેકટરીમાં દાખલ થયા. મારી ઓફીસમાં જતા સુધીમાં ઘણા કર્મચારીઓએ ઊભા થઈ મારું (અમારું) સ્વાગત કર્યું. મારી એ.સી. ઓફીસમાં બેસતાં શિવુભાઈના મુખ પર સુખદ આશ્ચર્યના ભાવ હું જોતો હતો. પટાવાળો બે ચા મૂકી ગયો. જેમાંથી ઘૂંટ લેતાં મેં પૂછયું : 'બોલો શિવુભાઈ, ક્યારથી આવો છો અહીં? સંકોચ ન રાખશો. હું તમારી પર ઉપકાર નથી કરતો.... મારે તમારા જેવા વિશ્વાસુ માણસની જરૂર છે.' મિત્ર તરફ સાચા ભાવની લાગણીથી મેં કહ્યું.

'પણ મારે અહીં કામ શું કરવાનું રહેશે?' શિવુભાઈએ મુદ્દાનો પ્રશ્ન કર્યો.

'બસ, જનરલ સુપરવીઝન.' મેં હળવાશથી કહ્યું : 'બધા કર્મચારીઓના કામ પર જરા નજર રાખતા રહેવાનું.'

એટલામાં ફોન રણક્યો. મેં વાત શરૂ કરી.

'હાં બોલો....ધાર્મિકલાલજી? ... અરે ભાઈ, તમારો માલ બે ચાર દિવસમાં તમને પહોંચશે.... બરાબર છે... પણ હમણાં તમે જુઓ છો ને..... સરકારની ઘોંસ કેવી છે.... જરા બચીને ચાલવા જેવું છે યાર.... આ રાજમાં તો હાથી નીકળી જાય ને પૂછડી પકડાઈ જાય... ત્યારે આપણું કર્યું કરાવ્યું તો ધૂળમાં જ મળી જાય ને ? ... એટલે જરા ધીરજ રાખો ધાર્મિકલાલજી.... ઉપલા લેવલે વાત ચાલે છે.... બધું ગોઠવાઈ જતાં જ માલ મંગાવી મોકલી દઈશ.... લાખોનો મામલો છે યાર.... અને બધાંનાં ગજવાં ભરવાં પડે છે... ઠીક છે...?'



પણ આશ્ચર્ય ? મેં રીસીવર મૂક્યું એટલામાં તો શિવુભાઈ એક પણ શબ્દ બોલ્યા વિના ઉભા થઈ ગયા હતા. મેં બેસવાનું કહ્યા છતાં બોલ્યાઃ

'ના, મારે આટલામાં જ જરા બીજું કામ છે. એ પતાવીને હું જતો રહીશ મનુભાઈ,' કહેતા એ ચાલવા ય માંડ્યા. મેં ઘેર મૂકી જવાનું કહ્યું છતાં 'મારે બીજું કામ છે' કહેતા બહાર નીકળી ગયા. હું સ્તબ્ધ બની જોઈ જ રહ્યો. ફોનની વાતચીત પરથી શિવુભાઈને મારા બે નંબરી ધંધાની ગંધ આવી ગઈ હતી એ હું સમજી શક્યો. મેં જોયું તો શિવુભાઈના કપમાં અડધી ચા પણ અકબંધ હતી ! સાચી વાત જાણ્યા પછી એમને ગળે એ ચા પણ કેમ ઉતરે ? પણ ત્યારે શું બન્યું એ કહું ? ત્યારે....

હજીય એવા જ પ્રમાણિક, સત્યનિષ્ઠ, વફાદાર અને દેશદાઝવાળા શિવુભાઈની અમીરીએ મારી નજર સમક્ષ મારી ગરીબી છતી કરી દીધી!

❑ ❑ ❑

## ૧૬. મોટા ઘરની વહુ

પાકો ગામડિયો હતો જુવાન ચીમનલાલ. ભલો પણ ભોટ નહિ ને ભોળો પણ મૂરખ નહિ. ખાધે પીધે સુખી હતો ને સ્વભાવે કંજૂસ નહોતો. મનનો મોજી હતો ને જીવનમાં બનતા બનાવોને હળવે હૈયે લેનારો હતો. 'ચાલ્યા કરે એ તોં' એ એનું જીવનસૂત્ર હતું. અત્યારસુધી તો પંડે એકલો હતો. પણ થોડા માસ પહેલાં જ લગ્ન કર્યા હતો. પરણ્યા પછી ય પત્ની સાથે એ એવી જ મસ્તીથી રહેતો હતો. પત્ની ય ખુશ હતી એનાથી. આનંદમાં રહેતી ને પતિનું મન ને માન સાચવતી. સુખી હતાં બંને.

પણ દસ માસના લગ્નજીવનમાં ચંપાને ઉદાસ અને મૂંઝાયેલી આજે પહેલી વાર જોઈ ચીમનલાલે, એટલે ખાટલામાં લંબાવતાં લંબાવતાં પૂછ્યું :

'તું હમણાંની ઉદાસ ઉદાસ કેમ ફરે છે ? તબિયત તો સારી છે ને તારી?'

'હા, સારી છે ને,' કશા જ રસ વિના ચંપા બોલી. ત્યારે રાત્રિના નવેક વાગ્યા હશે. હવે તો ગામડામાં ય લાઈટ આવી ગઈ હતી. પણ કરંટ ગયો હતો. એટલે કોડિયાનો આછો ઉજાસ ઓરડાને અજવાળતો હતો.

'તો પછી હવે દિવાળીના વીસ પચીસ દિવસ રહ્યા છે ત્યારે હોંશે હોંશે ઘરની સાફસૂફી કરવાની કે દિવેલ પીધા જેવું ડાચું લઈને ફરવાનું!' આખાબોલા ચીમનલાલે કહ્યું : 'તારી તો આ પહેલી દિવાળી છે સાસરીમાં. એટલે ઊલટો વધારે ઉત્સાહ હોવો જોઈએ તને. લોકો તો ખાઈ ખપુચીને સાફસૂફી કરવા મંડ્યા છે ને તું તો હજી હાલતી ય નથી.'

'દિવાળી આવી છે એ જ તો મુસીબત છે ને.' ચંપાએ મૂંઝવણ જણાવવા પ્રયત્ન કર્યો.



'દિવાળી આવી એ મુસીબત છે?! કેમ?' આશ્ચર્યથી ચીમનલાલે કહ્યું : 'ઘરમાં કોઈ ચીજવસ્તુની ખામી છે? દિવાળીનું ઊજળું ટાણું ઊજવવા જે જોઈએ તે લાવનારો હું બેઠો છું ને બાર વરહનો !'

'તમે હો વરહના થાવ ભલા, પણ હાચું કહું?' ચંપા જરા ગૂંચવાતી બોલી : 'થોડા દા'ડા પહેલાં મેં કથામાં હાંભરેલું કે દિવાળીના દા'ડામાં ઘરની હારે મનને પણ સાફ કરવું જોઈએ.'

'મનને સાફ કરવું જોઈએ?' આશ્ચર્યથી ચીમનલાલે પૂછ્યું : 'કોના મનને?' અને ગૌરવપૂર્વક ઉમેર્યું : 'ક્યારેય કશું ખોટું નહિ કરવાનો નિયમ છે આપણો. હોય તે વાપરવું ને હાચું લાગે તે કે'વું.

'તે તો હું જાણું જ છું તો,' પતિની વાત સ્વીકારતાં પત્નીએ કહ્યું : 'હું તમારો નહિ, મારો વિચાર કરું છું. '

'તારે વળી તારો શો વિચાર કરવાનો છે?' પત્નીને સારું પ્રમાણપત્ર આપતાં ચીમનલાલ કહ્યું : 'તે વળી અહીં આવ્યા પછી ક્યાં કોઈને દુભવ્યું છે ? તું તો મારી ભલી ભોળી, પ્રેમાળ પત્ની છું. પછી બીજું શું જોઈએ?'

'ભલા, ભોળા તો તમે છો' પતિને સર્ટીફિકેટ આપતાં ચંપા બોલી : 'એટલે જ તો મને મારી જાત પર વધારે ધિક્કાર છૂટે છે.' ચંપા સ્વહૃદય પરીક્ષામાં પડી હતી.

'તારી જાત પર તને ધિક્કાર છૂટે છે?' આશ્ચર્યથી ચીમનલાલે પૂછ્યું : 'પણ છે શું એવું?'

'એવું છે તારે જ ને!' કહેતાં ચંપાની આંખ ભીની થઈ !

'પણ હવે મગનું નામ મરી પાડીશ કે પછી ગોળગોળ જ બોલ્યા કરીશ?' અકળાતાં ચીમનલાલ બોલ્યા : 'તેં કોનો બાપ મારી નાખ્યો છે? અહીં આવીને થોડા જ વખતમાં તું ગામ આખાને વહાલી વહાલી થઈ ગઈ

છું. તારા ગુણ ગાતાં તો પેલાં ગંગામા થાકતાં નથી.'

'સાચી વાત છે તમારી,' ચંપા બોલી : 'તમારી સાથે પરણીને તો લીલાલહેર થઈ ગઈ છે મારે, પણ...' ચંપા જરા ગૂંચવાતાં બોલી : 'પણ મારે તો આપણાં લગ્ન પહેલાંની એક વાત કહેવાની છે તમને.'

'તે કહી નાખને. એમાં આટલી ગૂંચવાય છે શું?' ચીમનલાલે નિખાલસતાથી કહ્યું : 'અને લગન પહેલાં તારે ને મારે લેવા દેવા ય શી હતી કે એ વખતની વાત મારે જાણવી પડે. જે હોય તે ભૂલી જા બધું.'

'પણ ભુલાતું નથી એનું જ તો દુઃખ છે,' આંખમાં ઝળઝળિયાં સાથે ચંપા બોલી : 'વાવેલું તો ગમે ત્યારે ઊગ્યા વગર થોડું જ રહે.'

'કહેવાથી મનનો બોજ હલકો થઈ જાય ગાંડી,' ચીમનલાલ પત્નીને સમજાવતાં બોલ્યા : 'માટે જે હોય તે કહી નાખ.'

'પણ કહેવાથી હું હાથે કરીને મારા પગ પર કુહાડો મારું છું ને મારા સુખી સંસારમાં આગ ચાંપું છું એવો ઘાટ થવાનો છે', ગભરાતી ચંપા બોલી.

'હવે આપણા સંસારમાં આગ ચાંપનારે ફરી જનમ લેવો પડશે!' અવગણનાપૂર્વક ચીમનલાલ બોલ્યા : 'તું તારે કશી ચિંતા કર્યા વગર જે હોય તે કહી નાખ એટલે વાત પતે.'

'મારું તો ઠીક.' પતિ તરફ સહાનુભૂતિ બતાવતી ચંપા બોલી : 'પણ વાત કહીને મારે ભગવાન જેવા મારા ભલા પતિને દુઃખી કરવાના છે એનું મને વધારે દુઃખ છે.'

'અરે રામ રામ,' ખાટલામાં બેઠા થઈ જતાં ચીમનલાલ બોલ્યા : 'હિન્દુસ્તાનનું રાજ ચલાવનારો ય તારા જેટલો કદી ગૂંચવાયો નહિ હોય.



હવે જે કહેવું હોય તે કહી નાખ એટલે મન હળવું થાય.'

'કહું ?' સાશંક ભાવે ચંપાએ પૂછ્યું : 'પણ પછી તમે મને કાઢી તો નહિ મૂકો ને ?'

'લે કર વાત,' મરકતા મરકતા ચીમનલાલ બોલ્યા : 'કોઈ ચમન પોતાની ચંપીને કાઢી મૂકતો હશે?' ચીમનલાલ પંડની મશ્કરી પણ કરી શકતા.

'પણ વાત જ કંઈક એવી છે કે......' ચંપા ફરી ગુંચવાઈ.

'હવે તારાથી ના કહેવાતી હોય તો મૂક વાત પડતી,' ચીમનલાલ નિઃસ્પૃહ ભાવે બોલ્યા : 'મારે એ સાંભળવી ય નથી, બસ? ભૂલી જા ભૂતકાળને. એમ કરેલું બધું યાદ રાખીએ તો જીવાય પણ ના.'

'પણ મારો માંહ્યલો ડંખે છે મને,' ચંપા દુઃખદ સ્વરે બોલીઃ 'તમારા જેવા ભલા ને પ્રેમાળ પતિને છેતરવાનું પાપ હું વેંઢારીને ફરી શકતી નથી.'

'તો હવે ચિંતા કર્યા વગર કહી નાખ જે હોય તે,' ચીમનલાલે પત્નીનો વિશ્વાસ વધારવા કહ્યુંઃ 'મારા તરફથી તને અભે વચન છે. તું જેવી હોઈશ તેવી મારી જ છે ને મારી જ રહીશ, બસ!'

ચંપામાં હવે હિંમત આવી. પોતાના દિલને ઢંઢોળતી તે ક્ષોભ સાથે બોલીઃ

'છે ને... લગન પહેલાં હું મારા પિયરમાં.... છે ને એક જવાનિયા....' પણ આગળ એક અક્ષરે ય બોલે એ પહેલાં તો ચંપા ધ્રુસકે ધ્રુસકે રડી પડી ! ઈચ્છા હોય તો ય પાપનો સ્વીકાર કરવાનું સહેલું નથી !

'પિયરમાં એક જવાનિયો.... ?' એ શું તૂત છે વળી? ચીમનલાલે જરા નવાઈ પામી પૂછ્યું. :

'એક મુઆ જુવાનિયાએ મને...'કહેતી ચંપા ડૂસકે ચડી ગઈ !

'ઓહો, તારા પિયરમાં એક જુવાનિયાએ તને...'કહેતા ચીમનલાલે વાતનો મરમ પામતાં પૂછ્યું : 'એ જુવાનિયો એટલે પેલો પરભુડો તો નહિ ? એની જ વાત તું કરે છે ને?'

'તમે ઓળખો છો એ નફફટને?' આંસુ લૂછતી ચંપાએ આશ્ચર્યથી પૂછ્યું.

'એને ના ઓળખે તે નાત બા'ર, ચીમનલાલે હસતાં હસતાં કહ્યું : 'વાગતો ઘંટ છે એ તો'

'પણ તમે એની કાંથી ઓળખો?' સાશંક ભાવે ચંપાએ પૂછ્યું :

'એ જ તો ચંપા ચીમનલાલને ભળાવી ગયો!'

'એ ભળાવી ગયો?!' ડરપૂર્વક ચંપાએ પૂછ્યું : 'એટલે?'

'એટલે કે એણે જ આપણાં લગન કરાવ્યાં', સ્વાભાવિકતાથી ચીમનલાલ બોલ્યા.

'હેં!' એક ડગ પાછી ખસી જતાં ચંપા બોલી : 'એણે લગન કરાવ્યાં? કેવી રીતે ? એ તો મૂઓ...'

'એ મૂઓ તું ધારે છે એટલો ખરાબ નથી,' વચ્ચે જ ચીમનલાલ બોલ્યા : 'એને ગાળો ના દઈશ. જો સાંભળ' પત્નીની નજીક સરકતા ચીમનલાલ બોલ્યા : 'વાત જાણે એમ છે કે...'

ગભરાતી ચંપા વચ્ચે જ બોલી પડી : 'તમે...?' એના પ્રશ્નમાં ગભરાટ હતો.

'કે ગામની રીતે તો આપણે સીમા પડોશીઓ છીએ.' ચીમનલાલે વાત માંડી.



'ભઈ સાબ, એ અકકરમીનાં જે કારસ્તાન હોય તે મને જલદી કહો' ચિંતાતુર ચંપા બોલી : 'મને તો આવું અધકચરું સાંભળીને ફડક ઊપડે છે.'

'તું જાણે છે કે પરભુડાનુંગામ - એટલે તારું પિયર - મોટા બજારવાળું છે. મારા - એટલે કે હવે આપણા - ગામમાં તો હું ભણતો તો ત્યારે નિશાળ પણ નહોતી, એટલે તારા ગામની નિશાળમાં હું ભણવા આવતો.ત્યારે હું ને પરભુડો ભેગા ભણતા. તારની અમારી ઓળખાણ.'

'પણ...પણ...' ગૂંચવાતી ચંપાને સમજ ન પડી કે શું ને કેમ પૂછવું!

'અમારું ગામ તો નાનું', ચીમનલાલે આગળ ચલાવ્યું. એકેય દુકાન ના મળે ગામમાં. એટલે તારા ગામના બજારમાંથી બધું ખરીદીએ એ તો હવે તું જાણે છે ને?'

'હા.'

'બસ, ભણી રહ્યા પછી ય કોઈ દા'ડો બજારમાં હટાણું કરવા આવ્યો હોઉં ને ત્યાં એ પરભુડો ને હું કોઈ વાર ભેગા થઈ જઈએ ત્યારે 'કેમ છે' કહેવા જેવો સંબંધ અમે જાળવતા.

'એમ કે?'

'હા, પણ એક દિવસ અચાનક એ મારે ઘેર આવ્યો. કદાચ પહેલી વાર. અને એક નવાઈ ભરી વાત કરી.'

'નવાઈ ભરી એટલે કઈ?' આતુરતાથી ચંપાએ પૂછ્યું.

'તારી સાથેના લફરાની વાત સ્તો!' ચીમનલાલે સ્વાભાવિકતાથી કહ્યું.

'હેં,શું કહો છો?' ગભરાતી ચંપા ફાટી આંખે પૂછી રહી : 'તમે

લગન પહેલાં...!'

'હા, હું લગન પહેલાં જ પરભુડાના તારી સાથેના કુકર્મની વાત જાણું છું. એણે પોતે જ મને બધું કહ્યું હતું.'

'બાપ રે !' ધડકતા દિલે ચંપા બોલી : 'આ મૂઆએ મને બધી બાજુથી ફસાવી મારી છે.'

'ચિંતા ન કર,' ચીમનલાલે સાંત્વન આપતાં કહ્યું : 'એણે તને ફસાવી નથી, પરણાવી છે.'

'એણે મને પરણાવી છે ? એટલે?' 'એણે' શબ્દ પર ભાર મૂકતાં ચંપાએ પૂછ્યું.

'સાંભળ, ટૂંકમાં કહું.' પત્નીને ખભે હાથ મૂકતા ચીમનલાલ બોલ્યા : 'તારો પગ એની સાથે કૂંડાળામાં પડી ગયો છે એ વાત એણે મને કરી. પણ એમાં તારી પૂરેપૂરી નામરજી અને એની જબરજસ્તીની સાચી હકીકત પણ કહી. પછી મને કરગરીને એ કહે : 'ચીમન, ચંપા તો કોઈ સારા ઘરમાં શોભે એવું ઘરેણું છે, મેં એને એક વાર જબરજસ્તીથી પાપમાં પાડી છે. એમાં એનો વાંક નથી. મારા પર જ ભૂત સવાર થયું'તું. તે મેં જબરજસ્તી કરી'તી એના પર. પણ જો તું ઉદાર દિલે એનો - ખરેખર તો મારો - દોષ માફ કરી એની સાથે પરણી જાય તો એનો જનમ તો સુધરે જ. પણ તને ય એક સાચી 'ભવની ભેરું' મળશે. એનાં રૂપ અને ગુણને જેટલાં વખાણું એટલાં ઓછાં છે દોસ્ત, કો'ક ભાગ્યશાળીને જ આવી પત્ની મળે. મારે પાપે એનો ભવ ના બગડે માટે જ તને વીનવું છું. એને પરણીશ તો સુખી થઈશ.'

'તે તું કેમ એની ભલામણ કરવા આવ્યો છું ભઈલા?' મેં કહેલું : 'મને મૂરખ બનાવવા નીકળ્યો છું?'



'ના દોસ્ત, મારા પાપનું પ્રાયશ્ચિત કરવા', આંખમાં આંસુ સાથે પરભુડો ત્યારે બોલેલો : 'ચીમન, જ્યારથી મેં એને પાપમાં નાખી છે ત્યારથી એની આંખમાંથી આંસુ સુકાતાં નથી. હસતી કૂદતી એ ચપળ હરણી કરમાયેલી વેલની જેમ ઢળી ગઈ છે. એની આ દશા જોઈને મને મારો માંહ્યલો કોરી ખાય છે ચીમન.'

ચંપા ફાટી આંખો પતિની વાત સાંભળી રહી હતી ! પૂછ્યું : 'પછી?'

'પછી મેં કહ્યું કે એમ જ છે તો તું કેમ...?'

પણ વચ્ચે જ પરભુડો બોલેલો : 'હું તો ગામનો અને વળી એનો દૂરનો કુટુંબી. બાકી હું જ પરણી જાત. માટે જ તને કરગરું છું. દોસ્ત, એને પરણીને મારો, એનો ને તારો ભવ સુધાર ભઈલા.'

'તે તમે એની વાત માની ગયા?' આશ્ચર્યથી ચંપાએ પૂછ્યું : 'મારા જેવા પિત્તળને તમે....'

'તું તો સોનાની છે ગાંડી' વચ્ચે જ વ્હાલપૂર્વક ચીમનલાલ બોલ્યા : 'સાચી વાત એ છે કે સોમાકાકાની જસીના લગનમાં તું અમારા ગામમાં આવેલી તારે મેં તને જોયેલી. તારથી જ તું મારી આંખમાં વસી ગેયલી. પણ વાત કેમ ચલાવવી ? એટલામાં પરભુડાએ સામેથી ખાત્રીપૂર્વક ભલામણ કરી. જાણે ભગવાને મારી વાત સાંભળી મેં વિચાર્યું કે પરભુડાએ દુઃખી કરેલી એક નિર્દોષ છોકરીને પરણીને એનો ભવ સુધારું ને મારો ભવ શણગારું. એથી પરભુડાનો ય જીવ ઠરશે. આમ વિચાર કરી બસ પરણી ગયો તને. પછી તો આજની ઘડી ને કાલનો દા'ડો. પરભુડાની વાત સાચી નીકળી. તારા ગુણ એવા છે કે દસ મહિનાથી જાણે તારી સાથે સ્વર્ગનું સુખ ભોગવું છું. એ સ્વર્ગમાંથી તેં વળી આજે વગર કારણે ધરતી પર આણી

દીધો.' કહેતા ચીમનલાલે પત્નીના ગાલ પર હળવી ટપલી મારી લીધી.

'કારણ વગર નહિ,' પોતાની સાડીનો પાલવ રમાડતી ચંપા બોલી : 'દિવાળીમાં ઘર સાફ કરતાં પહેલાં મન સાફ કરવા તમને ધરતી પર લાવી. પાપનો ભાર લઈને નથી ફરાતું મારાથી.'

'તે હવે તો મન સાફ થઈ ગયુ ને?' પત્નીની પ્રશંસા કરતાં ચીમનલાલ બોલ્યા : 'તારા મનમાં પાપ નથી માટે જ તું આવું વિચારી શકે છે. માટે હવે હળવી બની જા અને કદી આવી વાત ફરી યાદ કરી દુઃખી ના થઈશ.' ચીમનલાલની ગામડિયા ભાષામાં અનેક વાર શહેરી ઝલક પણ આવી જતી.

'તમે મને ખરેખર માફ કરી દીધી છે?' પતિની સોડમાં લપાતી ચંપાએ પૂછયું.

'પણ તારો કશો વાંક ગુનો જ નથી પછી તને માફ કરવાની વાત જ કયાં આવી?' ચીમનલાલે નિખાલસતાથી કહ્યું : 'એથી જ તો જાણવા છતાં આજ લગી ક્યારે ય તારી આગળ એ વાતનો ઈશારો સરખો ય કર્યો છે મેં?'

'ના હોં,' મરકતી ચંપા બોલી : 'તમે કેટલા બધા મોટા મનના છો! મારા પાપની તમને ખબર છે એવું ય તમે મને કદી જણાવા દીધું નથી.'

'પોતે માનેલ પાપને પોતાની જાતે પતિ આગળ છતું કરવાનું જોખમ ઉઠાવનાર તારા જેવી પત્ની કરતાં તો હું ઘણો નાનો છું હોં ચંપા,' હવે ચીમનલાલે પત્ની આગળ દિલ ઉઘાડવાનો પ્રયત્ન કરતાં કહ્યું : 'બાકી મારી વાત તું સાંભળેને તો તો…'

'જંપો હવે,' પતિને મોઢે હાથ દેતી ચંપા વચ્ચે જ બોલીઃ 'મારે



હવે તમારી કશી જ વાત નથી સાંભળવી. તમે છો એવા જ મારે મન સારા છો. દેવ છો મારા દિલના, ભગવાન છો મારા ભવના…' કહેતી ચંપા એવી તો ભાવાવેશમાં આવી ગઈ કે પતિના ખોળામાં માથું મૂકી મોકળા મને રડી પડી !

'પણ મારી વાત તો સાંભળ, ગાંડી', પત્નીની પીઠ પર હાથ ફેરવતાં ચીમનલાલ બોલ્યા : 'મારું મન પણ મને સાફ કરવા દે ને. હું ય કાંઈ દેવના દ્વારેથી નથી આવ્યો…. હું ય પેલા પરભુડાની જેમ…!'

'જુવાનીના જોમમાં તમે ય ભૂલા પડી ગયા હશો કદાચ,' સાંભળવાની દરકાર કર્યા વિના ચંપા વચ્ચે જ બોલી : 'પણ હવે એ બધું જાણીને મારે કામે ય હું છે ? અને વગર કહે ય તમે મને કહી તો દીધું જ ને ? હવે તમારાં બધાં ય કૂંડાળાં ભૂસાઈ ગયાં, બસ?'

'પણ…'

'મારા હૈયા પર છપાયેલી તમારી છબીને હવે છાંટા ઉડાડી ગંદી ના કરશો એટલી જ વિનંતી છે,' પતિને પગે લાગતી ચંપા બોલી.

'તું તો ધાર્યા કરતાં ય ઘણી મોટી નીકળી ચંપા.' ચીમનલાલ ભાવપૂર્વક બોલ્યા : 'તારી ભૂલ વગર પૂછે કહી દીધી, ને મારી ભૂલ જાણવાની દરકાર કર્યા વગર જ એ માફ કરી દીધી ! પરભુડો સાચુંજ કે'તો' તો : 'તું તો કોઈ મોટર ઘરમાં શોભે એવું ઘરેણું છે.'

'તે મારું ઘર વળી ક્યાં નાનું છે ?' ચંપા કૃતજ્ઞ ભાવે બોલી : 'મારા જેવા કથીરનું કંચન કરનારનું ઘર તો મહેલ જેવું મોટું ને મંદિર જેવું પાવનકારી કહેવાય.'

'અરે વાહ,' ખુશ થતા ચીમનલાલ બોલી ઊઠ્યા : 'બહુ મોટાઈ આપી દીધી મારા નાના ઘરને!'

'અરે, પણ હવે તો ઘર તમારું ક્યાં છે ? મારું જ તો ઘર છે !' ગૃહિણીનાં અરમાનભર્યા હક્ક સાથે ચંપા બોલી : 'એ ઘરની મોટાઈનો મને ગર્વ છે. મનેય મોટા ઘરની વહુ થવાના કોડ હોય ને ?' કહેતી ચંપાએ માથે ઓઢ્યું. જાણે નમણી નવોઢા!

ત્યારે રંગમાં આવી ગયેલા ચીમનલાલે 'વાહ રે મારા મોટા ઘરની વહુ' કહેતાં પત્નીનો ઘૂંઘટ ખોલી નાખ્યો, ને...

ને એ સાથે જ કોડિયું ઓલવાઈ ગયું ! પછી એ તો ઘૂંઘટની હવા લાગી તેથી હોય કે પછી ચીમનલાલે ફૂંક મારી હોય કદાચ !

❑ ❑ ❑



## ૧૭. પારકે પાદરે

મરઘાભાઈએ પોતાના ગામડામાં પોસ્ટમેન તરીકે જિંદગી કાઢી, એટલે એકના એક દીકરા ભગવાનને સારું ભણાવી 'સાહેબ' બનાવવાની એમને હોંશ હતી. બે અક્ષર ભણે તો વધારે નહિ તો દીકરો પોસ્ટમાસ્ટર તો બને એવી એમને મહેચ્છા હતી. પોતાના સાહેબ ચીમનલાલનો બધા 'વીલેજ પોસ્ટમેનો' વચ્ચે કેવો વટ પડતો હતો ! ભગવાનને પણ એવો વટ મારતો જોવાનું એમનું સપનું હતું !

પણ એ માટે ભગવાન ઓછામાં ઓછું મેટ્રિક પાસ તો હોવો જ જોઈએ. એટલું થાય તો પોસ્ટમાસ્ટર સાહેબે મદદ કરવાનું કહ્યું જ છે. ગમે તેમ કરીને એને ખાતામાં ઘુસાડી દેશે. પછી બેડો પાર ! પણ પોતાના ગામમાં તો ગુજરાતી પાંચ ધોરણથી જ ભણતરની પૂર્ણાહુતિ કરતી ગામઠી નિશાળ હતી, એટલે દીકરાને આગળ ભણાવવાની મુંઝવણ હતી. પણ ઈશ્વર સૌનો બેલી છે. બનેવી નાનાલાલ મરઘાભાઈની મદદે આવ્યા. પત્નીને તેડવા સાસરીમાં ગયેલા નાનાલાલે સાળાને કહ્યુ :

'ચિંતા ના કરો, અમારા ગામમાં મેટ્રિક સુધી ભણાવે એવી હાઈસ્કૂલ છે. મોકલી દો અમારે ઘેર. પાંચ હાત વરહમાં તો ભગવાન ભણીને પાર ઉતરશે. એની ફઈને ય આનંદ થશે ભત્રીજાને ભણાવવા રાખ્યાનો. કેમ ખરું ને?'

ફુઆ ભત્રીજાને ભણાવવા રાખવાનું કહેતા હોય તો ફોઈ થોડાં જ વિરોધ કરે? મરઘાભાઈની બેને પણ પતિની વાતને હરખભેર વધાવી લેતાં કહ્યું : 'હા ભાઈ, તમે જરાય ચંત્યા ના કરતા, અને નરબદા, તું ય નચંત રે'જે, હું ભગવાનને જીવની પેઠ હાચવે.' આમ એમણે ભાઈ-ભાભી બંનેને આગ્રહ કર્યો.

પણ એકના એક દીકરાને નજર આગળથી અળગો કરતાં

નર્મદાનો જીવ ચાલતો નહોતો. 'એને એક રાતેય મારાથી જુદો રાખ્યો નથી' એમ કહેતી માતાની આંખો અશ્રુભીની થઈ ગઈ. પણ મરઘાભાઈએ પત્નીને સમજાવતાં કહ્યું : 'જીવ તો મારોય ચાલતો નથી ભગવાનને મોકલતાં, પણ દીકરાનું ભવિષ્ય સુધરશે ને મારી જેમ ગામડે ગામડે ફરી ટપાલ વહેંચવા જેવી મજૂરીથી છૂટશે ને 'સાહેબ' થઈ ખુરશીમાં બેસશે. મારે લીધે પોસ્ટમાં એનો ચાનસ લાગી જશે, ભૂંડી જરા હમજ. જોજે, જોત જોતામાં એ પોસ્ટ માસ્ટર બની જશે ને એના હાથ નીચે બે ચાર ટપાલી કાગળને સિક્કા મારતા 'જી હા' કરતા હશે. તું પણ મારી જેમ જીવ કઠણ કર.'

ત્યારે નરબદાએ કાળજુ કઠણ કરી કાળજાના કટકા સમા એકના એક દીકરાને આંખથી અળગો કર્યો. માતા પિતા અને ઘર ગામને છોડીને જવાનું તો ભગવાનને નહોતું ગમતું, પણ ભણવાની હોંશ હતી એટલે એ હરખભેર ફોઈને ત્યાં ગયો.

દોઢ બે મહિના પછી મરઘાભાઈ અને નર્મદા દીકરાની ખબર લેવા પણ જઈ આવ્યાં. ત્યારે ભગવાન થોડો સુકાયેલો લાગ્યો, પણ 'તે તો શરૂમાં હોય' એમ વિચારી મન મનાવ્યું.

પણ માતા પિતા અને વતનના વિયોગથી મનમાં સોરતો હોય તેથી કે ગમે તે કારણે પણ એ પછી ભગવાન માંદો પડ્યો. ફોઈ ફુઆની કાળજીભરી માવજત અને બે ત્રણ ડૉક્ટરની દવાઓ કારગત નહોતી નિવડતી. ત્યારે એક અનુભવી ડૉક્ટરે સલાહ આપી : 'થોડા દિવસ એને મા બાપ પાસે મોકલી દો. કદાચ ત્યાં એ વગર દવાએય સારો થઈ જશે!'

ત્યારે નાનાલાલે ના છૂટકે સાળાને પત્ર લખી જાણ કરી. સાંજે ટપાલ મળી. સવાર વગર જવાની ગાડી તો મળે એમ નહોતી. એટલે મરઘાભાઈ અને નર્મદાએ ચિંતામાં આખી રાત પાસાં ફેરવી પસાર કરી. નર્મદાએ તો કેટલીય બાધાઓ રાખીને દીકરાનું મોં જોયા વિના પાણી ય ન પીવાની આકરી માનતા માની.



ફફડતા દિલે બીજે દિવસે સવારે પતિ પત્નીએ ગાડી પકડી. રસ્તેય અનેક ખોટા વિચારો નર્મદાની નજર આગળ ભૂતાવળ ખડી કરતા. મરઘાભાઈને ય કાંઈ ઓછી ચિંતા નહોતી થતી.

પણ એ નેરોગેજ ગાડી પણ 'ઠચુક ઠચુક' ચાલતી જાણે કલાકે માઈલ કાપતી હોય એમ ચિંતાતુર માતા પિતાને લાગતું હતું. નર્મદાને તો એક એક મિનીટ વરસ જેટલી લાંબી લાગતી ! એને થતું : 'નીચે ઉતરીને આ ગાડીને આપણે ધક્કો મારીએ...?' પ્રેમમાં અધીરાઈ સ્વાભાવિક હોય છે. એમ કરતાં આખરે સ્ટેશન આવ્યું. બંને જણ નીચે ઉતર્યાં. ત્યાંથી દોઢેક ગાઉ ચાલીને જવાનું હતું. બંને જણ ઝટ રસ્તે પડ્યાં. પણ ચોમાસાનો ખાબોચિયાં ભરેલો ઉબડખાબડ કાદવિયો રસ્તો ને માથે શ્રાધ્ધપક્ષનો વાદળિયો તાપ અને એમાંય પાછું ઊંચા જીવે ચાલવાનું ! બંને જણને 'ડગલે ગાઉ' લાગતું હતું. છતાં એકબીજાને હિંમત આપતાં બંને જણ બને એટલી ઝડપથી ચાલતાં હતાં. પરસેવે રેબઝેબ થઈ ગયાં હતાં બિચારાં !

છેવટે દૂરથી ગામની ભાગોળનો કૂવો દેખાયો. પણ ત્યારે તો બંનેના હૃદયના ધબકારા ઉલટા વધી ગયા : 'કેવું હશે આપણા ભગવાનને?' ની અધિરાઈ ને ફીકર એમને કાંઈ ઓછાં નહોતાં. પરિણામની તૈયારી હોય ત્યારે ઉચાટ ઓર વધી જાય છે !

ત્યાં જ ઓચિંતુ સામેથી જે દશ્ય એમની નજરે પડયું એનાથી તો એમના હોશકોશ જ ઊડી ગયા !

કોઈની નનામી ઉંચકીને ગામ તરફથીડાઘુઓ ઝડપી ચાલે આવતા હતા ! બંનેને ફાળ પડી. વળી થોડા નજીક આવતાં માલુમ પડ્યું કે એમાં મરઘાભાઈના બનેવી નાનાલાલ તો ખભે ટુવાલ નાખીને સૌની મોખરે ચાલતા હતા ! જીવ પડીકે બંધાઈ ગયા બંને પતિ-પત્નીના ! નૂર ઊડી ગયું એમનું ! મરઘાભાઈનું હૃદય એક ધબકારો ચૂકી ગયુ, પણ નર્મદા તો લગભગ બેભાન થઈ ફસડાઈ જ પડી! મરઘાભાઈને ગળે શોષ પડ્યો ને આંખે

અંધારાં આવી ગયાં. અમંગળ શંકાઓનો બોજ અસહ્ય હતો. 'હે પ્રભુ, અમારો ભગવાન તો સારો.....!' આગળ કશું એ વિચારી ય ન શક્યાં.

એટલામાં નજીક આવી પહોંચેલા નાનાલાલ મરઘાભાઈની મુંઝવણ પામી ગયા, એટલે એમની પાસે સહેજ અટકીને બોલ્યા : 'આ તો અમાર કટંબી ગેમલકાકા... આપણા ભગવાનને હવે ઘણું સારું છે હોં...ચિંતા નો કરતા, શાંતિથી ઘેર જાવ.' અને આગળ નીકળી ગયેલા ડાઘુઓને પકડવા નાનાલાલ મોટા ડગે ચાલી નીકળ્યા. પણ મરઘાભાઈને એ બનેવી ત્યારે કોઈ દેવદૂત લાગ્યા. ડૂબતાનો હાથ પકડ્યો એમણે !

ત્યારે અજાણ્યા ગામની ભાગોળે પરસેવે રેબઝેબ મરઘાભાઈ પોતાના ધોતિયાના છેડે અભાન જેવી પત્નીને પવન નાખી કહેતા હતા : 'આપણા ભગવવાને હવે હારું છે હાંકે? આ તો નાનાલાલના કટંબી ગેમલ ડોહા ગયા !'

ત્યારે એ પારકા ગામની પાદરે પરસ્પરને સ્વસ્થ કરવા મથતાં પતિ-પત્ની પર આકાશમાંથી એક વાદળી ઝરમરી રહી - જાણે માતાપિતાના પ્રેમને એ વધાવતી હતી !

❑ ❑ ❑



## ૧૮. પ્રભુની પ્રસાદી

કોણ જાણે કેમ પણ લોકોમાં હવે ભણવાની ધૂન સવારથઈ છે. ભણવાનો ઉદ્દેશ શું છે, ભવિષ્યનો કાર્યક્રમ શું છે એવા પ્રશ્નોનો બહુ ઓછા લોકો વિચાર કરે છે. યોજનાબદ્ધ રીતે કોઈ આદર્શને પામવાની દૃષ્ટિ ઘણા ઓછામાં છે. 'આ જગતમાં જીવવું હોય તો ગમે તેમ કરીને એકાદ ડીગ્રી મેળવી જ લો; રહી ગયો તે ગયો જ જાણવો !' કંઈક આવી સમજથી લોકો ભણે રાખે છે. અહીં ભાગ્યે જ જ્ઞાનની ભૂખ કે ભવિષ્યની ભૂમિકા છે. તેથી જ તો આજે શાળા અને મહાશાળાઓમાં પ્રવેશ મેળવવો એ પણ સદ્‌ભાગ્ય ગણાય છે ! જો કે જગદીશનું ભણવું એ કદાચ ભાગ્યનો ખેલ હશે. કારણ, જે સમયે શહેરમાં પણ અંગ્રેજી ભણેલા ઓછા હતા એવા સમયમાં એક નાનકડા ગામડામાં જન્મેલો જગદીશ ભણ્યો. ગામઠી શાળાનું શિક્ષણ પુરું થતાં જ મામાએ એને પોતાને ત્યાં ભણવા બોલાવ્યો. 'સુધરેલા' ની આધુનિક વ્યાખ્યામાં ન આવે તેવાં તો પણ સંસ્કારી મા-બાપે વિચાર્યું કે શહેરમા બે-ત્રણ વર્ષ રહેશે તો છોકરો હોંશિયાર થશે. વળી જગદીશ ને પણ શહેરમાં રહેવાની અને ભણવાની હોંશ હતી. એટલે તેણે પણ થોડી હઠ કરી અને તે મામાને ઘેર ભણવા ગયો. પોતાની જેટલી વયનો મામાનો દીકરો હોવાથી અને મામા-મામીના પ્રેમાળ સ્વભાવને કારણે જગદીશને ત્યાં ઠીક ઠીક ફાવ્યું,પરંતુ શહેરનો તેનો મોહ મંદ થઈ ગયો. ગામડાના એ મિત્રો, તળાવની પાર, ભાગોળ પર રમાતી ગંડી-દડા કે આંબલી-પીપળીની રમતો, કૂવા પરથી આવતો કોશનો કિચૂડ કિચૂડ અવાજ-આ અને આવું ઘણું તેને યાદ આવવા લાગ્યું. એકલો પડતો ત્યારે આવા વિચારોમાં તે લીન થઈ જતો. ઘણીવાર તેને પોતાને ઘેર પાછા જતા રહેવાનું મન થઈ જતું. પરંતુ સ્વભાવ શરમાળ હોવાથી તે કોઈને કહેતો ન હતો.

એણે અભ્યાસમાં ચિત્ત પરોવ્યું. ત્રણ માસિક અને છ માસિક પરીક્ષાના પરિણામોએ સાબિત કરી આપ્યું કે જગદીશ એક તેજસ્વી વિદ્યાર્થી છે.

**आशावधीं को गतः?** (આશાનો પાર કોણ પામ્યું છે?) બે-ત્રણ વર્ષ માટે જ શહેરમાં મોકલેલા જગદીશનાં માતા-પિતાને લાગ્યું કે છોકરો ભણે એવો છે, એને ભણવું છે અને મામા પણ ભણાવવા તૈયાર છે તો ભલે ભણતો. અને એમ જગદીશનો અભ્યાસ આગળ વધ્યો. સમય વહેતો ગયો. એક પછી એક ફાટી કલેન્ડરનાં અગિયાર વર્ષનાં પત્તાં પુરાં થઈ ગયાં. અને એક નાનાકડા ગામડામાં જન્મેલો જગદીશ ગ્રેજ્યુએટની ઉપાધિ માનભરી રીતે મેળવી બહાર પડ્યો!

'ભણેલાં છોકરાં ઉદ્ધત, અને આછકલાં તથા અવિનયી થઈ જાય છે, સ્વચ્છંદી અને શોખીન બની જાય છે.' ગામડાનાં લોકોનાં મગજમાં ઘર કરી રહેલા અને ઘણે અંશે સાચા ખ્યાલો જગદીશના ઉદાહરણથી દૂર થઈ ગયા. ગ્રેજ્યુએટ થયા છતાં જગદીશ કેટલો નમ્ર અને વિવેકી હતો ! શાંત અને હજીય કાંઈક શરમાળ જગદીશને જોઈ લોકો પોતાનાં છોકરાંને તેને દાખલો આપી શિખામણ આપતા. આપણા ભણતરની બીજી પણ એક ફળ પ્રાપ્તિ છે. ભણતા કે ભણેલા છોકરાં મા-બાપને કહે છે, ''મારે પરણવું નથી!'' અને એટલી હદે ન જાય તો 'હજી વાર છે, મારે આગળ ભણવું છે.'એમ તો કહેવાનો જ. પછી ભલે કોલેજની કામિનીઓને જોઈ મનમાં ને મનમાં રોજ નવી કન્યાઓ સાથે લગ્ન કરી નાખે ! મોહની માયાજાળમાં ફસાઈ કેટલાક તો પ્રેમ-લગ્ન કરી નાખે છે. વખત જતાં મોહ દૂર થઈ જાય છે અને પેલો કહેવાતો પ્રેમ પલાયન થઈ જાય છે. અંતે જીવન પ્રેમમય નહિ, દુ:ખમય બની રહે છે.

જગદીશમાં આવું કોઈ દૂષણ પ્રવેશ્યું ન હતું. હા, કોઈકવાર



કલ્પનાના ઘોડા તેણેય દોડાવ્યા હશે. ક્રાંતિકારી વિચારોય તેને થયા હશે. પરંતુ તે અલ્પ સમય પુરતા જ. લગ્નની જૂની પ્રથામાં અને માતા-પિતાની પસંદગીમાં તેને વિશ્વાસ હતો. વળી તેમની ઈચ્છાને અનુકૂળ થઈ શકાતું હોય ત્યાં સુધી સારું, એવુ તેના સંસ્કાર તેને કહેતા. તેથી જ તો તેણે માતા-પિતાની ઈચ્છાને માન આપી ગ્રેજ્યુએટ થતાં પહેલાં લગ્ન પણ કરી નાખ્યાં? રમાને તેણે અનાયાસે પહેલાં જોઈ હતી. તેનાં વખાણ સંબંધીઓના મુખેથી સાંભળ્યાં હતાં. અને ખાસ કરીને મામાના મુખેથી. તેથી તેનામાં સંસ્કાર છે એવી જગદીશને શ્રદ્ધા હતી. આટલી માહિતી તેને પુરતી હતી. વળી તે વિચારતો,પરિચયમાં આવ્યા બાદ લગ્ન કરવામાં શો આનંદ ! લગ્નની એક મીઠી મુંઝવણ તો એ છે કે એક અજાણી વ્યક્તિ સાથે આપણે પરિચયમાં આવવાનાં છીએ. તેની આશા, ઈચ્છા અને વિચારો જાણવાના છીએ અને આપણાં હૃદયની ઊર્મિઓ જણાવવાના છીએ. તેને જીવન સોંપવાના છીએ તથા તેના આત્માની ભેટ સ્વીકારવાના છીએ.' આવા વિચારોથી તે માનતો કે પ્રેમ-લગ્ન કરતાં લગ્ન-પ્રેમમાં જ સાચો આનંદ છે. વળી સાહિત્યનો એ ભારે શોખીન હતો. તેણે ઘણું વાંચ્યું હતું, વિચાર્યું હતું અને થોડું લખ્યું પણ હતું. સામયિકોમાં કોઈકવાર તેની વાર્તા કે નાનકડાં કાવ્યો ઝબકી જતાં. 'લગ્ન પ્રાણ વિકાસનું પગથિયું છે.' એવા કવિ શ્રી નાનાલાલના કથનને તે સાચું જ માનતો અને તેથી અભ્યાસકાળ દરમિયાન થતું લગ્ન તેનો વિકાસ રુંધે નહિ પરંતુ વ્યાપક કરશે એવી તેને ખાત્રી હતી. આવા વિચારોથી રમા સાથેના લગ્નનો જગદીશે વિરોધ ન કર્યો, ત્યારે તો માતા-પિતા કેટલાં ખુશ હતાં !

ગ્રેજ્યુએટ થતામાં જ સદ્‌ભાગ્યે જગદીશને શહેરમાં કલેકટર ઓફિસમાં સારી ગણાય તેવી નોકરી પણ મળી ગઈ. મામાની ઓળખાણે

અહીં પણ અગત્યનો ભાગ ભજવ્યો. આમ જગદીશ અને રમાના ગૃહસંસારે 'શ્રી ગણેશાય નમઃ' કર્યું. જગદીશના ધાર્યા પ્રમાણે રમા પણ સાચેજ સંસ્કારી હતી. પાંચ અંગ્રેજી સુધી પહોંચી હતી, પરંતુ ગૃહકાર્યની તો ગ્રેજ્યુએટ જ ગણાય. શાંત હતી, સ્નેહાળ હતી, તેથી સાસરિયાંનો પ્રેમ તેણે સંપાદન કર્યો હતો. ભાવિ જીવનની કલ્પનામાં વિહરતાં કન્યા કાળે જ કોઈ અદીઠ, અજાણી વ્યક્તિએ રમાના દિલમાં અનોખું સ્થાન મેળવ્યું હતું. જગદીશને જોયા બાદ તે વ્યક્તિ અજાણી મટી ગઈ. સ્નેહનો સાગર જગદીશને હવાલે થઈ ગયો ને એના વિનાનું જીવન વન જેવું વેરાન લાગવા માંડ્યું. છતાંય જગદીશ ભણી રહ્યો અને તેને નોકરી મળી ત્યાં સુધી એ વેરાન વનમાં વિયોગીની થઈ રમાને રહેવું પડ્યું. પરંતુ નોકરી મળતાં જ તપસ્વીનું તપ ફળ્યું અને જીવનના મંગલમય દિવસો બે સ્નેહાળ પંખીઓ પોતાના માળામાં આનંદથી પસાર કરવા લાગ્યાં.

જગદીશ અને રમા સુખી હતાં. તેમના જીવનમાં વિચારોનો મેળ હતો અને સ્નેહની સુવાસ હતી. આમ દિલ અને દિમાગની એકરૂપતા હતી, એટલે સંસારમાં શાંતિ સ્વાભાવિક જ હોય. આથી વિશેષ જીવનમાં જોઈએ પણ શું ?

તેમનો સંસાર રથ ચાલતો હતો. બંને ચક્રો સ્વાભાવિક સુમેળથી ફરતાં હતાં. માર્ગમાં ચઢાણ-ઉતરાણ કે ખાડા - ટેકરા તો આવેજ. આવા સમયે કોઈ ચક્ર કોઈકવાર સહેજ ખોટકાતું, પરંતુ બીજું ચક્ર સહેજ આઘુ પાછું થઈ રથને રસ્તે પાડતું.

સુખી દાંપત્ય-જીવનના ચાર વર્ષ વીતી ગયાં. જાણે એક મધુર સ્વપ્ન પુરુ થઈ ગયું ! આજે તો રમાના ખોળામાં બાર માસની સુંદર બાળકી રમતી હતી. સંતાન પર કોને સ્નેહ ન હોય ? સુંદર અને તંદુરસ્ત બાળકી કલ્પના



જગદીશ અને રમાના હૃદયમાં જાણે જડાઈ ગઈ. એ નાની બાળા તેના માતા-પિતાના સ્નેહ ઝરણાનું સંગમ સ્થાન બની. જીવનની એક નવી જ બારી ઉઘડી અને પતિ-પત્નીએ જાણે એક નવાજ પ્રકારના પ્રેમાળ જીવનનો પ્રવાસ શરૂ કર્યો. જગદીશ ઓફિસમાં જતાં છેલ્લી અને આવતાં પહેલી મુલાકાત રમાના એ રમકડાંની જ લેતો !

'ઓહો, હવે અમારો તો ભાવ પણ નથી પૂછાતો. શું દીકરી પર હેત!' ઓફિસમાંથી આવતાં પુત્રી સાથે વાતો કરતા જગદીશને પત્નીએ કહ્યું.

'તને ખબર છે રમા, સૃષ્ટિનો નિયમ છે કે કોઈપણ વસ્તુની પ્રાપ્તિમાં જેમ વધુ કષ્ટ તેટલી તે વસ્તુ વધુ પ્રિય !' જગદીશના મુખમાંથી સત્ય સરી પડ્યું.

'જરા સાદી ભાષામાં વાત કરો મારા સાહિત્યસ્વામી,' વિનોદ આગળ વધ્યો.

'હું એમ કહું છું કે આ કલ્પના મેળવતાં કેટલું દુઃખ વેઠવું પડ્યું છે એનો તને ખ્યાલ છે ? એના જન્મ વખતે તારો છ માસનો વિયોગ છ યુગ જેટલો લાગેલો એમ મેં તને નહોતું કહ્યું ?' જગદીશે પ્રશ્નરૂપે સ્પષ્ટતા કરી.

મુખ પર સ્મિત અને કૃત્રિમ ગુસ્સાની ભેગી રેખાઓ સાથે રમાના નયનોએ સ્નેહાળ ઠપકો ઠાલવ્યો, તે જોઈ હસતો હસતો જગદીશ કપડાં બદલવા ચાલ્યો ગયો. રમાની આંખોએ જાણે કહ્યું : 'આ બાળકની તો જરા શરમ રાખો.' ત્યારે હસતા જતા જગદીશે 'એ શું સમજે' કહી મનની શરમને દૂર કરવા પ્રયત્ન કર્યો હશે.

• • •

**'चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च ।'** સંસારમાં સુખ અને દુઃખ ચક્રની માફક ફરે છે. પરંતુ રમા અને જગદીશના જીવનમાં તો ભાગ્યે જ દુઃખની છાયા ય જણાતી. સ્નેહાળ દંપતી પર પ્રભુના એવા આશીર્વાદ જ હશે. હાસ્તો, જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ રમે છે. **यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते नत देवताः ।'** જગદીશના ઘરમાંય રમાનું પ્રેમ પૂજન થતું જ હતું ને ? પરંતુ મહાપુરુષોના કથન કાંઈ મિથ્યા થોડાં જ હોય છે ? ફરતા ચક્રમાં એક દિવસ કશુંક ખોટકાયું !

એક નાની બાબતમાં પતિ-પત્નીમાં કાંઈક મતભેદ પડ્યો. શરૂઆતમાં બંનેએ સ્નેહભર્યાં રુસણાં લીધાં. રમાને આજે એવા જ કોડ જાગ્યા કે જગદીશ તેને પહેલી બોલાવે ! 'દરેક વખતે હું જ એમને મનાવું છું, ત્યારે એ મને મનાવે એવો લ્હાવોય કોઈ દિવસ લેવો.' એવા વિચારથી તેણે અબોલા ચાલુ રાખ્યા. જગદીશને તો ખાત્રી જ હતી કે રમા દરેક વખતની જેમ આજે પણ મનાવશે જ. પણ રમાના હૃદયમાં જાગેલા કોડની એને બીચારાને શી ખબર ? એટલે પોતે જમવા બેઠો ત્યારે પણ રમા કાંઈ બોલી નહિ ત્યારે તેને લાગ્યું કે પત્ની સાચે જ રીસાઈ છે. સંયમી અને સંસ્કારી છતાં આવા પ્રસંગના બીનઅનુભવી જગદીશને આમાં પોતાનું સ્વમાન ઘવાતું લાગ્યું. તેથી યંત્રવત્ એ જમ્યો, રમાએ જમાડ્યો. કોઈ કાંઈ બોલ્યું નહિ. માત્ર થોડી થોડી વારે બંને એકબીજા સામું ત્રાંસી નજરે જોઈ લેતાં અને હરીફની શક્તિનું માપ કાઢતાં. કદી દષ્ટો દૃષ્ટ મળી જાય તો પર પુરુષ કે પર સ્ત્રી સાથે નજર મળી હોય તેમ બંને એકદમ દૃષ્ટિ ફેરવી નાખતાં ! દરરોજની ગરમ રોટલી હૃદયને ઠંડક આપતી, આજે એ રોટલી જગદીશના મગજને વધુ ગરમ કરતી હતી.

જમીને ઓફિસ જવા માટે કપડાં બદલવા જગદીશ ઉપર ગયો.



રમાએ નક્કી જ કર્યું હતું કે જતી વખતે જો જગદીશ ન બોલાવે તો પોતે જરૂર તેને બોલાવી, મનાવી ખુશ કરશે અને પછી જ ઓફિસે જવા દેશે. કપડાં બદલી જગદીશ નીચે આવ્યો. તેણે નિયમ તોડ્યો. પારણામાં ઊંઘતી કલ્પના તરફ પણ નજર નાખ્યા સિવાય તે સડસડાટ દાદરો ઉતરી ગયો ! આટલો ઝડપી બનાવ બનશે એવી રમાને કલ્પના જ ન હતી. તે જગદીશને બોલાવવા દાદર તરફ દોડી, ત્યાં તો તે રસ્તે પણ પડી ચૂક્યો હતો !

રમાથી રડાઈ ગયું. જગદીશ સાથે અબોલા ! આ વિચાર જ તેને માટે ભયંકર દુઃખદાયક હતો. તેને પોતાનો જ દોષ જણાયો. પોતાની જાતને તે ઠપકો દેવા લાગી. અને એ દિવસે તેને ઉપવાસ થયો. જેમ તેમ કરી દિવસ કાઢ્યો. ઓફિસમાં જગદીશ કામમાં પરોવાયેલો હતો, પરંતુ આ પ્રસંગ વારંવાર તેને યાદ આવી સતાવતો. તેને રમાની દયા આવી. કલ્પના યાદ આવી, પોતાની ભૂલ સમજાઈ.

સાંજે જગદીશ ઘેર આવ્યો ત્યારે રમા આતુરતાથી તેની રાહ જોતી અગાસીમાં ઊભી હતી ! આખરે તો સ્ત્રી હતી. પુરુષ કરતાં સ્ત્રીનું હૃદય કોમળ હોય છે, છતાં અપમાનોનાં ઘા સહન કરીને પણ તે પોતાના પતિને ખુશ કરવા પ્રયત્ન કરે છે. પુરુષ કરતાં તે વધુ ક્ષમાશીલ, વધુ સ્નેહાળ અને વધુ ઉદાર હોય છે. જગદીશ આજે રોજના સમયે જ આવ્યો હતો, છતાં રમાએ વાતની શરૂઆત કરવા પૂછ્યું :

'કેમ આજે મોડું થયું?'

માણસનું મન કેવું છે ? રમાએ પોતાને ન બોલાવ્યો હોત તો જગદીશ જ તેને બોલાવત. એણે એમ વિચાર્યું જ હતું. પણ રમાએ બોલાવ્યો ત્યારે તેને શું ય થયું. પત્નીના પ્રશ્નનો કાંઈ જવાબ આપ્યા વિના તે ઉપર ચાલ્યો ગયો !

રમા પાછળ ગઈ - જાણે પરવશ પારેવડું !

'જુઓ, કલ્પના નીચે પારણામાં રમે છે.'

'હં,' ટૂંકમાં જ પતિએ પતાવ્યું.

'આજે એને લેવી નથી?'

'ના'

'કેમ? એના ઉપર પણ રીસાયા છો?'

કોણ જાણે કેમ નીચે બાળકે રડવાની શરૂઆત કરી !

'જુઓ, તમે ન બોલાવી તેથી તે રડે છે.'

'ભલે.'

અને જગદીશ રીઝે તે પહેલાં તો બાળકે મોટેથી રુદન કરવા માંડ્યું. રમા કોને પહેલું રાજી કરે ? બાળકનું રુદન વધતું જ ગયું. પતિ - હઠ અને બાળ - હઠે હરીફાઈ માંડી. રમાના પૂજનમાં ભંગ પડ્યો. દેવને રીઝવ્યા વિના જ પૂજારીને પાછા ફરવું પડ્યું !

રમા નીચે આવી. કલ્પનાને તેણે લીધી. તેને ધવડાવવા પ્રયત્ન કર્યો. કાંઈ અવાજો કર્યા, પણ બધું જ વ્યર્થ ! કલ્પનાના રડવાના કારણની કલ્પના જ ન થઈ શકી ! તે વધુને વધુ રડતી હતી ! અત્યાર સુધી હૃદય કઠણ કરી મેડા ઉપર રહેલો જગદીશ પણ હવે નીચે આવ્યો અને પત્નીના પ્રયત્નોમાં સાથ આપી, કાંઈક નવા પ્રયોગો દ્વારા તેમાં પૂર્તિ કરી કલ્પનાને શાંત કરવા પ્રયત્ન કરવા લાગ્યો.

'પેટમાં દુ:ખતું હશે?' જગદીશે પૂછયું.

'શી ખબર, ઝાડો પણ થયો છે,' રમાએ કહ્યું.

પતિ-પત્નીના અબોલા તૂટયા ! બંને જણ બાળકની માવજતમાં



પડ્યાં. તે હજીય રડતું હતું. જગદીશે ચમચામાં 'ગ્રાઈપ વૉટર' કાઢી આપ્યું અને તે પાવામાં રમાને મદદ કરી. આમ સારવારમાં પંદરેક મિનિટ સહેજે પસાર થઈ ગઈ. ધીરે ધીરે બાળક શાંત થયું. બાળકો આમ પત્નીના મા-બાપ પાસે કાંઈ કાંઈ નવા પ્રયોગ કરાવે છે તેનો આ દંપતીને અનુભવ જ નહિ !

કલ્પનાને લઈ રમા હિંચકે બેઠી. જગદીશ પણ સાથે બેઠો અને હજીય થોડી થોડીવારે ડૂસકાં ભરતી પોતાની વ્હાલી બાળકીને હસાવવા પ્રયત્ન કરવા લાગ્યો. એમ કરતાં કરતાં થોડીવારમાં કલ્પના રમાના ખોળામાં ઉંઘી ગઈ. પતિ-પત્ની બંને તેના નિર્દોષ મુખ સામું જોઈ રહ્યાં હતાં. થોડીવારે જગદીશે નજર ફેરવી રમાની સામે જોયું. રમાએ પણ જગદીશ તરફ નજર કરી અને બંને જણે સ્મિત કર્યું-જાણે એકબીજાને ઠપકો ન દેતાં હોય ! જગદીશ પ્રેમથી રમાની વધુ પાસે ગયો અને રમાની આંખમાંથી હર્ષનું એક અશ્રુબિંદુ ટપક્યું.

'રમા', જગદીશે વ્હાલથી કહ્યું.

આંસુનુ ટીપું પોતાના ગાલ પર પડવાથી કલ્પનાએ આંખ ઊંચી કરી. પિતા સામું જોઈ, સ્મિત કરી તે આનંદથી પગ પછાડવા લાગી.

'જુઓ, તમને બોલાવે છે', રમાએ સ્નેહથી કહ્યું.

રમાના ખોળામાંથી જગદીશે કલ્પનાને ઊંચકી લીધી અને કહ્યું:

'રમા, મેં તને નાનાલાલની પેલી પંક્તિ કહી હતી તે યાદ છે?'

'તમારે મોઢે નાનાલાલની પંક્તિઓની નવાઈ ખરીને પાછી. રોજ કેટલીય કહો છો, તેમાંની કઈ સમજું?' પત્નીએ નિર્દોષ આનંદની શરૂઆત કરી.

'એકાકી તો ભાસ્કરે અધૂરો છે,' જગદીશે પંક્તિ કહી.

'હા, યાદ છે, પણ તેનું શું છે અત્યારે?' રમાએ પ્રેમથી પ્રશ્ન કર્યો.

'પણ હું તો નાનાલાલથી ય આગળ વધીને કહેવા માગું છું....'

'કે?' રમાએ વચમાં જ પૂછયું.

''દાંપત્ય યે અધૂરૂં છે 'પ્રભુની પ્રસાદી' વિના'' - વાક્ય પૂરું કરતાં જગદીશે કલ્પનાને વ્હાલભર્યું ચૂંબન કર્યું.

'હા, એણે આપણી વચ્ચે સમાધાન કરાવ્યું. કેમ?' રમા બોલી.

'હવે સમજી, સંતાન વિનાનું દાંપત્ય જીવન દેવ વિનાના દેવળ જેવું છે.' જગદીશ કવિ બની ગયો ! અરે, પણ ચાલ હવે ચા તો મૂક.' કલ્પના-સૃષ્ટિમાંથી કવિ નીચે આવ્યા. જગદીશની સાંજની ચા આજે હજી બાકી હતી !

'આજે ચા નહિ મળે જાવ, રિસાયા કેમ?' રમા રમતે ચડી.

'જો ફરી ઝગડો થશે હો', જગદીશે પ્રેમભરી ધમકી આપી.

''તો વિષ્ટિકાર છે ને તમારી આ 'પ્રભુની પ્રસાદી'', કહી જગદીશના ખોળામા ંરમતી કલ્પનાના ગાલમાં ધીરેથી પ્રેમભરી ટપલી મારી, રમાએ જગદીશનો હાથ ખેંચતા કહ્યું. 'તો ચાલો, હું ચા કરું ત્યાં તમે અને તમારી આ 'પ્રભુની પ્રસાદી' બંને બેસો !

ત્યારે સંધ્યા સમયે સુવા જતા સૂર્યનારાયણ પણ જગદીશ અને રમાની બાજુમાં કિલકિલાટ કરતી કલ્પનાને પોતાના મૃદુ કિરણોથી ચૂમી રહ્યાં હતાં. ચા પીતાં જગદીશ અને રમા ઘડીમાં કલ્પના સામે તો ઘડીમાં એકબીજાની સામે જોઈ સ્મિત કરતાં હતાં. સુખદ દાંપત્યની એ સોનેરી સાંજ હતી.

❑ ❑ ❑



## ૧૯. વધામણાં !

એક, બે, ત્રણ...સાત...દસ...બાર ! હા, પૂરા બાર ટકોરા ઘડિયાળે માર્યા ત્યારે તેમને પલંગમાં લંબાયે થોડી જવાર થઈ હતી. એટલામાં ઊંઘ તો ક્યાંથી આવે ? તેમાંય આજે તો ૧૪મી ઓગષ્ટની રાત્રી ! આવતીકાલના ભરચક કાર્યક્રમની રૂપરેખાને છેલ્લું સ્વરૂપ આપી હમણાં જ સેવકલાલ પરવાર્યા હતા. કેટલો બોજ હતો તેમના માથે ! કાલે તેમને કેટકેટલા કાર્યક્રમોમાં હાજરી આપવાની હતી !

સૂતાં સૂતાં સેવકલાલ કાર્યક્રમની રૂપરેખા પર ઊડતી નજર નાખવા લાગ્યા. વહેલી સવારે ઊઠવું પડશે. પ્રાચિમાં સૂર્યદેવ લાલ વાવટો ફરકાવે તે સાથે એમને ત્રિરંગો લહેરાવવાનો હતો ! અને સેવકલાલે તો નક્કી કર્યું હતું કે લાલ કિલ્લા પર પંડિત નેહરૂ ત્રિરંગો લહેરાવે તે પહેલાં પોતે ધ્વજ ફરકાવી દેવો. અને દિવસોની મહેનત બાદ પોતે તૈયાર કરેલું અને હવે તો મોઢે કરી નાખેલું ભાષણ ભારતના વડાપ્રધાનથી કોઈ રીતે ઊતરે તેવું ન હતું એનીય એમને ખાત્રી હતી ! લોકો કેટલા ધ્યાનથી કાલે એમની વાત સાંભળશે. કેટલા અહોભાવથી પોતાને જોઈ રહેશે એ વિચારતાં તો સેવકલાલના આનંદની અવધિ આવી ગઈ !

પોતાની બુદ્ધિ પર સેવકલાલ આજે વારી ગયા. અને કેમ ન વારી જાય ? કેટલી સામાન્ય સ્થિતિમાંથી આગળ વધતા વધતા તેઓ આજે એક રાજ્યના મોટા પ્રધાનના હોદ્દે પહોંચ્યા હતા. શહેરમાં આજે તેમના માન-મોભો કેટલા હતાં ? અને આર્થિક લાભમાં યે પોતે ક્યાં કચાશ રાખી છે ? થોડા વર્ષ પર ભાડાના ઘરમાં રહેતા હતા તેને બદલે આજે પોતાનાં ચાર ઘર તો તેમણે ભાડે આપ્યાં હતા ! અને એક આલીશાન બંગલામાં પોતે રહેતા હતા એ તો જુદુ. પગે ફરતાં ફરતાં એમને દ્વિચક્રી પ્રાપ્ત થઈ હતી

એય હવે તો ભૂતકાળની વાત બની ગઈ હતી. આજે તો સુંદર આકર્ષક 'ઝેન કાર' તેમના કંપાઉન્ડની શોભા વધારતી હતી ! થોડા સમય પહેલાં સામાન્ય નોકરી કરતા સેવકલાલની તહેનાતમાં આજે અનેક સેવકો દોડાદોડ કરતા હતા. ઘરમાં ગુંજતો રેડીયો સાંભળવાની તેમને ફુરસદ નહોતી. તેમના ટેલીફોનની ઘંટડી થોડી થોડી વારે રણક્યા જ કરતી, જેનું રીસીવર ઉપાડતાં તેમને થાક લાગતો ! આ અને આવી તો ઘણી સાહ્યબી સેવકલાલને ઘેર હતી. અને આ બધુંય તેમણે જનસેવા કરીને, દેશ સેવા કરીને મેળવ્યું હતું, એ અગત્યની વાત હતી. સેવકલાલને થયું : 'સાચે જ ભગવાન સેવાનો બદલો આપે છે!' ક્ષણવાર માટે સેવકલાલની નજર આજ સુધી જુદા જુદા હોદ્દે રહી તેમણે કરેલી સેવા પર પણ પડી ગઈ. પરમીટો, કોન્ટ્રેક્ટ, લાયસન્સ, નોકરી - આ તથા આવાં બીજા કામોમાં તેમણે કેટલા લોકોને મદદ કરી હતી ! અને બદલામાં શું લીધું હતું ?'

'લાંચ !' ના, ના સાડાબારના પેલા ટકોરે આવો પડઘો કેમ પાડ્યો? એમણે તો આવું કાંઈ જ લીધું નથી. હા, લોકો આગ્રહ અને પ્રેમપૂર્વક ભેટ આપી જતાં ખરા ! પણ તો બદલામાં તેમણે તેમનાં કામ પણ કરી દીધાં હતાં જ !

પરંતુ ગમે તે કારણે આ વિચારને સેવકલાલે વધુ ટકવા દીધો નહિ. પોતે લાંચ ખાધા વિધા દેશની મહાન સેવા કરી છે અને હજી કરી રહ્યા છે, એવા સંતોષ સાથે તેમણે ૧૫ ઓગષ્ટના કાર્યક્રમ ઉપર ફરી પાછી નજર ઠેરવી. ધ્વજવંદન... સભા.... ભાષણો... પાર્ટીઓ.... રોશની.... ! અને રોશની જોતાં જોતાં સેવકલાલની આંખ ઠરી ગઈ !

'આ શું ? પેલા અંધારા ખૂણામાંથી આ ટોળું રોશની જોવા ધસી આવ્યું શું ? ના, ના, એ તો પોતાની પાસે આવ્યું !'

'કોણ છો તમે?' સેવકલાલે પૂછયું.



'હિન્દીઓ' જવાબ મળ્યો.

'કેમ આવ્યા છો? આમ લુંટાયેલા જેવા કેમ છો?'

'ભૂખે મરીએ છીએ.'

'ભૂખે મરો છો?'

'હા'

'તો ખાતા કેમ નથી?'

'શું ખાઈએ?'

'અનાજ !'

'ક્યાંથી લાવીએ?'

'સરકારે તમારે માટે સસ્તા અનાજની દૂકાનો ખોલી છે ત્યાંથી'

'પણ તે લાવવા પૈસા જોઈએને?'

'હં, તો કામ કરો. મહેનત કરો. પૈસા મળશે, આરામ હરામ...'

'કામ?' ખુશ થતું આશા ભર્યું બીજું ટોળું ધસી આવ્યું જાણે. 'હા, હા, લાવો અમારે કામ જોઈએ છે,પણ મળતું નથી. અમે બેકાર છીએ. કામ આપો.'

'બેકાર છો?'

'હા'

'તો એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં નામ નોંધાવો. નોકરી માટે બોલાવશે.'

'નામ નોંધાવ્યે તો બે વરસ થઈ ગયા સાહેબ,' ટોળામાંથી કોઈ બોલ્યું : 'મારો એક સાથી મરી ગયો ત્યારે હું ઓફિસમાં તેનું નામ કઢાવવા ગયો હતો ત્યારે ત્યાંના સાહેબે કહ્યું : 'અમથો મરી ગયો, હવે નોકરી માટે તેનો નંબર લાગત!'

'જુઓ, આજે પંદરમી ઓગષ્ટ છે.' સેવકલાલ જાણે બધાંને

સમજાવવા લાગ્યા : 'આજે આઝાદીની રરમી વર્ષગાંઠ છે માટે બધા આનંદ કરો, રોશની જુઓ, ભાષણો સાંભળો અને સારાં પકવાન્ન ખાઓ. હું તમારી વાત પર પછી વિચાર કરીશ હોં!

બંને ટોળાં કાંઈક ગણગણતા પાછાં વળ્યાં, ત્યારે સામેથી આવતા, સમૂહમાંથી બૂમો સંભળાઈ.

'અધિક વેતન.... લેકે રહેંગે'

કોણ જાણે શાથી, પણ સેવકલાલની આજની નિંદ્રાના નસીબમાં આવા જ દશ્યો જોવાનું લખાયું હશે તે અધિક વેતનની માગણી કરનાર સંસ્થાના નેતાઓ સાથે વાટાઘાટો કરી એમણે પડખું ફેરવ્યું, ત્યાં જ હડતાળીઆઓની ફોજ આવી પહોંચી ! તેઓ કેમેય સમજ્યા નહિ, ત્યારે સેવકલાલ ગુસ્સે થયા. એ તો પ્રધાનનો ગુસ્સો ! પરિણામમાં કાંઈ પૂછવાનું હોય ? તરત જ તેમણે પોલીસ બોલાવી, પરિણામે.....

સોટી ચાર્જ ! ટોળું ન ખસ્યું.

લાઠીમાર ! ટોળામાં થોડી અસ્ત વ્યસ્તતા ! સિવાય કાંઈ નહિ.

ટીયરગેસ ! ટોળાની નાસભાગ અને વળી જમાવટ.

ગોળીબાર !!! આ જુવાન પડ્યો, પેલો વૃદ્ધ પણ ઝડપાઈ ગયો. હા હા હા ! પોલીસનું હાસ્ય; બીજા બે પાડ્યા. 'શાબાશ પોલીસ ! હવે કેવા નાઠા !' હસતે મુખે જોતાં સેવકલાલ બોલ્યા ! થોડીવારે ફોજદારે તેમની પાસે આવી કહ્યું : 'સાબ, અબ લાઈન ક્લીયર હો ગઈ!'

'શાબાશ !' જાણે પ્રધાને પ્રમાણપત્ર આપતાં કહ્યું : 'તમે બહુ સમયસૂચકતા વાપરી. કાલે પંદરમી ઓગષ્ટની ખુશાલીમાં હું તમારા આ કાર્યની કદર કરી બઢતી અપાવીશ.'



'જી, આપનો આભાર....' પોલીસવાળો બોલ્યો.

'પણ જુઓ, આજે મારા બંગલાની આજુબાજુ સખત બંદોબસ્ત રાખજો. જરૂર પડે બીજા એક બે જણને અહીં પાડજો, પણ....'

'જી, એમાં કહેવું ન પડે' અને આપ નિશ્ચિંત રહો'

સેવકલાલે પાછુ પડખું ફેરવ્યું. પંદરમી ઓગષ્ટ માટે તૈયાર કરેલું ભાષણ ઊંઘમાં જ તેઓ ગોખવા લાગ્યા :

'આઝાદીની તેરમી વર્ષ ગાંઠ... આપણી સિદ્ધિઓ... પહેલી પંચવર્ષીય યોજના... બીજી.... અને ત્રીજી યોજના.... ભાકરા નાંગલ.... ચિત્તરંજન લોકોમોટીવ.... ખંભાતનુ તેલ, ટ્રામ્બે...'

પણ વળી પાછા પેલાં ટોળાં બૂમો પાડતાં આવ્યાં જાણે : 'ભૂખ... બેકારી, પગાર વધારો... હડતાળ...'

અને સામે જ જાણે બંદૂકમાંથી ગોળી છૂટતા અવાજ આવ્યા. ઠન...ઠન...ઠન...! એ સાંભળતાં સેવકલાલની આંખ ઉઘડી ગઈ ત્યારે તેમણે જાણ્યું કે એ અવાજ ગોળીબારના નહિ પણ ઘડિયાળમાં પાંચના ટકોરા પડ્યાના હતા ! અને ત્યારે પ્રાચીમાં અંધકારની સેના પોતાની હાર કબૂલ કરી પીછેહઠ કરતી હતી, ઉષા પંદરમી ઓગષ્ટના વધામણાં દેતી ગુલાલ છાંટતી હતી. પણ ત્યારે સેવકલાલના હૃદયનો ઉત્સાહ કોણ જાણે કેમ જતો રહ્યો હતો !

આઝાદીનાં કડવાં ફળ ખાનારાઓની સંખ્યા આ દેશમાં કરોડોની હશે એવો અહેસાસ કદાચ હવે એ કરી રહ્યા હશે.

❑ ❑ ❑

## ૨૦. આપની આમન્યા !

નાનપણથી જ સુરેશ અને આભા એકબીજાને ઘણાં ચાહતાં. બાળપણમાં જ્યારે સુરેશ રજાઓમાં પોતાના મોસાળ જતો ત્યારે આભા સાથે બહુ રમેલો. આભા રજાઓ પડવાની આતુરતાથી રાહ જોતી અને રજાઓ પડે ત્યારે સુરેશને આવવાની રાહ જોયા કરતી. સુરેશ આવતો ત્યારે તે બહુ ખુશ થતી અને બંને જણ નિર્દોષ પ્રેમમાં રમતાં રમતાં આનંદથી પોતાની રજાઓ પુરી કરતાં. જ્યારે રજાઓ પુરી થતી અને સુરેશ પોતાને ઘેર જતો ત્યારે બંનેની આંખો આંસુથી છલકાઈ જતી. છૂટા પડ્યા પછી થોડા દિવસ તો બંનેને બીલકુલ ચેન નહિ પડતું. આ રીતે નાનપણમાં તેમના નિર્મળ પ્રેમ પ્રવાહની શરૂઆત થઈ હતી.

પણ હવે તો બંને જણ ઉંમરલાયક થયાં હતાં. નાનપણનો નિર્મળ સ્નેહ હવે ગૃહસંસાર માંડવાના કોડમાં ફેરવાયો હતો. સુરેશના મોસાળમાં હવે કોઈ રહ્યું ન હોવાથી છેલ્લાં થોડાં વરસથી તે ત્યાં ગયો ન હતો અને આભાને મળ્યો પણ ન હતો. બંને એકબીજાને મળવા ઘણા જ વ્યાકુળ હતાં, પણ હવે એ સમય બહુ દૂર ન હતો. તેઓ સદ્ભાગી હતાં. જો કે સુરેશ અને આભા બંનેના પિતા જૂનવાણી વિચારના હતા, એટલે છોકરાની ઈચ્છા કે તેમની પરસ્પર યોગ્યતાના વિચારે નહિ, પરંતુ કુળ પરસ્પરને યોગ્ય હતું એટલે તેમણે એ બેનો વિવાહ કર્યો હતો. વિવાહ થયો અને થોડા જ વખતમાં લગ્ન પણ નક્કી થઈ ગયાં. આવતા વૈશાખમાં તો સુરેશ અને આભાના લગ્ન હતાં. બંનેના હૃદયો આનંદથી ઉભરાતાં હતાં.પોતાને એક બીજાના જીવનસાથી બનવામાં કાંઈ અડચણ ન લાવવા બદલ બંને જણ ઈશ્વરનો આભાર માનતાં અને ભાવિ સુખની કલ્પનામાં વિહરતાં, ભવ્ય ઈમારતો ચણતાં અને આનંદ તથા અધીરાઈમાં દિવસો વિતાવતાં હતાં.



પરંતુ...!? મનુષ્યની બધી આશાઓ કાંઈ ઓછી સફળ થાય છે?

એક દિવસ સવારમાં અગાશીમાં બેસી સુરેશ કાંઈક વાંચતો હતો. હાથમાં પુસ્તક હતું અને તેનું ચિત્ત ક્યાંય ફરતું હતું. આભા સાથેના પોતાના ભાવિ સુખી જીવનની કલ્પનામાં તે રાચતો હતો. અચાનક તેની નજર આકાશ તરફ પડી. જે આખા જગતને પ્રકાશિત કરે છે તે સૂર્યને પણ ભરખી જાય તેવું એક ભયંકર કાળું વાદળ તેના પર ધસી આવતું હતું. સુરેશ ઘડીભર વિચારમાં પડ્યો : ‘‘પૃથ્વીને પ્રકાશનાં પય પાનાર સૂર્યને શું ખબર હતી કે એની જ ગરમીથી તૈયાર થયેલાં વાદળ એક દિવસ આમ એની જ ઉપર ચઢાઈ કરશે?’’ કલાપીની પેલી પંક્તિ સહેજ ફેર સાથે તે બબડ્યો : ‘જે પોષતું તેને મારતું એવો દિસે ક્રમ કુદરતી.’ આ વિચારે એનું મન પણ સાશંક થયું. ‘જે આનંદ-ભાનું તેના હૃદય - આકાશમાં અત્યારે પ્રકાશી રહ્યો હતો તેના પર પણ કોઈ વિષાદની ઘેરી ઘટા ચઢાઈ તો નહિ કરે ને?’ પણ નીચે ‘ટપાલ’ એમ બૂમ પડી અને તેની તરંગમાળા તૂટી.

તે નીચે ગયો. ટપાલ લીધી. ટપાલમાં તેનું પોતાનું જ એક કવર હતું. પોતાના નામનું કવર જોઈ તેને ઘણું જ આશ્ચર્ય થયું. કોઈક દિવસ તેના પર કોઈ મિત્રનો કાગળ આવતો, પણ કવર તો કદી ન આવતું. વળી કવર પરના અક્ષરો પણ તેને અપરિચિત લાગ્યા. પણ આ બધા વિચાર કરવા તે ન ઉભો. તરત જ ઉપર જઈ એણે અધીરાઈથી કવર ફોડ્યું અને પત્ર વાંચવો શરૂ કર્યો :

‘સુરેશભાઈ,

અડવાડિયાથી આભા ઘણી જ બિમાર છે. તમને મળવાની તેની ખાસ ઈચ્છા છે. તેણે ઘણા જ આગ્રહપૂર્વક કહેવાથી મેં આ પત્ર લખ્યો છે. એક વખત આવી જરૂર તેને મળી જશો. તમારી રાહ જોઈએ છીએ.’- રેણુ

રેણુ આભાની નાનપણની બહેનપણી હતી. બંને વચ્ચે ઘણો જ સ્નેહ હતો. સુરેશ પણ એને સારી રીતે ઓળખતો હતો.

પત્ર વાંચી સુરેશનું હૈયું ભરાઈ આવ્યું. વિચારોમાંને વિચારોમાં તે ત્યાં જ બેસી રહ્યો. આભાને મળવા કેવી રીતે જવું? માતા-પિતાના જૂનવાણી વિચારોથી એ પરિચિત હતો. હજુ સુધી પિતાની આજ્ઞા એણે કદી લોપી ન હતી. એમની આગળ તો મળવા જવાની વાત થાય જ નહિ! એણે ઘણાય વિચારો ઘડ્યા, તુક્કા રચ્યા, પણ એકેય અમલમાં ન લાવી શક્યો. એનો શરમાળ સ્વભાવ પિતા પાસે આ વાત મુકતાં એને રોકતો હતો. તેથી વિચારોમાંને વિચારોમાં અત્યંત નિરાશા વચ્ચે એણે બે દિવસ પસાર કર્યાં. કંઈક સારા સમાચાર આવવાની આશાએ એ દરરોજ ટપાલની રાહ જોતો. આજ ત્રીજે દિવસે પણ ટપાલની રાહ જોતો, ચિંતા ભર્યા વિચારોમાં તે બેઠો હતો. ટપાલ આવી અને એની આશા ફળી. એના પર એ જ પરિચિત અક્ષરવાળું કવર આવ્યું. કવર લઈ સીધો તે ઉપર ગયો. તેણે પત્ર વાંચ્યો. અને તેની આંખમાં આંસુ આવ્યાં. તેમાંના બે-ત્રણ વાક્યો તો તેના કાન પર વારંવાર અથડાતાં હતાં: "મારા પત્રથી તમે આવશો એમ ધારી તે આતુરતાથી તમારી રાહ જોતી હતી. પણ તમે શાના આવો? ગઈરાતથી તો આભા બેભાન છે. ડૉક્ટર કહે છે : 'કદાચ તે ન પણ બચે!" હાથમાં પત્ર હતો. આંખમાં આંસુની ધારા હતી. તેણે ખાટલા પર પડતું નાખ્યું. તે ખૂબ રડ્યો અને પછી વિચારમાંને વિચારોમાં ઊંઘી ગયો. તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં આભા ન હતી, રેણું હતી. જાણે કે તિરસ્કારયુક્ત હાસ્યથી એ તેને કહેતી હતી : 'બસ આટલો જ તારો પ્રેમ ? નાનપણથી જેની સાથે રમ્યો અને હવે જેની સાથે જીવન જીવવાના કોડ સેવતો હતો એના મૃત્યુ વખતે તારું મુખ પણ નથી દેખાડી શકતો ? ક્યાં ગયાં પરસ્પરને માટે પ્રાણ અર્પવાના એ વચનો ? બસ, આટલાથી જ ડરી ગયો ? તો જીવનમાં તું એને શું સંતોષ



આપત ?' ઠપકાભરી પ્રશ્નાવલિથી તે ઝબકીને જાગી ગયો. ફરી તેની આંખો આંસુથી ઉભરાઈ, તેના દિલમાં અકથ્ય દર્દ હતું. પરંતુ હવે તેણે નિશ્ચય કરી નાખ્યો. ત્યાં જવાની પોતાની ઈચ્છા પિતાજીને જણાવવાનો તેણે નિર્ધાર કર્યો.

પિતાજી ઘેર આવ્યા ત્યારે તેણે તેમને રેણુનો પત્ર આપ્યો. પણ વાંચવાની શરૂઆતથી સતત રંગ બદલતી એમની આંખોનો રંગ પત્ર પુરો થતાં લાલઘુમ થઈ ગયો હતો !

'રેણુ એની બેનપણી હશે?' કરસન પટેલે કટાક્ષથી જ વાતની શરૂઆત કરી.

'હા.' ધીરેથી સુરેશ બોલ્યો.

'હં,' વડીલની અદાથી ઉંકારો કરતા તેમણે કહ્યું : 'હવે તારી શી ઈચ્છા છે?'

'હું એકવાર ત્યાં જઈ આવું પિતાજી?' સુરેશે પ્રશ્ન રૂપે જ પોતાની ઈચ્છા દર્શાવી.

ગામમાં ભલભલાને પોતાના દાબ નીચે રાખનાર કરસન પટેલ સામે ગામનો કોઈ બીજો છોકરો પણ આમ કહેવાની હિંમત ન કરે તે આજે એમના જ પુત્રનાં આ વેણ કેમ સાંખી શકે? ગામમાં સર્વ કોઈ એમની અમાન્યા રાખતું હતું. એ ઈજારાદારની આમાન્યાનું આમ એમના પુત્રના હાથે જ ખંડન ! પળમાં પાંચસો વિચારો કરસન પટેલના મગજમાંથી પસાર થઈ ગયા. તેમની આંખો વધુ લાલ બની, ભવાં ઊંચા ચઢાવી, ગુસ્સામાં તે તડુક્યા: "નિર્લજ્જ, બાપની આમન્યા તોડતાં તને શરમ પણ નથી આવતી?'

'પણ પિતાજી,' ગભરાતે અને દુઃખી સ્વરે સુરેશ બોલ્યો : 'તે મર....ણ..'

'અરે એ મરી જશે તો એના જેવી દશ લાવીશ. નાતમાં કાંઈ મારી જે તે શાખ છે?' એમના ગુસ્સાથી ડરી એમનું કુળાભિમાન ભાગી ગયું ન હતું !

પિતાના છેલ્લા શબ્દો સુરેશના હૃદયમાં સોંસરા ઉતરી ગયા. તે તરત જ ત્યાંથી ચાલ્યો ગયો. અત્યાર સુધી પિતા તરફ તેને જે માન અને પ્રેમ હતાં એ ઓસરી ગયાં. તેમના વજ્ર હૃદયની પરાકાષ્ઠા તે હવે જ પારખી શક્યો. વિચારોમાં ને વિચારોમાં તે બેભાન જેવો પડી રહ્યો. પરંતુ થોડીવારે નીચે કોઈએ તેના નામથી બૂમ મારી. તે નીચે ગયો. બૂમ પાડનારને તેણે ઓળખ્યો અને પોતે કાંઈપણ બોલે તે પહેલાં આવનારે જ કહ્યું : 'સુરેશભાઈ, તમારો તાર છે.' યંત્રવત્ સહી કરી સુરેશે તાર લીધો, ફાડ્યો, વાંચ્યો અને પુરપાટ તે ઉપર દોડ્યો. તેણે ઘડિયાળમાં જોયું. ગાડીને હજી એક કલાકની વાર હતી. તેણે ઝડપથી એક કાગળમાં કાંઈક લખી તે ટેબલ પર મૂકી દીધો. પોતાની પેટી ખોલી, તેમાંથી કાંઈ લઈ ગજવામાં મૂકયું અને સડસડાટ કરતો તે દાદરો ઉતરી ગયો. તે સ્ટેશન પર પહોંચ્યો ત્યારે તેના વાળનું કે કપડાનું ઠેકાણું ન હતું. તેણે ટિકિટ લીધી, પણ એનીય તેને ખબર ન હતી ! જાણે બધું જ યંત્રવત થતું હતું !

ગાડી આવી અને ઉપડી. તે ગાડીના ડબ્બામાં હતો, પરંતુ તેને લાગતું હતું કે તે ગાડીના પૈડાં નીચે કચડાતો હતો. કલાકો પસાર થયા. એને જવું હતું એ સ્ટેશન આવ્યું. અને સુરેશ ગાડીમાંથી ઉતર્યો. ઝડપથી તે ઝાંપા બહાર નીકળ્યો. કશાની પરવા ન કરતો તે તેના ગજવામાંથી કોઈ ચીજનું કાળજીપૂર્વક જતન કરતો હોય એમ સ્પષ્ટ માલુમ પડતું હતું.ગાંડાની માફક ઝડપથી તે ગામની ગલીઓ વટાવતો હતો. એક ગલી આવી અને તે જોઈ સુરેશની આંખો આગળ આખો ભૂતકાળ ખડો થયો. 'અત્યારે બીજાં બાળકો



રમતાં હતાં ત્યાંજ નાનપણમાં આભા અને બીજા મિત્રો સાથે રમતાં તેણે કેટલો આનંદ માણ્યો હતો ?' વિચારોમાં ને વિચારોમાં તે સહેજ આગળ ચાલ્યો અને થંભી ગયો ! આ શું ? તે સાચું દશ્ય જોતો હતો ? આભાના ઘરના આંગણામાં રડારોળ થઈ રહી હતી. બૈરાનું ટોળું પણ દેખાતું હતું !

ત્યારે 'સુરેશભાઈ?' પાસેના ઓટલા પરથી રડતી રેણુનો અવાજ આવ્યો.

'રે...ણું...!' પ્રશ્નભર્યા આશ્ચર્યથી સુરેશ બોલ્યો.

''હવે શું કામ આવ્યા ? આભાની ચિતાની જ્વાળાઓ જોવાને ?'' રડતી રેણું બોલી.

સુરેશે કાને હાથ દઈ દીધા. 'ઓહ', ચીસ સાથે તે પાછો ફર્યો અને સ્મશાન તરફ દોડ્યો. રસ્તામાં તેને ડાઘુઓ સામા મળ્યા. આભાના પિતાના રડવાનો અવાજ તેણે સાંભળ્યો, ઓળખ્યો... તે સ્હેજ અચકાયો અને ફરી એ જોઈ તે વધુ ઝડપથી દોડ્યો. ચિતા પાસે ગયો. તે હજીય બળતી હતી. એણે અશ્રુભરી આંખે ચિતાને પ્રણામ કર્યાં. ગજવામાંથી એક ચકચકિત, સુંદર, સોનાનો હાર કાઢ્યો. અને તે બબડ્યો : 'આભા, કેટલા હર્ષથી આ હાર કરાવ્યો હતો ! ઈચ્છાહતી કે પરણ્યાની પહેલી રાત્રે મારા જ હાથે તને પહેરાવીશ. પણ તું તો મને મૂકીને ચાલી ગઈને ? પણ હું તને હાર પહેરાવીને જ રહીશ. એટલે તો આજે તે લઈ તારી પાસે આવું છું. હવે ત્યાં સ્વર્ગથી કયાંય ન જઈશ હોં. મને જરૂર મળજે આભા. અને પિતાજી, સ્વર્ગમાં તો અમારી પર આપની આમન્યાનો અંકુશ નહિ મૂકો ને?' આમ કહી તેણે હાથમાં હાર રાખી આભાની ચિતાની આગમાં ઝંપલાવ્યું ! આ દશ્ય જોવાને અશક્ત સૂર્ય પાસે આવેલી એક વાદળીમાં ભરાઈ ગયો ! અગ્નિદેવે એને પણ આવકાર્યો અને આભા સાથે સુરેશને પણ ભાવભીની વિદાય દીધી !

પણ સુરેશ ઘેર લખીને મૂકી ગયેલો કાગળ વાંચતા વાંચતા રૂઢિચુસ્ત કરસનકાકા બબડ્યા : 'નાલાયક, જોઉં છું, ક્યાં સુધી પાછો નથી આવતો...!'

પણ એમને શી ખબર કે જ્યાંથી કોઈ કદી પાછું નથી આવતું ત્યાં સુરેશ એની પ્રિયતમા આભા સાથે સદાને માટે રહેવા પહોંચી ગયો હતો ?!

લેખનના પ્રારંભ કાળની વાર્તા

❑ ❑ ❑



## ૨૧. ભગવાનનું માણસ

આમ તો રામજીભાઈ નીચલા મધ્યમ વર્ગના માણસ હતા, પણ હતા દિલના રાજા. જાતમહેનતથી જીવતા હતા, છતાં ગજવામાં પાંચ પચ્ચીસ પડ્યા હોય ને કોઈને ખરેખરી જરૂર હોય તો પોતાનો જરાય વિચાર કર્યો વિના રામજીભાઈ જરૂરતવાળાને આપી દે એ નક્કી. કાંઈ ભોટ કે મૂર્ખ નહોતા રામજીભાઈ. જે કરતા એ સમજીને કરતા, છતાં સ્વભાવ પરગજુ ને દિલ ઉદાર એટલે ક્યારેક સ્વાર્થી લુચ્ચાઓથી છેતરાઈ જાય ખરા. પણ કેટલાક લોકોનો તો ધંધો જ છેતરપિંડીનો હોય છે. અને બીજાને છેતરીને એ પાછા પોતાને હોંશિયાર પણ ગણાવતા હોય છે. છતાં છેતરાવાના આવા પ્રસંગે ય સજ્જન રામજીભાઈ કહેતા : 'હોય એ તો, ચાલ્યા કરે, કાંઈ બધા લોકો થોડા સજ્જન હોય છે ? એ તો આવા દુર્જન ભટકાય ત્યારે જ સાચા માણસની કિંમત થાય.' અને પછી આવું જાણીને જીવ બાળનારાને કહે : 'એમાં જીવ શું બાળવાનો?' સૌ સૌનાં કરમ, આપણે તો જે કર્યું હતું એ સારા માટે કર્યું હતું.'

કોઈ કશી પણ વાતમાં સલાહ માગે તો રામજીભાઈ પૂછનારનું હિત થાય એવી જ સલાહ આપે.લગ્ન કે ઈતર સામાજિક પ્રસંગે નાતવરા કરવાની સગવડ ન હોય એવો વખત તો ગામના નાના ખેડૂતોના ઘેર ઘણીવાર આવતો. આવા ધર્મસંકટના સમયે ઘર કે ખેતર ગીરો મૂકીને કે વેચીને પૈસા લાવી ખર્ચ કરવાનો જાણે નિયમ બની ગયો હતો. નાતવરાના આવા વ્યવહારો વગર લખે ય ફરજિયાત જેવા જ હતા અને લોકો એનો ચુસ્તપણે અમલ કરતા, કારણ લોકોના મહેણાં ટોણાંથી બધા જ ગભરાતા,એટલે તાણીતુસીને ય વરા તો કરે જ ! આવા પ્રસંગોએ ખેતર કે ખોરડું વેચીને નાતવરા જેવા ખોટા ખર્ચ ન કરવા કે નાનો વરો કરી ખર્ચ ઘટાડવા

રામજીભાઈ લોકોને સમજાવતા.મહેણાં મારી કે પાણી ચઢાવી ખર્ચ કરવા ઉશ્કેરતા લોકોને ય એ સમજાવીને કે દબાવીને આવું ખાઈને પાપમાં ન પડવા કહેતા. આ વાત રૂઢિચુસ્તોને ગમતી નહિ. છતાં આવા પ્રસંગોએ ગુંચવાયેલા લોકોની પડખે ઉભા રહી ગામનાં કેટલાંય ખેતર કે ખોરડાં રતન શેઠને ત્યાં વેચાઈ જતાં રામજીભાઈએ અટકાવેલાં. ‘આપણે તો એક ટંક ખાઈને પૂઠ ખંખેરી ઊભા થઈ જઈશું, પણ બિચારાનાં છોકરાં જીવનભર ઘર વગરનાં કે ખેતર વિનાનાં થઈ જશે એનો કશો વચાર કર્યો છે કોઈએ?’ એમ કહી રામજીભાઈ મફતનું ખાનારાં મતલબિયાંઓને ટાઢાં પાડી દેતા. જો કે રતન શેઠને પણ રામજીભાઈનું આ પ્રશંસનીય પગલું ખટકતું. કારણ, ગામમાં જે ખેતર વેચાય તે રતન શેઠને ચોપડે જ લખાય ને ? ગામમાં એ એક જ તો મોટા શાહુકાર હતા.

‘દોઢ ડહાપણ કરી મારું એક ઘરાક ગુમાવ્યું, રામજીએ’ એમ કહી રતન શેઠ કોઈની સમક્ષ બબડીને હૈયાવરાળ પણ ઠાલવતા. જો કે એ બુધ્ધિશાળી વણિક મનમાં તો સમજતા હતા કે રામજીભાઈની સલાહ સાચી હતી. માત્ર પોતાના સ્વાર્થને કારણે જ એમને રામજીભાઈનાં આવા સુકૃત્ય ખટકતાં હતાં. ‘બધા જ આવા પરગજુ પાક્યાં હોત તો દોરી લોટો લઈને ગામમાં આવેલો હું ગાદી તકિયે બેસતો ક્યાંથી થયો હોત ?’ એમ પોતાની વણિકબુધ્ધિથી શેઠ વિચારતા. પણ ‘કોઈનું ભલું થતું હોય તો ઘરના પાંચ પંદર ખર્ચીને ય કરવું’ એવું માનનારા રામજીભાઈ કયાં કશું ય કોઈની ખુશામદ કે ઈર્ષા ભાવથી કરતા હતા ? એ તો બને તો મુરઝાતા છોડને પાણી પાવાની પ્રવૃત્તિવાળા હતા, એટલે શુધ્ધ બુધ્ધિથી કરેલાં પોતાનાં કાર્યોના પ્રત્યાઘાતને એ બહુ મહત્ત્વ આપતા નહિ.

રસ્તે જતા રામજીભાઈને કોઈપણ સ્ત્રી કે પુરુષ મુશ્કેલી હોય તો



પોતાનું કામ બતાવી શકતાં. ‘જરા મારું આટલું કામ કરી દેશો રામજીભાઈ?’ના વિનયભર્યા પ્રશ્નનો રામજીભાઈ ક્યારેય નકારમાં જવાબ આપતા નહિ. ‘હા...હા...ચોક્કસ...એમાં શું...?’ કહીને એમણે પેલું કામ કર્યું જ હોય ! પછી ભલે એમ કરતાં પોતાનાં સમય શક્તિ બગડ્યાં હોય કે પોતાનું થોડું નુકશાન થયું હોય, પણ જે કામ સ્વીકાર્યું હોય તે રામજીભાઈ કરે જ !

‘ક્યારેક તો નરસિંહ મહેતા જેવું થતું : ઘેર આવેલા મહેમાનને જમાડવા માટે તપેલી લઈને ઘી લેવા નીકળેલા મહેતા રસ્તામાં કોઈ સ્થળે ભગવાનનું ભજન થતું જોઈને કલાકો સુધી એમાં બેસી ગયેલા, ને ઘેર આવેલા મહેમાન તો ભૂલાઈ જ ગયેલા ! રામજીભાઈ પણ ક્યારેક હાથમાં દાતરડું લઈ ઘાસ કાપવા કે દાતરડી લઈ કપાસ નિંદવા જવા નીકળ્યા હોય ત્યારે ગામના કોઈ માંદાની જરૂરિયાત જાણી પોતાને કામે જવાને બદલે માંદાને લઈ પડખેના ગામના દવાખાને પહોંચ્યા હોય અથવા કોઈની દીકરીના લગ્નની ખરીદી માટે એનાં મા-બાપ જોડે બાજુના ગામના બજારે ગયા હોય ! આવા પરગજુ હતા રામજીભાઈ ! ગામનાં ઘરડાં સંતોકમાના શબ્દોમાં : ‘રામજી તો જાણે કળજગનું માણહ જ નઈ ! પુનશાળી ગામમાં જ આવા પુત્તર પાકે.!’

આવા - ‘સૌના મુખના પાન જેવાં રામજીભાઈ એકવાર અચાનક બિમાર પડી ગયા. છાતીમાં ડાબી બાજુ ભારે દુઃખાવો હતો. ગામલોકો એમને તાત્કાલિક નજીકના શહેરના સરકારી દવાખાને લઈ ગયા. ડૉક્ટરે તપાસીને કાર્ડીયોગ્રામ લીધો ને હાર્ટએટેકનું નિદાન કર્યું. લોકોને નવાઈ લાગી. ‘રામજીભાઈ જેવા સ્વાશ્રયી અને તંદુરસ્ત માણસને હૃદયરોગનો હૂમલો - અને તેય ઓચિંતો - થાય !’ પણ એમને અવારનવાર છાતીમાં

દુ:ખી તો આવતું જ હતું, પણ પોતે ગણકારતા નહોતા એમ રામજીભાઈએ કહ્યું. ડૉક્ટરે તાત્કાલિક ઈન્જેક્શન વગેરે આપ્યાં એટલે રાહત તો થઈ.પણ એ ભલા ડૉક્ટરે સાચી સલાહ આપતાં એક-બે આગેવાનોને ખાનગીમાં કહ્યું : 'આ ભાઈને ગમે ત્યારે ફરી પણ જીવલેણ હૂમલો આવી શકે છે .... મારું માનો તો ડૉક્ટર અખિલેશના દવાખાને દાખલ કરી 'બાય-પાસ સર્જરી કરાવી લો...!'

ગામ લોકોને બહુ ગમ તો ન પડી, પણ ડૉક્ટરના સમજાવવાથી એમને એટલી તો ખબર પડી કે 'રામજીભાઈને હૃદયનું મોટું ઓપરેશન કરાવવાની જરૂર છે.... નિષ્ણાત ડૉક્ટરને હાથ એ થાય તો ઓપરેશન જોખમી તો ઓછું ગણાય, પણ ખર્ચાળ વધુ કહેવાય.'

છતાં ગામ લોકોને મન તો રામજીભાઈ જેવા માણસના જીવનનો સવાલ હતો, એટલે એ તાત્કાલિક એમને ડૉ. અખિલેશના દવાખાને ગયાં. એમ કરવા રામજીભાઈએ ઘણી જ ના પાડી અને ભગવાન પર ભરોંસો રાખવા કહ્યું, પણ કોઈએ એમની વાત કાને ન ધરી. 'તમે છાનામાના સૂઈ રહો.... ભગવાન બધી વાતે સહાય કરશે....' કહી એમણે ડૉક્ટર અખિલેશની સલાહ લીધી.

ડૉક્ટર અખિલેશે 'બાયપાસ સર્જરી કરાવવી જરૂરી છે' એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો અને તે પણ સમય બગાડ્યા સિવાય કરાવવું જોઈએ એવી સલાહ પણ આપી.

'એ માટે કેટલો ખર્ચ થશે સાહેબ?' એક વ્યવહારુએ સચિંત ચહેરે પૂછયું.

'ઓછામાં ઓછા એક લાખ રૂપિયા', ડૉક્ટરે જવાબ આપ્યો ને બધા દિગ્મુઢ થઈ ગયા ! લાખ રૂપિયા તો એમની સાત પેઢીમાં ય કોઈએ



જોયા નહોતા, ત્યાં દવા કે ઓપરેશન માટે આટલા રૂપિયા ખર્ચવાની તો વાત જ ક્યાંથી હોય ?

છતાં ગામલોકો મક્કમ હતા. 'ગમે તે કરીશું, પણ પૈસાને વાંકે રામજીભાઈ જેવા ભગવાનના માણસને આટલી નાની ઉંમરે ભગવાન પાસે કેમ જવા દેવાય ?' એમ કહેતા લોકો મથામણામં પડ્યા.

પણ 'લાખ રૂપિયા લાવવા ક્યાંથી?' બધાના મુખે એક જ સવાલ હતો. એ રાત્રે ગામ આખાની ચર્ચાનો ને ચિંતાનો આ જ વિષય રહ્યો. મથીને પાંચ પચ્ચીસ હજાર તો સૌ મળીને ભેગા કરી નાખે, પણ ગમે એટલું જોર બધા કરે તો ય લાખે તો કેમ પહોંચાય ? સૌની ચિંતાનો પાર નહોતો.

ગામમાં કદાચ આ પહેલો પ્રસંગ હતો કે જયારે કોઈપણ બાબતમાં બધા જ સંમત હોય, અને એ સંમતિ હતી :'કોઈપણ ભોગે રામજીભાઈને બચાવવાની!'

જો કે એમાંય ગરબડભાઈએ તો વિરોધનો સૂર કાઢ્યો : 'અલા ભાઈ, જરા વિચાર તો કરો કે લાખ રૂપિયા કાંઈ રસ્તામાં પડ્યા છે ? પછી એ તો રામજીભાઈ માટે ખર્ચવાનો હોય કે શામજીભાઈ માટે.'

પણ ત્યારે બધાંએ એનો એવો તો ઉધડો લીધો કે ગરબડ બિચારો બોલતો જ બંધ થઈ ગયો. વળી મનસુખે તો ઉપરથી ટોણો મારતાં કહ્યું : 'ભૂલી ગયો'લા ગરબડ? તારા છોકરાને માથામાં વાગ્યું તું તારે રામજીભાઈ ઘરનું ગાડું જોડીને એને લોહી નીતરતી દશામાં દવાખાને લઈ ગયા હતા. તું તો એ વખતે બોનને ઘેર ભાઈબીજ કરવા ગયો'તો !'

ગરબડે કાનની બુટ પકડતાં માફી માગી. છેવટે સૌએ વિચાર કરીને રસ્તો કાઢ્યો : આઠ દસ જણ જે જરા સુખી હતા એમણે પોતાની થોડો થોડી જમીન વેચવા કાઢી. એમ કરતાં સારી એવી રકમ થઈ જવાની ગણતરી

હતી. પછી થોડીઘણી રકમ ખૂટશે તો 'પડશે તેવાં દેવાશે' એમ ઈબ્રાહીમચાચાએ સૌને હિંમત આપતાં કહ્યું. એ યાદીમાં ગરબડદાસે સૌથી પહેલાં પોતાનું દોઢ એકર જમીનનું ટૂકડું લખાવી પોતે થોડીવાર પહેલાં કાઢેલા વિરોધી સૂરનું જાણે પ્રાયશ્ચિત કર્યું ! ઈબ્રાહીમચાચાએ પોતાનું 'આંબાવાળું' ખેતર વેચવા કાઢ્યું. આમ સૌએ પોતપોતાના ગજા પ્રમાણે જમીન વેચવાની તૈયારી કરી દીધી ને નિશ્ચંત થઈ બીજે દિવસે ડૉક્ટરને મળવા માટે ગયા. આવીને જમીન હાટે પૈસા લાવવા રતન શેઠને મળવાનું નક્કી કર્યું. રામજીભાઈની પૈસા ન બગાડવાની વાતને તો કોઈએ કાને જ ન ધરી !

પણ બીજે દિવસ ગામ લોકો દવાખાનામાં ડૉ. અખિલેશને મળવા ગયા ત્યારે સૌએ ભારે અચરજ અનુભવ્યું.

રામજીભાઈના વોર્ડમાં જઈ ડૉક્ટરે ગામ લોકોને કહ્યું : 'કાલે વહેલી સવારે છ વાગે તમારા રામજીભાઈની બાય-પાસ સર્જરી થશે.'

સાંભળનાર સૌ આશ્ચર્યમાં પડી ગયાં!

'આ શહેરી ડૉક્ટર આપણા ગામડિયાની મજાક તો નથી કરતા ને ?' એમ ઘડીવાર માટે તેઓ વિચારી રહ્યાં.

'પણ સાહેબ, હજી અમારે લાખ રૂપિયા તો....' એક આગેવાન બોલવા જતા હતા ત્યાં જ

'એ લાખ રૂપિયા અમારે ત્યાં દવાખાનામાં જમા થઈ ગયા છે' ડૉક્ટરે હસતાં હસતાં કહ્યું.

'જમા થઈ ગયા ?!'

'કોણે ભર્યા એટલા બધા રૂપિયા ? જેવા આશ્ચર્યભર્યા પ્રશ્નો વચ્ચે



ડૉક્ટરે પૂછયું :

'તમારા ગામમાં કોઈ રતન શેઠ છે?'

'હા, છે ને એક વ્યાજખાઉં વાણિયો,' લોકોએ જુદા જુદા શબ્દોમાં લગભગ એકસરખો જ પ્રત્યાઘાત આપતાં કહ્યું : 'પણ એમનું શું છે?'

'રામજીભાઈના ઓપરેશન માટે એમણે એક લાખ રૂપિયા ભરી દીધા,' ડૉક્ટર ધડાકો કર્યો !

'હેં...એં...એ...!' સૌની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ ને મોં ખુલ્લાં રહી ગયાં !

થોડીવાર પછી આશ્ચર્ય-સ્તબ્ધ ગામલોકોની જરા ધવા વળી ત્યારે ગામના વડીલ ગુલાબકાકાએ થોડા સંકોચ સાથે પૂછયું : 'દાક્તર સાહેબ, તમે મશગરી તો નથી કરતા ને અમારી?'

ત્યારે ચીમનલાલેય હિંમત કરી કહ્યું : 'ખરેખર સાહેબ, રતન શેઠે રૂપિયા ભર્યા ? અને તેય એક લાખ રૂપિયા?!'

'અને એય વળી રામજીભાઈ માટે?' ત્રીજાએ આશ્ચર્યયુક્ત સવાલ કરતાં ઉમેર્યું : 'આ રામજીભાઈએ તો શેઠને ચોપડે લખાઈ જતાં ઘણાંનાં ઘર ખેતર બચાવેલાં !' એટલે શેઠને મન તો એ અણગમતા માણસ હતા.

'કોઈની કનેથી એક રૂપિયો વ્યાજનો ય જતો નહિ કરનાર એ વાણિયો રામજીભાઈ માટે એક લાખ રૂપિયા ભરી દે!'

'અને એ પણ વગર માગે?!'

'રામજીભાઈને ફસાવવા કાંઈ નવો ફાંહલો ગોઠવ્યો કે હું મારા બેટાએ?!'

આવી અનેક શંકા કુશંકાઓ અને ટીકાટીપ્પણી વચ્ચે બાજુના

રુમમાંથી ખુદ રતન શેઠ બધાંની વચ્ચે પ્રગટ થયા અને સૌને મંત્રમુગ્ધ કરી દેતા હોય તેમ બોલ્યાઃ

'ભાઈઓ, મારા વિષે તમારી બધી શંકાઓ કે ટીકાઓ ખોટી જ છે એમ તો હું નહિ કહું.... પણ'

'ના ના શેઠ, આ તો...જરા....' ગુલાબકાકા શેઠને માઠું લાગ્યું હોય તો વાત વાળી લેવા બોલવા ગયા, એમને અધવચ્ચે જ અટકાવી રતન શેઠ બોલ્યાઃ

'કાકા, મારી ટીકા કોઈએ કરી હોય એનો મને કશો વાંધો નથી, પણ હું ય માણસ છું અને તમારી વચ્ચે જ રહ્યો છું...' લોકોએ સંમતિસૂચક નજરે એકબીજાની સામે જોયું, ત્યારે નમ્રતાપૂર્વક શેઠે કહ્યું :

'ભાઈઓ, આ રામજીભાઈને તમે કોઈ સામાન્ય માણસ સમજો છો ? અને એમને હું મારા વિરોધી ગણું છું એમ માનો છો?'

'ના રે..ના....' ત્રણ જણ એક સાથે બોલ્યા, ત્યારે શેઠે ઉમેર્યું :

'મારે મન રામજીભાઈ આપણા રાંક ગામનું રતન છે. એમના જેવા પરગજુ થવા માટે મારે તો બીજો જનમ લેવો પડે... એવા 'ગરીબના ઘરેણા જેવા' રામજીભાઈને કવેળા કેમ ગુમાવી દેવાય ? શેઠ સહેજ અટક્યા.

ત્યારે જોઈતારામે કહ્યું : 'પણ શેઠ, તમે ખરેખર આ રામજીભાઈ માટે એક લાખ રૂપિયા....!'

પણ એમને અધવચ્ચે જ અટકાવવતાં શેઠ બોલ્યા : 'અરે લાખ શું, બે લાખ પણ ભરી દઉં એમના માટે... હું વાણિયાનો દીકરો છું. તક મળે ત્યારે કમાઈ જાણું ને વખત આવે ત્યારે ખર્ચી પણ જાણું, સમજ્યા?'



ગામલોકોએ શેઠને આજે કોઈ નવા જ સ્વરૂપે જોયા ! વર્ષોથી એમના મન પર અંકિત થયેલી એક સ્વાર્થી વેપારીની છાપ ઘડી બે ઘડીમાં જ ભૂંસાઈ ગઈ અને એને બદલે એક પરગજુ, સજ્જન સાથીદારની મૂર્તિ સાકાર થઈ.

માણસ માણસને સાચી રીતે ક્યાં ઓળખી શકે છે ? અને કોઈપણ માણસ ક્યારે કેવો રંગ બતાવશે એય આપણાથી ક્યાં કળી શકાય છે ? ખરેખર, માણસ એટલે જીવ-જગતનું એક અદ્વિતીય પ્રાણી ! રતન શેઠમાં આજે સૌને આવી અદ્વિતીયતાનાં દર્શન થતાં હતાં!

છેવટે ગામલોકો સાથેની શેઠની વાચચીત અહોભાવપૂર્વક સાંભળતા, પડદાની આડશે બાજુના પલંગમાં સૂતેલા રામજીભાઈ બોલ્યા :

'પણ શેઠ, તમારું આ ઋણ હું ક્યા જન્મારે....'

પણ એમની વાત અધવચ્ચે જ કાપતાં રતન શેઠ બોલ્યા : 'તમે શાંતિથી સૂઈ રહો રામજીભાઈ, ઋણ તો અમારે સૌએ તમારું ફેડવાનું છે. વળી, હજી તમારી પાસેથી બહુ સેવા લેવાની છે અમારે...'

'હા, ખરી વાત છે,' લોકોએ વચ્ચે ટાપસી પુરી,' ત્યારે શેઠે પોતાની વાત પુરી કરતાં ઉમેર્યુંઃ

'અને હું વળી આ ગામમાં હાથ પણ અને હૈયા સિવાય શું લઈને આવ્યો હતો ? મારી પાસે જે છે તે તમારા લોકોનું જ છે ને ?... '

'વાહ શેઠ....' ગોપાલકાકાએ કદરનું વેણ ઉચ્ચાર્યું : 'તમે ખરે જ મોટા માણહ છો.'

'અને ગોપાલકાકા,' શેઠે કહ્યું : ''હું કાંઈ તમારા કોઈની ઉપર કશો ઉપકાર કરું છું એમ ન માનશો. ખરેખર તો હું આ પૈસા આપી ગામના

ઉપકારનો ભાર થોડો હળવો કરું છું એટલું જ. આ રામજીભાઈ જેવા ભગવાનના માણસ માટે મારા બે પૈસા ખર્ચાશે તો એ મારા ત્યાંના ખાતામાં જમા થશે.'' ત્યાંના શબ્દ બોલતાં શેઠની આંગળી ઊંચી થઈ હતી - ભગવાનના ઘરની દીશા ચિંધવાસ્તો.

ગામ લોકોને તો રોજ જેમાં યમરાજનાં દર્શન થતાં હતાં એમાં આજે દેવદૂતની પાવનકારી મૂર્તિ પ્રત્યક્ષ થતી લાગી ! અરે, જાણે આજ સુધી એમણે રતન શેઠને અન્યાય કર્યો હોય એવો અપરાધ-ભાવ લોકો અનુભવી રહ્યા !

ત્યારે આ બધી વાતો અત્યાર સુધી શાંતિથી સાંભળી રહેલો ગામનો એક થોડું અંગ્રેજી ભણેલો ચબરાક યુવક બોલ્યો : 'રામજીકાકાના હૃદયનું પરિવર્તન તો કાલે થશે, પણ આ રતનકાકાના હૃદયનું પરિવર્તન તો આજે જ થઈ ગયું!'

આ સાંભળી ખુદ રતનલાલ શેઠ હસી પડ્યા. ત્યારે એ હાસ્યમાં પૂર્તિ કરતાં ડૉક્ટરે કહ્યું :

'ભાઈઓ, હવે તમારા રામજીભાઈ સાવ સાજા થઈ ગયા જાણો. તમારા આવા પ્રેમને કારણે તો હવે એમને બીજાં પચાસ વર્ષ કાંઈ નહિ થાય...'

ડૉક્ટરની વાત સાંભળી સૌએ રાહતનો શ્વાસ લીધો. બધાંના ચહેરા પર આનંદ વર્તાઈ રહ્યો. સૌએ બે હાથ જોડી ઉપરવાળાની કૃપાને કૃતજ્ઞભાવે માણી રહ્યા.

'તો ચાલો હવે દરદીને આરામ કરવા દો', કહેતા ડૉક્ટરે બીજે દિવસે વહેલી સવારે છ વાગ્યાનો ઓપરેશનનો સમય આપી સૌને વિદાય થવા સૂચવ્યું.



'સવારે વહેલા આવી પુંગીશું હોં રામજીભાઈ, ફકર ના કરતા'એમ રામજીભાઈને કહી સૌ ગ્રામજનો વિખરાતાં હતાં ત્યારે એમના હૈયામાં રામજીભાઈ માટે અહોભાવ હતો, તો રતનલાલ શેઠ માટે આદરભાવ હતો . એમના આશ્ચર્ય અને આનંદની આજે અવધિ આવી ગઈ હતી !

સત્કર્મો હંમેશાં આશ્ચર્યો સર્જે છે ! ખરૂં ને ?

❑ ❑ ❑

## ૨૨. ઉપલબ્ધિ

શિયાળાની સાંજ હતી. પોષ માસની હાડ ગાળી નાખતી ઠંડી હતી. હું જરા ઝડપથી જતો હતો. મારો સ્વભાવ થોડો વિચિત્ર હતો. ભલે યુવાન હતો, પણ કોઈની કંપની કરતા એકલા રખડવાની મને ટેવ હતી અને તે પણ વન ઉપવનમાં, ખેતરોમાં, સીમમાં કે નદી પર્વતના ઉબડ ખાબડ માર્ગોમાં. મોટે ભાગે તો હું એકલો અને તે ય ચાલતો નીકળી પડતો. કોલેજની રજાઓમાં મારો કાર્યક્રમ આવો જ રહેતો. અજાણ્યા સ્થળોમાંનીકળી પડું ને જાત સાથે વાતો કરતો કરતો માર્ગ શોધતો શોધતો એકથી બીજે સ્થળે પહોંચી જાઉં. અજાણ્યામાં એકલા એકલા ફરવાની પણ એક મઝામાં છે. નવું નવું જોવામાં, જાણવામાં ને જાત સાથે વાતો કરવામાં મને આનંદ આવતો હતો.... ! જો કે આ બધું બીજાને તો વિચિત્ર જ લાગે.

પણ તે દિવસે બે-ત્રણ દહાડાની રખડપટ્ટી પછી કોઈ તદ્દન અજાણ્યા સ્થળે પહોંચી ગયો. એવી જગ્યા કે જયાં પહોંચીને ગુંચવાઈ ગયો. મોટી નદીના ભાઠાનો વિશાળ પટ વટાવી ખાડા ટેકરા ઉતરતો ચઢતો કોઈ ગામની શોધમાં કે વસ્તીની ભાળમાં ઉતાવળથી જરા સચિંત થઈ ચાલતો હતો, કારણકે સાંજ પડવા આવી હતી. શિયાળાના સૂર્યને આથમતાં વાર નથી લાગતી ને અંધારું થઈ જશે તો દિવસે ભવ્ય લાગતી કોતરોવાળી આ જગ્યા અંધારામાં ભારે બિહામણી લાગશે તે હું જાણતો હતો. વળી નજીકમાં ગામ તો શું, માનવ વસ્તી હોવાનો અણસાર પણ વરતાતો નહોતો, પછી અંધારામાં રાત ક્યાં અને કેમ કરીને કાઢીશ એ ચિંતાનો જ વિષય હતો. આવો અનુભવ મને પહેલી વાર થતો હતો, એટલે ઉતાવળે ડગ ભરતો હું લાંબી નજરે આસપાસ માનવ વસવાટનાં ચિહ્ન શોધતો હતો.

ત્યાં જ બાજુની ટેકરી ઓથેથી એક યુવતી જાણે પ્રગટ થઈ ! હું



જરા ચમક્યો. થોડા આશ્ચર્ય સાથે એની તરફ જોયું. છેવટે કોઈ માનવ જીવ તો મળ્યો એવું મને આશ્વાસન મળ્યું. એની સાથે વાત કરવાની ઈચ્છા ય થઈ. પણ વિવેક ખાતર જોયું ન જોયું કરી, નિર્લેપ ભાવના દેખાવ સાથે હું આગળ વધ્યો. યુવતી હવે મારાથી પંદર વીસ ફૂટના અંતરે જ હતી. મને જોઈ એને ય રાહત થઈ લાગી - આવા નિર્જનમાં અંધારું પડતી વેળા કોઈ માણસ દેખાય તો કોઈને પણ રાહત થાય. કદાચ હું કશું કહીશ, પૂછીશ એવી એની અપેક્ષા ય હશે. કારણ, એ પણ મારી જેમ સચિંત મને આશ્રય-સ્થળ શોધતી જ હશે. જે હોય તે એની હાજરીની નોંધ લીધા વિના મને આગળ ચાલતો જોઈ એણે જ આરંભ કર્યો : 'પ્લી...ઝ.' ખાડા ટેકરા ને ધૂળિયા માર્ગ પર જલદી ચાલવાને કારણે એ હાંફતી હતી !

હું ઊભો રહ્યો. વગર બોલે જ યુવતી આવતી હતી એ દીશા તરફ જોયું. એ વધારે નજીક આવી ને જોરથી શ્વાસ લેતી બોલી : 'તમે આટલામાં જ ક્યાંક રહો છો ?'

'ના,'

'તો?'

'ઘણે દૂર,' મેં ટૂંકો પ્રત્યુત્તર આપ્યો.

'આટલામાં ક્યાંક ગામ હશે?' એણે પૂછયું.

'ખ્યાલ નથી,'

'આઈ મીન.... રાત રોકાવાય એવું કોઈ સ્થળ.....?' યુવતીના મુખ પર ગભરાટના ભાવ હતા.

'હું ય એવા જ કોઈ સ્થળની શોધમાં છું.' મેં સહાનુભૂતિપૂર્વક કહ્યું.

'ઓ....હ, ભોમિયા છો આ વિસ્તારના?'

'ના, તદ્દન અજાણ્યો;' નિઃસ્પૃહભાવે મેં કહ્યું ને પૂછયું :'

'તમે?'

'હું પણ સાવ અજાણી છું. પેલી બાજુ દૂર સામે કાંઠેથી હોડીમાં ઉતરી. આશા હતી કે કોઈ મોટું ગામ મળી જશે. ચાલી ચાલી થાકી, પણ....'

'પણ ગામને બદલે હું મળ્યો.... નહિ?' મેં ગંભીરતા ઓછી કરવા ગમ્મત કરી. ને અમે બંને હસી પડ્યાં.

દૂર નાનકડી નદીનું વહેણ, ઢળતો સૂર્ય, અહીં ટેકરીઓ વચ્ચે હસતાં બે જણ - એક યુવક અને એક યુવતી - વળી બંને તદ્દન અપરિચિત, નિર્જન સ્થળ અને અલ્પ ઓળખવિધિમાં જ બંનેનું પ્રથમવાર હસવું - કેવું કાવ્યભર્યું માધુર્ય ત્યાં રેલાય ! નહિ ?

'તો હવે ક્યાં જઈશું?' યુવતી વધારે સ્પષ્ટ હતી.

'ક્યાં જશો?' નહિ, 'ક્યાં જઈશું?' એમ એણે પૂછયું. મતલબ કે અમારે બંનેએ સાથે જ જવાનું હતું એમ એણે સૂચવી દીધુ !

પુરુષ કરતાં સ્ત્રી વધારે જલદી નિર્ણય લઈ શકતી હશે !

'આગળ ચાલે જ છૂટકો,' મેં માર્ગદર્શકની અદાથી કહ્યું : 'આ પગદંડી જેવું લાગે છે.' એટલે આગળ ક્યાંક વસતી હોવી તો જોઈએ.'

'જલદી કરીએ, નહિ તો અંધારામાં અટવાઈ જઈશું,' સ્ત્રીસહજ સાવચેતીથી યુવતીએ કહ્યું.

અને અમે બંને જરા ઝડપથી ટેકરી ચઢી રહ્યાં. આગળ હું, પાછળ યુવતી. મને થયું : 'પ્રવાસ તો રોમાંચક બન્યો!'

'સૂરજદેવ તો ક્યારના ડૂબી ગયા હતા. અને ધીરે ધીરે અંધારું ય



હવે ખાસ્સું થયું હતું. થોડીક ઝાંયને સહારે હું લાંબા ડગ ભરતો હતો અને યુવતીનું ધ્યાન રાખવા થોડી થોડી વારે પાછળ જોઈ લેતો હતો. અંધારામાં મને એક પથ્થરની ઠોકર વાગી. પડતો પડતો બચ્યો. 'જોજો, સંભાળજો,' મારો હાથ પકડી લેતાં એ બોલી.

'સ્ત્રી પુરુષને ઘણીવાર પડતો બચાવે છે' એમ મેં વાંચ્યું હતું, આજે અનુભવ્યું!

'થેંક્સ,' રોમાંચ અનુભવતાં મેં કહ્યું ને મારે ખભે ખલતો હતો એમાંથી ટોર્ચ કાઢી.'

ટોર્ચને સહારે અમે થોડાં આગળ વધ્યાં, પણ વસ્તીનું તો કોઈ ચિહ્ન નજરે પડતું નહોતું. ખુલ્લામાં પોષ માસની ઠંડીને પવન વધારે અસહ્ય બનાવતો હતો. મેં ખલતામાંથી શાલ કાઢી ને યુવતીને આપતાં કહ્યું : 'આ ઓઢો, ભારે ઠંડી છે.'

'ઓહ....નો, થેંક્સ.... તમે ઓઢો ...'

'પ્લીઝ,' મેં વિનંતી કરી : 'ઓઢી લો.'

આભાર માનતી યુવતીએ મારુ મન રાખવા એ ઓઢી લીધી. એની પાસે તો પર્સ સિવાય કશું નહોતું. મારો ખલતોય હવે ખાલી જેવો થઈ ગયો હતો.

'તમે સર્વીસ .....' યુવતીએ જાણે ડર ભગાડવા વાત શરૂ કરી.

'ના, હું એમ.એસ.સી.થઈ પી.એચ.ડી. કરૂં છું.'

'ઓહ, હું પણ મારી એમ.એડ્.ની ડિગ્રી માટે આ પ્રદેશનાં Folk Songs (લોકગીતો) પર ડીઝર્ટેશન લખું છું.' યુવતીએ વગર પૂછે જ ઉત્સાહથી કહ્યું : 'માટે જ આ ગ્રામ્ય વિસ્તારમાં ફરી રહી છું.' સહેજ અટકી

એ બોલી : 'પણ આજે.....'

'ફસાઈ પડ્યાં, નહિ?' વચ્ચે જ મેં કહ્યું.

'ઓહ, ઠીક છે, That is Life (એ જ જીવન છે)' હસતી યુવતી બોલી : 'પણ સારું થયું તમે મળ્યા!'

'મને પણ આ વેરાનમાં તમારી કંપની મળી ને ?' મેં પણ એનું મહત્ત્વ સ્વીકારતાં કહ્યું.

પણ આવા વેરાનમાં અને આવી કડકડતી ઠંડીમાં રાત ક્યાં અને કેવી રીતે કાઢવી એ પ્રશ્ન અમને મૂંઝવતો હતો. જો કે એક રીતે એ મૂંઝવણ મારા માટે તો મીઠી પણ બની હતી. એક યુવતીની અનાયાસ કંપની મળે ને?'

મૂંઝવણ છતાં આશા સાથે અમે થોડાંક આગળ ચાલ્યાં, ત્યાં મારી નજર દૂર સળગતી એક તાપણી પર પડી. હું ખુશ થયો. મેં કહ્યું :

'જુઓ, દૂર તાપણી દેખાય છે એટલે ત્યાં જરૂર વસતી હશે.'

'થેંક ગોડ,' હળવાશ અનુભવતી યુવતી બોલી : 'ટાઢ અને જોખમ બંનેમાંથી છૂટકારો થશે.'

માનવીનું મન કેવું છે ! ક્ષણાર્ધ પહેલાં મારું મન આતુરતાપૂર્વક આશરો શોધતું હતું, તે આશરો મળવાની આશા જાગતાં જરા નાખુશ થયું : 'આવા વેરાનમાં આશ્રય ઢૂંઢતાં બે અજાણ્યાં યુવાન દિલો માટે આ ટાઢભર્યું એકાંત એક લહાવારૂપ નહોતું શું ? આશરો મળતાં હવે તો અલગ જ થવાનું ને ? આવો જ કોઈ વિચાર મારા મનમાં ઘડીવાર માટે ઝબકી ગયો !

પણ તાપણીની પાસે જતાં માલુમ પડ્યું કે ટેકરા પર એક જ તૂટી



ફૂટી ઝૂંપડી હતી, એના આંગણમાં એ તાપણી બળતી હતી. એક વૃધ્ધ આદિવાસી દંપતી લાકડાનું એક ઠૂણકું સળગાવી ઠંડી ઉડાવવા મથતું હતું ને ધૂમાડાને કારણે આંખો ચોળતું હતું. એમના દેહ ફાટ્યાં તૂટ્યાં કપડે અર્ધા ઢાંક્યા ને અર્ધા ઉઘાડા હતા. કાથીના તૂટ્યા ફૂટ્યા વાણ ભરેલા લક્કડિયા ખાટલામાં એ વૃધ્ધ દંપતી તાપણીની હૂંફે બેઠું હતું. ત્યાં ગામ કે ફળિયા જેવું કશું હતું જ નહિ. એકાદ બે ઝૂંપડાં આ ટેકરી પર તો બે ત્રણ સામેની બીજી ટેકરી પર હોય એવી આછી વસ્તી ત્યાં હતી એમ દૂર દૂર દેખાતાં આવાં તાપણાંથી લાગતું હતું. અમને જોઈને પેલાં વૃધ્ધ આદિવાસી દંપતીની ઝાંખી, આંખોમાં આતુરતા વરતાઈ. મેં એ વૃધ્ધને પૂછયું :

'આટલામાં કોઈ ગામ નથી?'

મારી ભાષા તો નહિ, પણ મારા કહેવાનો ભાવાર્થ એ વૃધ્ધ સમજ્યો. દૂર દૂર આસપાસ દેખાતી કોઈ કોઈ તાપણી તરફ હાથ કરી આદિવાસી ભાષામાં કહ્યું : ''

'ગામ નહાં.'

'અમારે એક રાત રહેવું છે. કોઈ ઘર હશે નજીકમાં?' મેં પૂછયું.

'ઘર' શબ્દનો અર્થ વૃધ્ધ દંપતી સમજ્યું તો ખરું, એટલે બંનેએ નિરાશાથી એકબીજાની સામે જોયું. પછી હાથ હલાવતાં મને કહે :

'નહાંન ત રો.' (નથી 'લા ભઈ)

હું પણ એના કહેવાનો અર્થ સમજ્યો ને થોડો નિરાશ થયો.

પછી પેલી વૃધ્ધ સ્ત્રીએ પોતાની ઝૂંપડી તરફ હાથ કરી પૂછયું : 'આયામ્ રેના છૈ ?' (આમાં રે'વું છે?)

મને આદિવાસીઓની ભાષા તો નહોતી આવડતી, છતાં એમના

કહેવાનો ભાવાર્થ હું કળી શકતો હતો. મેં મારા નવા સાથીદાર તરફ જોયું અને તૂટી ફૂટી નાની અમથી ઝૂંપડી બતાવતાં કહ્યું : ''આમાં રહેવું છે' એમ આ માજી પૂછે છે.''

એ વિચારમાં પડી, છતાં એ પણ સમજતી હતી કે બીજો ઉપાય પણ ક્યાં હતો ?

પણ મેં મૂંઝવણમાંથી માર્ગ કાઢતાં કહ્યું : 'તમે અંદર સૂઈ જાવ. હું અહીં તાપણીએ જ આ લોકો સાથે બેસીશ કે સૂઈશ.'

જો કે ભયંકર ઠંડીમાં બહાર રહેવું સહેલું નહોતું એ તો હું ય જાણતો હતો. છતાં પેલી યુવતીને ક્ષોભમાંથી ઉગારવા માટે મારે બહાર સૂવાનો પ્રસ્તાવ મૂકવો પડ્યો. વિવેક અને સંસ્કાર એમાં જ ગણાય.

મેં બેટરીથી ઝૂંપડીની અંદર જોયું. કરાંઠાંની એની ભિંતો તૂટી ફૂટી હતી. માથે તાડછાનું જૂનું છાપરું હતું. એક ખૂણામાં એક બકરી એનાં લવારાંને સોડમાં ઘાલી ટૂંટિયું વાળી સૂતી હતી. બાજુમાં એક જૂનું માટલું હતું. બીજા ખૂણામાં માટીનાં બે શકોરાં, હાંલ્લાં વગેરે પડ્યું હતું. ઓઢવા પાથરવા તો એક ગોદડી પણ નહોતી. આમાં ક્યાં સૂવાનું ? આ વેરાન, આ રાત, આ ઠંડી અને અમે બે-એક યુવક, એક યુવતી - વળી તદ્દન અજાણ્યાં! શું કરવું ? આ વૃધ્ધ દંપતી તો બિચારું ગરીબ, નિરાધાર અને એકલું જ હતું એ સ્પષ્ટ હતું. જો કે એ બિચારાં તો અમને મદદરૂપ થવા દિલથી ઈચ્છતાં હતાં, પણ લાચાર હતાં. એ જ દીન, દરીદ્ર, સાધન વિનાનાં હતાં ત્યાં કરે શું ? છતાં એ તૂટયા ફૂટ્યા ખાટલામથી ઉભાં થઈ ગયાં ને એ ખાટલો ઝૂપડીમાં મૂકી આવ્યાં. મને ખાટલો બતાવી કહે : 'ઈથે ઝોપુંન જા'. એનો અર્થ 'અહીં સૂઈ જાવ' એવો થયો એમ તો હું સમજી શક્યો. કૃશકાય વૃધ્ધા એની પાસે હતી એ જૂની કંથા મૂકી, અમને પતિ પત્ની ધારી, મર્યાદા



સાચવવા બહાર જતી હતી. બંને જણ કેડેથી વાંકાં વળી ગયાં હતાં. છતાં માણસાઈથી એ ભર્યાં ભર્યાં હતાં ! મેં એમને પૂછયું :

'તમે ક્યાં....?'

'હો હો,' મારા કહેવાનો ભાવાર્થ સમજી જતાં અધવચ્ચે જ એ વૃધ્ધે ધૂમાતી તાપણી તરફ હાથ કરતાં કહ્યું:

'આ છૈ કની' (આ છે ને.)

મેં યુવતીને પૂછયું : 'તમારું નામ...?' અપ્રાસંગિક લાગે એવો આ પ્રશ્ન પૂછવો એ જરૂરી હતું.

'નિધિ,' એ બોલી.

'મારું નામ નેહલ,' વગર પૂછે જ મેં કહ્યું અને ઉમેર્યું : 'નિધિજી, તમે અંદર સૂઈ જાવ. હું બહાર તાપણી પાસે.....'

'અરે હોય ?' નિધિએ માનવતાની રીતે કહ્યું : 'આવી ઠંડીમાં બહાર સૂવાતું હશે ?'

પણ એની મૂંઝવણ પરથી એ સ્પષ્ટ થતું હતું કે મારી જેમ એ ય વિચારે છે : ' આ રાત, આ અંધકાર, આ નિર્જનતા, આ ઠંડી અને એમાં અમે બે એકલાં.....!'

આવી મૂંઝવણ છતાં નિધિએ વિચાર્યું હશે : 'આ કડકડતી ઠંડીમાં, સુસવાતા પવનમાં, બહાર ખુલ્લામાં, સૂવા કે ઓઢવાનું ય કશું નથી એવા સંજોગોમાં પોતાના સાથીને રેઢો થોડો જ મૂકી દેવાય?'

એટલે મારો સંકોચ દૂર કરવા એક પ્રૌઢ સ્ત્રીની સ્વસ્થતાથી એણે કહ્યું :

'તમે પણ અંદર સૂઈ જાવ !'

પ્રસ્તાવ વ્યાજબી હતો, છતાં સમજુ માણસ માટે ઘણા બધા પ્રશ્નાર્થોથી ભરેલો હતો !

'પણ....' કશું પણ કહેતાં હું સકારણ ગુચવાયો.

'સમજુ છું તમારી મૂંઝવણ,' નિધિ બોલી : 'પણ આ તો આપણા કાબુ બહારના વિકટ સંજોગની વેળા છે. સ્વસ્થતાપૂર્વક આજની રાત કાઢે જ છૂટકો છે.'

મેં જોયું કે છોકરી છે હોંશિયાર અને દઢ મનોબળવાળી !

ન છૂટકે મેં નિધિનો પ્રસ્તાવ સ્વીકાર્યો. અમે બંને ઝૂંપડીમાં ગયાં.

એક ખૂણામાં ખાટલો ઢાળી મેં એને કહ્યું : 'આને છત્રપલંગ માની શાંતિથી સૂઈ જાવ, અને ગોદડી બતાવતાં ઉમેર્યું : 'અને આને રજાઈ સમજી ઓઢી લો,' પછી મારી શાલ આપતાં કહ્યું : 'આ શાલ પણ તમે ઓઢજો. ભારે ઠંડી છે આજે.'

'તો તમે...?'

'મારે તો આ બુશકોટ છે, ચાલશે...' કહી મેં મારું પૌરુષત્વ બતાવતાં કહ્યું : 'No Problem.'

'ચાલતું હશે ? શાલ તમે જ રાખો'. મને શાલ પાછી આપતાં નિધિએ કહ્યું : 'પણ તમે સૂઈ જશો શાની ઉપર?'

મેં હસતાં હસતાં કહ્યું : 'એ ધરતી મેરા બિસ્તર હૈ'. સાંભળી એ પણ હસી પડી.

સૂતાં પહેલાં મેં કરકરા બિસ્કીટ મારાં ખલતામાંથી ભોજન માટે કાઢ્યા, પણ નિધિએ કહ્યું : 'એ સવાર માટે રહેવા દો.' અને એણે બ્રેડ બટર કાઢી એક પેપર પર મૂક્યાં. પેલાં વૃધ્ધ દંપતીને બે જોડ બ્રેડ આપવા હું બહાર ગયો. 'નહાં....નહાં' કરતા વૃધ્ધના હાથમાં મેં એ પકડાવી દીધી. પછી હતાં તે બ્રેડ-બટર અમે બંનેએ ખાધાં. મારી પાસે પાણીનો બાટલો હતો. મેં પહેલાં આગ્રહપૂર્વક નિધિને પાણી પીવા કહ્યું. પછી હું ય અધ્ધરથી 'ગટુક ગટુક' કરી ગયો.



'ઓ...ઈ...યાં,' જાણે ભારે વાળુ કર્યું હોય એમ મેં હસતાં હસતાં પેટ પર હાથ ફેરવ્યો ને કહ્યું : 'હવે નિદ્રાદેવીને શરણે જઈએ.'

મેં ટોર્ચ ઓફ કરી ને 'ગુડનાઈટ' કહી અમે બંને સૂતાં. નિધિ કાથીના ખાટલામાં કંથા ઓઢીને સૂતી. ને હું ? પોપડા ઉખડેલા ભોંયતળિયાપર, બાજુમાં પડેલા એક લાકડાના ટૂકડાનું ઓશિકું કરી શાલ ઓઢી સૂતો. ઝૂંપડી નાની હતી, એટલે નિધિથી બીજા છેડે હું સૂતો તો ય અમારા બે વચ્ચે ભાગ્યે જ દસેક ફૂટનું અંતર હશે. અંદર સંપૂર્ણ અંધારું હતું. બહાર સળગતી ધીમી તાપણીના તેજની અલપઝલપ ક્યારેક અંદર ડોકાઈ જતી એટલું જ. ડોસા સમજુ હતા. કાંઈક યાદ આવતાં એ પ્રવેશ દ્વારના ખુલ્લા માર્ગ આડે કરાઠાંની ઝાંપલી મૂકી ગયા ! એમને એમ હશે કે અમારી મર્યાદા સચવાય !

સંજોગ ને વાતાવરણ જ એવાં હતાં કે ઉંઘ ન આવે. મારી શાલનો શો હિસાબ ? એને ભેદીને ઠંડી ગાત્રો થીજાવી દેતી હતી. છતાં હું જેમ તેમ ટૂંટિયું વાળીને પડ્યો હતો ને નિધિની તકલીફનો વિચાર કરતો હતો. બિચારી કેમ હશે આ ઠંડી ! પણ હું કરું ય શું ? વળી, બહાર તાપણીએ બેઠેલા આદિવાસી દંપતીનો ય વિચાર આવતો હતો. ખુલ્લામાં ઉઘાડા જેવાં હતાં એ ! પણ એ તો ટેવાઈ ગય હશે એમ વિચારી મન મનાવ્યું.

ત્યારે બહાર તાપણીના અલપ ઝલપ ઉજાસમાં એ વૃધ્ધ દંપતી વાતો કરતાં લાગ્યાં. મેં કૌતુકવશ ઊઠીને બહાર નજર કરી તો પવનના

સુસવાટાથી ધ્રુજી ઉઠેલી વૃધ્ધા પતિને પડખે ભરાઈ જતી બોલી : 'આય છોરી ટાઢ કેવ કરી સહી વ?'(આ છોકરી ટાઢ કરેવી રીતે સહન કરશે?)

ત્યારે એક હાથે માથાનું ફાટેલું ફાળિયું ઠીક કરતાં કરતાં, મરક મરક હસતાં હસતાં, બીજા હાથે પત્નીને સોડામાં ખેંચતાં અર્થસભર વાણીમાં વૃધ્ધે કહ્યું :

'તો છોકારા છૈ કની?' (એનો પુરુષ છે ને ?) વૃધ્ધનું ગણિત કેવું તર્કબધ્ધ હતું - પતિ હોય તો પત્ની બધું સહન કરી શકે ! આ દંપતી અમને પતિ પત્ની જ ધારે એ સ્વાભાવિક હતું.

આદિવાસી ભાષા હું બોલી શકતો નહિ, પણ આ વિસ્તારમાં ફરેલો હોવાથી ભાવાર્થ તો સાચો સમજી શકતો. એટલે વૃધ્ધની વાત સાંભળી હું મનમાં હસી રહ્યો. મારા પગરવનો ખ્યાલ આવ્યો હશે, એટલે નિધિ બોલી :

'ઠંડી બહુ લાગે છે ને?'

'વાંધો નહિ,' મેં કહ્યું : 'રાત ખેંચી કાઢે જ છૂટકો છે. પણ તમે કમ્ફર્ટેબલ છો ને?'

'શાની કમ્ફર્ટેબલ?' નિધિ બેઠા થતાં બોલી : 'હું ય ઠરી જાઉંછું. છતાં મારી પાસે તો આ ગોદડી પણ છે. ને તમે તો સાવ પાતળી શાલ ભેર જ છો. રાત કેમ કરી કાઢશો?'

'What can not be cured, must be endured' (જેનો ઉપાય ન થઈ શકે તે સહન કરવું જોઈએ.) કહી હું આડો પડ્યો ને ગમ્મત કરતાં બોલ્યો : 'આ ય નર્મદિયો રંગ છે. યાદ રહેશે.'

ખૂણામાં બકરીનાં લવારાંએ ઠંડીમાં ધીમું 'ઉં...ઉં...' કર્યું.



થોડીવારે નિધિએ ફરી કહ્યું : 'આવી ભારે ઠંડીમાં કશું ઓઢ્યા વિના તમે રાત કેવી રીતે કાઢશો?'

'બીજો કોઈ ઉપાય પણ નથી નિધિજી.' મેં સંજોગોની વિવશતા દર્શાવી.

નિધિ ફરી શાંત થઈ. પણ એક સ્ત્રીનું હૃદય હતું એનું. કાંઈક વિચાર્યું જરૂર હશે એણે. એટલે થોડીવારે ગંભીરપણે બોલી : 'નેહલજી.....'

પ્રથમવાર મારું નામ દઈ એણે સંબોધન કર્યું. કેટલી નિકટતા લાગતી હતી એ સંબોધનથી ! બે-ચાર કલાક પહેલાં તો અમે સાવ અજાણ્યાં હતાં. પણ એટલામાં કેવાં લાગણી-ભીનાં બની ગયાં !

'હાં,' મેં પ્રત્યાઘાતમાં કહ્યું : 'મને માત્ર નેહલ જ કહો.'

'એક વાત કહું?'

'જરૂર કહો, ટાઢમાં સમય જ કાઢવાનો છે ને આપણે.'

'આવી હાડ ગાળતી ઠંડી છતાં જીવતાં તો રહેવું જ પડશે ને આપણે?' નિધિ બોલી.

'હાસ્તો, આપણે ક્યાં ઘરડાં થઈ ગયાં છીએ ? હજી તો જીવનની શરૂઆત કરવાની છે'; મેં હસતાં હસતાં કહ્યું : 'ઘણું બધું કરવું છે જીવનમાં.'

'તો આ હિમાલયની ઠંડીથી બચવાનો એક જ ઉપાય છે.' નિધિએ સંકોચભર્યા સ્વરે કહ્યું :

'કયો?' મેં જરા આશ્ચર્યથી પૂછ્યું.

'કશો જુદો અર્થ ન કરશો. પણ....'

એ ગુંચવાઈ, ક્ષોભથી અટકી. એની મૂંઝવણ ટાળવા મેં કહ્યું : 'કહો, હું તમને સાચા અર્થમાં જ સમજીશ.'

'તમે અહીં ખાટલામાં સૂવા આવી જાવ !!' નિધિએ હિંમતપૂર્વક કહી નાખ્યું !

'હેં....એ...એ. કહેતાં મારું હૃદય ખરેખર એક ધબકારો ચૂકી ગયું ! ઘોર અંધારામાં, સંપૂર્ણ એકાંતમાં આ યૌવના મને - એક અલ્પ પરિચિત યુવાનને - એની સાથે સૂવાની ઓફર કરતી હતી ! અકલ્પનીય હકીકત હતી, આશ્ચર્યકારક વાત હતી. ત્યારે આકાશમાં વીજ ઝબકારો કે મેઘગર્જના જેવું તો કશું ન થયું, પણ મારા હૈયામાં ઘણું બધું આશ્ચર્ય, થોડો સ્વાભાવિક ડર, થોડો છૂપો આનંદ - આવું બધું અંતરમાં એક સાથે થયું. એના અંતરમાં ય આવું થયું જ હશે ને ? એ તો એક યુવતી હતી.

'તમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે નેહલ, પણ એ સિવાય બીજો કોઈ રસ્તો ય નથી ને ? તમે આવું વિચાર્યું હોય તોય ન કહી શકો. એટલે મેં હિંમત કરી. બાકી હું કાંઈ....'

સ્ત્રી પુરુષ કરતાં વધારે પરિપકવ હોય છે એનો મને સાક્ષાત્કાર થયો.

'પ....ણ...નિ.....ધિ...' કહેતો હું હજીય સ્તબ્ધ હતો.

'ભગવાન આપણને દઢ મનોબળ આપે એવી પ્રાર્થના કરી સાથે સૂઈએ,' નિધિ સંકોચાતી બોલી : 'સંજોગોની વિવશતા છે.'

'એ તો ખરું પણ.....'

'હું જાતે કહું છું નેહલ, શાલ લઈ અહીં આવી જાવ.' મને હિંમત આપતી હોય તેમ નિધિએ કહ્યું. 'ટક્કર કુદરત સામે છે. આપણું મન ચોકખું છે તો ભગવાન સહાય કરશે જ. આપણને એ પ્રમાણિક રાખશે જ.'

નિધિ ધીમે પગલે મારા તરફ આવી ને મારો હાથ પકડી મને ઊભો કર્યો.



'તમારો ક્ષોભ હું સમજુ છું. મને ય ઓછો સંકોચ નથી.' મને ખાટલા તરફ લઈ જતી નિધિ બોલી : 'હું તો સ્ત્રી છું, એટલે ક્ષોભ કે સંકોચ મને વધારે હોય, અને છે જ. પણ કદાચ ભગવાને આજે આપણા સંસ્કારની કસોટી કરવી ધારી હશે. એમાંથી સફળતાપૂર્વક પાર ઉતરીએ એમાં જ આપણી મહત્તા.'

'પણ આ રાત, આ એકાંત અને એમાં આપણે બે....!' હું તો ગુંચવાતો જ બોલતો હતો. પણ નિધિ મારા કરતાં ખૂબ ચપળ અને સ્વસ્થ હતી. મને કહે :

'તમને તમારી જાતમાં વિશ્વાસ નથી?'

'એમ તો નહિ, મેં વિવેકાનંદને ખૂબ વાંચ્યા છે,' મેં મારો ઉચ્ચ વાંચન શોખ વર્ણવ્યો.

'તો મેં પણ કોલેજનાં નાટકોમાં સીતા અને દ્રૌપદીનાં પાત્ર સફળતાપૂર્વક ભજવ્યાં છે.' નિધિ ગૌરવભેર બોલી : 'ભગવાને આજે આપણી પાત્રતાની કસોટી કરવી ધારી છે. ઠંડીમાં ઠરી કે કદાચ મરી જવા કરતાં શ્રધ્ધા રાખો નેહલ, આપણે આજની કસોટીમાં ઉણાં નહિ ઉતરીએ.'

આ છોકરીની હિંમતે, એની બુધ્ધિએ, એના આત્મવિશ્વાસે મને મહાત કર્યો. હું એનાથી ઘણી બાબતમાં પાછળ છું એમ મેં અનુભવ્યું !

નિધિએ ગોદડી નીચે શાલની સોડ કરી અને એ ઓઢી અમે બંને ખાટલામાં સૂઈ ગયાં ! ઓઢવાનું ડબલ થયું - મને ગોદડી પણ મળી ને એને શાલ પણ મળી - એટલે બંનેને ઠંડીમાં થોડી રાહત તો થઈ, પણ હજી ધ્રુજારી સમી નહોતી.

નિધિ મારા કરતાં વધારે બહાદુર હતી.

'કશાય સંકોચ વિના સૂઈ રહો,' મારા ક્ષોભને સમજતી એ બોલી

: 'પરસ્પરને હૂંફ તો આપવી જ પડશે.'

ને એણે જ પહેલ કરી. મારા તરફ પાસું ફરી, મને વળગીને ખરેખર એ સૂઈ ગઈ ! સ્ત્રી પુરુષ કરતાં કેવી પરિપક્વ હોય છે !

ને એ વેરાન ઠંડી રાતમાં અમે બંને - એક યુવાન અને એક યુવતી એકબીજાને વળગીને સૂઈ ગયાં ! બંનેને પરસ્પરના શરીરની ગરમી મળી! એથી પ્રગટેલા સ્નેહની હૂંફ પણ એમાં ભળી, એટલે ટાઢ તો સમી. ઘણી રાહત થઈ. પણ આખી રાત કાઢવાની હતી અમારે બંનેએ. કેવી જશે રાત?

એક મદમસ્ત માનુની મારી પડખે સૂતી હતી, તો એક હટ્ટો કટ્ટો યુવાન એની સોડમાં લપાયો હતો ! ઘણું બધું બની શકે. પણ માનશો ? કશું ય અજુગતું ન બન્યું ! ઈશ્વર ક્યારેક આશ્ચર્યો સર્જે છે !

એકબીજાની શારીરિક હૂફ મળી, એટલે અમારી ટાઢ થોડી સહ્ય તો બની જ. પણ દેહથીય અધિક તો દિલની હૂંફ પરસ્પરને હૂંફાળા કરતી રહી. રાત વાત કર્યા વિના જ વહી ગઈ, છતાં વગર બોલેય અમે એકબીજાને જાણે ઘણું બધું કહી નાખ્યું !

ભળભાંખળું થયું ને પંખીનો કલરવ સંભળાયો ત્યારે નિધિ બેઠી થઈ. હું પણ બેઠો થયો. અમે એકબીજાની સામે જોયું ને સ્મિત કર્યું. જાણે માઉન્ટ એવરેસ્ટ સર કર્યાનું એ અમારું વિજય સ્મિત હતું !

'ગુડ, વેરી ગુડ', નિધિએ મારો હાથ હલાવતાં કહ્યું ને સંતોષનો શ્વાસ લઈ અમે બંને ઊભાં થયાં. બ્રશ કર્યું. મોં ધોઈ વ્યવસ્થિત થયાં, એટલામાં તો પેલી વૃધ્ધાએ બકરી દોહી લીધી ને પિત્તળનાં બે નાનાં પવાલાં સાફ કરી અમારી આગળ એ દૂધથી ભરીને મૂકી દીધાં. કેવું અંતરનું આદિવાસી સ્વાગત !



પણ અમે વિનયપૂર્વક ના પાડી.

'કેવ ? નહાં પીનો?'

'કેમ, નથી પીવું?' એમ પૂછે છે એ હું સમજ્યો. મેં ના પાડી. છોભીલું હસતી હસતી એ જતી રહી. મારી પાસે બિસ્કીટ હતાં તે અમે ખાધાં ને થોડાં બચાવી પેલી વૃધ્ધાને આપી દીધાં. બહાર તાપણીએ ખાખરની બીડી ફૂંકતા વૃધ્ધે હાથ ઊંચો કરી અમારી ખબર પૂછી. 'રાત કેવી રહી?' એમ જ પૂછવું હશે ને અમારા યજમાનને?

મેં પણ ઈશારાથી 'ઓકે' નો સંકેત આપ્યો. મારી શાલ કાંઈ બહુ કિંમતી નહોતી. મને થયું : 'આ બિચારાં રોજ ટાઢે મરતાં હશે.' મેં શાલની ગડી કરવાને બદલે બહાર જઈ વૃધ્ધ આદિવાસીને ઓઢાડી દીધી. એણે 'નહાં, નહાં' કરતાં લેવાની અનિચ્છા દર્શાવી, પણ મેં આગ્રહપૂર્વક ફરી ઓઢાડી. વૃધ્ધ ઉપકારસૂચક હસ્યો ને બે હાથ જોડી પગે લાગ્યો. નીકળતી વખતે મેં બેનેનાં હાથમાં દસ દસ રૂપિયાની નોટ મૂકી, નિધિએ પણ એમ કર્યું. વૃધ્ધોને અમે આગ્રહપૂર્વક, માનપૂર્વક એ પૈસા પકડાવી દીધા. ભોળાં પ્રેમાળ ગ્રામજનો ! સાચી માનવતાનાં અમને આજે દર્શન થયાં.

'છુંદર જોડ છૈ ત વો,' ડોસીએ પતિને અમારા વિષે કહ્યું. અમારી જોડી સુંદર છે એવો અર્થ અમે બંને સમજયાં ને એક બીજા સામે જોઈ મર્માળુ હસ્યાં. કેવાં કંગાળ છતાં ઉદાર-દિલ ને સ્નેહાળ હતાં અમારાં આદિવાસી યજમાન ! એ યજમાનની વિદાય લીધી ત્યારે અભણ અને ગરીબ આદિવાસીઓની માનવતા અમારા અંતરને સ્પર્શી ગઈ હતી. ગરીબ, અકિંચન છતાં નિર્લોભી ! શહેરમાં તો આવી માણસાઈનાં દર્શન જ દુર્લભ ગણાય !

વૃધ્ધ દંપતીએ પગદંડી બતાવી. હાથથી દીશાસૂચન કરી

!મૉટેર…મૉટેર' કહ્યું હતું, એટલે એ રસ્તે જતાં મોટર મળશે એમ તો અમે સમજયાં હતાં. પગદંડીએ પડી, નાની મોટી ટેકરીઓ ચઢતાં ઉતરતાં અમે ચાલતાં હતાં. કશુંય ખોટું નહોતું કર્યું, ઉલટું, દુર્લભ સંયમ અમે સાચવ્યો હતો, છતાં કોણ જાણે એકબીજા સાથે વાત કરતાં અમને સંકોચ થતો હતો ? છત લાંબુ મૌન તોડતાં નિધિએ કહ્યું : 'નેહલ, તમારા જેવા સંયમી ને સંસ્કારી યુવાનો આ જમાનામાં તો દીવો લઈને શોધતાં ય ન મળે.'

'જેટલાં વિશેષણથી મને નવાજશો એ બધાં તમને ય લાગુ પડશે એનો ખ્યાલ રાખજો હોં કે.' મેંહસતાં હસતાં કહ્યું ત્યારે સામેના ઝાડ પર કબુતરની જોડી 'ગુટુર…ગુ' કરતી હતી.

પછીનો અમારો માર્ગ હળવી મજાક ને ગમ્મતમાં કપાઈ ગયો. કોણ જાણે કેમ કોઈ અગમ્ય કારણસર મારું મન કાંઈક ગુમાવી રહ્યાનો અહેસાસ કરતું હતું ! કારણ હવે કદાચ છૂટા પડવાની ઘડી નજીક આવતી હતી.

બે ત્રણ માઈલ ચાલ્યા હોઈશું ત્યાં ઓચિંતુ ગામડાનું બસ સ્ટેન્ડ આવ્યું. અમે બંનેએ એકબીજાને અમારાં વિઝીટીંગ કાર્ડ આપ્યાં. જાણે જુદાં પડવાની પૂર્વ તૈયારી કરી. સ્ટેન્ડ પર જઈ તપાસ કરી તો માલુમ પડ્યું કે નિધિની બસ સામે જ ઉભી હતી ને ઉપડવાની તૈયારીમાં હતી. પછી બીજી બસ ઠેઠ સાંજે હતી. મારી બસ આવવાને થોડીવાર હતી.

બસ ઉપડવાની તૈયારી હતી એટલે નિધિએ ઉતાવળથી પૂછયું :

'તો હું જાઉં?'

'હા, ચાલો જલદી બેસી જાવ,' એની સાથે એની બસ તરફ જતાં મેં કહ્યું : 'બસ ઉપડવાની તૈયારીમાં છે.'



બસ પાસે પહોંચતાં નિધિ સહેજ ઉભી રહી. ઝડપથી, પણ સંકોચ સાથે મને કહે : 'નેહલ, તમે કુંવારા છો?'

આખી રાત સાથે સૂતા છતાં, બે ત્રણ માઈલ સાથે ચાલ્યા છતાં આટલી અગત્યની વાત એણે નહોતી પૂછી, ન જ પૂછાય, તે અત્યારે જુદા પડવાની ઘડીએ એણે પૂછી નાખી !

'હા, પણ હવે બહુ નહિ ખેંચી શકું!' મેં મારી ટેવ પ્રમાણે હસતાં હસતાં કહ્યું : 'બા બહુ ઉતાવળમાં છે.'

'તો થોડી વધુ રાહ જોજો,' નીચી નજરે નિધિ બોલી. ત્યાં તો કંડકટર બસનો દરવાજો બંધ કરવાની તૈયારીમાં હતો એટલે બસને પગથિયે પગ મૂકતાં નિધિએ ઉમેર્યું : 'કદાચ….'

અને એની બસ ઉપડી. અંદરથી હાથ હલાવી નિધિએ 'બાય' કહ્યું. મેં પણ હાથ તો હલાવ્યો પણ 'બાય'નો પ્રત્યુત્તર ગળામાંથી ન નીકળ્યો. ગળે ડૂમો ભરાયો હતો. નિધિના 'કદાચ'નો અર્થ સમજવા હું મથતો હતો.

જેનું કિંમતી રમકડું ખોવાઈ ગયું હોય એવા કોઈ નાના બાળકની જેમ હું ઢીલોઢસ બની ઊભો હતો. ને નિધિની બસ ગઈ એ દીશામાં જોયા કરતો હતો. 'બાય' કહેતી નિધિનો અવાજ પણ રુંધાયેલો જ હતો ને ?

નિધિની બસ આંખોથી ઓઝલ થઈ ત્યારે મારી આંખમાં ઝળઝળિયાં હતાં ! એ ઝળઝળિયાં લૂંછવાનું મને ઠીક ન લાગ્યું. એ ઝળઝળિયાં જ તો મારી તે દિવસની ઉપલબ્ધિ હતી !

❑ ❑ ❑

## ૨૩. વટનો કટકો !

ઉપલક દૃષ્ટિએ હરજી પટેલનું કામ જાડું લાગે, પણ વાસ્તવમાં તો એ ઝીણું કાંતનારા હતા. હા, એમની નિર્ણયશક્તિ જબરી હતી. એ ભાગ્યે જ કશી વાતમાં ગુંચવાય. નિર્ણય તરત લે અને એનો અમલ પણ ઝટ કરે. કોઈના ભરમાવ્યા ભરમાય નહિ, ને કોઈના ડગાવ્યા ડગે નહિ. એવા મક્કમ મનના માનવી હતા હરજી પટેલ.

માટે જ તો જમાનો ભણેલાંનો છે એવું જાણતા હરજી પટેલે સમય પારખીને એકના એક પુત્રને ગામઠી શાળાનું શિક્ષણ થતાં સૌની 'ના' છતાં શહેરમાં ભણવા મોકલ્યો.

ખુદ મંગુકાકીએ કહ્યું : 'આમેય તે ઘરખર્ચ કાઢવામાં ય તકલીફ પડે છે, પછી છોકરાને શહેરમાં ભણાવવાનો ખર્ચો ક્યાંથી કાઢશો ?'

'અરે, પડશે એવાં દેવાશે', નચિંત થઈ હરજી પટેલ બોલેલા : 'તુ તારે જોયા કર ને.'

પણ અનુભવે હરજી પટેલ જેવા ભાયડાને પણ લાગ્યું કે ગામડાના એમના જેવો સામાન્ય માણસ માટે છોકરાને શહેરમાં ભણાવવાનું સહેલું તો નથી જ. સામાન્ય ખેડૂત દર મહિને નોટોની થોકડી ક્યાંથી કાઢે ? ખેડૂતને ે મહિનો પુરો થતાં પગાર થોડો હાથમાં આવવાનો હતો ?

છતાં જેમ તેમ કરી હરજી પટેલ દર મહિને નગીનને શહેરમાં પૈસા મોકલતા. ક્યારેક થોડું અનાજ વેચે તો વળી ક્યારેક કપાસ કે મગફળીના પૈસા આવ્યા હોય. આ તો થોડું સહેલું પડતું. પણ એક વાર તો પત્નીના કાળજાના કટકા જેવી પહેલ વેતરી ભેંસ વેચી દેવી પડી હતી. ત્યારે રોતાં મંગુકાકીને આશ્વાસન આપી હરજી પટેલે કહેલું : 'ના રડીશ,



તારો છોકરો ભણી ગણીને તૈયાર થશે તો આ ગામને દરેક ઘેર એક ભેંસ બંધાવી દેશે.'

પણ પત્નીને આવી હિંમત આપનાર હરજી પટેલને એકવાર પોતાના હૈયાના હાર જેવો, પોતાને હાથે ઉછેરીને પલોટેલો વાછરડો વેચી દેવો પડેલો.ત્યારે રૂપિયા પત્નીના ખોળામાં નાખી હરજી પટેલે ફાળિયાના છેડાથી પોતાની આંખના ખૂણા સાફ કરેલા. અરે, એ રાતે ધણી-ધણિયાણીએ ખાધુંય નહોતું ! ટિલડી ભેંસ વગર કૉઢ અને લાલીયા વાછરડા વગરનો ચોક કેવાં સૂનાં લાગતાં હતાં ! જાણે ઘરનો આત્મા જ ઊડી ગયો હતો. પણ પુત્રને ભણાવવા હરજી પટેલે આવા ઘા સહ્યા હતા. એમની સાથે મંગુકાકીએ ય ખરાંસ્તો વળી. એ તો બૈરુ માણહ. આવા ઘા એમને તો વધારે કપરા લાગે. પણ 'છોકરો ભણીને સુખી થશે' એવી ગણતરીએ એ મન વાળતાં હતાં. ક્યારેક ઘરમાં વરતાતી અછતથી મંગુકાકીને ઓછું આવતું ત્યારે હરજી પટેલ કહેતા : 'આ બધાંની ખેતી દર વરહે પાકે છે, આપણી ખેતી પાંચ હાત વરહ પછી હામટી પાકશે. તું ફકર ના કર. આ રૂપિયા બેંકમાં જ મૂકીએ છીએ એમ માન. વ્યાજ હાથે પછા વળશે એક દી.'

પણ આવી હિંમત રાખતા ને પત્નીને હિંમત આપતા હરજી પટેલનો જીવ કપાઈ ગયો જયારે વ્રજલાલ શેઠને એમણે અંગૂઠો પાડી આપ્યો ભીમનાથવાળુ ખેતર વેચીને. ખેતર તો વધારે હતી ક્યાં, પણ જે હતાં એમાંથીય છોકરાને ભણાવવા એમણે એ ઓછી કરવી પડી ! સડકવાળું ખેતર વેચ્યું ત્યારે તો મંગુકાકી બે દાડા ઘરના ખૂણે રડેલાં, જ્યારે ભડ એવા હરજીકાકા ય એમને આશ્વાસન આપતાં આપતાં ગળગળા થઈ ગયેલા. કેવી સારી જમીન ! જુવાર વાવે તો કોઠી છલકાતી ને કપાસ ઓરે તો ગાડાં ભરાતાં ! છતાં હવે 'લીધું મૂકાય નહિ' એવો ઘાટ હતો. એટલે છોકરાનું

ભણતર જેમ તેમ પુરું કરાવ્યે જ છૂટકો હતો.

ગોમતી ગાય મંગુકાકીને જેટલી વહાલી હતી એટલી જ એ હરજીકાકાની ય માનીતી હતી. ઘરની ગાયની એ વાછરડીને મંગુકાકીએ હૈયાના હેતથી દીકરીની જેમ ઉછેરેલી. તે હવે વિયાઈ અને દૂધ દેતી થઈ ત્યારે તો ત્રણેય જીવ એવા મળી ગયેલા કે ગોમતી તો જાણે ઘરનું મનેખ ! એનું દૂધ વેચતાંય મંગુકાકીનો જીવ ના ચાલે. 'કેવું ઘાટ્ટુ દૂધ છે મારી ગોમતી ગાયનું !' પાશેર પીતામાં માંદુ માણહેય વગર દવાએ દોડતું થઈ જાય.' મંગુકાકી હોંશે હોંશે કહેતાં ને તોહરી ભરીને દૂધ ને જુવારના બે રોટલાં હરજીકાકાને વાળુમાં પીરસી દેતાં ! હરજીકાકા ય ત્યારે દૂધમાં રોટલો ચોળીને લીલા મરચાંની ચટની સાથે માથાનું ફાળિયું ખોળામાં મૂકી એવા 'ટેસ'થી ખાતા જાણે 'ફાઈવસ્ટાર' હૉટલના સ્પેશીયલ રૂમમાં બેઠા ન હોય ! એમની બાજુમાં વાટકી દૂધ અને ચીરી રોટલો લઈને મંગુકાકી ય બેસી જતાં. ત્યારે કોડિયાના આછા અજવાળામાં આ વૃધ્ધ દંપતીને સાથે વાળું કરતાં અચાનક આવી પડેલું કોઈ જોઈ જાય તો તેને સ્નેહસભર સુખદ દાંપત્યના વ્હાલભર્યા વૃધત્વનાં પાવન દર્શન કર્યાનો અમોલો લહાવો અવશ્ય મળે !

આવી દીકરી જેવી ગોમતી ગાયને વેચવાનો એક વખત દહાડો આવ્યો. બન્યું એમ કે અચાનક નગીનને છેલ્લી પરીક્ષાની ફી ભરવાની આવી, એટલે એણે ઘેર પૈસા માટે પત્ર લખ્યો. હરજી મોટાએ છેલ્લું મનીઓર્ડર કરાવ્યું ત્યારે ય આમથી તેમથી બધું ઉસેટીને ભેયુ કર્યું હતું, પણ નગીનના કહેવા પ્રમાણે ત્યારે એ એની ભણવા માટેની છેલ્લી જરૂરિયાત હતી. ત્યારે પરીક્ષા-ફીનો નગીનને ય ખ્યાલ નહોતો, એટલે ના છૂટકે એણે પિતાને પૈસા માટે પત્ર લખ્યો હતો, અને હવે એ છેક છેલ્લી માગણી હતી



એવું આશ્વાસન આપ્યું હતું. પણ હરજીકાકાનો ઘાટ તો અસહ્ય બોજથી લદાયેલા ઊંટને બેસી પડવા માટે છેલ્લું એક તણખલું ય પુરતું છે - એવો હતો. એક આનો કાઢવાના ફાફાં પડે એવી સ્થિતિમાં બસો રૂપિયા જેવી જંગી રકમ એ ક્યાંથી કાઢે ને પુત્રને શું મોકલે ? અને એય પાછું ટપાલી કહેતો હતો કે ભાઈએ લખ્યુ છે : 'બહુ અરજન્ટ છે.'

'એટલે હું લ્યા?' હરજીકાકાએ પૂછેલું.

'કાકા, 'અરજન્ટ' એટલે તાકીદનું. ભાઈને કોલેજમાં ફી ભરવા પૈસા તાકીદે એટલે કે 'બહુ જલદી' જોઈએ છે.

થોડું ભણેલા ટપાલીએ બિલકુલ નહિ ભણેલા હરજીકાકાને વિગતે વાત સમજાવેલી.

ત્યારથી હરજીકાકા અકળાઈ અકળાઈને બોલી ઊઠતા : 'બેટાને બહો રૂપિયા જોઈએ છે અને એય પાછા ...... હું કે'છે ?.... અ..ર..જ..ટ.. જોઈએ છે ! પણ હવે ચાંથી કાઢું એટલા કાવડિયા ?'

નગીનને ભણવા મોકલ્યા પછી પૈસાની મૂંઝવણ તો દર વખતે થતી, પણ કશોય મારગ ન દેખાય એવી મૂંઝવણ તો હરજીકાકાને આજે પહેલીવાર થઈ.

સાંજને સમયે ચોકમાં થાંભલાને ટેકે ઊભે પગે માથે હાથ દઈને બેઠેલા હરજીકાકાને કોઈપણ જુવે તો એમની દયા ખાય. મુંઝાયેલા મંગુકાકીને ય થતું : 'વાઘ જેવા ડોહા આજે ગાય જેવા થઈને બેઠા છે!'

પણ ત્યાં જ પોતાના વાછરડાને મળવા દોડતી ભાંભરતી ગોમતી ગાય આવી પહોંચી ને હરજીકાકાના અંધકારભર્યા મનમાં વીજળી ઝબકી !

એ વીજળીએ ગુંચવાયેલા હરજીકાકાને માર્ગ તો દેખાડ્યો, પણ

દઝાડ્યા ય ખરા. 'ડોહીને વાત કહેવાય?' જીવનમાં પહેલીવાર હરજીકાકાએ પત્નીના આધિપત્યનો સ્વીકાર કર્યો ! માટે જ તો 'ડોહીને કહેવાય?' જેવો સાશંકભાવભર્યો પ્રશ્ન એમના મનમાં ઉદ્ભવ્યો ! બાકી, 'એમાં બૈરાને હું પૂછવાનું?' એ એમનું જીવન-સૂત્ર હતું !

ગોમતીને દોહીને ઘરમાં ગયેલાં મંગુકાકીની પાછળ ગુંચવાતા ને કાંઈક અંશે ગભરાતા હરજીકાકા ઠેઠ રસોડા સુધી ગયા. પછી ધીરેથી બોલ્યાઃ

'હાંભરે છે કે?'

'હું છે?' મંગુકાકી સમભાવથી બોલ્યાં : 'ચાલો, વાળું કાઢું છું.'

'એમ… કે'તો'તો….કે…..'

'નગીનીયે રૂપિયા મંગાવ્યા છે એ ને ?' દીકરા પર અકળાયેલાં ડોસી બોલ્યાં.

'હા, બહો રૂપિયા ચાંથી મોકલવા?'

'લખી દો કે હવે મારી પાહે ફૂટી કોડીય નથી,' ડોશીએ ખખડાવીને કહી દીધું : 'એને લીધે તો બધું વેચી હાટીને નવરાં થઈ ગયાં!'

'પણ એની છેલ્લી પરીક્ષા….!'

'છેલ્લી છેલ્લી કરીને બધું વેચી ખવાડ્યું એણે, હવે કાંઈથી કાઢશો કાવડિયા?' ડોશી અકળાઈને બોલ્યાં.

'આ..પ..ણી…એમ… કે'તો….'તો…' ડોસાની જીભ ઉપડતી નહોતી.

'હવે હું વેચવાનું વચાર્યું છે તમે?' ડોશી હજી ગુસ્સામાં જ હતાં.

'આ..પ..ણી… ગો..મ..તી..'



'હું બોલ્યા?' મંગુકાકીએ ડોળા કાઢીને પૂછ્યું : 'મારી ગોમતી વેચી ખાવી છે, એમ?'

'આ….તો….' ડરતા ડરતા હરજીકાકા બોલવા મથ્યા.

'એ વાત કદી નહિ બને, મરી જઈશ, પણ ગોમતીને ખીલેથી છોડવા નિહ દઉં… હમજો છો હું તમે ? તમારા દીકરા માટે મારી દીકરી વેચી ખાવી છે ?' જીવનમાં પહેલીવાર પત્નીને આટલી બધી ક્રોધે ભરાયેલી હરજીકાકાએ જોઈ. પોતાની પર તો એ બિચારી ક્યારેય ગુસ્સે થઈ જ નહોતી. પણ હરજીકાકા સમજતા હતા. મંગુકાકીનો આજનો ગુસ્સો સ્વાભાવિક હતો, સાચો હતો. ગોમતીને એમણે સગી દીકરીથી ય અધિક ગણીને ઉછેરી હતી. પછી એને વેચવાનો વિચાર પણ મંગુકાકીને અસહ્ય જ લાગે ને?

'આ તો નગીને…. લખ્યું છે….કે….'

'એ તો લખે શે'રમાં રઈયો રઈયો, વચ્ચે જ મંગુકાકી તડૂક્યાં : 'કોઈ દા'ડો આપણી ખબર લેવા આયો છે તે એને ખબર પડે કે અહીં કેટલી વીહુએ હો થાય છે !

હરજીકાકાનો ઘાટ તો 'સૂડી વચ્ચે સોપારી' જેવો થયો. ઢીલા થઈને બહાર આવી બેઠા. પછી ગોમતીને લીલું ઘાસ નીરી એના ખીલા પાસે બેસી એને સહેલાવવા લાગ્યા. શું કરવું તે કાંઈ સૂઝતું નહોતું. ડોસા માનસિક ગડમથલમાં હતા.

મંગુકાકીને ય પતિની દયા આવી. પતિએ જીવનભર પ્રમાણિકપણે મહેનત કરી છે અને કરકસરથી જીવી આબરુભેર દા'ડા કાઢ્યા છે. છોકરાને ભણાવવાની ઈચ્છા હતી, તે પૂરી કરતાં બિચારાને નવ નેજાં થયાં છે. હવે બેવડ વળી ગયેલાથી છેલ્લે બોજોય ઉંચકી શકાય તેમ નથી. એટલે બાવાનાં

બેય ન બગડે એની ગડમથલમાં ગુંચવાઈ ગયા છે એ વાત સમજતી પત્ની ઠંડી પડી.

મંગુકાકીએ ઘડીવાર વિચાર કર્યો અને પછી ઊભાં થયાં. ઓરડામાં મજૂહ પાસે જઈ, ગોદડાં નીચે મૂકી, એમણે પટારો ઊઘાડ્યો ને એમાં હાથ નાખી, થોડી વસ્તુઓ આઘી પાછી કરી, અંધારામાં ય એમાંથી એક નાનો દાબડો કાઢ્યો. એમાંથી ડોશીએ ઘણાં વર્ષો પછી એક ચીજ કાઢી - એમની પ્રિય ચીજ. હાથનું સોનાનું કડું હતું એ. ડોશીએ એને માથે અડકાડી માન આપ્યું ને બે હોઠથી એને ચૂમ્યું ય ખરું. પછી બીજું બધું હતું તેવું ગોઠવી દઈ એ બહાર આવ્યાં ને નિરાશ થઈ થાંભલે અઢેલી બેઠેલા પતિ સામે એમણે એ કડુ ધર્યું.

'લો, આનાથી તમારી આંટી ઉકલી જશે,' પતિ સામે કડું ધરી મંગુકાકી બોલ્યાં.

'આ હું લઈ આવી?' આશ્ચર્યથી હરજીકાકા બોલ્યા : 'અરે, કડું, આ કડું તો.....'

અને હરજીકાકા જેવા વૃધ્ધ જનનું ચાલી ચાલીને થાકી ગયેલું હૈયું ય લગભગ અર્ધી સદી પહેલાંની એક રાતમાં ખોવાઈ ગયું.

...... ત્યારે એના સૂવાના ઓરડામાં એક કોડિયું બળતું હતું. પોતે અઢાર ઓગણીસ વર્ષનો કાચી બુધ્ધિનો છોકરો હતો. આજે જ એનાં લગ્ન થયાં હતાં. રાત્રે એ પોતાના ઓરડામાં સૂવા ગયો ત્યારે ખાટલા પર બેઠેલી એક છોકરી ઊભી થઈ ગઈ. પંદર સોળ વર્ષની એ છોકરી શરમાઈને બાજુ પર ઊભી રહી ગઈ. લાલઘૂમ, ગોળમટોળ એના મોં પર નિર્દોષતાના ભાવ છવાયેલા હતા. એના હાથે ત્યારે આ જ કડું હતું. મંગુકાકીની સાસુએ વહુને મોં જોઈને આપેલું એ ઘરેણું હતું. એ પછી કેટલાંય વરસ સુધી મંગુએ એ



પહેર્યું હતું. કેવું શોભતું હતું એનું ભરાવદાર કાંડુ એ કડાથી ! ત્યારે એ કાંડાને પોતે ઘણીય વાર વ્હાલથી ચૂંટી ખણી લેતો હતો એ હરજીકાકાને અત્યારે યાદ આવી ગયું !

'કહું છું, શા વિચારમાં પડી ગયા?' મંગુકાકી પતિની તંદ્રા તોડતાં ફરી બોલ્યાં : 'લ્યો, આનાથી તમારી આંટી ઉકલી જશે.'

ને હરજીકાકાએ ફાળિયાના છેડાથી આંખના ખૂણા સાફ કર્યા ! બોલ્યા :

'આ તો તારા લગન ટાણે માએ દીધેલી યાદગીરી... હવે એ ય વેચી ખાઉં?'

'જુઓ, દઃખ ના લગાડતા,' મંગુકાકી સમભાવપૂર્વક બોલ્યાં : 'હું તો એ છોકરાને આગળ શહેરમાં ભણવા મોકલવાનું પહેલીથી જ ના કહેતી હતી. કે'તી'તી કે નંઈ?'

'હા, મારા વન્યા બધાં જ એમ કે'તાં'તાં એ તો ખરું.' હરજીકાકાએ સાચી વાત સ્વીકારી.

'તો પછી હવે લીધું તે પુરું કરો, મંગુકાકી પતિને સાંત્વન આપતાં હોય તેમ બોલ્યાં : 'એ ભણશે ને સુખી થશે તો તમારું વેઠ્યું મજરે આવશે. એટલે હવે જીવ બાળ્યા વગર કાલે આના પૈસા લઈ આવીને એને મોકલી દો તો તમારી ચંત્યા મટે. મારાથી તમારું આવું દુઃખી મોં નથી જોવાતું.'

હરજીકાકા મનમાં મનમાં ય ખુશ થયા. પત્નીને આ ઉંમરે ય પોતાની પર આટલો બધો ભાવ છે ! એમનું હૈયું હરખ્યું તે એ હળવા મને ઊભા થઈ વાળુ કરવા ઘરમાં ગયા.

રોટલો ને દૂધ ખાતા પતિને જોઈ મંગુકાકીનું મન પણ હળવું થયું.

એમણે ફરી સાંત્વન આપતાં ઉમેર્યું : 'જુઓ , તમે કંઈ ગાય દોહીને કૂતરાંને થોડા દૂધ પાવ છો ? દીકરાને પાવ છો ને ?'

'હાસ્તો,' દૂધનો ઘૂટ ગળે ઉતારતા હરજીકાકા બોલ્યા.

'બસ તો. ભણી ગણીને નગીનીયો સુખી થશે તે આપણું ઘડપણ પણ સુધારશે.' ડોશીએ હરજીકાકાને રાજી કરવા કહ્યું : 'હવે હતા એવા હળવા થઈ જાવ ને હસતા મોઢે ફરો. તમે તો પહેલેથી ઝટ ને પટ નક્કી કરી નાખનારા છો. આ વખતે મરદ જેવા મરદ થઈને આવા ગુંચવાયેલા શીદ ફરો છો ? '

હરજીકાકાને કદાચ જીવનમાં પહેલીવાર 'અર્ધાંગિની' શબ્દનો સાચો અર્થ અને મહત્ત્વનો ખ્યાલ આવ્યો. હા, એ 'અર્ધાંગિની' જેવો રસિક શબ્દ તો નહોતા જાણતા, પણ પત્ની ઘડપણમાં કે કટોકટીમાં કેવી ટેકારૂપ બની રહે છે એનો એમનો સાચો ખ્યાલ આવ્યો.

પત્યું. પૈસાની છેલ્લી કટોકટી ય પતી ગઈ. સાડલે થીંગડું મારીને ચલાવતા મંગુકાકી અને જોડાને સંધાવી સંધાવીને ખેંચે રાખતા હરજીકાકા દીકરાને ભણાવવા માટે જે કસર કરતાં હતાં ને કષ્ટ વેઠતાં હતાં એને લોકો 'તપ' કહેતા હતા. સામાન્ય માણસ ખરેખર ડગી જાય એવું આકરું તપ મંગુકાકી અને હરજીકાકા તપતાં હતાં !

પણ હવે એ 'તપ' ફળવાની ઘડી આવી હતી. કોલેજમાં ભણવા ગયા પછી નગીન ધીરે ધીરે ગામમાં ઓછું આવતો થઈ ગયો હતો. કોઈ કહેતું 'અભ્યાસમાં ધ્યાનભંગ ન થવાય માટે,' કોઈ કહેતું કે 'પહેલેથી એ એવો અતડો જ છે,' તો કોઈ કહેતું કે 'અભિમાની થઈ ગયો હશે, બાકી મા-બાપને મળવા ય ન આવે?' કદાચ થોડું થોડું સત્ય દરેકમાં હતું. પરિણામે, પોતાનું ભણતર પુરું કરી રહ્યો ત્યાં સુધીમાં નગીન એકદમ માયા કે લાગણી



વિહોણો અને સ્વકેન્દ્રીત બની ગયોહતો ! શહેરનાં ઝાકઝમાળ, રંગ વિલાસ અને નિષ્ઠુરતા ગામડાનાં પ્રેમાળ, શાણા ને વિવેકી લોકોને પણ લાંબે ગાળે એકલપેટા ને સ્વાર્થી બનાવી દે છે ! નગીનનું સ્વભાવ-પરિવર્તન અ ાવાતની જ સાબિતી હતું.

આવો નગીન કોલેજની છેલ્લી પરીક્ષા આપીને ય મા બાપને મળવા ન આવ્યો. એને બદલે એ કોઈ નાની મોટી નોકરીઓ કરવા લાગ્યો ને ધીરે ધીરે શહેરમાં ઠેકાણે પડી ગયો. પરીક્ષાનું પરિણામ આવ્યા પછી તો એને શહેરમાં સારી ગણાય એવી નોકરી મળી ગઈ. આ મતલબનો કાગળ એણે પિતા પર લખ્યો જે હરજીકાકાએ પોસ્ટમેન પાસે વંચાવ્યો. ત્યારે હરખનાં આંસુથી હરજીકાકા કરતાંય મંગુકાકીની આંખો વધુ છલકાઈ હતી. એ તો જાણે ઠીક, પણ એ વાંચતાં અનોપ પોસ્ટમેનની આંખોમાં ય ઝળઝળિયાં આવી ગયાં હતાં ! આ વૃધ્ધ દંપતીની  પુત્રની પ્રગતિ માટેની આકરી તપશ્ચર્યાનો અનોપ ટપાલી સાક્ષી હતો. આજે એમની તપ-સિધ્ધિને ટાણે એનું હૈયું ય હરખાયું. સજ્જન માણસ બીજાના સુખે ય સુખી થાય છે.

'બા, હવે ભાઈને મનીઓર્ડર કરવાં નહિ પડે.' હર્ષ પ્રદર્શિત કરતો પોસ્ટમેન બોલ્યો : 'હવે ઉલટાં એમનાં મનીઓર્ડર તમારી પર આવશે. હું જ લાવીશ ને એ !' અનોપ ટપાલીએ આ વૃધ્ધ દંપતીનું સુખદ ભાવિ ભાખ્યું.

'પણ ગાંડો પરીક્ષા આપીને અને પાસ થઈને બે દા'ડા ઘેરેય નો આવી ગ્યો,' મંગુકાકીએ આનંદ ભેગો અફસોસ વ્યક્ત કરતાં કહ્યું : 'લાગલો જ નોકરીએ વળગી ગયો!'

'ખરી વાત,' પત્ની સાથે સંમત થતાં હરજીકાકા બોલ્યા : 'નગીન હવે પહેલાં જેવો માયાળુ નથી રહ્યો. શે'રની હવા એનેય આભડી ગઈ!'

'એ તો કાકા,' શહેરનું જીવન જ એવું ને,' અનોપ ટપાલીએ

આશ્વાસન આપવા કહ્યું : 'આપણને લાગે, બાકી, શહેરનું જીવન જ એવું ધમાલિયું ને કે કોઈને સાસ ખાવાની ય ફુરસદ નો મળે.'

પછી હરજીકાકાએ, નગીનને પત્રમાં લખાવ્યું કે 'એકવાર ઘેર આવી જા, નોકરીએ લાગ્યો છું તો ઘરમાં મા'લખમી માને પગે લાગી જા અને ગામમાં બધાંને મળી જા. બધાં બહુ હંભારે છે તને.....' વગેરે. પણ તોય નગીન ન આવ્યો.

બે એક વરસ સુધી અવાર નવાર મનીઓર્ડર કરી થોડા રૂપિયા ઘેર મોકલતો એટલું જ, બાકી માબાપની કશી ખબર એણે ના કાઢી. કોઈ ભાવહીન દાતા ભિક્ષુક તરફ યંત્રવત્ થોડા સિક્કા ફેંકે એમ બાપના કાગળને અંતે થોડાં રૂપિયાનાં મનીઓર્ડર કરે એ જ નગીનનો માબાપ સાથેના સંબંધનો એકમાત્ર તંતુ હતો. બાકી, પિતાના પ્રેમભર્યા, લાગણીસભર લખાવેલા પત્રોનો પણ એ ક્યારે ય કશો જવાબ આપતો નહિ. સૌને આથી ખૂબ આશ્ચર્ય થતું. પુત્રને જોવા તલસતી માતાની લખાયેલી વિનંતીઓ ય એળે ગઈ. નગીન આટલો બધો નઠોર હશે એની કોઈને કલ્પના ય નહોતી. એનાં મા બાપને તો સાચી રીતે લાગ્યું કે નગીનને ભણાવીને પૈસા ને પુત્ર બંને ખોયાં. બિચારા મંગુકાકી તો નિઃસાસો નાખીને કહેતાં ય ખરાં : 'આના કરતાં ભણાવ્યો ન હોત તો ઘરડે ઘડપણ પુત્ર વગરનાં તો ન થાત !'

હવે તો મંગુકાકી અને હરજીકાકા બંનેનાં શરીર ધીરે ધીરે ઘસાઈ ગયાં હતાં. બંનેની ઈચ્છા હતી કે હવે છોકરો ભણી ગણીને નોકરી લાગ્યો છે, તો એનાં લગ્ન થઈ જાય અને એને ઘરે ઘોડિયું બાંધેલું જોઈએ એટલે ગંગા નાહ્યાં. સારાં એવાં માગાં પણ નગીન માટે આવતાં જ હતાં, એટલે એકવાર તો મંગુકાકીએ અનોપ ટપાલી પાસે પત્ર લખાવ્યો અને એમાં ખાસ ઉમેરાવ્યું કે 'હવે તારાં લગ્ન પણ આ વરહે ઉકેલી જ નાખવાં છે. મારી



કાયાનો કોઈ ભરોંસો નથી, એટલે બે ચાર સારી કન્યાઓ અમારા ધ્યાનમાં છે' તેમાંથી તું પસંદ કરી લે, એટલે મારી આંખ મિંચાય એ પહેલાં વહુનું મોઢું જોઉં તો મારી આંખ ઠરે.'

પણ ન નગીન આવ્યો, ન એનો જવાબ આવ્યો. બહુ સંદેશા અને પત્રોના અંતે એનો એક પોષ્ટ કાર્ડ આવ્યો હતો. જેમાં લખ્યું હતું : 'હું મારી અનુકૂળતાએ આવી જઈશ.... કશી ચિંતા ના કરશો.'

અત્યાર સુધી પુત્રના ભણવા પાછળ હરજી પટેલના લગભગ ઘણાંખરાં ખેતર અને ઢોરઢાંખર વેચાઈ ગયાં હતાં, એટલે આર્થિક સ્થિતિ તો સાવ કથળી જ ગઈ હતી. પણ હવે તો આ વૃધ્ધ દંપતીને પૈસા કરતાં કોઈની હૂંફની, કોઈના સહવાસની, કોઈની પ્રેમભરી કાળજીની વધારે જરૂર હતી. ઘડપણે એમની હામ અને હોંશ બંને ઝૂંટવી લીધાં હતાં, એટલે વેરાન લાગતા જીવનમાં કોઈ સ્વજનના સાથની આ વૃધ્ધ દંપતીને ઝંખના હતી. જ્યારે બહુ પત્રોને અંતે એકવાર પુત્ર ઉભા ઉભ આવ્યો ને બપોરે આવી સાંજે જવા તૈયાર થયો. આંખમાં આંસુ સાથે માએ 'બેચાર દા'ડા અમારી ભેળો રહે તો ખરો દીકરા,' કહ્યું, પણ 'સમય નથી' ના લાગણીહીન પ્રત્યુત્તરે માબાપનું કાળજુ કપાઈ ગયું ! ન માની કે ન બાપની તબિયતની એણે ખબર પૂછી કે ના કશી આત્મીયતા બતાવી ! થોડા રૂપિયા માના હાથમાં મૂકતાં બોલ્યો : 'લો, આમાંથી જોઈતું કરતું લાવજો ને તબિયત સારી ન હોય તો દવા મંગાવી લેશો. હવે ઘડપણમાં તો તબિયત નરમ ગરમ જ રહે.'

'પણ બેટા, હવે તારાં લગન...'

'એની કશી ચિંતા ના કરો બા, હું એ બધું પતાવી લઈશ.'

'હેં!' હરજી પટેલ આશ્ચર્યથી પૂછી રહ્યા : 'તું તારી જાતે એ પતાવી

લઈશ?'

'પણ બેટા,' માએ પ્રેમથી પુત્રના મોં સામે તાકી રહેતાં કહ્યું : 'સારા ગામની.... સારા કુળની કન્યા....'

'એ બધી જૂની વાતો છોડ બા,' કહેતા નગીને એટેચી હાથમાં લીધી ને બોલ્યો : 'ચાલો ત્યારે, હું જાઉં છું.'

એને રસ્તે પડેલો જોઈ નિઃસાસો નાખતા હરજી પટેલ બોલ્યા : 'અતડો તો આ છોકરો પહેલેથી હતો, પણ આવો લાગણીહીન હશે એની ખબર નહોતી.'

'હા,' આંખના આંસુ લૂછતાં મંગુકાકી બોલ્યાં : 'એના કરતાં તો ચાર ચોપડી ભણેલો પેલો રઘો મા-બાપની કેવી ચાકરી કરે છે ! અરે, પડતો બોલ ઝીલે છે એમનો !

'શે'રમાં મશેન ભેગો રહી આપણો દીકરો ય મશેન થઈ ગ્યો, નગીનની મા' હરજી પટેલ ઊંડો શ્વાસ લેતાં બોલ્યા.

આ વૃધ્ધ ગ્રામજનની વાત સાવ સાચી હતી. શહેરમાં માણસો ધીરે ધીરે યંત્ર બની રહ્યાં છે ! સમયાંતરે નગીન જે થોડા પૈસા માબાપને મોકલતો હતો એ તો આ વૃધ્ધ દંપતીએ પેટે પાટા બાંધીને એને ભણાવ્યો હતો એ ખર્ચનું વ્યાજ પણ ન હોતું. છતાં એટલું કરીને જ પોતાના કર્તવ્યની ઈતિશ્રી માનતો કઠોર હૃદયનો, મમતા વિહોણો શહેરી દીકરો મૃદુ દિલનાં પ્રેમાળ મા-બાપના હૃદયને ક્યાંથી સમજી શકે ?

એક દિવસ સાંજે ચોકમાં બેઠેલા હરજી પટેલે હોકો ભરીને લાવેલી પત્નીને કહ્યું :

'નગીનની મા, મારા દલમાં બહુ હોંશ હતી કે ટાઢે પહોર ચોકમાં ઢોલિયો ઢાળીને બેઠા હોય ત્યારે નગીનની વહુ હોકો ભરીને લાવે ને આઘું



ઓઢી ધીમે હાદે કેં કે 'લો બાપુજી હોકો' - અને હું ખોખારો ખાઈ હાથમાં હોકો લઉ ને ગગડાવું : ગુડુડુડુ...... ગુડુડુડુ !'

'હવે જપો છાનામાના બનાવટી, છણકો કરતાં મંગુકાકી બોલ્યાં : 'ભેંસ ભાગોળે ને ઘેર ઝૈડકા શીદ બોલાવો છો?'

એ પછી બે ચાર દિવસમાં જ એક બપોરે નગીન ઓચિંતો ઘેર આવ્યો. એની સાથે બોબ કટ વાળી, આધુનિક ડ્રેસ પહેરેલી, ગળે દુપટ્ટો ફરફરાવતી, આંખે ગોગલ્સધારી, લીપસ્ટીકના લપેડે હોઠ અને ગાલને લાલ બનાવેલી, ખભે પર્સ લટકાવેલી એક ઘઉંવર્ણી બાઈ હતી. આ રમકડાને લઈને નગીન ઘોડાગાડીમાંથી ઉતર્યો ત્યારે ફળિયાના લોક કુતૂહલવશ જોઈ રહ્યા ને પછી કાંઈ ગુસપુસ કરતા હરજીકાકાના ઘર ભણી જવા લાગ્યા. છોકરો ઘેર આવ્યો એથી મા તો ઘેલી ઘેલી થઈ ગઈ, પણ આ પેલી 'નમસ્તે માજી' કહી દૂરથી હાથ જોડતી આર્યનારીને હરજીકાકા આંખની છાજલી કરી જોઈ રહ્યા !

'બેટા, આ...? ! આશ્ચર્યચકીત મંગુકાકી પૂછવા જતાં હતાં ત્યાં જ નગીને કહ્યું ! 'બા, આ તારા દીકરાની વહુ છે.'

'હે...એ...એ...?!' મંગુકાકાની સાથે હરજીકાકાના મુખમાંથી ય આશ્ચર્ય સરી પડ્યું : 'તારી વહુ?!'

'બેટા, તું પરણ્યો ?'

'હા, બા, મેં તમને કહ્યું હતું ને કે મારા લગ્નની ચિંતા ન કરો.'

'પણ અમોને,' હરજીકાકા બોલવા જતા હતા. ત્યાં જ દીકરો બોલ્યો :

'તમોને આ ઉંમરે તકલીફ આપું એવો હું મૂરખો નથી.'

'વાહ ડાહ્યા દીકરા,' કહેતાં ફળિયાનાં ફોઈ 'મેનાં ફોઈ પ્રવેશ કરતાં બોલ્યાં : 'ખરી ચિંતા લઈ લીધી તેં મા બાપની. એમની પાછળ આખું ફળિયું હરજીકાકાની પરસાળમાં ઠલવાયું ! પણ મંગુકાકીએ તો બિચારાંએ તો ય હરખઘેલાં થઈ ઘરમાં હતો તે ગોળ લાવી ભેગાં થયેલાં સૌનું મોં ગળ્યું કરાવ્યું. દીકરો પરણીને પહેલીવાર ઘેર આવ્યો હતો ત્યારે માનો જીવ ઝાલ્યો રહે કે?

એમણે પડોશની છોકરીને બોલાવી કંસારનું આંધણ પણ મૂકાવ્યું. ત્યાં તો નગીને બીજો ધડાકો કર્યો :

'બા, અમે સાંજે પાંચની બસમાં પાછાં જવાનાં છીએ!'

'પણ બેટા, બે દા'ડા રહે તો ખરો, હવે અમે તો ઘરડું પાન થયાં, આજે છીએ ને કાલે ન યે હોઈએ.' હરજીકાકાએ કહ્યું.

'પણ બાપુ,' અકળાતો નગીન બોલ્યો : 'તમે સમજતા કેમ નથી?'

'હવે હું તો હમજી રહ્યો બેટા,' હરજી પટેલ બોલ્યા : 'મારે તને ઘરની ઘણી વાતો હમજાવી દેવાની છે. અમને અમારા દેહનો ભરોસો નથી ભઈલા.'

'ખરી વાત બેટા,' મંગુકાકીએ પણ પતિની વાતમાં સૂર પુરાવતાં કહ્યું : 'આ દેહ હવે ઝાઝું ખેંચે એમ નથી. ખાટલે પડીશું તો અમને પાણી પાનારું ય કોણ છે ? એટલે હવે થોડા દા'ડા અમારી હારે ગામમાં રહે તો....'

'અરે બા, રજા જ ક્યાં છે ? આ નીશીને ય કાલે ઓફિસ ચાલુ છે,' કહેતા નગીને પત્ની સામે જોયું તો એણે ય પુષ્ટી કરી :

'Yes .... Surely .... નોકરી તો સાચવવી જ પડે ને માજી?'



આ બૈરીનું નામ નીશી છે અને એ પણ નોકરી કરે છે એ વાત ગામલોકો આ વાતચીત પરથી સમજ્યાં અને એ હકીકત એમણે નગીનનાં માબાપને સમજાવી.'

'તે બુન', આખાબોલાં મેનાં ફોઈ બોલ્યાં : 'નોકરી હાચવવી પડે તો ઘરડાં મા-બાપને ના હાચવવાં પડે ?'

નીશીએ આ સાંભળી મોં કટાણું કર્યું.પણ ત્યારે નગીન પત્નીની મદદે આવ્યો. બોલ્યો : 'પણ ફોઈ... આ તો.....'

'જો નગીના,' એને વચ્ચે જ અટકાવતાં મેનાં ફોઈ ખખડાવીને બોલ્યાં : 'કોઈ નંઈ કે, પણ હું તો કહીશ. તને ભણાવવા તારા મા બાપ બિચારાં બધું વેચી હાટીને નવરાં થૈ ગ્યાં. હવે હાલવાના હોશ રહ્યા નથી એમનામાં. તારે તારી કશી ફરજ ખરી કે નહિ?'

'તે અમે પૈસા મોકલીશું ને એમને ખાવા,' છેલબટાઉ છોકરી જેવી નગીનની વહુ બોલી.

સ્વમાની હરજીકાકાનો અહમ્ આ સાંભળીને ઘવાયો. એમનાથી આ સહન થાય ? એમણે ગુસ્સાપૂર્વક કહ્યું : 'તારાં મા બાપ છે કે નંઈ છોકરી ? તારા રોટલાનો ટૂકડો એમને નાખજે, જેથી ભૂખે ના મરે એ ભિખારીઓ.

'બાપુ!' આંખો કાઢતો નગીન પિતા પર ગુસ્સે થઈને બોલ્યો : 'શું બોલો છો એનું ભાન છે તમને ?'

'ભાન તારી આ બૈરીને કરાવજે ભણેશરી....' હરજીકાકાને હાંફ ચઢી, એ આગળ બોલી ન શક્યા. મંગુકાકી એમને બરડે હાથ ફેરવી એમને શાંત રહેવા સમજાવી રહ્યાં !

ત્યારે થોડા રૂપિયા અને બે સાલ્લા તથા એક ધોતીયાની જોડ ભરેલી થેલી માના પગ પાસે મૂકી નગીન આગળ ગયેલી પત્નીની પાછળ ચાલ્યો ગયો.

'ઊભો રે બેટા, નગીન....' કહેતી આંસુ સારતી પત્નીને મોઢે હરજીકાકાએ હાથ દઈ એને કરગરતી રોકવા પ્રયત્ન કર્યો. બધી નબળાઈઓ છતાં હરજીકાકાના વટભર્યા સ્વભાવની ઝાંય ઝાંખી નહોતી પડી.

ગામડાની ગોદમાં ઉછરેલાં ને મા-બાપના પ્રેમભર્યાં હૈયાંનાં અમી પીનારા આ જુવાનીયાને શહેરની હવાએ કેવો લાગણીશૂન્ય ને સ્નેહહીણો બનાવી દીધો હતો! એ કુપુત્ર વિદાય થયો ત્યારે આ વૃધ્ધ દેપતીની લાચારીભરી નિરાધારતા પર ફળિયાનાં ઘણાં નરમ-દિલ લોકોની આંખમાં આંસુ આવી ગયાં. 'બિચારાં મંગુકાકી અને હરજીકાકાએ લોહીનું પાણી કરીને દીકરાને શહેરમાં મોકલી ભણાવ્યો હતો તે આટલા માટે?' એ લોકો વિચારી રહ્યાં : 'એ તો શહેરની હવા. એ માણસને મન વગરના મશીન જેવું બનાવી દે છે.' આવા પ્રત્યાઘાત આપતાં લોકો આ વૃધ્ધ દંપતીની દયા ખાવા લાગ્યાં.

યંત્રો વચ્ચે, યંત્રોની જેમ જીવતા માણસો સાથે રહેતા ગામડાનો એક પ્રેમાળ પુત્ર થોડાં વરસોમાં કેવો ઊર્મિ-શૂન્ય બની ગયો ! વૃધ્ધ મા બાપના અરમાનના અંગારા ય એની નજરે ન પડ્યા !

ડોશી ઘરડું પાન તો હતાં જ. પુત્રના વર્તનથી આઘાત પામેલું માતાનું દિલ કેટલો સમય ધબકી શકે ? પુત્રને યાદ કરતાં કરતાં શોષાઈ - કરમાઈને એ ઘરડું પાન બીજા ચારેક માસમાં જ ખરી પડ્યું ! દીકરો તો આ સમાચાર જાણીને ય ન આવ્યો. પરાયાની જેમ વિવેક ખાતર એક પત્ર લખ્યો ને 'ઉત્તરક્રિયા માટે મનીઓર્ડરથી રૂપિયા મોકલીશ' જેવુ લુખ્ખું આશ્વાસન



બાપને આપ્યું !

હરજીકાકા વૃધ્ધાવસ્થામાં એકલા પડ્યા. સહવાસ પણ એક મોટો સહારો છે. આજ સુધી વૃધ્ધ પત્નીનો સહારો હતો હરજીકાકાને. એ પણ હવે છિનવાઈ ગયો. બાકી,વૃધ્ધ અને અશક્ત પત્ની ય એમને જીવવાનું બળ આપતાં હતાં. એ સહારો ગયો ત્યારે વાઘ જેવા હરજીકાકા ગાયથી ય ગરીબડા થઈ ગયા ! જેને દુઃખ વેઠીને ભણાવ્યો એ દીકરાએ આર્થિક રીતે તો ગરીબ બનાવી દીધાં હતાં, એ તો જાણે ઠીક, પણ એના અમાનવીય વર્તને મા બાપનાં વૃધ્ધ હૈયાંનેય ભાંગી નાખ્યાં.

જીવનના આકરા તાપ જેની સાથે છાંયડાં જેવા ગણી સહ્યા હતા એ ધર્મપત્નીએ પોતાના છેલ્લા શ્વાસ સુધી પતિને સાચવી એમની ચિંતા કરતાં કરતાં જ અંતિમ શ્વાસ લીધા ! હરજી પટેલના જીવનનો આધાર જતો રહ્યો. શારીરિક અશક્તિને પુત્રના વર્તનથી થયેલા આઘાતે અનેક ગણી વધારી દીધી. ને પત્નીના ગયા પછી હરતા ફરતા હરજી પટેલ ખાટલે પડ્યા. પડોશીઓ એમની કાળજી લેતાં હતાં. ગામડામાં હજી એટલી માણસાઈ તો સચવાઈ રહી છે. બાકી, શહેરોમાં તો બંધ બારણે જ આવા લોકો મરી જાય, તે ત્રણ ચાર દહાડે લાશ ગંધાઈ ઉઠે ત્યારે લોકો જાણે !

હરજી પટેલના પડોશીએ નગીનને પત્ર લખ્યો.

'..... તમારાં બા તમને યાદ કરતાં કરતાં ગયાં. તમે ત્યારે ન આવ્યા. હવે તમારા બાપા પણ ખાટલાવશ છે. તમને બહુ યાદ કરે છે. એકવાર આવીને મળી જાવ તો એમનો જીવ ગતે જાય. બાકી, હવે બહુ લાંબુ એ ખેંચે એમ લાગતું નથી. એમનો જીવ તમારામાં ગુંચવાય છે.

સૌએ ધાર્યું હતું કે પત્ર વાંચી નગીન દોડતો આવશે. પણ ન આવ્યો! હા, થોડા દિવસ પછી એનું મનીઓર્ડર આવ્યું.એમાં લખ્યું હતું :

'ત્યાં આવવાનો હમણાં સમય નથી. નીશીને ડિલીવરી આવવાની છે. આ સાથે ત્રણ હજાર રૂપિયા મોકલુ છું. બાની ઉત્તર ક્રિયા કરજો ને બાપાની દવા કરાવજો. વધારે રૂપિયા એટલા માટે મોકલ્યા છે કે કદાચ બાપાને ન જ મટે તો એમની પાછળ ખર્ચ માટે ય કામ લાગે. ઘર અને જમીનની વ્યવસ્થા હું થોડા સમય પછી આવીને કરી જઈશ !'.....

પડોશીના પુત્રે હરજી પટેલને મની ઓર્ડરની સ્લીપમાં નગીને ઝીણા અક્ષરે લખેલી ઉપરની વિગત વાંચી સંભળાવી. જે સાંભળી અશક્ત હરજીકાકા ખાટલામાં પડ્યા પડ્યા ય તડૂક્યા :

'નાલાયક, મા-બાપને રૂપિયાથી તોલે છે!'

અનિચ્છા છતાં હેતુપૂર્વક ડોસાએ મનીઓર્ડર સ્વીકાર્યું. પોતાની મૃત પત્નીના ગળામાં સદાય ડોલ્યા કરતી સોનાની રાયણમાળા પટાળામાંથી મહામુસીબતે કાઢી હરજીકાકાએ એ જ દિવસે પોતાની સદાય સંભાળ લેતા સજ્જન પડોશી રતિભાઈને આપી.

'ભઈલા, થોડી વધારે તકલીફ લે. આ ઘરેણું ભીખા સોનીને ઘેર જઈ વેચી આવ.'

રતિભાઈએ રાયણમાળા ન વેચવા ઘણું સમજાવ્યા. પણ હરજીકાકા માને ?

'મારું છેલ્લું કામ નહિ કરે બેટા, લાગણીવશ બની એ બોલ્યા : 'હવે તમને લોકોને બહુ દિવસ દુઃખ નહિ દઉં.'

'એમ ન બોલો કાકા,' રતિભાઈ વિવેકપૂર્વક બોલ્યા : 'દુઃખ શાનું પણ....'

'તો જા બેટા, કહું તે કર, જલદી વેચી આવ.'



કચવાતે મને રતિભાઈએ ડોસાની ઈચ્છા પુરી કરી.

બીજે દિવસે રતિભાઈને બોલાવી પુત્રને મોકલેલા ત્રણ હજાર રૂપિયામાં રાયણમાળાના ઉપજેલા બે હજાર રૂપિયા ઉમેરી નગીનને મનીઓર્ડર કરાવ્યું અને એમાં લખાવ્યું :

'આ પાંચ હજાર રૂપિયા મારા તરફથી તારા પુત્રને આપવા સાચવી રાખજે. કદાચ એને આવા જ કામ માટે પોતાના ઘરડા મરતા બાપને આપવા સારુ ઉપયોગી થશે.'

લખતાં લખતાં રતિભાઈ તો સ્તબ્ધ થઈ આ વૃધ્ધની ખુમારીને વંદી રહ્યા.

પડોશીઓ તો ખાટલાવશ હરજીકાકાની ખૂબ કાળજી રાખતાં. એમની દવા, ખાવા પીવાનું ય ધ્યાન રાખતા. પણ હવે હરજી પટેલને કુદરતી સંકેત મળી ગયો હતો એટલે એમણે છેલ્લી તૈયારી કરી જ લીધી હતી.

ત્રીજે દિવસે પટેલે જીવનનું છેલ્લું કાર્ય કર્યું. પોતાનું મકાન પહેલાં ગામમાં સ્કુલ કરવા આપવાના હતા. પણ 'ભણેલા પુત્તરનાં લખ્ખણ' જોઈ એમને આજના ભણતર પર તિરસ્કાર થયો. એટલે એમણે ગામલોકોને ભેગાં કરીને કહ્યું :

'ભણતરને મૂકજો પૂળો. મારું આ ઘર છે એ તમને સોપું છું. ત્યાં ભગવાનનું મંદિર બનાવજો. એથી ગામનાં છોકરાંને સારા વિચાર આવશે ને સંસ્કારી બનશે, તો એ માણહ થઈ જીવશે ને મા બાપને હાચવશે. બાકી, ભણશે તો પેટભરા સ્વાર્થી ઢોરની વસ્તીમાં વધારો થશે ને માણહનો આંકડો ઘટશે. ભગવાન તમારા સૌનું ભલું કરે. તમે અમારું ઘડપણ હાચવ્યું ને મરણે ય ઉજળું રાખ્યું. બાકી.....' કહેતા હરજી પટેલને ખાંસી ઉપડી...

ગળે ડૂમો ભરાયો, એક છોકરાએ પાણી આપ્યું તેનો ઘૂંટડો ભરી સૂઈ ગયા.

એ રાતે જાણે પોતાની લીલા પુરી થવાની હોય તેમ સૂતા પહેલાં સૌને રામ રામ કર્યા ને કોઈને કશું દુઃખ આપ્યું હોય તો માફી માગી.

ગામ લોકોની આંખમાં આંસુ ઉભરાયાંઃ

'એમ ન બોલો કાકા,' રતિભાઈએ સૌના વતી કહ્યું : 'તમે ને મંગુકાકીએ તો જીવનભર ગામને ને ગામલોકોને પોતાના ગણી વ્હાલ કર્યું છે અને દોરવણી આપી છે. તમારા વડે તો આ ગામ જીવંત રહ્યું છે. તમે કશું ઓછું ન લાવશો.'

એ રાત્રે ફળિયાના બે જુવાનિયા હરજીકાકાને ત્યાં સૂઈ રહ્યા.

મોડે સુધી ભેગાં મળી પોતાની આજુબાજુ બેઠેલાં ફળિયાનાં લોકોને વિનયપૂર્વક હાથ જોડી હરજી પટેલે સૂઈ જવા કહ્યું. સૌ ધીરે ધીરે 'જે જે' કરી વિખરાયાં, ત્યારે પડખું ફેરવી હરજીકાકા સૂઈ ગયા. સૂઈ ગયા તે સૂઈ જ રહ્યા. પેલા બે જુવાનિયાંના કહેવા પ્રમાણે 'રાત્રે ઉંકારોય નથી કર્યો.'

વહેલી સવારે ઊઠીને એક પડોશીએ જોયું તો હરજીકાકા પત્નીને માર્ગે પ્રયાણ કરવાની તૈયારીમાં હતા. હા, ત્યારે એમના છેલ્લા શ્વાસ ચાલતા હતા ! એ પડોશીએ પ્રસંગની ગંભીરતા સમજી ફળિયાના બીજા લોકોને જગાડ્યા. સૌ ભેગાં થઈ ગયાં ત્યારે શ્રમજીવીઓના ફળિયામાંથી કૂકડાએ 'કૂક..રે..કૂક' કરી આ વૃધ્ધની અંતિમ ઘડીને એક પુત્રની જેમ સાચવી લીધી !

ધીરે ધીરે વાત જાણી ગામ આખું હરજીકાકાને ત્યાં ભેગું થયું. દીકરો તો દૂર હતો, પણ આ જવામર્દના અવસાન પર ગામ આખાના લોકોએ આંસુ સાર્યાં ! મૃત્યુ તો એક વૃધ્ધનું હતું, છતાં ગામનાં સૌને સ્વજનોની જેમ એનો વિયોગ વસમો લાગ્યો. જાણે જીવતા ફળિયામાંથી



આત્મા ઊડી ગયો !

કોઈએ કહ્યું : 'હરજીકાકા વગર ફળિયાનો આ ખૂણો ખાલી પડી ગયો.'

'હા,' બીજાએ ટાપસી પુરી : 'પુરા જાગતલ જવાંમર્દ હતા હરજીકાકા, જ્યારે હાકલ કરો ત્યારે જવાબ દે.

ત્રીજાએ ઉમેર્યું : 'હા, માણહ મરદ એની ના નહિ, દિલનો ય ઉદાર હતો કાકો.'

ચોથાએ કહ્યુ : અરે, કાકા તો વટનો કટકો હતા, મરતાં મરતાં ય મનીઓર્ડર કરી નફ્ફટ દીકરાને કેવો ડામ દેતા ગયા !'

એની એ વાત સાથે આખું ડાઘુ મંડળ સંમત થયું ને હકારમા માથું હલાવવા લાગ્યું !

❑ ❑ ❑

## ૨૪. પીળાં પાંદડાંની લીલાશ !

વીસેક વર્ષના ભલાજી અને અઢારેક વર્ષની ગોદાવરી. બંનેએ માંડ હજી તો યુવાનીમાં ડગ દીધાં ગણાય. પણ ત્યાંજ લોકબત્રીસીએ ચઢી ગયાં. ગામડાનાં લોકોય કાંઈ કોઈની કુથલી કરવામાં પાછાં પડે એવાં નથી હોતાં !

લોકવાયકા હતી કે ભલાજી અને ગોદાવરીની આંખો લડી ગઈ હતી અને બંને વચ્ચે 'ગુ...ટુ...ર...ગુ' શરૂ થઈ ગયું હતું.

ભલાજી ખેતર ખેડતા હોય, ઘાસ કાપતા હોય કે કપાસ વીણતા હોય - કોઈ પણ કામે એ સીમમાં હોય ત્યારે દુનિયાની બહુ સાડીબારી ન રાખનારી, લહેરી સ્વભાવની ગોદાવરી શક્યતઃ એને મળતી ને સાથે રોટલા ને દહીં કે ઢેબરાંને છાશ જેવું શિરામણ પણ લઈ જતી. પછી ખેતરને શેઢે કે વહેતી ખાડીની રેતમાં બેસી બંને જણ પેટ ભરીને ખાતાં ને મન ભરીને વાતો કરતાં. શેની વાતો હશે એ તો પેલો વેરાન વિરાટ વગડો જાણે. પણ સીમરખાઓ કહેતા કે બંને જણ માથે આવેલો સૂરજ જરા નરમ ન પડે ત્યાં સુધી સાથે રહેતાં. જો કે એય ખરું કે સીમની મર્યાદા લોપી ક્યારેય સીમા-ભંગ કરતાં એમને કોઈએ ક્યારેય જોયાં નહોતાં. હા, સાથે બેસી મનભર વાતો કરતાં ને પેટભર રોટલા ખાતાં એ તદન સાચું, પણ એ વાતનો કોઈ કશો ઈશારો પણ કરે ત્યાં તો ગોદાવરી - લાપરવાહીથી કહેતી : 'એમાં તે કોઈના બાપનું હું જાય સે ? મુવા કોઈને હખે મળવા ય દેતા નથી!'

ભલાજીને મૂછનો દોરો હજી હવે ફૂટ્યો હતો. રંગે જરા શ્યામ છતાં બાંધો તંદુરસ્ત હતો એટલે મનને ગમે એવો યુવાન લાગતો હતો એ. સફેદ ધોતી, કેડીયું ને માથે ઉડતા ફૂમતાવાળો પટકો પહેરીને વછેરા જેવા ધોરી જોડી હળ-લાકડુ લઈને વહેલી સવારે ખેતરે જતા એ જવાનને ગામની



ગોરીઓ ઘડીવાર માટે જોઈ રહે એવો મોહક એ જરૂર લાગતો હતો.

અને ગોદાવરી ય કાંઈ રૂપનો કટકો થોડી હતી ? હા, જરા ઉઘડતે વાને ખરી. બળિયા બાપજીની ક્યારેક એના પર મહેર થયેલી, એટલે એના સાક્ષીરૂપે મોં પર શીળીનાં ઝાંખાં ઝાંખાં ચાઠાં હતાં. પણ એ ચાઠાં તો ઉલટાં એના આકર્ષક મુખની શોભા વધારતાં હતાં ! પોણા છ ફૂટ ઊંચા ભલાજી કરતાં એ થોડી નીચી, પણ બાંધો એવો મજબૂત કે સદાય બેફિકરાઈનું સ્મિત મોં પર ફરકાવતી એ ગ્રામીણ કન્યાને કોઈ રૂપાળો યુવાન પણ બે ઘડી જોઈ રહે ! ચાટલા ભરેલો ચણિયો ને લાલ ચટક કાપડામાં કેદ કરેલા તસતસતા યૌવનને ઓઢણીથી ઢાંકવાના એ ગમે એટલા પ્રયત્ન કરે તો પણ યુવાનોની નજરે કોઈનું હિલોળા લેતું યૌવન ન ચઢે એવું થોડું જ બને ? તેમાંય આ તો ગોદાવરી, જાણીને યુવાનોને જલાવવામાં ગૌરવ લેતી નટખટ નાર હતી. પછી એની નજરથી ઘાયલ ન થાય તે કાં તો પુરુષ જ ન કહેવાય !

છતાં આ યૌવનને પેટ ભરીને જોવાનો ને મન ભરીને માણવાનો લ્હાવો તો કેવળ ભલાજીને જ મળ્યો ! કડિયા ડુંગરની જાત્રા હોય કે સુરપાણેશ્વરનો મેળો, 'ગંગા હાતમ'નું નર્મદા-સ્નાન કે બળદગાડાની સહેલ-ભલાજીને ગોદાવરી ભેળાં જ હોય ! મનમોજી ગોદાવરી લોકોની સાચી ખોટી વાતોની બહુ ચિંતા રાખે એવી નહોતી, એટલે જરા શરમાળ ને સંકોચશીલ ભલાજી ક્યારેક 'લોકો કેવી નકામી વાતો કરે છે, ગોદાવરી', એવું કહી શરમાતો શરમાતો ગોદાવરીના કાને એમની ફરિયાદ નાખતો ત્યારે 'હશે મુઆ નમાલ મુંડાઓ તે વાતો કરતા હશે. બાકી આપણે તો કાળી રાતેય ઉજળાં થઈને હારે ફર્યાં છે ! પછી એમની શી પરવા ? એમ બેધડક કહી ગોદાવરી ભલાજીનો હાથ પકડી કહેતી : 'હાલ, હવે ગાડે બેહીને ઘેર જઈએ. પેલાં હતીમાને અને એમનાં બે ચાર છોકરાંને બેહાડતા

જવાનું છે પાછું.'

ભલાજી તો આ ગર્વીલો ગામડિયણને ફાટી આંખે જોઈ જ રહેતો ! ક્યારેક તો આ વ્હાલ વરસાવતી યૌવના પર એને એવું તો વ્હાલ ઉભરાઈ આવતું કે એને બાથમાં લઈ ભીંસી નાખવા એ તલપાપડ થઈ જતો. પણ એનો સંકોચશીલ અને વિનયી સ્વભાવ એને એમ કરતાં રોકતો. પણ ત્યારે એમ રોકાતાં કેટલા વીસે સો થતી એ તો ભલાજીનું મન જ જાણતું ! યૌવનના ઉન્માદને નાથવો સહેલો તો નથી જ.

એકવાર નમતે બપોરે ભલાજીને ભેખડ પાસે બેસાડી નદીમાં નહાવા ગયેલી ગોદાવરીને બહુ વાર થઈ છતાં ન આવી ત્યારે ચિંતાગ્રસ્ત ભલાજીએ નદી તરફ સહેજ નજર નાખેલી, ત્યારે જે દૃશ્ય એણે જોયેલું તે એને માટે જીવનભરનું સંભારણું બની ગયેલું !

નિર્જન નદી કાંઠે માત્ર ચણિયાભેર સ્નાન કરતી ગોદાવરીના ફાટફાટ થતા પાણી-ભિંજ્યા યૌવનને નરી આંખે નજદીકથી જ જોઈને ઘડીવાર તો ભલાજી જેવા ભલો, સંકોચશીલ ને શરમાળ યુવાનને પણ દોડીને એને બાથમાં લઈ લેવાનું જબરું મન થયેલું, પણ માંડ માંડ એણે પોતાની જાતને કાબુમાં રાખેલી ! છતાં, બધી મર્યાદા લોપી ભલાજીએ એકીટશે ને અધ્ધર જીવે એ દૃશ્યને પેટભરીને માણ્યું તો ખરું જ ! ભલાજી પોતાની એકાંતની ક્ષણોમાં ઘણીવાર આ ઉન્માદક દૃશ્યને યાદ કરી નિઃશ્વાસ નાખતો ને પોતે સંયમ રાખી ગોદાવરી પાસે ત્યારે પહોંચી ન ગયો એ સારું કર્યું કે ખોટું એની વિમાસણમાં અટવાતો ! 'દોડીને ગોદાવરીને એકવાર બાથમાં લઈ લીધી હોત તો કોઈનું ય શું જવાનું હતું ? ત્યાં તો વહેતી નદી હતી ને તમે બે જણ હતાં.... ગોદાવરીને ય એ ઉન્માદભરી બાથ બહુ ગમત..... પછી શાની બીકે તેં એમ ન કર્યું ? અરે, કદાચ તારી રાહ



જોવામાં જ ગોદાવરીએ મોડા સુધી નદીમાં નાહ્યા કર્યું હશે.... પણ તું ભોટસમજ્યો જ નહિ ને..... !' આમ વિચારી નિઃસાસો નાખતો ભલાજી પછી બબડતો : 'અક્કરમીના પડિયા કાણા, બીજું શું ? બાકી, કોઈ જવાન છોકરો આવી તક ચૂકે કે ?.....'

આ વાત અને આ વિચાર એણે થોડા દિવસ પછી ગોદાવરીને શરમાતા શરમાતા કહ્યાં ને છેવટે પૂછયું : 'ગોદાવરી, હાચું કે'જે હોં, મેં એ વખતે દોડી આવી તને બાથમાં લઈ લીધી હોત તો તું હું કરત ? બૂમો પાડત ? કે ગાળો દેત મને ? ગુસ્સે થાત મારા ઉપર ? કે તનેય મારું એ અડપલું ગમત ?'

ત્યારે મારકણી આંખો નચાવતાં ગોદાવરીએ કહ્યું : 'તે હવે અત્તારે તો હું કેમ કરીને જાણું કે હું કરત હું ? પણ ગાંડિયા, તું આવી કેમ ના ગયો. નહાતે નહાતે હું ય તાનમાં તો હતી જ ને ? તું કદાચ આવીશ એ વિચારે મારું હૈયું ય તારે ધક ધક તો થતું જ હતું હોં..... !'

'એટલે કે તને એ ગમત ગોદાવરી ?' ભલાજીએ જીવ બાળતાં બાળતાં પૂછયું.

'કદાચ બહુ જ ગમત', કહેતી ગોદાવરીએ ત્યારે બે ખભા ઉચકતાં એવો તો ચાળો કર્યો કે એનો આખો ઉરપ્રદેશ ડોલી રહ્યો !

બિચારા ભલાજીએ ત્યારે ય ઊંડો નિઃશ્વાસ નાખ્યો. કોઈ બાળકે પોતાનું પ્રિય રમકડું ખોઈ નાખ્યું હોય એવો એ નિઃશ્વાસ હતો ! ભલાજીને ત્યારે થયું કે મોંમાં આવેલો એનો કોળિયો પોતાના સંકોચશીલ સ્ભાવને કારણે ઝૂંટવાઈ ગયો !

● ● ● ● ●

ગામડાના લોકોના રીતરિવાજો ય વિચિત્ર હોય છે. ભલાજીની બાબતમાં ય વિચિત્ર બન્યું : એક દિવસ એના બાપ-કાકા બાજુના ગામની એક કન્યા જોઈ આવ્યા. પછી કન્યા પક્ષવાળા એક દિવસ આવીને ભલાજીને જોઈ ગયા ! જોવાની તો માત્ર વિધિ જ હોય. નાપસંદગીનો તો ક્યારેય પ્રશ્ન જ ન ઉઠતો. પછી કન્યા ભલે કાલિકા સ્વરૂપ હોય કે વર અવલકુંવારા હનુમાનજીના વંશનો હોય ! વર કન્યાએ એકબીજાને પસંદ કરવાની તો વાત જ નહોતી. ઉભયપક્ષનાં વાલીઓ સંમત હોય એટલે જોતજોતામાં લાકડે માંકડું ગોઠવાઈ જાય ને દિવસ નક્કી કરી ગાંઠો લઈ અવાય.પછી રોજ એક ગાંઠ છોડાય. એ ગાંઠો પુરી થાય એ દહાડે લગન ! કોઈ જોષીની કે એના ટીપણાની જરૂર જ નહિ ને !

આમ જોતજોતામાં ભલાજીનાં લગ્ન ઝવરી સાથે ગોઠવાઈ ગયાં ને લગનનો દા'ડો વારેય નક્કી થઈ ગયાં ! ભલાજી બિચારો જોતો જ રહી ગયો ! હસવું કે રડવું એની કાંઈ સમજ જ ન પડી એને મૌન ધરી ઘેટાની જેમ વડીલોની આજ્ઞાને અનુસર્યો.

પણ ભલાજીના વિવાહના સમાચાર જાણ્યા ત્યારે ગોદાવરીએ જરાય આશ્ચર્ય અનુભવ્યા સિવાય તડાક કરતુંક ને કહી નાખ્યું :

'એના જેવો ભલો ગામડિયો બીજું કરે ય હું તે ? .... ચાલો હારું થ્યું, એક છોકરો ને એક છોકરી ઠેકાણે પડયાં !'

પણ આવું કહેતી ગોદાવરીનું અંતર અંદરથી બળતું નહોતું એમ તો નહિ જ. એ તો બહાદુર ને બટકબોલી હતી તેથી આવો પ્રત્યાઘાત એણે આપ્યો. પણ અક્કલની એ કાંઈ ઓછી નહોતી ને હૈયાની વાતને ન સમજે એવી મૂરખ પણ નહોતી, એટલે ભલાજીને હૈયામાંથી અળગો કરતાં એને પોતાના દિલ પર છૂરી ચલાવવી પડી હતી. એને થયું : ''હૈયાની કેટકટલી



વાતો ખેતરને શેઢે કે ખાડીને કેડે એની સાથે બેસીને માંડી હતી ! એ બધીય ઓચિંતી જ હવાઈ ગઈ ?!

પણ એ એવી બહાદુર હતી કે પોતાના દિલ પર સ્વહસ્તે છરી ચલાવી એણે ઘડીવારમાં એ ઓપરેશન સ્વસ્થતાપૂર્વક પતાવી દીધું ! કોઈને કશી જાણ પણ ન થઈ ને એણે ભલાજીને પતિના ખ્યાલોમાંથી ખસેડી દીધો !

એમ તો ગોદાવરીના આશિકો ક્યાં ઓછા હતા ? આજુબાજુનાં ગામોમાંથી એનાં માગાં ઓછાં નહોતાં આવતાં, પણ દીકરીના સ્વભાવને જાણતાં હતાં એટલે એનાં માબાપે 'હા' નહોતી પાડી. માબાપ પૂછતાં તો 'હજીવાર છે' કહેતી ગોદાવરી ઘડીમાં વાત ટાળી દેતી. પ્રભાવશાળી છોકરી આગળ માબાપ બિચારાં ચૂપ થઈ રહેતાં ! માબાપને થતુ : 'ઓ છોડી હું ય કરહે !'

પણ ગોદાવરી સ્પષ્ટ સૂઝવાળી ને દૃઢ નિર્ણયથી ઝડપી કામ કરનારી છોકરી હતી. એટલે જે ઝડપથી એણે આજસુધી આવેલા સંબંધો ટાળ્યા હતા એ જ ઝડપથી ભલાજીના વિવાહ પછી આવેલાં બે-ચાર માગાંમાંથી એક ઝડપી લીધું ને મા-બાપના સુખદ આશ્ચર્ય વચ્ચે એણે પરણવાની 'હા' પાડી દીધી ! અરે, ભલાજીનાં લગ્ન તો વૈશાખ વદમાં હતાં, એ પહેલાં વૈશાખ સુદ ચોથની રાત્રે પરણીને એ સાસરેય પહોંચી ગઈ !

ગામમાં ગોદાવરીના લગ્નનાં ઢોલ, શરણાઈ જરૂર વાગ્યાં. સૌ નાચ્યાં કૂદયાં ને એમણે ખાધું પીધું ય ખરું. ભલાજી ય એમાં હતો તો ખરો જ. પણ બિચારો છેપાળો છેપાળો જ રહ્યો. એક ગુનેગારની જેમ શરમાયેલો ને લજવાયેલો જ એ હર્યો ફર્યો. ગોદાવરીએ જાણી જોઈન એની સાવ અણદેખી જ કરી. કોઈને કશું કહ્યા વિનાય કેટલો બધો ઠપકો આપી શકાય

છે એ ગોવાદરીએ બતાવી આપ્યું. ખરેખર તો એ એણે ભલાજી પરનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો. પ્રેમીને અવગણનાનો અનુભવ થાય ત્યારે એ રડે કાં રીસાય. જેના તરફ મમત્વ હોય એની પર જ રીસ ચઢે. ગોદાવરીએ ય પોતાના વર્તન દ્વારા ખરેખર તો ભલાજીને મૌન ઠપકો આપ્યો. જાણે કહેતી હોય : 'ઘડીવારમાં હંધું ય ભૂલી ગયો ભલા ? ખેતરનો એ શેઢો... ખાડીની એ રેત.... એ રોટલા ને છાસ .... પાસે ચરતા ધોરી.... સૂની સૂની સીમમાં માત્ર હું ને તું .... હંધું ય..... !' ગોદાવરીના વર્તનમાં ખરેખર તો એક પ્રેમભંગ નારીનો વલોપાત જ હતો.

ગોદાવરીની ગામપ્રિયતા કાંઈ ઓછી નહોતી, એટલે એની વિદાયની ઘડીએ પાદરે  જે મનેખ ઉભરાયું હતું એટલું મનેખ ભાગ્યે જ કોઈ કન્યાને વિદાય આપતી વેળા ભેગું થયું હશે. સૌની આંખોમાં શ્રાવણ હતો. કેટલાંક તો ધ્રુસકે ચઢી ગયાં હતાં. જાણે ગામનું ધન કોઈ ઓચિંતું જ ઉઠાવી જતું ન હોય ! મજબૂત મનની ગોદાવરીની આંખો ય ત્યારે અષાઢની હેલી વરસાવતી હતી. પણ એ અષાઢી આંસુ વચ્ચે ય ગોદાવરીની નજર કોઈને ઢૂંઢતી હતી. 'આટલાં બધાં છે ને એ ....?'

પણ એનો જવાબ એને થોડી વારમાં જ મળી ગયો. સૌથી દૂર ઊભો રહી બિચારો ભલાજી ઢીલુ મોં કરી કન્યાની ગાડી આવવાની રાહ જોતો હતો - ધડકતા દિલે ને રડતા હૈયે ! 'ગોદાવરી હામું ય જોશે ખરી, કે પછી હાવ જ હડધૂત કરી નાખહે ?' એવા ધ્રાસકા સાથે જ એ ઊભો હતો. ગોદાવરીને ગુમાવ્યાનો આઘાત એને ય હતો જ. ખરેખર તો બંને જણ બલિના બકરાની જેમ મુંગાં મુંગાં જ હોમાઈ ગયાં ! બાકી, ભલાજીએ ઉતાવળ ન કરી હોત અને ગોદાવરી આગળ જરા મોં ખોલ્યું હોત તો બંનેના જીવનનો રંગ કાંઈ જુદો જ હોત. પણ મર્યાદા નેવે મૂકનારાં એ સ્વચ્છંદી શહેરીઓ થોડાં હતાં ? છેવટે તો એ સંસ્કારી ગામડિયાં હતાં !

વડ પાસેથી સૌ સ્નેહી સ્વજનો પાછાં વળ્યાં ને ગોદાવરીની વહેલ થોડી આગળ વધી ત્યારે દૂર મારગ વચ્ચે એકલા ઊભેલા ભલાજીએ ગાડીવાનને હાથ કરી વ્હેલ ઊભી રખાવી. પછી લાંબે ડગલે વ્હેલની પાછળ પહોંચી ભલાજીએ ગોદાવરીની સામું પુરું જોયું ન જોયું ને એના હાથમાં વજનદાર સાંકળાંની એક જોડ પકડાવી ને 'આ...વ..જે' એવાં રડમસ અવાજે કહ્યું ન કહ્યું ત્યાં તો એટલી જ ઝડપથી ગોદાવરીએ પોતાના ઘૂંટણ નીચેથી ચાંદીનું એક કડું કાઢી ભલાજીના હાથમાં મૂકી દેતાં માત્ર એટલું જ કહ્યુંઃ 'આ....!' અને અત્યાર સુધી રોકી રાખેલો, બંધ અચાનક ટૂટી ગયો, ને બે ઘૂંટણ વચ્ચે માથું રાખી ગોદાવરી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી ત્યારે વરરાજાના ઈશારાથી સારથિએ વહેલ હંકારી તો ખરી, પણ એ ધોરીનેય ત્યારે પોતાના પગમાં જાણે મણ મણના મણિકા બાંધ્યા હોય તેમ ચાલવામાં મુશ્કેલી લાગતી હતી. દૂરથી નજર નાખતાં ગોદાવરીએ જોયું કે વડના થડને અઢેલીને બેઠેલો ભલાજી લૂંટાઈ ગયેલા બહાદૂર જવાન જેવો રાંક અને રોતલ લાગતો હતો !

ગોદાવરીની વહેલ વહી ગઈ ત્યારે કેટલીય વાર પછી ભઈલાના સાદે તંદ્રામાથી જાગેલ ભલાજી ઊભો થયો ને એની સાથે હતાશ હૈયે ફળિયા ભણી ડગ દીધાં ! જાણે આખું ગામ ખાલી થઈ ગયું હતું ! સૌને ગોદાવરી વિના સૂનું સૂનું લાગતું હતું, પણ ભલાજીની તો વાત જ જુદી હતી, એનું મન તો વેરાન વગડો બની ગયું હતું !

પણ પછી એક.... બે.... ને ત્રણ.... દહાડા... મહિના.... ને વરસો વીતી ગયાં ! અરે, પાણીના રેલાની જેમ જોતજોતામાં વરસો તો વીતી ગયાં. કંઈ કેટલું ય સારું ને ખોટું બની ગયું એ વરસોમાં પ્રભુની

મરજી પ્રમાણે સુખે કે દુઃખે સૌ જીવ્યાં. એ સમય દરમિયાન ભલાજી ને ગોદાવરી કોઈ સારા માઠા પ્રસંગોએ અલપ ઝલપ મળ્યાં હોય એ ઠીક, બાકી દિલ દઈને કદી સાથે બેસવાનો કે મનની વાત કહેવાનો - સાંભળવાનો દહાડો તો ક્યારેય ન આવ્યો. ભગવાન સૌને પોતપોતાની માયાજાળમાં એવાં તો ફસાવી દે છે કે એમાંથી બહાર નીકળી એ પાછળનું નથી યાદ કરી શકતાં કે નથી આગળનું કશું ભાખી શકતાં. વળી, ઢળતી ઉંમરે ભૂતકાળ સ્મરીને તો નિઃસાસા જ નાખવાના ને ?

ભલાજીનો એક દીકરો કોઈ અગમ્ય બિમારીમાં ગુજરી ગયો ત્યારે દુઃખી બાપને ગોદાવરી મરદશાહી સાચવવાની શૂરાતનભરી વાતોથી સ્વસ્થ કરી ગયેલી. ત્યારે પોતાની યુવાનીની આ બહાદુર ભેરુ એવી ગોદાવરીની શીખથી ભલાજીને જાણે જીવન માટે નવો પ્રાણવાયુ મળ્યો. ધીરે ધીરે દુઃખ વિસારે પડતું ગયું.

પણ થોડાં જ વરસ પછી ગોદાવરીનો પતિ સાપ કરડવાથી ગુજરી ગયો ત્યારે એનો ખરખરો કરવા ગયેલા ભલાજીની વાતોથી ગોદાવરીએ જાણ્યું કે ભલાજીની પત્નીને 'ખય' (ક્ષય) ખાઈ રહ્યો છે અને હવે એ લાંબુ ખેંચે એમ નથી ! આથી પત્નીની ઈચ્છા પુરી કરવા ભલાજીએ દીકરાનાં લગ્ન પણ ઝટપટ પતાવી નાખ્યાં. વહુને ફૂલડે વધાવી માંડ છ માસ એની સેવા લઈ ભલાજીની પત્નીએ આંખો મિંચી દીધી ત્યારે ગોદાવરીના વિયોગનો ઘા ભલાજીને તાજો થયો ! અરે, ઘા તાજો શું થયો ? એ ઘામાં જ બીજો ઝટકો વાગ્યો !

શહેરમાં નોકરીએ લાગેલા દીકરાના બહુ આગ્રહ છતાં વિધવા ગોદાવરી એની સાથે શહેરમાં રહેવા ગઈ નહોતી.

'ના બેટા, આ ત્રણ-ચાર ખેતરોને તારા બાપુજીએ બહુ જતન કરીને જાળવ્યાં છે. એ હવે બીજા લોકોને થોડાં જ હોંપી દેવાય ? તારા બાપાનો જીવ એથી કોચવાય દીકરા. અને બચારાં આ મુંગાં ઢોર - બળદ, ગાય, ભેંસ ! એમને અહીં રેઢાં મૂકી હું તારા શે'રમાં કેવી રીતે આવું ? અને અહીં મારે દુઃખેય હું છે ? ખેતી હંભાળીશ. અને આ પશુઓ હારે વાતો કરતી કરતી ને 'ભજ ગોવિંદમ્' ગાતી ગાતી આનંદથી દા'ડા કાઢી નાખે. એમ કાંઈ ઘરનો દીવો થોડો જ રાણો કરી દેવાય ? આ તો તારા બાપુનું વહાલું ખોરડું છે. એને બારણે તાળું દઈ હું શે'રમાં વહી જાઉં તો મારા જેવી મતલબી કોણ બેટા ? હું તો ગામડાના મારા આ ખોરડામાં જ રાજી છું. તું તારે સુખે શે'રમાં રહે, બેટા.' માતાની આવી બધી વાતો દીકરાને ગળે ઉતરી અને મહિને એક બે વાર ગામમાં આવી માની ખબર લઈ જઈને જ દીકરે સંતોષ માન્યો. દીકરા પાસે ગોદાવરીને તો કશું જોઈતું નહોતું. ઉલટું, દીકરો આવે ત્યારે ઋતુના પાક પ્રમાણે ઘઉં, તલ, મઠ, મગ, તુવેર - કે જે કાંઈ હોય તેની પ્રેમથી પોટલી બાંધી ગોદાવરી દીકરાની આનાકાની છતાં એની પતરાની પેટીમાં ગોઠવી દેતી. 'મારે એકલીને કેટલું જોઈએ ?' કહેતી એ પેટીનો નકુચો વાસી દેતી.

પણ આ વિધવા સ્ત્રીની હૈયા-ઉકલત અને હિંમત વિધુર મરદ એવા ભલાજીમાં નહોતાં, એટલે પત્નીના મૃત્યુ પછી એ સાવ નિરાશા ને હતાશાભરી જિંદગી જીવતો હતો. દીકરો ને વહુ સારાં હતાં, પણ કોણ જાણે કેમ પણ ભલાજીને જીવનમાં કશાં રસ કે ઉમંગ રહ્યાં નહોતાં. એટલે હટ્ટો કટ્ટો એ મરદ ધીરે ધીરે ગળતો જતો હતો - શારીરિક કરતાં માનસિક રીતે વધારે ! અને માનસિક રોગનું નિદાન ને ઉપચાર સહેલાં નથી.

આ વાત ગોદાવરીએ જાણી. વગર કહ્યે ય એ ભલાજીનું દર્દ પારખી ગઈ, કારણકે એના દિલને એ સારી રીતે જાણતી હતી. જુવાનીમાં ખેતરને

શેઢે એની સાથે કલાકો બેસી કાંઈ ઘાસ નહોતું કાપ્યું. હૈયાની હાટડીમાં હેતનાં લેણ દેણ થયેલાં તે કાંઈ ભૂલ્યાં થોડાં જ ભૂલાય ? માટે જ તો ભલાજીના માનસને ગોદાવરી સારી રીતે ને સાચી રીતે જાણતી હતી. જીવનની ઉત્તરાવસ્થામાં એને એકલતા કોરી ખાતી હશે એની ગોદાવરીને ખાત્રી હતી. એકલતાને જે રીતે પોતે જીરવી હતી એ રીતે જીરવવાનું ભલાજીનું ગજું નહોતું એ ગોદાવરી સમજતી હતી. 'બિચારો, ભલાજી' ગોદાવરી મનોમન કહેતી : 'મનની વાત કોને કહે ? દીકરો ને વહુ છે એ બરાબર, પણ તો ય એમની સાથે અંતર જ રહે. અંતરની વાત તો અંતર જ જાણી સમજી શકે.'

પણ ગોદાવરી માત્ર વિચાર કરીને કે ભલાજીની માત્ર દયા ખાઈને જ બેસી રહે એવી નિર્માલ્ય નારી થોડી જ હતી ? પળનાય વિલંબ વિના એ તો પહોંચી ભલાજી પાસે.

હતાશ, નંખાઈ ગયેલા ભલાજીને એણે કહ્યું : 'અલા, કંઈ ગઈ તારી જોવનાઈ ? આમ હાવ ઢીલો હું પડી ગયો ? મારી હામું જો જરા. હું તો અસ્ત્રીની જાત છું. મારો મરદ ગયો એનું મને દુઃખ નહિ હોય ? પણ એમ કંઈ મરનાર પાછળ કમોતે મરી થોડું જ જવાય ?'

'... ચાલ મારી હારે ને રહે મારે ઘેર.... તારું હૈયું હળવું થઈ જશે ને નવું જીવન પામીશ. હારે બેહીને બે ઘડી સુખ દુઃખની વાતો કરીશું તે દા'ડા કાપશું.'

'અરે, એમ તે અવાતું હશે તારે ઘેર ગોદાવરી ?' ભલાજીએ સ્વાભાવિક પ્રત્યાઘાત આપ્યો.

'કેમ ના અવાય કહે જોઈએ વારું ?' હાથ લાંબો કરી લહેંકાભેર ગોદાવરીએ પૂછ્યું. '

'અરે લોકો.....'

'લોકોની વાત મૂક,' ગોદાવરી વચ્ચે જ ગરજી : 'કયું લોક તને જીવતરની આશા આપવા આવ્યું. ? અને આપણે જવાનીમાં તો ભેગાં ના થઈ શક્યાં, પણ ભગવાનની ઈચ્છા હશે તે નમતે પહોર ભેગાં જીવવાની જરૂર પડી. અને આપણે તો રસ વિનાનાં ફૂલ છીએ ગાંડા, હવે આ દેહ પર કાંઈ જોવાનાઈના રંગ થોડા જ ચઢવાના છે ? જેને જે કહેવું હોય તે ભલે કહે, ચાલ મારી હારે..... મેં તો મારા ગગાને પૂછીય લીધું છે. તને મારે ઘેર રાખવાની એણે તો ખુશ થઈને તરત હા પાડી દીધી.... અને તારી ઈચ્છા થાય ત્યારે ઘેર આવી જતાં ય તને કોણ રોકવાનું છે ? દીકરા વહુની ખબર લઈ જજેને તને મન થાય તારે....'

ખરેખર તો ભલાજીની ઈચ્છા ગોદાવરી સાથે જવાની હતી જ, પણ લોકાપવાદથી ગભરાતા એ પુરુષનું મન હજીયે 'હા...ના' કરતું હતું. એ વાત સમજી, એની હિંમત વધારવા ગોદાવરીએ કહ્યું :

'ચાલ ગાંડા ચાલ, જુવાનીમાં ખેતરને શેઢે બેહીને માંડેલા દાખલાના ભેગાં મળીને જવાબ મેળવહું... કદાચ ભગવાને એટલા માટે જ આપણને આ ઉંમરે ભેગાં કરવાનો તાગડો રચ્યો લાગે છે....'

આમ ગોદાવરીએ ઘણું કહ્યું ત્યારે ભલાજીએ તો ઠીક, પણ શરૂમાં 'હા....ના' કરતાં એના દીકરા વહુએ પણ એની વાત માનવી પડી. ગોદાવરી કાંઈ ઘરડી થોડી જ થઈ હતી ? એની વાણીમાં જોબનનું જોમ ને બુધ્ધિનું વજન હતું. અરે, ખરેખર તો એની વાતમાં હૃદયનો રણકો હતો. સૌએ એ રણકો સાંભળ્યો અને એની સાથે સહમત થયાં ! રાત્રે ફળિયાનાં બધાં લોકો ભલાજીના ચોકમાં ભેગાં મળીને બેઠાં. એ બધામાં ગોદાવરી

જાણે પ્રમુખસ્થાને હતી. સૌએ સુખદ કે દુઃખદ ભૂતકાળને વાગોળ્યો. ભલાજી ગોદાવરીને ત્યાં જવાનો હતો, પણ જાણે દીકરી સવારે સાસરે કેમ ન જવાની હોય, એવી લાગણીસભર સૌની વાતોમાં વિયોગના દુઃખનો ઓછાયો વર્તાતો હતો. ગામડાના ભોળા લોકો ! ક્યારેક લડે ઝગડે તો ય લાગણીશૂન્ય ન બની જાય ! એ તો સુધરેલા શહેરીઓનું કામ !

બીજે દિવસે સવારે જ્યારે ભલાજી ગોદાવરીની સાથે જવા નીકળ્યો ત્યારે ગામ આખું એ બેને વળાવવા આવ્યું. આંખોમાં ઝળહળિયાં સાથે સૌ એકબીજાથી છૂટાં પડ્યાં. એક વિધવા સ્ત્રી સાથે એક વિધુરને વળાવવાનું આ દૃશ્ય કેવું વિરલ હતું !

એમને વળાવીને પાછા ફરતાં રામસંગકાકાએ તો વિશ્વાસપૂર્વક કહ્યું પણ ખરું :

'લાગે છે કે હવે પીળાં પાંદડાં ફરી લીલાં થશે !'

❑ ❑ ❑

(સમાપ્ત)